શ્રી ગણેશાય નમઃ

શ્રી હાટકેશામ્બિકાભ્યામ નમઃ

आ नो भद्राः क्रत्वो यन्तु विश्वतः

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ.)

શ્રી વડનગરા નાગર મંડળ - મુંબઈનું મુખપત્ર

# નાગર મંજૂષા

ઓક્ટોબર, ૨૦૨૩

## પ્રવાસ વિશેષાંક



For private circulation

'નાગર મંજૂષા' પ્રગટ કરવા થતા ખર્ચને પહોંચી વળવા સ્થાનસમર્પણ યોજના શરુ કરી છે. એના ભાગરૂપે સ્વજનની સ્મૃતિ કાયમ રાખવા, મિત્ર કે કુટુંબીજનને જન્મદિવસ/લગ્નદિવસની શુભેચ્છા પાઠવવા તેમજ કોઈ સિદ્ધી સફળતા મેળવવા બદલનો હરખ વ્યક્ત કરવા પાનાની નીચેના હિસ્સામાં નોંધ મૂકાશે. ઉપરના ભાગમાં જીવનને સુરભિત કરી દે એવાં વિચાર-મોતીઓ, ગદ્યખંડ કે કાવ્યપંક્તિ મૂકાશે. વડનગરા નાગર સમાજની કલા, સાહિત્ય અને સંસ્કારપ્રીતિનું પ્રતિબિંબ એમાં ઝિલાશે. એ માટે અનુદાન નીચે મુજબ રહેશે.

બીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
ત્રીજું કવર પેજ (રંગીન) રૂા. ૪૦૦૦
છેલ્લું કવર પેજ (રંગીન) રૂા. ૫૦૦૦
અંદરના પાના (બ્લેક એન્ડ વ્હાઇટ) રૂા. ૩૦૦૦

યોજનાનો લાભ લેવા તંત્રીઓ શ્રીમતી દીના વછરાજાની અને શ્રીમતી સુહાની દીક્ષિતનો સંપર્ક કરવો.

રજી. ઓ. : એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ,
ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઇ - ૪૦૦૦૦૭
website : www.shrivadnagaranagar.org

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી... | | ૦૨ |
| ‘‘પ્રવાસનો ઉમંગ’’ | અમી યાજ્ઞિક | ૦૩ |
| મારો ફિનલેન્ડ પ્રવાસ | ચેતના વસાવડા | ૦૬ |
| કમાલનું કુમાઉં! | દીના વછરાજાની | ૧૧ |
| પવન પાંખે પરદેશ | દિનેશ માંકડ | ૧૬ |
| ‘‘એવરેસ્ટ બેઝ કેમ્પ (EBC) પ્રવાસ | દૃષ્ટિ નાણાવટી | ૨૦ |
| અમરનાથયાત્રા એક અનુભૂતિ | હિના ધોળકિયા | ૨૫ |
| અવિસ્મરણીય સફર | જયમીન વોરા | ૩૦ |
| સ્વિડન સફર ૨૦૨૩ | જયશ્રી માંકડ | ૩૩ |
| દાર-એ-સલામ | કર્દમ યાજ્ઞિક | ૪૦ |
| પરવાળાના ટાપુ પર... | કિરણ બુચ | ૪૨ |
| ...પોળનું જંગલ | મહેશકાન્ત વસાવડા | ૪૮ |
| હિમાચલ પ્રદેશના હિમાચ્છાદિત પર્વત | નીપા વોરા | ૫૧ |
| ચાર ધામ યાત્રા : | નિશિથ બક્ષી | ૫૩ |
| અવિસ્મરણીય યાત્રા પ્રવાસ | નરેશ અંતાણી | ૫૭ |
| ચરાતી ચરતો ભગઃ | પદ્મજા વસાવડા | ૬૮ |
| ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા | શીતલ દેસાઈ | ૭૨ |
| કચ્છ રણોત્સવ... | સૌરભ વોરા | ૭૬ |
| યે મોજોં કી ચાદર બીછી આસમાં તક.... | જગદીપ  નાણાવટી | ૭૯ |
| લેહ.. લદાખનો રોમાંચક પ્રવાસ... | આનંદ નાણાવટી | ૮૩ |
| એક ગામ જ્યાં આજે પણ સંસ્કૃત ભાષા ધબકે છે! | જેલમ વ્હોરા | ૯૧ |
| મારો પ્રવાસ કાશ્મીર | ડૉ. મિહિર વોરા | ૯૪ |
| મારો પ્રાણ પ્યારો હિમાલય | રાધિકા બક્ષી | ૯૮ |
| ‘ને તોય અમે ઊપડ્યા સાપુતારા’ | ઋતંભરા છાયા.. | ૧૦૬ |
| માતૃ-ગિરિ દર્શનમ્ | પરાશર દ્વિવેદી | ૧૦૮ |
| અમે પ્રવાસી પૂનાનાં | શ્રીદેવી ભટ્ટ | ૧૧૮ |

# નાગરમંજૂષા

## તંત્રી સ્થાનેથી

કવિ શ્રી નિરંજન ભગતની
એક કવિતા યાદ આવે છે...

હું તો બસ ફરવા આવ્યો છું!
હું ક્યાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું?
અહીં પથપર શી મધુર હવા
ને ચ્હેરા ચમકે નવા નવા!
–રે ચહું ન પાછો ઘેર જવા!
હું ડગ સાત સુખે ભરવા અહીં
સ્વપ્નમહીં સરવા આવ્યો છું!

આ કાવ્ય તો જિંદગી આખીના સંદર્ભમા ખૂબ ગૂઢાર્થમાં લખાયું છે. એમાં ઊંડા ન ઊતરીયે. ઘર છોડી જેટલી વાર પ્રવાસે નીકળું ત્યારે ત્યારે આ કાવ્ય મારા અંતરમાં ગૂંજતું જ રહેતું હોય છે. એકવાર ઘર છોડીએ પછી જિંદગીની બધી વિટંબણાઓ અને જંજાળને પાછળ છોડી શકીએ તો જ પ્રવાસની મજા છે. નવા લોકો, નવી જગ્યાઓ અને નવા અનુભવો જીવનનાં એકધારાપણાની નિરસતા દૂર કરી એક તાજગીનો અહેસાસ કરાવે છે અને પ્રકૃતિનું શાંત સાંનિધ્ય મન–આત્માને ધ્યાનની કક્ષાએ લઈ જઈ અસીમ શાંતિનો અનુભવ કરાવે છે. મને ખૂબ એવું લાગે છે કે જીવનની અંતિમ પળોમાં આવા અનુભવોની સ્મૃતિ એક અસીમ સુખ અને સંતોષથી મનને તરબતર કરી દેતી હશે....

– દીના વછરાજાની



# "પ્રવાસનો ઉમંગ"



અમી યાજ્ઞિક

નિશાળેથી પાછા આવીને મેં પહેલો સવાલ કર્યો કે મા, પ્રવાસ એટલે શું? મા કંઈ જવાબ આપે તે પહેલાં મોટા ભાઈએ કહ્યું કે હું તને સમજણ પાડું. તું નિશાળેથી જે હરણફાળે દોડતી ને દોડતી દાદરા ચઢે છે, દફ્તર હવામાં ફંગોળીને અર્જુનના તીરની વેગે બાથરૂમ તરફ જાય છે તે તારો બાથરૂમ પ્રવાસ કહેવાય. રૂમમાં બેઠેલા બધા હસી પડ્યા. હું ભેંકડો તાણીને રડી.

આ વાત ૧૯૫૭ની છે. મને શાંત કરી પૂછ્યું કે તારે કેમ પ્રવાસ વિશે જાણવું છે? મેં કહ્યું કે અમારા વર્ગના બધાને દ્વારકા પાસે આવેલા બેટના પ્રવાસે જવાનું છે. થોડીક ક્ષણ રૂમમાં શાંતિ રહી. પછી માએ ધીમે રહી કહ્યું, "જો ઝીણું, દરેક નાની નાની વાતમાં તું કોઈ પણ કામ અમારી મદદ વગર કરી શકતી નથી તો કેવી રીતે તને પ્રવાસમાં મોકલું?" મેં કહ્યું "મા, આજથી મારું કામ હું મારી મેળે કરીશ." પંદર દિવસમાં તો હું બધું જ કામ મેળે કરતાં થઈ ગઈ. મારા પિતાજીએ પ્રવાસની ફી ભરી દીધી.

પ્રવાસની આગલી રાતે મને સરખી ઊંઘ ન આવી.

સવારે વહેલી તૈયાર થઈ તો માએ મારા કાન પાછળ કાળી ટીકી કરી સામાન સાથે સ્કૂલમાં મૂકવા આવી. હાજરી પુરાવી બધાને બસમાં બેસાડ્યા. આવજો, આવજોના દેકારા સાથે બસ ઊપડી. અમે અંતકડી રમ્યા, ગાયનો ગાયાં અને થોડી વારમાં બધા થાકીને સૂઈ ગયા. દ્વારકા પહોંચ્યા પછી જમીને બધાને હોડીમાં બેસાડ્યા. તે દિવસે દરિયો કેવો હોય તે જાણ્યું. પહેલાં તો પાણી જોઈ બહુ બીક લાગી. હોડી આગળ વધી તેમ મઝા આવવા લાગી. બેટ પાસે પહોંચ્યા ત્યાં દૂરથી અમારો કેમ્પ દેખાતો હતો. નીચે ઊતરી બધા કેમ્પમાં ગોઠવાઈ ગયા.

ત્યાં અમને સાચવનારા માણસો ખૂબ સારા હતા. અમને



ખૂબ પ્રેમથી જમાડયા. બધાને કુંડાળામાં બેસાડી જુદી જુદી રમતો રમાડી અને દરેક છોકરાઓએ પોતાની કળા બતાવી. મેં ગણેશપ્રાર્થનાનું નૃત્ય કર્યું જે બધાને ખૂબ ગમ્યું.

સાંજે જમીને નાનકડો કેમ્પ ફાયર કરીને ગીતો ગાયાં. થાક્યા હતા એટલે પોતપોતાના તંબૂમાં સૂઇ ગયા. પૂનમની રાત હતી એટલે મોજાનો ઘૂઘવતો અવાજ આવતો હતો. ભરતીનો સમય હતો એટલે મોજાં કેમ્પ સુધી આવી ગયા હતા. અમારા શિક્ષકો જાગતા હતા તેમને બીક લાગતી કે ભરતીનું પાણી કેમ્પમાં તો નહીં આવેને? અમારા ગાઈડ શ્રી અરુણભાઈએ કહ્યું, ‘‘ગભરાશો નહીં, પાણી અહીં સુધી નહી આવે.’’ શિક્ષકો માટે આખી રાત થોડી બીકમાં વીતી. સવારે ઊઠ્યા ત્યારે તો પાણી દૂર જતું રહ્યું હતું. શિક્ષકો બીચ ઉપર કશું જોતા હતા. ખબર પડી કે તેઓ સ્ટાર ફિશ ભરતીમાં તણાઈ આવી હતી તેને ઊંચકી પાછા પાણીમાં વહાવી દેતા હતા. અમે પણ મદદ કરી અને મજા કરતા હતા. પાણીમાં પગ પલાળી સૂર્યોદય જોવાની ખૂબ મઝા આવી. જમી પરવારી બોટમાં દ્વારકા પરત ફર્યા. ત્યાંથી બસમાં બેસી પરત આવ્યા.

મારો પહેલો પ્રવાસ પૂરો થયો. આ પ્રવાસ ઘણો ફાયદાકારક રહ્યો. મોટો ફાયદો એ થયો કે ઝીણું મોટી થઈ ગઈ, પોતાનું કામ પોતે કરતી થઈ અને સહજીવનના પાઠ પણ શીખી ગઈ.

**– અમી યાજ્ઞિક**

# મારો ફિનલેન્ડ પ્રવાસ



ચેતના વસાવડા

ફિનલેન્ડ - ઉત્તર ગોળાર્ધમાં આવેલ યુરોપ ખંડનો એક નાનકડો દેશ લગભગ કે જે આપણા રાજસ્થાન રાજ્ય જેટલું ક્ષેત્રફળ ધરાવે છે, નોર્ડીક દેશો ના સમૂહમાં ગણાતો આ દેશ તેનાથી પચાસ ગણા મોટા રશિયાને છેલ્લા ૨ વર્ષથી વધારે સમયથી ટક્કર આપી રહેલ છે જેના સમાચાર આપણે વારંવાર સમાચાર પત્રોમાં તથા ટીવીમાં જોઈએ છીએ. આ દેશમાં મારા પુત્ર અને પુત્રવધૂ નોકરી કરતાં હોવાને કારણે વારંવાર જવાનું થયું છે. મારા પ્રવાસનાં સંસ્મરણો આપને પણ એક રોમાંચભરી સફર કરાવી આપશે.

લગભગ ૭૦૦ વર્ષ સુધી સ્વીડન અને ત્યાર બાદ ૧૦૦ વર્ષ સુધી રશિયાના તાબામાં રહ્યા બાદ ૧૯૧૭માં આઝાદ થયેલ ફિનલેન્ડ દેશના નાગરિકો અને સરકાર સ્વતંત્રતાની સાચી કિંમત સમજે છે અને પરસ્પરના સહકારથી છેલ્લાં કેટલાંક વર્ષોથી દુનિયાના સુખી દેશોના અંકમા (રેન્કિંગ) એક નંબરનું સ્થાન ધરાવે છે.

અમારી ફિનલેન્ડ સફરની શરૂઆત મુંબઈ જઈ વિસા મેળવવાથી થયેલ (બેંગ્લોર કે દિલ્હી જઈને મેળવી શકાય છે). એક વાર વિસા મેળવી લીધા બાદ મુંબઈ કે દિલ્હીથી નોન-સ્ટોપ ફ્લાઈટ મેળવી શકાય છે. વાચકો



માટે એક માહિતી આપું તો યુરોપીય સંઘમાં આવેલ છવ્વીસ દેશો પૈકી કોઈ પણ એક દેશના શેન્ઝેન વિસા મેળવેલ હોય તો બીજા બધા યુરોપિયન દેશોમાં અલગથી વીસા મેળવ્યા વગર પણ મુલાકાત લઈ શકાય છે. છેલ્લાં દશેક વર્ષથી નોર્ડિક પ્રવાસનું આકર્ષણ ગુજરાતીમાં વધેલ છે, જે અહીં મળતા ગુજરાતી પ્રવાસીઓ પરથી તથા ઈન્ડિયન રેસ્ટોરન્ટની વધતી જતી સંખ્યા પરથી જણાયું. અહીં નોકરી અથવા વ્યવસાયને કારણે આવેલ નવયુવાનોએ મળીને ગુજરાતી સમાજની સ્થાપના કરેલ છે. ગુજરાતી કેલેન્ડર પ્રમાણે વર્ષ દરમિયાન આવતા તહેવારો-ઉત્સવો પર ભેગા થઈને પરસ્પર સંબંધ અને વતન સાથેનું જોડાણ જાળવી રાખે છે. ગુજરાતી સિવાય અહીં મહારાષ્ટ્ર તથા સાઉથ ઈન્ડિયામાંથી લોકો આવેલ છે જોકે અમારી મુલાકાતોમાં પંજાબીની હાજરી સૌથી વધુ જોવા મળી છે.

દેશમાં કે વિદેશમાં અમુક પ્રખ્યાત સ્થળ જોઈને ફરી લીધું તેવો સંતોષ માની લેનારા માટે અન્ય ઘણી સારી જગ્યા જોયા વગર રહી જતી હોય છે, તેવું જ આ દેશની બાબતમાં છે, સામાન્ય રીતે લોકો વિદેશ પ્રવાસે જાય ત્યારે વિશ્વના ત્રણ ચાર અગ્રગણ્ય દેશોની મુલાકાત લેવાનું મોખરે રહે છે. અહીં આવીને જોયા બાદ ખ્યાલ આવ્યો કે આ નાના દેશે પ્રગતિની હરણફાળ ભરી છે તે આપણને આશ્ચર્યમાં મૂકી દે તેવી છે. અહીં કુદરતે ક્રૂર શિયાળો આપેલ છે કે જે દરમ્યાન તાપમાન લગભગ ચાર મહિના સુધી માઇનસમાં રહે છે અને દિવસના ત્રણથી ચાર કલાક અને એ પણ ભાગ્યે જ અજવાળાનો આભાસ જોવા મળે છે. જાણે તેનું વળતર વાળી દેવું હોય તેમ અહીંયા ઉનાળો લગભગ છ માસનો એટલો જઆહ્લાદક હોય છે. આટલા નાના દેશમાં ૧,૮૮,૦૦૦ થી વધારે નિર્મળ પાણીના સરોવર આવેલ છે. દેશનો લગભગ ૭૫ ટકા વિસ્તાર જંગલોથી સંકળાયેલો છે જે ઉનાળા દરમ્યાન ખીલી ઊઠે છે. અમોએ અહી જોયું - ઉનાળો આવે એટલે સમગ્ર દેશનું વાતાવરણ ઉત્સાહપ્રેરક થઈ જાય છે. અહીંના રહેવાસીઓ ગમે તે પ્રકારની નોકરી કે વ્યવસાય કરતા હોય લોકો રજા લઈને દેશના અંતરિયાળ વિસ્તારમાં સરોવર કાંઠે બનાવેલા સમર હાઉસમાં રહેવા પહોંચી જાય છે અને કુદરત પ્રેમી પ્રજા તેનો ભરપૂર આનંદ ઉઠાવે છે.

વિશ્વમાં ફિનલેન્ડ પ્રખ્યાત થયું હોય તેનું એક કારણ વિશ્વના સુખી દેશના ક્રમાંકમાં આવતું તેનું સર્વોચ્ચ સ્થાન છે જે આ દેશે છેલ્લા છ વર્ષથી સતત જાળવી રાખેલ છે. મોટા મોટા સ્થિતિસંપન્ન દેશ માટે પણ નવાઈની વાત બની રહી છે. મારા પ્રવાસ દરમ્યાન સૌથી વધુ જાણવાની ઇચ્છા એ હતી કે ત્યાં એવું શું છે કે આંતરરાષ્ટ્રીય સંસ્થા દ્વારા તમામ પ્રકારના માપદંડોની ચકાસણી બાદ તેને સતત વિશ્વનો સૌથી વધુ સુખી દેશ જાહેર કરે છે (૨૦૨૩ ભારતનો ક્રમ - ૧૩૨)! હવે અહીં વારંવાર આવ્યા પછી જોયા અને અનુભવ્યા પછી એમ લાગે કે આ દેશને સુખી દેશનું મળતું રેન્કિંગ યથાર્થ છે.


અમારા અહીંના પ્રવાસ દરમ્યાન અહીંના લોકોનું જીવનધોરણ જાણવાની તક મળી. આધ્યાત્મિક દૃષ્ટિએ વારંવાર સાંભળ્યું હોય કે પૈસો સુખ ખરીદી શકતો નથી તે વાત અહીંના લોકોના જીવનમાં વણાઈ ગયેલ છે. અહીંની માથાદીઠ કમાણી અન્ય વિકસિત દેશોની પ્રજા કરતાં પ્રમાણમાં પાછળ છે, પરંતુ સુખી થવા માટેના સૌથી સાદા સિદ્ધાંત પર જીવન જીવવાની રીત અપનાવેલ છે. જ્યારે કોઈ પણ વ્યક્તિના જીવનમાં તણાવ નહિ હોય ત્યારે તેની સુખી થવાની દિશામાં શરૂઆત થાય છે, માનવજીવનમાં તણાવ થવાની બાબતમાં જે જે પરિબળો ભાગ ભજવતા હોય તેને દૂર કરવા માટે સરકાર તથા પ્રજા તરફથી તમામ સ્તરે સુવિધા અથવા નિરાકરણ આપવાનો પ્રયત્ન થાય છે.

અમારી મુલાકાત દરમ્યાન મારા પુત્રના મિત્રવર્તુળમાં એક બાળકનો જન્મ થયો. તેમની સાથે વાત કરતાં જાણ્યું કે, જ્યારે બાળકનો જન્મ થવાનો હોય ત્યારે માતાની તંદુરસ્તીનો પૂર્ણપણે ખ્યાલ અહીંની હોસ્પિટલ દ્વારા રાખવામાં આવે છે અને સંપૂર્ણ માર્ગદર્શન સાથે તમામ સારવાર ફ્રી આપવામાં આવે છે. જન્મ સમય પહેલા એક મોટું બોક્સ ભરીને બાળક માટે એકથી બે વર્ષ ચાલે તેટલા દરેક સીઝનમાં ચાલે તેવા કપડાં, રમકડાં સાથે ઘેર આવી જાય, પ્રસુતી દરમિયાન તમામ ખર્ચ સરકાર ભોગવે એટલે તણાવમાં રાહત. અહીં સંયુક્ત કુટુંબ પ્રથા નહિ હોઈને બાળકના આગમન બાદ તેને કેવી રીતે સાચવવું, રમાડવું, કે માલિશ કરવું તેને માટે નજીકના સેન્ટરમાં માતાને શીખવવામાં આવે જો તમે બાળકને લઈને બહાર પબ્લિક ટ્રાન્સપોર્ટમાં જાવ તો બાળક સાથે હોવાથી ટિકિટનો કોઈ ચાર્જ નથી, ઘરમાં બાળકના આવવાને કારણે ખર્ચમાં વધારો થતાં તેનું ખાસ વધારાનું ભથ્થું પગારમાં શરૂ થઈ જાય. યોગ્ય સમયાંતરે તેનાં રસીકરણ, નિયમિત શારીરિક તપાસ અને ફ્રી સારવાર માટે પ્રમાણમાં તમારા ઘરની નજીક આરોગ્ય કેન્દ્રમાં જઈને મેળવી શકાય છે, અહીં લગભગ રહેણાંકના એકાદ કિલોમીટરના વિસ્તારમાં બાળકોને રમવાનાં સાધનો સાથેનું એક ગાર્ડન (પાર્ક), આરોગ્ય કેન્દ્ર, પ્રિ પ્રાયમરી સ્કૂલ તથા જીવન જરૂરિયાતના સ્ટોર આવેલ હોય છે. સામાન્ય રીતે માતાપિતા બંન્ને નોકરી કરતાં હોય એટલે બાળકને સાચવવા માટે તણાવમાં આવવાની જરૂર નથી, અહીંના ચાઈલ્ડ કેર સેન્ટરમાં તમો ૬ માસનું બાળક થાય એટલે ચિંતા કર્યા વગર મૂકી શકો છો, તેમાં તાલીમ પામેલ શિક્ષિકાઓ એક માતાની જેટલી જ સંભાળ રાખતી હોય છે. તમારી નોકરીમાંથી બાળકને ઘેર લઈ જવા માટે સમયસર નીકળી જઈ શકો છો. બાળકોને સેન્ટરમાં મૂક્યા બાદ વારંવાર બાળકનાં માતાપિતા સાથે ચર્ચા કરતાં રહી કઈ બાબતમાં અંગત ધ્યાન આપવા જેવું છે અને કયો ખોરાક આપવો તેની નોંધ લઈને તેને અનુરૂપ સાચવવામાં આવતું હોય છે. ત્યાર બાદ પ્રાથમિક અભ્યાસ, કૉલેજ, ઉચ્ચ અભ્યાસ તમામ ફ્રી સરકાર દ્વારા આપવામાં આવે છે. વસ્તીનું પ્રમાણ ઓછું હોવાથી નોકરી મેળવવામાં તકલીફ

પડતી નથી, જો તમોને અનુરૂપ નોકરી ન લાગે અથવા નોકરી ચાલી જાય તો સરકારે તમારી પસંદગીની અને અભ્યાસને લાયક નોકરી શોધી આપવા માટે એક વિભાગ રાખેલ છે જે તમોને નોકરી શોધવામાં મદદરૂપ થાય છે, દરમ્યાનમાં બેરોજગાર ભથ્થું મળે. મોટી ઉંમરની વ્યક્તિને પેન્શન તથા રહેઠાણ તથા આરોગ્ય સેવા માટે ચિંતા કરવાની જરૂર નથી. લોકોને તમામ જરૂરિયાત મળી જતાં તેના કારણે મળતો સંતોષ તથા ચિંતારહિત જીવન લોકોને સુખી બનાવીને રહે છે. વિશ્વના ઘણા દેશોમાંથી અહીં આરોગ્ય અને શિક્ષણ સેવાનું મોડેલ જોવા માટે આવતા હોય છે. આટલી સગવડતા કોઈ પણ સરકાર કાયમ માટે સૌને વિનામૂલ્યે તો આપી જ ના શકે, પણ મેં જોયું અહીંયા આ શક્ય બને છે કારણકે, માત્ર અમદાવાદ જેટલી ૫૫ લાખની વસ્તી ધરાવનાર દેશના નાગરિકો ટેક્સ ભરવામાં નિયમિત છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં અમારા પ્રવાસ દરમિયાન ઘણી જગ્યાએ ફર્યા, પરંતુ સૌથી વર્ણન કરવા લાયક જગ્યા સાન્તા વિલેજ સાથે આર્કટિક સર્કલની મુલાકાત રહી ગયેલ. આ વખતે અમોને યુરોપની પ્રખ્યાત યુરો રેલ દ્વારા સાન્તા વિલેજ બતાવવાનું પુત્ર તથા પુત્રવધૂએ નક્કી કરી રાખેલ. ફિનલેન્ડ ખાતે અમારો વસવાટ દેશના દક્ષિણમાં આવેલ પાટનગર હેલસિન્કીમાં હતો. ત્યાંથી નોર્થમાં લગભગ ૮૫૦ કિલોમીટર દૂર રોવાનીએમી એક રમણીય સ્થળ છે જ્યાં જવા માટે ટ્રેન, ફ્લાઈટ તથા રોડ માર્ગ ના વિકલ્પો અમારી પાસે હતા. યુરો રેલમાં પ્રવાસની ટિકિટ ફ્લાઈટ કરતાં પણ વધારે હોય છે, પરંતુ એ જીવનનો એક અનેરો અનુભવ હોઈને તે મેળવવા માટે આ વખતે યુરો રેલ પસંદ કરેલ. યુરોપના મોટા ભાગના દેશો એકબીજા સાથે જોડાયેલ હોઈને પ્રવાસીઓ યુરો ટ્રેન દ્વારા લગભગ બધા જ દેશોમાં પ્રવાસ કરતા જોવા મળ્યા. દક્ષિણ છેડાથી ઉત્તર ફિનલેન્ડ ટ્રેનમાં જતા રસ્તામાં કુદરતી નજારો અને જંગલો વચ્ચેથી ટ્રેન પસાર થાય ત્યારે એક અદભુત અનુભૂતિ થાય છે. વૈભવશાળી ટ્રેન હોવાથી તેમાં કેન્ટીન, બાર તથા ભોજનની સગવડતા હતી, પણ આપણે રહ્યા ગુજરાતી! કોઈ પણ પ્રવાસમાં કપડાંથી પહેલા નાસ્તો પેક કરનાર. અમે ઘેરથી બનાવેલ પ્રવાસનું સ્પેશ્યલ મેનુ થેપલા શાક અને અન્ય વાનગીઓ લઈને ગયેલ. યુરોપની પ્રખ્યાત યુ રેલમાં ગુજરાતના થેપલા આરોગી થોડો આરામ કર્યો. નિયત સમયે રોવાનીએમી સ્ટેશન આવી ગયું ત્યાર બાદ ઊતરી ૮ કિ.મી. દૂર સાન્તાક્લોઝ વિલેજ પહોંચવા માટે પ્રાઈવેટ ટૅક્સી કે સીટી બસમાં જઈ શકાય એમ હતું. વધુ ફરવાના ઈરાદા સાથે અમે સીટી બસ લીધી.

ખ્રિસ્તી સમુદાયમાં વિશ્વપ્રખ્યાત અને ખાસ કરીને બાળકોના પ્રિય એવા સાન્તા ક્લોઝ તેના પ્રિય વાહન રેન્ડિયર સાથે આ જગ્યાએ રહે છે. જોકે આ રહેઠાણની અધિકૃતતા માટે અન્ય બેથી ત્રણ દેશ વચ્ચે વિવાદ છે, પરંતુ લોકોમાં આ સ્થળ અધિકૃત બની ગયેલ છે તેથી સમગ્ર વિશ્વમાંથી આ જગ્યાની મુલાકાત લેવા માટે ખાસ ફિનલેન્ડ આવતા હોય છે. સાન્તા




વિલેજમાં સંપૂર્ણ સગવડતા સાથેના કોટેજીસ બનાવવામાં આવેલ છે. અમો બે દિવસ માટે એક કોટેજ રાખેલ. કોટેજમાં અમે દાખલ થઈને જોયું તો તેમાં ગૅસ, ઑવન, ફ્રીઝ અને વાસણો પણ રાખવામાં આવેલ. આ રીતે કોઈ પણ ચા, કૉફી કે રસોઈ બનાવી શકે છે. તે સિવાય વિશાળ કેન્ટીન પણ નાસ્તા તથા ભોજન માટે ઉપલબ્ધ હોય. સાન્તા વિલેજમાં સાન્તાની મુલાકાત લઈ શકાય છે. વિશ્વના મોટા ભાગના નેતાઓ તથા પ્રતિષ્ઠિત વ્યક્તિ અહીં સાન્તાની મુલાકાત લેવા આવતી રહે છે. અમોએ તેમની મુલાકાત લેતા એક વિશ્વ પ્રેમ અને બંધુત્વનો સંદેશ આપતી વ્યક્તિને મળતા હોઈએ તેવી અનુભૂતિ થઈ, મુલાકાત લેનાર દરેક બાળક સાન્તા તરફથી ભેટ મેળવીને ખુશ થાય છે.

આ સાન્તા વિલેજનું બીજું આકર્ષણ આર્કટિક સર્કલ રેખાનું છે, આ દેશનો લગભગ ૧/૩ ભાગ આર્કટિક સર્કલની બહાર આવેલ છે, એટલે આપણે ભારતમાં જેમ કર્કવૃત્ત (૨૩.૫ ઉ.અક્ષાંશ અમદાવાદ પાસેથી પસાર થાય છે તેમ ફિનલેન્ડમાંથી આર્કટિક લાઈન પસાર થાય છે (ઉ. અક્ષાંશ ૬૬.૫) આ રેખાને પાર કર્યા બાદ અતિ ઠંડીના કારણે માનવ વસવાટ લગભગ નહિવત્ હોવાથી નોર્થ પોલનું અંતિમ બિંદુ ભલે ૯૦ ડિગ્રી પર હોય, પરંતુ માનવ વસવાટ માટે અંતિમ બિંદુ ૬૬.૫ ડિગ્રીએ લગભગ સમાપ્ત થઈ જવાને કારણે ઉત્તર ગોળાર્ધમાં અંતિમ રેખા માનવામાં આવે છે અને તેને કારણે આર્કટિક સર્કલ સુધી ફરવા આવવા માટે જે જે દેશમાંથી આર્કટિક લાઈન પસાર થાય છે તે તમામ જગ્યાએ ટુરિસ્ટ આકર્ષણ વધારે જોવા મળે છે, એટલું જ નહિ વિશ્વના બીજા દેશોમાંથી પણ પ્રવાસીઓ આવીને આ અંતિમ રેખા પાર કર્યાનો રોમાંચ તથા સંતોષ અનુભવતા હોય છે આ અંગેની અધિકૃત સંસ્થા

રેખા પાર કર્યાનું સર્ટિફિકેટ આપતી હોય છે. આ જગ્યાએ આકાશ એકદમ નીચે આવી ગયું હોય તેવો આભાસ થાય છે. વિશ્વની ટોચ ઉપર પહોંચ્યાનો અનુભવ અને આનંદ લેવા માટે જ્યારે આ રેખા પાર આવતા પ્રવાસીઓ જોઈએ ત્યારે માનવ સ્વભાવમાં પ્રવાસ માટે રહેલ જિજ્ઞાસા અને સાહસ અને રોમાંચ જોઈ શકશો.

સાન્તા વિલેજ ખાતે એક વધુ મુલાકાત લેવા જેવું સ્થળ અહીની પોસ્ટ ઑફિસ છે, દુનિયાના લગભગ ૨૦૦ દેશોમાંથી અહીં બાળકોના કાલીઘેલી ભાષામાં પત્ર સાન્તા ઉપર આવે છે કે જે વર્ષે પાંચ લાખ ઉપર થવા જાય છે અને અહીં આવતા ટુરિસ્ટ સાન્તા વિલેજની મુલાકાત ના પ્રતીક રૂપે સાન્તાવિલેજ તથા આર્કટિક સર્કલની વિશિષ્ટ પોસ્ટની છાપ સાથે પોતાના પ્રિયજનોને અહીં મળતા કલરફુલ કાર્ડ અને ગિફ્ટ સાથે પત્ર પોસ્ટ કરે છે જે વિશ્વભરમાં સમયસર પહોંચાડવાની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે. અહીં બે લેટર બોક્સ રાખવામાં આવેલ છે એક વર્ષ દરમ્યાન પોસ્ટ કરો કે તરત જ પહોંચાડવા માટે અને બીજું ક્રિસ્મસ મેસેજ સાથે ક્રિસમસના સમયગાળા દરમ્યાન પહોંચાડવા માટે જે આ બોક્સમાં એકત્ર થયેલ પત્રો સાચવીને રાખવામાં આવે છે અને ક્રિસ્મસ દરમ્યાન દુનિયાભરના દેશોમાં સમયસર પહોંચાડવામાં આવે છે.

આમે અહીની પ્રજા એકદમ શરમાળ તથા ઓછું બોલનાર અને મદદરૂપ થનાર હોય છે. વિશ્વના રાજકારણમાં તટસ્થ દેશની ભૂમિકા ભજવતું આવેલ આમ છતાં જરૂર પડે પોતાનું લડાયક ખમીર બતાવી શકે તે જોયું. રશિયા જેવા મોટા દેશ સાથે સાથે લગભગ ૧૩૪૦ કિ.મી.ની જમીની સરહદથી જોડાયેલ હોવા છતાં અને સતત નાટો સમૂહ દેશોમાં નહિ જોડાવાની ધમકી મળતી રહેતી હોવા છતાં આ દેશ આજે નાટોનો સભ્ય છે. એક મિત્ર એ જણાવ્યું કે નાટો સાથે જોડાવાના નિર્ણય પહેલા પબ્લિક ઓપિનિયન લેવામાં આવેલ, તેમાં ખમીર બતાવતા ૮૦ ટકા પ્રજાએ ભય વગર નાટોમાં જોડાવાનો નિર્ણય લીધેલ.

દરેક દેશની પોતાની આગવી ઓળખ અને વિશિષ્ટ સુંદરતા હોય છે તેમ ફિનલેન્ડની વિશિષ્ટ બાજુ જોઈ અનુભવી અમો માદરેવતન ''સારે રે જહાં સે અચ્છા હિન્દુસ્તાન હમારા'' ત્રણ માસ રોકાઈને પરત ફર્યા.

**– ચેતના વસાવડા**

# કમાલનું કુમાઉં!



દીના વછરાજાની

શ્રી કાકાસાહેબ કાલેલકર કહે છે ‘જીવનનું ઉત્થાન જ્યારે મંદ પડે છે ત્યારે માણસના હૈયામાં અજ્ઞાતની બીક પેસી જાય છે. એના પર વિજય મેળવી એને જ્ઞાત બનાવવું, એ જ જીવનનો મોટામાં મોટો આનંદ અને સારામાં સારો પૌષ્ટિક ખોરાક છે. વૈજ્ઞાનિક પ્રયોગો કરી અજ્ઞાત ઉપર એક જાતનો વિજય મેળવાય છે જ્યારે પ્રવાસ કરીને બીજી જાતનો.’ આ અજ્ઞાતનો ભય એટલે આજે જેને આપણે ઍંક્ઝાઈટી કે સ્ટ્રેસ કહીએ છીએ તે. સાચી વાત છે પ્રવાસ અને ખાસ તો કુદરતની નજીક જવાનો અનુભવ જાતને એક હકારત્મક ઊર્જાથી તરબતર કરી દે છે. મેં કરેલા અસંખ્ય પ્રવાસમાંથી આજે હું અહીં વાગોળું છું ૨૦૧૩ માં મેં કરેલા કુમાઉં પ્રદેશના પ્રવાસને. ઉત્તરાખંડના ગઢવાલ જિલ્લા કરતાં આ પ્રદેશ હજુ પોતાનું લાવણ્ય જાળવી શક્યો છે કારણ અહીં હજુ પ્રમાણમાં ઓછાં બાંધકામ થયાં છે. ૨૦૧૯માં પાછા આ પ્રદેશમાં ગયાં ત્યારે થોડા ફેરફાર વર્તાણાં પણ એ સહ્ય લાગ્યાં.

૨૦૧૩ સપ્ટેમ્બરનાં ત્રીજા અઠવાડિયામાં અમે બન્ને (હું ને મારા પતિ) મુંબઈથી દિલ્હી ફ્લાઈટમાં બપોરે પહોંચ્યા. જૂની દિલ્હીથી કાઠગોદામ જવા રાતની ટ્રેઈન હતી. લંચ કરી સ્ટેશન જ ગયાં. ત્રણ-ચાર કલાક બેસવું પડ્યું. ટ્રેઈન દીલ્હીથી જ ઊપડવાની હતી એટલે અમે આરામથી અમારો સામાન લઈ ચડતાં હતાં ત્યાં એક મજૂર હાથલારીમાં સામાન લઈ પસાર થયો અને બીજા ત્રણ-ચાર જણાં પણ જરા ધાંધલ જેવું કરતાં પસાર થયા. આ લોકો આવી ધમાલ કેમ કરે છે? નવાઈ લાગી. અમારી બર્થ પર પહોંચી સેટલ થયાં ત્યારે એ નવાઈનું સમાધાન થયું. મારા પતિનાં ખિસ્સાં સુધી દિલ્હીના ઠગનો હાથ પહોંચી ગયેલો. પાકીટ ગૂમ હતું. પૈસા તો એમાં બધાં નહોતાં, પણ કાર્ડ હતું એની ચિંતા

થઈ. તરત જ એ લોક કરાવ્યું. જરાક અશાંત મને સૂતાં. સવારના પાંચ વાગે કાઠગોદામ પહોંચ્યા અને બધો જ અજંપો ગાયબ. આ પહોડોથી વીંટળાયેલું સ્ટેશન ખૂબ નમણું છે. અમારો પહેલો મુકામ હતો કુમાઉના ઝલતોલામાં. કુદરતની રમ્યતા, હિમાલયની ભવ્યતા અને સાહસપૂર્ણ શાંતિ અનુભવવા આ એક ઓફબીટ જગ્યા છે. એકરો સુધી ફેલાયેલા એપલના બગીચા અને ગીચ જંગલની વચ્ચોવચ આવેલ મીસ્ટી માઉન્ટન રિટ્રીટમાં પહોંચતા લંચ ટાઈમ થઈ ગયેલો. મેઈન રોડથી જંગલમાં ત્રણ કિલોમીટર ઊંડે સ્થિત આ રીસોર્ટનું લોકેશન એટલું અદ્‌ભુત છે કે વાહ! આ જ એક અહેસાસ હતો. ઊંચાઈ પર આવેલા કોટેજની કાચની મોટી બારીઓની બહાર નજર નાખો એટલે સામે જ હિમાલયનાં નંદાદેવી, નંદાઘૂટી, ત્રિશૂલ શિખરોનાં દર્શન થાય. સાંજે આ પ્રોપર્ટીનાં જંગલમાં જ થોડું ફર્યા અને ત્યાં જ આવેલા એક પોઈન્ટ પરથી સનસેટ જોયો. (આ પ્રદેશનો અતિ ભવ્ય-સુંદર સનસેટ કસૌનીમાં ૨૦૧૯માં અનુભવ્યો). રાતે કુમાઉંનું ભોજન માણ્યું.



ખેર! સાંજના હોટલ મૅનેજર કમ માલિક લેડી અંબિકા સાથે વાત કરીને આજુબાજુની ફરવાની જગ્યાઓ વિષે માહિતી મેળવી. બીજે દિવસે અમે જંગલ રસ્તે ચારેક કિલોમીટર ટ્રેક કરી બાજુના એક નાનકડા ગામમાં ગયાં, ત્યાંનું મંદિર જોયું. જરૂર હોય તો રિસોર્ટથી કોઈ ગાઈડ લેવાય, પણ અમે તો થોડી માહિતી લઈ ગીચ જંગલમાં કેડીઓ શોધતાં એકલાં જ નીકળ્યાં હતાં. આ જંગલમાં અસંખ્ય હરણાં, જાતજાતનાં પક્ષીઓ અને દીપડાઓ પણ છે. સનસેટ પછી એકલાં મેઈન ગેટની બહાર ન નીકળવાની પણ સૂચના હતી કારણ દીપડાઓ ત્યાં સુધી ઘણી વાર આવે છે. જંગલની સુગંધી હવા અને હરણાઓ અને જાતજાતનાં પક્ષીઓના અવાજનો સાથ તો આખે રસ્તે રહ્યો. પાછા ફરતાં એક ફાંટા પાસે હવે ક્યો રસ્તો લેવા તેની દ્વિધા થઈ. આમ તો રાત નહોતી થઈ, પણ પહાડોમાં સાંજ અને અંધારું વહેલું જ થાય. ટોર્ચ પાસે હતી, પણ ચેક કરતાં એ બગડી ગયાનો ખ્યાલ આવ્યો. ફોનમાં નેટવર્ક તો હતું જ નહીં. પાછો દીપડાનો હાઉ તો મનમાં હતો જ. મને તો આવી પરિસ્થિતિમાં તરત ટેન્શન થાય. પણ નૈષધની સૂઝ કામ આવી. એક દિશામાંથી આછો આછો કૂતરાના ભસવાનો અવાજ આવ્યો. એ કહે આપણા રીસોર્ટથી અડધા-પોણા કિલોમીટર પછી ઝાડીમાં એક બંગલો જોયેલો. આ ત્યાંના કૂતરાનો જ અવાજ છે. આપણે એ દિશામાં જ જઈએ. પછી મારી તો જે સ્પીડ વધી ગઈ! પંદર-વીસ મિનિટ ચાલીને નીચે એ બંગલાનું છાપરું જોયું ત્યારે જ હું શ્વાસ લેવા ઊભી રહી!

બીજે દિવસે ટૅક્સી કરી અમે પાતાળભુવનેશ્વર

જવા નીકળ્યાં. આ એ સમયની વાત છે જ્યારે દુનિયા હજી સ્માર્ટ ફોન રૂપે એટલિસ્ટ મારી હથેળીમાં તો નહોતી. એટલે ફરવા જઈએ ત્યારે ન ધારેલું ઘણું નાવીન્ય માણવા મળતું અને અજાણ્યાપણાનો રોમાંચ પણ! હવે તો ક્યાંય જઈએ એ પહેલાં એ સ્થળનાં વીડીઓ પણ જોઈ લીધાં હોય અને બધી જ માહિતી પણ મોઢે હોય! ખેર! સાચું કહું તો આ જગ્યાની ઐતિહાસિક, ધાર્મિક, સાહસિક મહત્તા વિષે કંઈ જ ખ્યાલ અમને નહોતો. ગુફામાં કોઈ મંદિરનાં દર્શન કરવાનાં છે એવા ખ્યાલ સાથે અમે તો દેવદારના જંગલની વચમાં આ જગ્યાએ પહોંચ્યા. સાવ સાધારણ પ્રવેશદ્વાર અને એક નાનું મંદિર જોઈ જાણે નિરાશા જ થઈ. એ મંદિરના પૂજારીએ કહ્યું કે, ગુફામાં જવું છે તો એના માણસને લઈને જવું પડશે. સાંકડા રસ્તે જવાનું છે. અમે તો ઠીક છે કહી એની સાથે એક નાના દરવાજામાં નીચા વળી ગુફામાં પ્રવેશ્યા....શરૂઆતની થોડી મિનિટ જરા વાંકા વળી આગળ વધ્યાં ને પછી શરૂ થઈ ખરી કસોટી. સાવ સાંકડી સુરંગમાં બે બાજુ સાંકળ પકડી પાણીથી ભીની – ખરબચડી સપાટી પર બેસીને ઘસડાતાં અને ક્યાંક તો સૂતાં સૂતાં ઘસડાતાં, અંધારી ગુફામાં, વચમાં મૂકેલ બલ્બની ઝાંખી રોશનીમાં હિંમત ટકાવી રાખતાં આગળ વધ્યાં. આ ગુફા જમીનમાં ૯૦ ફૂટ ઊંડે છે એટલે જેમ નીચે જાઓ એમ ઑક્સીજન પણ હવામાં ઓછો થતો જાય છે. સપ્ટેમ્બર મહિનામાં હવામાં ભેજ વધુ હોય એટલે પણ ઑકસીજન ઓછો હોય. શ્વાસ પણ માંડ લેવાય એવી સ્થિતિમાં મને તો થયું કે પાછા જ ફરી જઈએ. અંતે સાંકડો રસ્તો એક પહોળી અને ઊભા રહી શકાય એટલી મોટી ગુફામાં ખૂલ્યો, પણ હવે તો છાતી ધમણની જેમ હાંફતી હતી. અમારી સાથે આવેલ પૂજારીના શ્વાસ પણ જોરથી ચાલતા હતા એટલે જરા શાંતિ થઈ અને પછી જિંદગીભર યાદ રહે એવી સાહસ, ઉત્તેજના, રોમાંચસભર ગુફાએ, અચંબિત કરી મૂક્યાં. પિથોરાગઢ જિલ્લામાં ચૂના પથ્થરની પ્રાકૃતિક કલાકૃતિઓથી ભરપૂર આ ગુફાનો સ્કંદપુરાણમાં પણ ઉલ્લેખ છે. કહે છે ભગવાન શિવજીનો અહીં વાસ રહેતો અને તેંત્રીસ કરોડ દેવી દેવતા અહીં એમની પૂજા કરતાં. શિવજીએ ગણેશજીનાં મસ્તકનો વધ કરી હાથીનું મસ્તક મેળવ્યું ત્યાં સુધી એમને અહીં જ રાખેલાં અને સહસ્ત્ર દળ બ્રહ્મકમળમાંથી ટપકતી સંજીવનીથી એમને જીવિત રાખેલ. આ બ્રહ્મકમળની આકૃતિ અને એમાંથી ટપકતું પાણી આજે પણ અહીં છે. ત્રેતાયુગમાં રાજા રિતુપર્ણાને અહીં શિવજીનો સાક્ષાત્કાર થયો. દ્વાપરયુગમાં પાંડવો હિમાલયમાં દેહ ગાળતાં પહેલાં અહીં ચોપાટ રમેલા. આ યુગમાં આદિશંકરાચાર્યએ આ ગુફાની શોધ કરી અંદર એક શિવલિંગની સ્થાપના કરી. જેની આજે પણ પૂજા થાય છે. અહીં એક શેષનાગની આકૃતિ છે. ઐરાવતની વિશાળ આકૃતિ છે. ચાર યુગનાં પ્રતીક ચાર પથ્થર છે. જેમાં કહેવાય છે કે કળિયુગના પથ્થરની ઊંચાઈ વધે છે. એ જ્યારે છતને અડશે ત્યારે આ યુગનો અંત આવશે. અહીં શિલા રૂપે સ્થાપિત બદ્રીનાથ, કેદારનાથ



અને અમરનાથનાં એકસાથે દર્શનનું પુણ્ય મળે છે. નાગોને પાણી પીવા શિવજીએ બાંધેલ કુંડ અને એની ઉપર હંસની આકૃતિ છે. ગુફામાં ચાર દ્વાર દેખાય છે. રણદ્વાર, પાપદ્વાર, ધર્મદ્વાર, મોક્ષદ્વાર. મોક્ષદ્વારનો રસ્તો અહીંથી સીધો કાશિમાં ખૂલે છે એમ કહેવાય છે. ટાઈમ મશીનમાં અમે જાણે સતયુગમાં પહોંચ્યા હોઈએ એવો રોમાંચ અનુભવતાં અમે ગુફા જોઈ, બને એટલા જલ્દી પાછાં ફર્યાં કારણ ગૂંગળામણ અસહ્ય હતી. ઉપર આવી વિચારવાની શક્તિ આવી ત્યારે લાગ્યું કે આ તો રહસ્યમય, પવિત્ર જાત્રા હતી! દુખ એ વાતનું થયું કે પૃથ્વીની ઉત્પતિ જેટલી જ પ્રાચીન આ ગુફામાં વ્યવસ્થિત પ્રકાશ અને ઑક્સીજનની વ્યવસ્થા હજી સુધી તો નથી થઈ!

અહીંથી અમે ત્રણ દિવસ રાનીખેત ગયાં. જ્યાં આમ તો શહેરીકરણ વધારે લાગે, પણ અહીં પણ અમારા રીસોર્ટ હોમ ફાર્મ હેરીટેજનાં રીમોટ લોકેશને અમને હિમાલયનો અનુભવ જ પીરસ્યો.


રાનીખેત પછી અમે ત્રણ દિવસ સાતતાલ જવા નીકળ્યાં. વચમાં અડધો દિવસ નૈનીતાલ ફરી લેવું એવું વિચારેલું, પણ રસ્તામાં એક જગ્યાએ જાગેશ્વરનો ફાંટો જોયો. મને કોઈ પાસે આ ધામનો ઉલ્લેખ સાંભળેલો યાદ આવ્યો. અમે ટૅક્સી ત્યાં જ રોકી. નૈષધ પાસે સ્માર્ટ ફોન હતો. એણે ગુગલ કરી જોયું તો એક માન્યતા મુજબ આ જ્યોતિર્લિંગ છે. હવે તો અહીં જવું જ પડે. રાતે સાતતાલ પહોંચી તો જવાય, પણ અમારી હોટલ પહાડ પર હતી એટલે અજાણી ટૅક્સી તો ત્યાં રાત્રે ન પહોંચી શકે. વી -રિસોર્ટવાળા નીચે પોતાની જીપ અમારે માટે મોકલવા તૈયાર થયા. ને લો, અમે ઊપડ્યાં અણધારેલા શિવજીના આમંત્રણને અનુસરી

જાગેશ્વરધામ. આ અતિપ્રાચીન પથ્થરોનાં મંદિર સંકુલની પ્રાકૃતિક સુંદરતા અપ્રતિમ છે. મહામૃત્યુંજય અને નાગેશ્વર મહાદેવ મુખ્ય મંદિર છે. દ્વાદશ જ્યોતિર્લિંગ શ્લોકમાં 'નાગેશમ્ દારુકાવને' આઠમા જ્યોતિર્લિંગનાં આ શ્લોકનો અર્થ' દેવદારનાં વનમાં આવેલ નાગેશ્વર' અહીં બંધબેસે છે. અર્થની ઝંઝટમાં ન પડીએ તોપણ અહીંની ઊર્જા-વાઈબ્રેશન્સ મને તો ખૂબ જ સ્પર્શી ગયાં. એ અલગ જ અનુભૂતિ હતી. કોઈ અગમ્ય પ્રેરણાએ જ એ દર્શન કરાવ્યાં. કહે છે શિવજીની આ તપોભૂમિથી જ એમના લિંગ સ્વરૂપે પૂજાની શરૂઆત થયેલી. અહીં શિવ-પાર્વતી યુગલ સ્વરૂપને દર્શાવતું, અતિપ્રાચીન એવું એક દેવદારનું વૃક્ષ પણ છે.

સાતતાલ પણ શાંત રમણીય જગ્યા છે. ત્યાં તળાવમાં બોટિંગ વ. તો કર્યું, પણ અમે તો સ્થાનિકો પણ ઓછા જાય એવા એક વોટરફોલનો નાનો એવો ટ્રેક કર્યો. વાદળછાયા વાતાવરણમાં, ઝાડીઓની વચમાં કેડી કંડારતાં. તે દિવસે મને મનમાં થતું હતું આ ખોટું સાહસ કરીએ છીએ. મુંબઈ પહોંચી આઠમે દિવસે મને તાવ આવ્યો. બધાં ડેન્ગ્યુનાં લક્ષણ. હાલત બગડતી ગઈ. પહેલાં ત્રણ દિવસ સ્થાનિક અને પછી કોકિલાબેન અંબાણી હૉસ્પિટલમાં એડમિટ થવું પડ્યું. અસંખ્ય ટેસ્ટ પણ કોઈ નિદાન નહીં. આમ જ અઠવાડિયું નીકળી ગયું. સિરિયસ કહી શકાય એવી હાલત વચ્ચે ક્યારે અને કેમ? મેં જ ડૉક્ટરને કહ્યું, કે અમે હમણાં જ જંગલ-પહાડ ખૂંદી આવ્યાં. એમના મનમાં કોઈક ઝબકારો થયો કે ત્યાં કંઈક જંતુ કરડ્યું હોવું જોઈએ અને જેના નિદાન માટે તરત જ થાય એવી ટેસ્ટ ન હોવાથી, જંતુ કરડવાથી થતાં રિકેટ્શિયા નામના, ભાગ્યે જ થતા રોગની સારવાર શરૂ કરી અને મારો ચમત્કારિક બચાવ થયો. ડિસ્ચાર્જ સર્ટિફિકેટમાં પણ ડૉક્ટરે લખવું પડ્યું, 'મિરેક્યુલસ રિકવરી' આ શિવજીની જ કૃપા કે નહીં?

**– દીના વછરાજાની**

# પવન પાંખે પરદેશ



દિનેશ માંકડ

વહાલા વાચક મિત્રો આપનામાંના કેટલાકનો વિદેશ પ્રવાસ બાકી હશે. કર્યો હશે તો કદાચ બીજી વાર કરવાનું મન પણ હશે. તો ચાલો હું જ તમને યુરોપના પ્રવાસે લઈ જાઉં .એક નાનકડી શરત છે કે મારી સાથેનો પ્રવાસ ચંદ્રયાનની ઝડપે જ કરવો પડશે. કારણકે નવ દેશ અને તે પણ અક્ષર રૂપી મર્યાદિત ઈંધણ સાથે. તો થઈ જાવ તૈયાર 'નાગર મંજુષા'નામના યાનમાં બેસવા.

બાળપણથી ભણતાં આવ્યા – દુનિયાના સાત ખંડ. એ જોઈ લીધા, પણ નકશામાં, પણ પછી? સુખ નામના પ્રદેશમાં વિહરતા વિહરતા ઉત્તર-દક્ષિણ ભારત જોવાયું. ભેગા થઈને વિચાર્યું કે એકાદ પરદેશ પ્રવાસ થાય તો? પરિવાર સભ્યોના પાસપોર્ટ તૈયાર થઈ ગયા.

યુરોપ પાસે ઈતિહાસ છે એટલે પહેલી પસંદગી એને આપી. ફરી Cocks and Kings ટ્રાવેલ કંપનીનું યુરોપના નવ દેશનું પેકેજ અનુકૂળ લાગ્યું. તારીખો નક્કી થઈ. ટુરિસ્ટ વિઝાની કાર્યવાહી, રૂબરૂ ઇન્ટરવ્યૂ. પછી રૂપિયામાંથી યુરો ચલણમાં ફેરવવાનો અનુભવ લીધો. આંતરરાષ્ટ્રીય સિમ કાર્ડ લીધું.

અને આખરે એ દિવસ પણ આવી પહોંચ્યો. અમારી (હું-દિનેશ, રંજના, પાર્થ, ગ્રીવાની) વિદેશ સફર શરૂ - વીસમી મે ૨૦૧૩ અમદાવાદથી દુબઈ 'એમેરત' ફ્લાઈટમાં દુબઈથી લંડન. દુબઈ, પ્રવાસનો ભાગ નહોતો. કનેક્ટિંગ ફ્લાઈટ હતી એટલે ઍરપોર્ટ બહાર જવાની અનુમતિ નહોતી.

લંડનમાં ૨૦૦ વર્ષ જૂના 'મેડમ તુષાદ' મ્યુઝિયમમાં ૪૦૦થી વધારે મીણનાં પૂતળાં છે. વિશ્વની ગણમાન્ય વ્યક્તિઓ તો હોય જ, એમાં અમિતાભ, સચિનનો પણ સમાવેશ છે. આબેહૂબ જીવંત લાગતી પ્રતિમાઓ

સાથે ફોટા પડાવવાનો આનંદ લીધો. ૪ D ફિલ્મમાં ચતુર પરિમાણ સાથે પાણી, પવનનો પ્રત્યક્ષ જેવો અનુભવ થાય. ભૂતગૃહમાં હાજા ગગડે. થેમ્સ નદીને કિનારે 'લંડન આઈ' ૧૩૬ મીટર ઊંચું મેરી ગો રાઉન્ડ ૪૨ ખાનાં ધરાવે છે અને એક રાઉન્ડ ૩૦ મિનિટમાં પૂરો કરે છે. આખા લંડનનું આકાશીદર્શન અદ્‌ભુત રીતે થાય. બર્મિંગહામ પેલેસ - રાણી વિક્ટોરિયાનો આવાસ, વેસ્ટ મિનિસ્ટર્સ હાઉસ, જોયાં. 'ટ્રફાલ્ગર સ્કેવર'માં પ્રાચીન સ્મારકો સાચવ્યાં છે. શરૂથી ફ્લાઇટ મોડી હોઈ લંડનનો સમય થોડો કપાયો.

લંડનથી બસ દ્વારા હાર્વિસ બંદરે જઈ ક્રુઝ પ્રવાસ શરૂ થયો. ૧૧ માળમાં ૧૩૦૦થી વધારે રૂમવાળા 'સ્ટેના લાઈન' ક્રુઝમાં ૩૦૦ જેટલી બસનું પાર્કિંગ પણ હતું ! રાત્રી દરિયાઈ સફરથી ઈંગ્લિશ ચેનલ પસાર કરી, 'હુક ઓફ હોલેન્ડ' પહોંચ્યા. ટચૂકડો દેશ નેધરલેન્ડ જે 'વિન્ડ મિલ્સ'નો દેશ તરીકે ઓળખ છે. પાણીને અંકુશિત કરીને સંપૂર્ણ જળવ્યવહારથી સંચાલિત 'એમ્સ્ટર્ડન', ૧૨ મી સદીના નાનકડા 'ડચ'માંથી વિશાળ શહેર બન્યું છે. તેની પ્રાચીન કેનાલને યુનેસ્કોએ વિશ્વ વારસામાં સમાવી છે.

ચોકલેટ માટે જાણીતા દેશ બેલ્જિયમ પહોંચ્યા. આખા વિશ્વમાં કાચા હીરા પાટનગર બ્રસેલ્સથી જાય છે. વિશ્વનો સૌથી જૂનો 'મોલ' અહીં છે. સાડીના લેશ માટે આ દેશ જાણીતો છે.

ફ્રાન્સના બે દિવસના પ્રવાસમાં એફિલ ટાવર તો હોય જ. ઈ.સ. ૧૮૮૯માં તૈયાર થયેલું ૩૨૪ મીટર (૧૦૬૩ ફિટ) ઊંચા ટાવરમાં ત્રીજા લેવલ-અંતિમ ટોચ સુધી લિફ્ટમાં જ જવાય છે. ઉપર તો ગયા જ સાથે સાથે સાંજે ચોક્કસ સમયે આખા ટાવરને લાઇટ્સથી ઝળાંહળાં કરે તે જોવાનો લહાવો પણ લીધો. વર્ષો પહેલાં પેરિસમાં ઊજવાયેલ ભારત મહોત્સવમાં કચ્છના સુવિખ્યાત શરણાઈ-નોબતવાદક સુલેમાન જુમાએ અહીં એફિલ ટાવર નીચે શરણાઈ-નોબત વગાડેલાં - એ પ્રસંગ યાદ કરી ગૌરવ અનુભવ્યું.

તદ્દન વૈવિધ્યવાળી ૧૭ જેટલી રાઇડ્સવાળા 'પાર્ક એસ્ટ્રીસ'માં વિશ્વનું સૌથી જૂનું, ૧૩ મીટરની ઊંચાઈ ધરાવતું લાકડાનું રોલર કોસ્ટર છે. વારંવાર ઊંધા-ચત્તાં થતાં આ કોસ્ટરમાં બેસીને ધોળે દિવસે તારા જોવાની મજા છે. 'લીડો શો'માં ૧૦૦ થી વધુ






કલાકારો ૬૦૦થી વધારે વેશભૂષા પહેરી - બદલીને કલા-વારસાનો પરિચય કરાવે છે. એમાંય Revolving Stage અને બરફ નૃત્ય વિશેષ આકર્ષિત કરે છે. ગ્રેવીન વેક્સ મ્યુઝિયમ અને Fregonard પર્ફ્યુમ્સ જોઈને, City of Light તરીકે ઓળખાતા પેરિસની કુઝમાં નગરચર્યા કરી.

TGV ( Tript to Geneva ) વિશ્વની બીજા નંબરની ઝડપી ટ્રેનમાં જીનિવા પહોંચ્યા. યુનોનું મુખ્ય મથક જોયું. તેની સામે ૧૨ ફિટ ઊંચી સાડા પાંચ ટન લાકડામાંથી બનાવેલી Broken Cheir નું સ્થાપત્ય અને ૧૪૦ મીટર જગવિખ્યાત ઊંચો ફુવારો પણ વિશેષ છે.

હવે ના ત્રણ દિવસ આલ્પ્સ પર્વતમાળામાં સ્વિટ્ઝર્લેન્ડમાં શૂન્યથી પણ નીચે તાપમાનમાં મહાલવાનું હતું. ૩૦૦૦ થી ૪૦૦૦ મીટર (૧૦ થી ૧૨ હજાર ફિટ) પર ટ્રેન અને રોપવેમાં, આસપાસનું પ્રકૃત્તિદર્શન કરતાં કરતાં જવાનો લહાવો તો અવિસ્મરણીય જ છે. માઉન્ટ બ્લેન્ક, કોક્સ એન્ડ કિંગ્સ, ગ્લેશિયર ૩૦૦૦ વગેરે પાંચ શિખર પર રોપવેથી કૂદાકૂદ! એક રોપવે (કેબલકાર) એક સાથે ૧૦૦ થી વધારેને લઈ જાય ૪૦૦૦ મીટરની ઊંચાઈ પર, ઈ.સ. ૧૯૧૨માં તૈયાર થયેલી ટ્રેન Jungfraubahn (યુન્ગફ્રો) એ ૨૦૧૨ માં તેની શતાબ્દી ઊજવી. વિશ્વની સૌથી ઊંચી ટપાલપેટીમાં ડોકિયું કરી, સ્નો બસમાં સ્કીઈંગ કરી, બરફનાં શિલ્પોનું મ્યુઝિયમ જોઈને ૧૨૦૦૦ ફિટ ઉપર

માઈનસ ડિગ્રીમાં આઈસ્ક્રીમ ખાધો! અનેક પર્વતમાળા વચ્ચે પ્રતિ સેકન્ડ ૨૦૦૦૦ લીટર પાણી ફેંકતા; 'ટ્રેમ્બલ બેચ'ની વિશ્વ વારસામાં નોંધ લેવાઈ છે.

૧૬૦ કિ.મી. લાંબા ઘનઘોર જંગલ 'બ્લેક ફોરેસ્ટ'માંથી મુસાફરી, રોકાયા વગર, કરવાની હતી. ચેકોસ્લોવાકિયાનો ડ્રાઈવર અંગ્રેજી પણ માંડ સમજતો હતો  છતાં એટલી ખબર પડતી હતી કે રાત પહેલાં જંગલની બહાર નીકળી જવું પડે.

જર્મની પહોંચ્યા. ઈ.સ. ૧૭૪૦માં માત્ર લાકડામાંથી બનેલી જગવિખ્યાત 'કક્કુ ક્લોક'માં કૂકડો ડાયલમાંથી બહાર આવી દર અડધા કલાકે પોકારી જાય. પ્રાચીન શહેર 'હેંડલ બર્ગ સ્ટ્રીટ' પર ચાલવા માટે પ્રવાસીઓનો કાયમી ધસારો હોય.

ઓસ્ટ્રિયા દેશમાં વિશ્વ વિખ્યાત ક્રિસ્ટલ હબ 'સ્વોરોસ્કી'ની ૧૩ ચેમ્બર્સમાં ક્રિસ્ટલના અદભુત નમૂના જોઈને દંગ રહી જવાય.

ઇટલીમાં ૧૧મી સદીનો પિત્ઝાનો મિનારો, હવે ઢળતો નથી. અનેક પુલ બનાવી ૧૧૭ ટાપુઓને જોડતાં વેનિસ શહેરમાં ફક્ત હોડીમાં જ સફર થાય અને ગોન્ડોલા રાઇડ્સ પણ માણાય. વિશ્વના આ મોટા બંદરે નેપોલિયને ક્રાંતિનાં મંડાણ કરેલાં. ઇટલીની રાજધાની રોમ ખૂબ મોટું પ્રાચીન નગર છે. 'ગ્લેડિએટર' અને અનેક બીજા સ્થાપત્ય છે. માણસ અને સાંઢ વચ્ચે થતા યુદ્ધનું એમ્ફી થિએટર પણ સચવાયું છે. રોમમાં જ 'વેટિકન સીટી' વિશ્વનો સૌથી નાનો દેશ છે. ૧૬ મકાન, ચર્ચ અને ૯૦૦ લોકોની વસતીવાળા આ દેશમાં કેવળ પોપની જ સત્તા છે. ખ્રિસ્તી ધર્મનું ઉદ્‌ગમસ્થાન.

૨૫૦ વર્ષ જૂની કોક્સ એન્ડ કિંગ્સ ટ્રાવેલ કંપનીની અમારી યાત્રા 'ગુજરાત ગૌરવ યાત્રા' હતી એટલે લંડનમાં લાપસી અને પેરિસમાં (ગુજરાતી ભોજનગૃહમાં) પાત્રા ખાધાં. ઉત્તમ હોટેલ્સ, સમયની મર્યાદામાં પણ સંતોષકારક સાઇટ્સ સીન્સ, ખૂબ અનુભવી ગુજરાતી મૅનેજર લલિતભાઈ અને ૪૮ સુસંસ્કૃત ગ્રુપને લીધે જીવનનો ખૂબ યાદગાર પ્રવાસ રહ્યો. જીવ્યા કરતાં જોયું ભલું નહિ, પણ જીવવુંને, જોવું ભલું સાર્થક થયું.

**– દિનેશ માંકડ**

# ‘‘એવરેસ્ટ બેઝ કેમ્પ (EBC) પ્રવાસ

## *An Experience Of A Lifetime...!!"*



દૃષ્ટિ નાણાવટી

તાજેતરમાં જ રાજશ્રી પ્રોડ્કશન ની ‘ઉંચાઇ’ મુવી જોઈ ને મલ્ટિપ્લેક્સની બહાર નીકળતા પ્રક્ષકો પાર્કિંગમાં પહોંચે તે પહેલાં સૌ પહેલી પ્રતિક્રિયા એ જ હોય... કે બહુ જ અઘરું અને ઊંચું હો, પણ હિંમત કરવા જેવું ખરું. ખેર!! સામાન્ય રીતે ફિલ્મમાં તો આપણી સંવેદનાઓ જગાડવા નાટ્યત્મક રીતે ઘટનાઓને પડદા સમક્ષ રજૂ કરાતી હોય છે જેની અસર થોડા સમય પછી માનસપટ પરથી ભૂંસાતી જાય છે.

‘ઊંચાઈ’ ફિલ્મ રિલીઝ થયા પહેલાં જ મેં કપરાં ચઢાણ ચઢવા મનને મજબૂત કરી ‘સાહસે શ્રી વસતી’ આત્મસાત કરવાનું નક્કી કરી લીધું હતું....સાથે સાથે મારા પપ્પાને પણ મન મક્કમ કરવાનું મન તો થયેલું...પણ યુ ટ્યુબ માં વીડિયો જોયા પછી પુત્રીને સ્ટેશન સુધી ઑલ ધ બેસ્ટ.... આવજો... ટેક કેર... બાય કરી ને ફોટા પડાવવા સુધી જ રહેવાનું મુનાસીબ માન્યું... કાઠમંડુ-નેપાળની રીલાયબલ અને ઘણી જાણીતી "8 K Expedition" ટ્રેકિંગ કંપનીનું આપણા દેશની બેંગ્લોર સ્થિત "Trek nomads" સાથે જોડાણ હોવાથી ‘‘જય એવરેસ્ટ’’ કહી ‘હિંમતે મર્દા’ થઈ ને બુકિંગ કરાવી જ નાખ્યું.... દરમ્યાન કઈ કઈ બાબતો ધ્યાનમાં રાખવી, તબિયત કેમ સાચવવી, કઈ કઈ વસ્તુઓ જોડે રાખવી એવી માહિતીઓને ધ્યાને લઈ Decathlon કંપનીમાંથી જરૂરી Gears ની ખરીદીઓ થવા લાગી, ખાસ તો માઇનસ ૨૦ ડિગ્રી ઠંડીમાં ઢીંગરાઈ ન જઈએ અને બરફનાં તોફાન વચ્ચે ટકી રહીને જીવતા પાછા આવી શકાય તેવી પગથી માથા સુધીની

તમામ વસ્તુઓ કીટમાં ભરાણી.. રજિસ્ટ્રેશન કરાવેલા ૧૭ સાહસિકો કાઠમંડુ એકઠા થયાં ત્યારે છેક ખબર પડી કે ૧૬ તો ગુજરાત બહારના અને એમાંથી પણ ૧૦ જેટલા તો મુંબઈ, પુના બાજુના ડૉક્ટર્સ પણ EBC પર પોતાની ફિટનેસ ચકાસવા કમર કસેલી છે......

કાઠમંડુથી જરૂરી સૂચનાઓ-સામગ્રીઓ સાથે મધ્યરાત્રીએ ૨.૩૦ વાગે નીકળી 'લુકલા' પહોંચવા માટે 'ટેમ્પો-બસમાં' રામેછાપ' પહોંચ્યા. ત્યાંથી 'મિનિ ફ્લાઇટ'માં એકદમ રિસ્કી એવા 'લુકલા' ઍરપોર્ટ કે જ્યાં ૧૦ ડિગ્રી તાપમાન વચ્ચે ૪૫ ડિગ્રી એન્ગલ વાળા રનવે પર લૅન્ડ થયા..... પછી શરૂ થઈ EBCની દુર્ગમ સફર..... શરૂઆતમાં જ રસ્તાની વ્યાખ્યામાં સમાવેશ જ ન થાય તેવા માર્ગ પર ચાલતાં ચાલતાં ઉપરની સ્થિતિનો સહેજે ચિતાર આવવા લાગ્યો... લગભગ ૧૦ કિ.મી. ૨૬૧૦ મીટર્સની ઊંચાઈએ વરસાદી માહોલમાં 'ફાકડિંગ' ખાતે પહેલો પડાવ... Night halt આવ્યો. ઠંડા ઠંડા કૂલ કૂલ વાતાવરણનો એહસાસ થવા લાગ્યો. સવારે ઊઠતાં જ શરીરે કરેલા બળવાને ઊગતાંજ દબાવી દીધો. ટ્રેકને અનુરૂપ નાસ્તો કરી ચાલી નીકળ્યા આગળના પડાવ પર. મોટા મોટા પથ્થરો પર માપી માપી ને પગ મૂકતાં કુદરતી નઝારો માણતાં માણતાં લંચ લઈને સાંજે ૬ વાગે વધુ ૧૦-૧૨ કિ.મી. એકદમ સ્ટીફ ચઢાણ પસાર કરી ને સંઘ ૩૪૪૦ મીટર્સની ઊંચાઈએ બીજા પડાવ 'નામચેબઝાર' પહોંચ્યો. નામ પ્રમાણે જ સારી એવી અને આ માર્ગ પરની છેલ્લી બઝારમાં જર્મન કેક અને પિઝા પાસ્તા પણ દેખાયા... અહીં સુધી ઘણી ખરી સુવિધાઓ હોટેલમાં મફત મળી રહી. હવે પછીના દરેક રોકાણમાં શ્વાસ સિવાય બધું જ Paid અરે!! મોબાઇલ ચાર્જિંગના ૫૦૦/- ગરમ પાણી તો મફત ક્યાંથી મળે???? પણ પછી એવો વિચાર આવે કે આટલી ઊંચાઈએ ગરીબ પ્રજા ગુજરાન ચલાવવા અને આપણને આવી સૂમસામ જગ્યાએ સુવિધાઓ પૂરી પાડવા જો આટલી રકમ વસૂલ કરે તો ખોટું પણ નથી. Plus માંથી Minus તરફની સફર શરૂ થવા પહેલાં આગળના વાતાવરણને અનુકૂળ (Acclimatization) થવા એક દિવસનું રોકાણ 'નામચેબઝાર'માં જ હતું.. જોકે એ દિવસે પણ સાવ આરામ કરવાનો ન હતો. આજુબાજુ ના પહાડ પરની અલગ અલગ જગ્યાઓ પણ Explore કરવાની હતી કારણ કે (Acclimatization)નો અર્થ જ એ થાય કે વધુ ચઢાણ કરવાનું ''અને સાવ ઓછો આરામ કરવાનો'' જેથી આગળ આવવાના પડાવો માટે શરીર તૈયાર થઈ રહે. સવાર પડતાં જ અમારા ૩ ગાઈડ્સ પૈકીના બે તો શેરપાઓએ Minus તરફની ગતિ કરવા હાકલ કરી. ૩૮૬૦ મીટર્સની ઊંચાઈ અને વધુ ૯થી ૧૦ કિ.મી. અંતર કાપી ને 'Tengboche' Minus ૩-૪ ડિગ્રી ઠંડીનો અનુભવ કરતાં કરતાં પહોંચ્યા. જેમ જેમ આગળની ટેકરીઓ સર કરતાં ગયા તેમ શરીર પર કપડાં વધતાં ગયાં. વધુ ૧૦-૧૨ કિ.મી. અને ૪૪૧૦ મીટર્સનું ચઢાણ ચઢી Minus ૮.૧૦ ડિગ્રીમાં 'દિંગબોચે' પહોંચીને પહેલી વખત

શ્વાસ લેવામાં તકલીફ પડવાની શરૂ થઈ અને અમારા ગ્રુપમાંથી ૩-૪ વિકેટ તો પડી ગઈ ને રિટર્ન જર્ની અહીંથી જ શરૂ કરી દીધી!!!! ઘણી જ પાતળી હવા.. ઊંઘ આવે તોપણ બરાબર ઊંઘી જ ન શકાય. જ્યાં સૌ પ્રથમ વાર સ્નો ફોલનો અનુભવ થયો. સાથે સાથે તાપમાન પણ વધુ ને વધુ નીચે ઊતરવા લાગ્યું. આ સૂમસામ જગ્યાએ આગળની વધુ વિષમ પરિસ્થિતિથી શરીરને ટેવાવા (Acclimatization) એક દિવસનો મુકામ નક્કી કરેલો, પણ શરીરનું તાપમાન જાળવી રાખવા હોલ્ટના દિવસે પણ આરામ નહીં. ક્યાંક ક્યાંક સ્નો ફોલ. વરસાદમાં પણ નજીક નજીકમાં ચાલવાની પ્રવૃત્તિ કરે જ રાખવાની. લંચ, ડિનરમાં પસંદગીનો બહુ અવકાશ ન હતો. દાળ, ભાત, શાક (રોજ ક્યું શાક ખાતાં એ કોઈને ખબર ન પડી). ગાઈડ્સ બહુ જ સારી સાર સંભાળ લેતાં. બીજે દિવસે સવારે વધુ ૮-૯ કિ.મી.નું અંતર કાપીને આશરે ૫૦૦૦ મીટર્સ જેટલી ઊંચાઈએ એક મેમોરિયલ સ્પોટ પહોંચ્યા. જે જે સાહસિકો અહીં સુધી કે અહીંથી આગળ જતાં મૃત્યુને ભેટ્યા હોય તેવા લગભગ ૨૦૦થી વધુ જેટલા સાહસિકોના ફોટા તેઓની યાદગીરીમાં રાખવામાં આવેલા છે. જે જોતાં જોતાં દરેકને લખલખું પસાર થઈ ગયું... કે... આપણો ફોટો ન આવે તો સારું!!!! દિવસના અંતે ૫૦૩૦ મીટર્સની ઊંચાઈએ લોંબુચે પહોંચ્યા. ૫૦૦૦ મીટર્સની ઊંચાઈને ચાલતા ક્રોસ કરવાની અનુભૂતિ કંઈક અલગ જ હતી. જેવી રીતે ગિરનાર




જતાં અંબાજી પહોંચતાં પહેલાં સાચાકાકાની જગ્યા પાસે એકદમ સીધા ચડવા મુશ્કેલ પગથિયાં આવે છે તેમ અહીંથી ચઢાણ અઘરું, હવા પાતળી અને ઠંડી Minus ૧૨..૧૩. ડિગ્રી.!!!!! લોંબુચે રાત પસાર કરી સતત સ્નો ફોલ સાથે ચામડી ચિરાઈ જાય તેવા પવનના મારા વચ્ચે ૫ કિ.મી. ના અંતરે અને ૫૧૬૪ મીટર્સની ઊંચાઈએ ફક્ત ૪૦ ટકા ઑક્સિજન સાથે EBC પહેલાંની છેલ્લી ટેકરી -ટૂક 'Gorkshep' પહોંચ્યા. લંચ લઈને જલ્દી EBC માટે નીકળી જવા સૂચના મળતાં જ અમે અતિ વિષમ પરિસ્થિતિમાં EBC સર કરવા નીકળી પડ્યા. કેમકે બીજે દિવસે અતિ ગંભીર સ્થિતિ થવાની આગાહી હતી. આમ તો વચ્ચે કાલા પથ્થર ખૂબ જ મુશ્કેલ ટૂંક આવે છે કે જ્યાંથી માઉન્ટ એવરેસ્ટ બિલકુલ સામે..... ઉષાના કિરણોની હાજરીથી અતિ સુંદર નજારો જોવા મળે, પણ સતત સ્નો ફોલને કારણે એ જગ્યાએ જવાની મનાઈ ફરમાવેલી હતી... આખરે ... Against all




ods ૫૩૬૪ મીટર્સની ઊંચાઈએ આટલી મુશ્કેલીઓ વચ્ચે EBC પર ગર્વથી તિરંગો ફરકાવતાં તમામની આંખમાં પાણી હતાં અને ઘેર પણ પપ્પા. ભાઈ (આનંદ) અને ભાભી (ક્રિષ્ના) તેમ જ નજીકના સૌ વડીલો.. શુભેચ્છકોની આંખમાં પણ.... આમ તો મારો શારીરિક બાંધો એટલો મજબૂત ન હોવા છતાં મક્કમ મનોબળે દુર્ગમને સુગમ કરી બતાવ્યું. મારા પપ્પા કે જે હંમેશાં મને આગળ વધવા સતત પ્રોત્સાહન પૂરું પાડ્યું છે તેને ગૌરવ થાય તે સ્વાભાવિક જ છે તેમ જ ભાઈ.. ભાભી... તમામ સગાંવહાલાઓ... મિત્રોએ પણ હર્ષાશ્રુ સાથે મારા પ્રયત્નને ખુલ્લા દિલે વધાવી લીધો. જર્મની, સિંગાપોર, ગ્રીસ વગેરે દેશોના નાગરિકો પણ પોતપોતાના દેશના ઝંડા લઈ લઈ ને ૪૦ ટક ઑક્સિજન વચ્ચે પહોંચ્યા હતા. અમારા ગાઈડ્સને સેટેલાઇટથી સૂચના – આગાહી મળી ગઈ હતી કે બને એટલા જલદી પાછા ફરો, બરફનું તોફાન આવી રહ્યું છે. થાકેલા શરીરે અને શિખર સર કર્યાના આનંદ વચ્ચે શક્ય તેટલી ઝડપે પાછા ફરવા અભિયાન શરૂ કર્યું. એ જ દિવસે ગોરક્ષેપ માં રાત્રી રોકાણ કરવાનું નક્કી કર્યું, પણ ખરી મુશ્કેલી તો હવે આવવાની હતી. આખી રાત કોઈ ને ઉંઘ ન આવી. સવારે શું થશે??? નીકળી

શકીશું કે નહીં???? આવા વિચારો અને માથે બરફનું તાંડવ!!! સવારે તો સફેદ ચાદર પથરાઈ ગઈ હતી. છતાં... હિંમત ના હારતાં...... ઓછા ઑક્સિજન વચ્ચે ૮-૧૦ કલાક ચાલે રાખ્યું... અંતે કુદરતના કહેર આગળ નમતું જોખ્યા વગર છૂટકો જ ન હતો. બુટ ખૂંચી જાય તેટલી માત્રામાં બરફ અને ચામડી ચિરાઈ જાય તેટલી તીવ્રતાથી પવન સાથે Pheriche પહોંચ્યા. અહીં પણ અનિછાએ અતિ વિષમ પરિસ્થિતિમાં પણ રાત્રી રોકાણ કર્યા વગર ચાલે તેમ ન હતું. તાપમાન Minus ૨૦-૨૨ પહોંચી જતું... વિઝિબિલિટી પણ ૧૦-૧૨ ફિટ જેટલી જ હોવાથી સૌને એક જ પ્રશ્ન સતાવતો હતો કે આવામાં ૨૦-૨૫ કિ.મી. ચાલીને 'નામચેબઝાર' કેમ પહોંચશું???? સતત બરફનું તોફાન... વરસાદ.. ઘટતી ઑક્સિજન માત્રા વચ્ચે સવારે જીવતા હોઈશું કે નહીં... તેવા સંશય વચ્ચે રાત કાઢી. સવારમાં હેલિકૉપ્ટરના અવાજથી સૌના જીવમાં જીવ આવ્યો. હોટલના દરવાજાથી પાંચ ફૂટ જ હેલિકૉપ્ટર ઊભું હતું, છતાં બરફનો થર એટલી માત્રમાં હતો કે પાંચ ફૂટ બહુ જ દૂર લાગતા હતા. ગાઈડ્સ-શેરપાઓની મદદથી ...અંતે બે-ત્રણ ફેરામાં બધા નીચે પહોંચ્યા ત્યારે... મોતનો ખોપ કરતાં પણ તિરંગો ફરકાવ્યાની ખુશી હતી. સમગ્ર સફર દરમ્યાન



અમુક એવા નાજુક તબક્કા પણ આવેલા હતા કે જ્યાં શરીરની ક્ષમતાએ જવાબ દઈ દીધો હોય.. કે બસ.... હવે આગળ નહીં જવાય... તે સમયે માનસિક મજબૂતાઈએ શરીરને આગળ ધપાવવાનું કાર્ય કર્યું હોય ત્યારે પાંચ મિનિટ જીવનમાં કેટલી મહત્ત્વની છે તે સમજાય. ત્યાર પછી ના બધા જ ટ્રેકને તંત્ર દ્વારા વિષમ વાતાવરણને કારણે રદ કરી નાખેલા... ખેરખર.... કેટલા નસીબદાર!!!... આટલી માનસિક અને શારીરિક રીતે થકવી નાખે એવા પ્રવાસને સફળતાપૂર્વક પૂર્ણ કર્યાનો આનંદ કંઈક અલગ જ હતો. ઘેર પહોંચતાં જ પપ્પા.. ભાઈ.. ભાભી એ... આંખમાં ખુશીનાં આંસુ સાથે સ્વાગત કર્યું ત્યારે મારો થાક ક્યાં ઊતરી ગયો એ ખબર જ ન પડી!!! અને પછી જ જાણ થઈ કે આવો દુર્ગમ પ્રવાસ કરનાર કદાચ આપણી જ્ઞાતિની હું સૌ પ્રથમ મહિલા હતી.......

**- દ્રષ્ટિ નાણાવટી**

એક પ્રવાસ વર્ણન :-

# અમરનાથયાત્રા એક અનુભૂતિ



હીના ધોળકિયા

"અજર અમર અવિનાશી હિમાલય તું, પરમશાંતિ બક્ષનાર પર્વતરૂપી મંઝીલ તું."

આજથી બરાબર ત્રીસ વર્ષ પહેલાં YHAI જામનગર તરફથી પહેલગામથી ચાલીને અમરનાથ ગુફા સુધી Trekking કરેલું. આ અનુભવનું ભાથું આટલાં વર્ષો પછી પણ હજુ અકબંધ છે. તો ચાલો, આપને પણ અત્યારે શબ્દ યાત્રામાં સામેલ કરું.

હિમાલયની વિશાળતા, વિવિધતા કે ઉપયોગિતા વિષે જ્ઞાન પ્રાપ્ત કરવું. તેની ભૌગોલિક અને ઐતિહાસિક બાબતોનો અભ્યાસ કરવો. તેમાં વસતા ઋષિમુનિ, તેમાં રહેલી જડીબુટ્ટી, તેના કુદરતી સૌંદર્ય વિષે કલ્પના કરવી. તેની પ્રાચીનતા પૌરાણિકતા કે ધાર્મિકતા વિષે વિચાર કરવો કદાચ આનંદદાયક હશે, પણ રોમાંચક ક્ષણો તો એ જ હશે કે જયારે તમે હિમાલયના "ઉચ્ચશૃંખલ હિમાચ્છાદિત ગિરીશિખરો વચ્ચેથી કુદરતના અખૂટ ઐશ્વર્યની અનુભૂતિ કરતાં અમરધામ અમરનાથની વિકટ દુર્ગમ યાત્રા કરતા હો !

જેમ પ્રભુને પામતાં પહેલાં સંસારની વિટંબણાઓમાંથી પસાર થવું પડે એમ આ કુદરતની અજાયબી જેવી ગુફામાં પહોંચતા પહેલાં, વિકટ હિમાલયના દુર્ગમ બર્ફીલા માર્ગ, વહેતાં ઝરણાઓ, હિમ નદીઓ અને ગ્લેસીયર પરથી પસાર થવું પડે.

**પહેલગામથી ચંદનવાડી:**

પહેલગામ એ લેડર અને શેષનાગ નદીના સંગમ પર ૭૦૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું એક અત્યંત રમણીય સ્થળ છે.

આજુબાજુ દેવદારનાં અને પાઇનનાં વૃક્ષોથી છવાયેલ પર્વતમાળા અને પાર્શ્વભૂમિમાં આવેલાં હિમાચ્છાદિત ગિરીશૃંગોનું દર્શન અતિ રમણીય છે. અમે સવારના ઊઠી ઠંડાં પાણીએ નાહી,

ચા નાસ્તો કરી ૧૦ વાગે પહેલગામમાં આવેલા છડી મુબારક મંદિરનાં દર્શન કરી, એક અતૂટ સંકલ્પ કરી ચંદનવાડી જવાના માર્ગ ઉપર અમરનાથની ઉત્કૃષ્ટ યાત્રાના પંથે પદારોહણ શરૂ કર્યું.

આ પ્રવાસ ૧૬ કિ.મી.નો છે. (અત્યારે વાહનમાં જઈ  શકાય છે ત્યારે ન જવાતું) વચ્ચે આવતા પ્રકૃતિનાં મનોહર દશ્યો જાણે કુદરતે છૂટે હાથે માનવજાતિને દાનમાં આપ્યાં હોય એવું લાગે. પર્વત વૃક્ષોની હારમાળા અને નદીનો અસ્ખલિત રવ પ્રવાસીઓના મનને પ્રફુલ્લિત કરી ભોળાશમ્ભુ પ્રત્યેની આસ્થા દઢ કરવામાં સહાયક બને છે. ચંદનવાડી ૯૫૦૦ ફૂટની ઊંચાઈએ આવેલું એક રમણીય સ્થળ છે. અમરધામની યાત્રાનો આ પહેલો પડાવ છે.

**ચંદનવાડી થી શેષનાગ :**

ચંદનવાડી રાત્રી મુકામ કર્યો. રાત્રે ૧૧ વાગ્યા પછી કુદરતે ધીમે ધીમે પોતાનું રૌદ્ર સ્વરૂપ પ્રગટ કરવા માંડ્યું. ઈશાની વીજળીથી પર્વતમાળાઓને ચમકાવતો શ્રાવણી મેઘ આવતી કાલની અમારી કસોટી કરવા આવી લાગ્યો. ઝમ ઝમ કરતી એ વરસાદી રાત તો પૂરી થઈ, પરંતુ સવારે અગમનાં એંધાણ વર્તાવા લાગ્યા. સવારે ચા પી લગભગ ૮ વાગે પ્રતિકુળ વાતાવરણ છતાં અમરધામના બીજા તબક્કાનાં કપરાં ચઢાણ તરફ પ્રયાણ આદર્યું.

ચંદનવાડીથી હવે કપરાં ચઢાણ શરૂ થાય છે ચંદનવાડીથી આગળ જતાં થુમ્બા ઘાટી આવે અને ૧૩૫૦૦ ફૂટ પર પીશુ ઘાટી આવે. આ બંને ઘાટી શારીરિક રીતે તો કષ્ટદાયી છે જ, પણ જો કોઈ નબળા મનનો હોય તો માનસિક રીતે પણ પ્રવાસીની હામ ભાંગી નાખે. કપરો ખાડાટેકરાવાળો અને સતત ચઢાણવાળો સાંકડો રસ્તો છે. પ્રવાસીનાં ફેફસાં અને પગનો હિસાબ માંગતું પીશું ઘાટનું ચઢાણ  એક બાજુ તો બીજી બાજુ આકાશમાંથી પડતું બર્ફીલું ઠંડું પાણી. પવન પણ તીક્ષ્ણ છરીની યાદ અપાવે તેવો સતત શરીર પર વીંઝાતો હતો. પગને પોતા તરફ પકડી રાખતો કાદવ પણ અમારી કસોટીમાં વધારો કરતો હતો.

જેમ લોખંડને ઘડવા માટે એરણની કસોટીએ ચઢાવાય છે, જેમ સોનું આકાર પામતાં પહેલાં અગ્નિને અર્પણ  થાય છે તેમ અમારે પણ સૃષ્ટિનિયંતાને મળવું હોય તો આ બધી કસોટીના પડાવ પાર કરવા જ પડે. આવી સતત લાગણી અમે આ કપરાં ચઢાણ ચઢતાં ચઢતાં અનુભવ્યા કરતા હતા.

આમ સતત થાક, વરસાદ, ઠંડી, કાદવ, પવન, ધીમો ધીમો ઠંડો વરસાદની વચ્ચે અમે પીશું ઘાટીના કપરા ચડાવ-ઉતાર સાથે ૧૧૭૩૦ ફૂટની ઊંચાઈએ આવેલા શેષનાગ નદીના ઉદ્‌ગમસ્થાન એવા શેષનાગના અતિરમણીય અને આહલાદક સરોવર પાસે પહોંચ્યા.

સમય રોકાય ગયો એક એક ક્ષણ જાણે થંભી ગઈ. અમે પળે પળે બદલાતા સૃષ્ટિ સૌદર્ય વચ્ચે ખોવાઈ ૦ગયા. કોઈ સુંદરી જાણે જાણે પળેપળ નવાં



વસ્ત્ર પરિધાન, નવા શૃંગાર, નવાં પ્રસાધનોથી તૈયાર થઈ દૃષ્ટિ સમક્ષ આવતી હોય તેવું લાગતું હતું. લીલું કાચ જેવું શેષનાગનું પાણી અને શ્વેત બરફાચ્છાદિત શિખરો વચ્ચે રોકાયેલી એ ક્ષણ અમારો સમગ્ર દિવસભરના પંથનો થાક ઉતારવા સક્ષમ હતી, પણ ક્ષણ હંમેશા અલ્પજીવી હોય છે. શિખરો પર પડતો બરફ, કાતિલ ઠંડી અને થાક અમારા શરીર અને ચિત્તતંત્ર પર ભરડો લેવા લાગ્યાં. રાત્રીવાસો અહીં હતો. કુદરતે પોતાનો રોષ સતત શેષનાગનાં શિખરો અને મેદાન પર વરસાવવાનું ચાલુ રાખ્યું. બધાના મન પર કાલે નહીં જ જઈ શકાય તેવો બોજો અને કાલે શું થશે? એવી અસમંજસતા સાથે બધા પોતપોતાના ટેન્ટમાં સૂવા ગયા. ક્યારે સવાર થઈ એ ખબર જ ન પડી

**શેષનાગથી પંચતરણીઃ**

કહેવાય છે કે અજ્ઞાન પછી જ્ઞાન, દુખ પછી સુખ, અંધકાર પછી પ્રકાશ તેમ એ રાત્રી પછી આવ્યું સ્વચ્છ, નિરભ્ર, ઉત્સાહ અને તાજગીની છડી પોકારતું નવલું પ્રભાત. સ્વચ્છ આકાશ અને પ્રેમાળ જગત તાત સૂર્યદેવને સંગ... અમારા ઉમંગ અને શક્તિને નવપલ્લવિત કરતી સવાર. હિમાલયની એક ખાસિયત છે. રાત્રી ગમે તેવી ભયાનક હોય સવાર તો ખુશનૂમા અને તાજગીસભર જ હોય.

ચારેબાજુ રજતરમ્ય હિમશિખરો, ઉપર નિર્ભર નભ અને પહાડો વચ્ચે ..પિયર અને સાસરી વચ્ચે સંનિષ્ઠ જીવતી ભારતીય નારી જેવી શેષનાગ નદી ...યાત્રિકોના અંતરમાં શ્રદ્ધા અને પ્રેરણાનો સ્ત્રોત બની વહી રહી હતી. એનો ખળ ખળ વહેતો નિનાદ જાણે ભગવાન શિવની પ્રાર્થના ગવાતી હોય તેવું લાગે.

શેષનાગથી ૧૩ કિ.મી.ના અંતરે અને ૧૧૫૦૦ ફૂટ પર પંચતરણી આવેલું છે અને ત્યાંથી ૬ કિ.મી. પવિત્ર ગુફા આવે, પણ ત્યાં પહોંચતાં પહેલાં

૧૪૫૦૦ ફૂટ ઊંચો મહાગુના પાસ પસાર કરવો પડે. ફરી એકવાર પગ અને ફેફસાંની કસોટી કરતી ચઢાઈ શરૂ થઈ. એક બાજુ સતત ઊંચો દેખાતો પર્વત અને નીચે ઊંડી ખીણ વચ્ચે પસાર થતા સાંકડા માર્ગ પર શારીરિક સક્ષમતા કરતાં મનોબળ વધુ મજબૂત જોઈએ એવું લાગતું હતું. આગળ જોઈએ તો મનોબળ ભાંગી જાય અને પાછળ જોઈએ તો બીકથી થથરી જવાય એવી માનસિકતા વચ્ચે મહાગુના ટોપ પર પહોંચ્યા ત્યારે નાકે દમ આવી ગયો. આજે કુદરત અમારી તરફેણમાં હતી ઉપરાંત ગઈકાલની વિટંબણાએ અમારી શ્રદ્ધા અને માનસિક શક્તિ બેવડાવી દીધાં હતાં.

મહાગુના ટોપ એ પવિત્ર ગુફા કરતાં પણ ઊંચી જગ્યા પર છે. અહીંથી હિમાલયના ભવ્ય સ્વરૂપનાં દર્શન થાય છે. બહુ જ સુંદર દેખાતી અમરનાથ અને પીરપંજાલ રેન્જ અહીંથી દૃષ્ટિગોચર થાય છે. અહી ઊભા પછી હિમાલયની વિશાળતા અને ભવ્યતા વચ્ચે આપણે કેટલા તુચ્છ અને પામર છીએ એવું ચોક્કસ લાગે.

**મહાગુનાથી પંચતરણી અને ત્યાંથી ગુફાઃ**

હવે સતત ઊતરવાનું ચાલુ હતું... ચઢાણ જેટલું જ કપરું અને રોમાંચક. પંચતરણી એ સિંધુ નદીને કિનારે આવેલું છે. અહીં સિંધુની પાંચ ધારાઓ વહે છે એટલે કદાચ આ સ્થાનને પંચતરણી કહેવાયું હશે. અહીં મુકામની વ્યવસ્થા હતી, પણ અમે આજે આખેટે ચડ્યા હતા એટલે હવે અમને કોઈ વિરામ ખપતો ન હતો. મનમાં એક રટણ અમરનાથનું અવિરત ચાલુ હતું. અને અમારા પગ પણ અમારું કહ્યું માનતા નહોતા, પણ એ રટણનું માનતા હોય એમ અવિરત ચાલતા હતા. પર્વતમાંથી કોરેલા સર્પાકાર રસ્તા અને અને નીચે ખીણમાં વહેતી અને ક્યાંક ક્યાંક થીજી ગયેલી હિમ નદી જોતાં અને પસાર કરતાં સંગમ નામના સ્થળ પર આવ્યા. આ સ્થળ પર બન્ને રસ્તા ...એક બાલતાલ તરફથી આવતો અને બીજો શેષનાગ તરફથી આવતો ...ભેગા થાય છે. અહીંથી ગુફા ત્રણ જ કિ.મી. છે. આ ત્રણ કિ.મી.નું અંતર થીજી ગયેલી હિમ નદી પર કાપવાનું છે. એક એક પગલું સાવચેતી ને સાવધાનીથી રાખવાનું છતાં ગમે ત્યારે ઊથલી પડાય. હસવું અને હાણ બેય થાય. ગાત્રો થિજાવી દે તેવી ઠંડીનો અનુભવ કરતાં અમારી કસોટીનો, અમારી આતુરતાનો, અમારી આરાધનાનો અંત આવ્યો અને સામે દેખાઈ ૬૦ ફૂટ ઊંચી, ૩૦ ફૂટ પહોળી અમરધામ અમરનાથની પવિત્ર ગુફા....

**અમરધામ અમરનાથઃ**

ગુફામાં દાખલ થઈ અમે સાડા આઠ ફૂટ ઊંચા ...ભવ્ય ગુફામાંથી ટપકતા જળબિંદુથી બનતા સ્વયંભુ શિવલિંગની સામે ઊભા હતા. આ એક આશ્ચર્ય છે, ચમત્કાર છે, એક દિવ્ય પ્રક્રિયા છે, પરમ આસ્થાનું એ વિશ્રામ ધામ છે. જ્યાં વૈજ્ઞાનિક અને બૌદ્ધિક પ્રક્રિયા પંગુ બની જાય છે. અમરધામ અમરનાથની પવિત્ર ગુફામાં શ્રદ્ધાળુ યાત્રિકોને પરમ શાંતિ અને સાત્ત્વિકતાનો અનુભવ થાય છે. જોકે અમે શ્રદ્ધાળુમાં ગણના થાય એવા યાત્રિકો ન હતા છતાં ભગવાન શિવના એ બર્ફીલા શિવલિંગના સાંનિધ્યમાં

અનિર્વચનીય આહ્લાદકતા અનુભવતા હતા ગુફા આખી જાણે ડીપ ફ્રીઝમાં ઊભા હોઈએ એવી લાગતી હતી. આખી ગુફામાં પાણી સતત ટપકતું હતું, પણ નવાઈ એ વાતની હતી કે શિવલિંગ માત્ર એક જ જગ્યા પર બનતું હતું.

**એક દિવ્ય અનુભૂતિઃ**

કુદરતના હાથે કંડારેલ એક અદ્‌ભુત હિમ શિલ્પ, એક અણમોલ રત્ન એટલે સ્વયંભુ બરફનું શિવલિંગ અમરનાથ. પાંચ અક્ષરથી બનેલો શબ્દ જ એટલો બધો રોમાંચક છે કે માત્ર જીભ, હાથપગ કે મગજ જ નહિ, પરંતુ શરીરનું સમગ્ર ચેતના તંત્ર આ જ્યોતિર્લિંગની અલૌકિકતા, તેની સતત નીતરતી અને ઠંડી ગુફા અને અમરગંગા નદીના પવિત્ર નિનાદની સામે બરફન ી જેમ થીજી જાય છે અને જીવનના એક એવા ધબકારને પ્રતિઘોષિત કરે છે, જીવનનો માર્મિક સાર રજૂ કરે છે કે જ્યાં સુધી તમે આ બધું આત્મસાત ન કરી શકો ત્યાં સુધી જીવનની સાર્થકતાથી યોજનો દૂર છો. શરીરમાં થાક હતો, પણ મનમાં એક વિકટ પરીક્ષા પ્રથમ કક્ષામાં ઉત્તિર્ણ કર્યાનો રોમાંચ હતો, જીવનભર ન ભૂલી શકાય એવા અનુભવોનું ભાથું હતું. કમ્પ્યુટર યુગમાં મનુષ્ય મિથ્યાભિમાન, એકબીજા પ્રત્યે કટુતા અને પોતાના સ્વભાવની કૂપમંડૂકતામાં રચ્યોપચ્યો છે ત્યારે ખરેખર એવું લાગે કે આવા ઈશ્વરીય રૂપનાં દર્શન માટે સમય ફાળવે તો જીવનની એટલી ક્ષણો રોમાંચિત અને પ્રફુલ્લિત કરી શકે.

અસ્તુ જય બાબા અમરનાથ

**– હિના ધોળકિયા**



## પાંચ જ્યોતિર્લિંગ, શીરડી સાથે મુંબઈ દર્શનની અવિસ્મરણીય સફર

# અવિસ્મરણીય સફર



**જયમીન વોરા**

સહેલગાહ યાત્રાથી હવા બદલ થાય છે, એટલું જ નહિ, પરંતુ તેની સાથે ધર્મશ્રદ્ધાથી ચિત્તશુદ્ધિ પણ થાય છે. અંતઃકરણ શુભ માર્ગે પ્રેરાય છે. મહારાષ્ટ્રનાં પાંચ જ્યોતિર્લિંગ, શીરડી, શનિ શિંગણાપુર, દગડુ ગણપતિની સુખદ નવ દિવસીય યાત્રા પૂર્ણ કરી હતી. ધાર્મિક યાત્રાની સાથે સાથે મુંબઈ દર્શનનો લાભ લીધો હતો.



પ્રવાસનો પ્રારંભ ભુજથી ઊપડતી ભુજ-પુના રેલવેમાં બપોરે ૧.૨૫ વાગ્યે કરાયો હતો. આ પ્રવાસમાં ૫૬ સમસ્ત જ્ઞાતિજનો જોડાયા હતા. બીજે દિવસે સવારે ૭.૩૦ વાગ્યે પુના પહોંચ્યા હતા. દગડુ શેઠ એક હલવાઈ હતા. કલકત્તાથી પુના મીઠાઈ કામ માટે આવ્યા હતા. પ્લેગની મહામારીમાં તેના પુત્રનું અવસાન થયું. એના આત્માની શાંતિ માટે વર્ષ ૧૮૯૩માં તેમણે ગણેશ મંદિર બનાવ્યું હતું. ગણપતિની ૭.૫ ફૂટ ઊંચી અને ૪ ફૂટ પહોળી પ્રતિમા મન મોહી લે તેવી છે. ગજાનનનું મુખારવિંદ આઠ કીલોના સોનાથી મઢવામાં આવ્યું છે. બન્ને કાન પણ



સોનાના છે. મુકુટનું વજન નવ કિલો છે.

આળંદી-મધ્યે સંત જ્ઞાનેશ્વર મંદિરના ચંદ્રભાગા નદીના ઘાટ પર યાત્રિકોએ પાણી માથે ચઢાવ્યું હતું. અગસ્ત્ય મુનિ આશ્રમ અને જલારામ મંદિરનાં દર્શન કર્યાં. ઘોડેગાંવ ખાતે રાત્રિ રોકાણ કર્યું હતું.

ઘોડેગાંવથી સવારે ભીમાશંકર જ્યોતિર્લિંગનાં દર્શન કરવા નીકળ્યાં. રસ્તામાં વરસાદ તેમ જ પાણીનાં વહેતાં ઝરણાં જોઈ સૌ કોઈ આનંદિત થઈ ગયા હતા. લીલાછમ રમણીય વન વિસ્તારમાં મંદિર આવેલું છે. વરસાદી માહોલમાં દસ-બાર ફૂટના અંતર પછી સ્પષ્ટ દેખાતું નહોતું. નીચે ઊતરવાનાં પગથિયાં પરથી જોશભેર પાણી વહી નીકળ્યાં હતાં. પુનાથી ૧૧૦ કિ.મી.ના અંતરે પ્રસિદ્ધ મંદિર આવેલું છે. પશ્ચિમી ઘાટના સહ્યાદ્રી પર્વત પર આવેલું છે. ભીમા નદી બાજુમાંથી નીકળે છે. મંદિરના પરીસરમાં સમૂહ મહિમ્ન સ્તોત્રનું પઠન કર્યું હતું. ત્યારબાદ અષ્ટવિનાયક ગણપતિજીનાં મંદિરો પૈકીમાંના 'ઓઝર વિઘ્નહર્તા'ના દર્શનનો લાભ લીધો. રાત્રિના ત્ર્યંબકેશ્વર મહાદેવના મંદિરે દર્શન કરવા નીકળ્યા હતા. ત્ર્યંબક શહેર નાસિકથી ૨૮ કિ.મી. દૂર આવેલું છે. મંદિરના પરિસરમાં આવેલા કુંડ કુશાવર્ત ગોદાવરી નદીનો સ્રોત ગણાય છે.

ગોદાવરી નદી દક્ષિણ પ્રદેશમાં આવેલી સૌથી લાંબી નદી છે. હાલનું મંદિર પેશવા બાલાજીરાવ - નાના સાહેબ દ્વારા બાંધવામાં આવ્યું છે. આ મંદિર ૧૫ ફૂટ ઊંચા કિલ્લાથી રચાયેલું છે. વિશાળ પટાંગણની વચ્ચે ૯૦ ફૂટ પહોળું, ૧૧૫ ફૂટ લાંબું અને ૯૫ ફૂટ ઊંચું અદ્‌ભુત કોતરણીવાળું કાળમીંઢ પથ્થરનું બનેલું

છે. કાળા કલરના પથ્થરથી બનેલા મંદિરને જોઈ રોમેરોમમાં ભક્તિભાવ જાગ્યો હતો.

ત્ર્યંબકેશ્વરથી નાસિક જવા નીકળ્યા. નાસિક ગોદાવરી નદીના કિનારે વસેલું શહેર છે. રામાયણ મહાગ્રંથમાં આવતા પંચવટી વિસ્તારમાં આવેલું હોવાથી જાણીતું સ્થળ છે. કાળારામ મંદિર, સીતાગુફા સહિતનાં સ્થળો જોયાં.

ત્ર્યંબકેશ્વરથી નાસિક ૩૩ કિ.મી.એ આવેલું છે. ત્યાંથી શિરડી જવા રવાના થયા. નાસિકથી શિરડી ૯૦ કિ.મી. દૂર આવેલું છે. શિરડી અહમદનગર જિલ્લામાં આવેલું છે. ''શ્રદ્ધા અને સબૂરી'' તથા ''સબ કા માલિક એક'' એવાં સૂત્રો દ્વારા સાંઈબાબાએ ભક્તોને ઉપદેશ આપ્યો હતો. રાત્રિના સાંઈબાબાના મંદિરે દર્શન કર્યાં હતાં.

શિરડીથી સવારે શનિ શિંગળાપુર જવા નીકળ્યા. ૭૦ કિ.મી.ના અંતરે આવેલું છે. યાત્રિકોએ એક સરખો પહેરવેશ (ડ્રેસ કોડ) પહેરીને અન્ય લોકો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. શનિ દેવની સ્વયંભૂ મૂર્તિ કાળા રંગની છે. ૫ ફૂટ ૯ ઈંચ ઊંચી તેમ જ ૬ ઈંચ પહોળી મૂર્તિ ચબૂતરા પર ધૂપમાં બિરાજમાન છે. સાંજે ઈલોરાગઢ પહોંચ્યા. ગુફાઓ નિહાળી હતી. અહીંથી ઘૃષ્મેશ્વર મહાદેવના મંદિરે પહોંચ્યા હતા. ઔરંગાબાદ નજીક આવેલું શહેર દૌલતાબાદથી ૧૧ કિ.મી. દૂર મંદિર આવેલું છે. રાત્રિરોકાણની ઔરંગાબાદ ખાતે વ્યવસ્થા કરાઈ હતી.

ઔરંગાબાદથી સવારે પરલી વૈજનાથ જવા નીકળ્યા. સાંજે દર્શન કર્યાં બાદ સ્થાનિક બજારમાંથી ખરીદી કરી હતી. રાત્રિના સાથી યાત્રિકના બર્થ ડેની ધોધમાર વરસાદના માહોલ વચ્ચે ઉજવણી કરી હતી. રાત્રિના હોટલના પ્રાંગણમાં ગરબાની રમઝટ કરી હતી.

ઔઢા નાગનાથનાં દર્શન કરવા સવારે સૌ નીકળ્યા. અહીં વિષ્ણુ ભગવાનની મૂર્તિ આવેલી છે. જેની જમણી બાજુમાં નીચે જવાનો અને બહાર નીકળવાનો સાંકડો માર્ગ છે. દર્શન બાદ પરીસરમાં સમૂહ મહિમ્નનું પઠન કર્યું હતું. સાંજે પૂણેથી મુંબઈ જવા માટે ટ્રેનની મુસાફરી આરંભી. સવારે દાદર સ્ટેશને ઊતર્યા હતા. ગેટવે ઑફ ઈન્ડિયા, સિદ્ધિવિનાયક મંદિર, વરલી સીલિંકથી બાન્દ્રા પહોંચ્યા હતા. રાત્રિના બાંદ્રા-ભુજ ટ્રેનમાં વળતી મુસાફરી આરંભી હતી. બપોરે ભુજ પહોંચી આવ્યા હતા. પ્રવાસની સુંદર પળોને વાગોળતા વાગોળતા પ્રવાસીઓ છૂટા પડ્યા હતા.

**– જયમીન વોરા**

## એક અદ્ભુત, અકલ્પ્ય પાંગર્યું એક સ્વપ્ન

# સ્વિડન સફર ૨૦૨૩



જયશ્રી માંકડ

આમ જુઓ તો માતાપિતાની સાચી થાપણ, ફિક્સ ડિપોઝિટ એનાં સંતાનો હોય છે. કુદરત પણ સંધ્યાના રંગોને કેવા ખીલવે છે જેના થકી ધરતી ને આકાશમાં જાણે ઈશ્વરની આભાનાં દર્શન થાય છે. એવું જ અમારી જીવનસંધ્યાની રંગોળીમાં સંતાનો થકી એવા રંગો પુરાયા કે જીવનની કસોટી, સંઘર્ષને સંસ્કારના ત્રિવેણી સંગમમાં એક એવી કૂંપળ ફૂટી જે સંતાનો દ્વારા મળેલી ઈશ્વરીય ભેટ ''સ્વિડન સફર''.

આ સુંદર સફર એટલે ઈશ્વરની ડાયરીમાં કર્મની નોંધ.

મુંબઈથી જર્મની એટલે કે મ્યુનીચ સિટી ઍરપોર્ટની આઠ કલાકની હવાઈસફર. એમ થતું'તું કે સમય કેમ પસાર થશે? પહેલીવાર આટલી લાંબી સફર કરી રહ્યા હતા. આનંદ સાથે રોમાંચ હતો. રાત્રીના ગાઢ અંધકારમાં પ્લેન સ્થિર મુદ્રામાં હોય એવું ભાસતું હતું. સમય સરી રહ્યો હતો. થોડી વારે નાસ્તો ને જમવાનું પણ સરસ પૅકિંગમાં આવ્યું.

સિનિયર સિટિઝન તરીકે અમને વ્હીલચેરની સરસ સગવડ મળી. મુંબઈમાં ભાઈઓ વ્હીલચેરમાં બેસાડીને ચેકિંગ કે જે કંઈ કાર્યવાહી હતી એમણે કરાવી આપી ને ગેટ પાસે મૂકી ગયા.

એવી જ રીતે મ્યુનીચમડં પણ બેટરી કાર અમારા માટે રેડી હતી. ત્યાં પણ તેઓ માનસન્માન સાથે સ્વિડન જવા માટેના ગેટ પાસે મૂકી ગયા. ડ્રાઈવર લેડી હતાં. અમને થયું ફોટો ક્લિક કરીએ તો તરત ના પાડી. જોકે ખાસ કોઈ ફોટો કે વીડિયો લેતાં નજરે ન પડ્યાં. અમે તો હોંસથી - પહેલીવાર આટલું સુંદર, અદ્ભુત જોયું એટલે યાદગીરી માટે ક્લિક કરવાનું મન થતું. મ્યુનિચમાં સ્વિડન વસતાં દીકરી-જમાઈ અમારા સ્વાગત માટે હાજર હતાં.



બે કલાકની હવાઈસફર કરી અમે સ્વિડનના ગોથનબર્ગ શહેર પહોંચ્યા.

રસ્તા એકદમ સ્વચ્છ ને સુંદર, નયનરમ્ય એવા કે કઈ તરફ જોવું. ઘરમાંથી જ પહાડ, રસ્તા બધું જ દેખાય. બાળકોને રમવા માટે નવાં નવાં સાધનો, પહાડ, ડુંગર અનેક પ્રકારની સગવડ. ટ્રેકિંગ પણ કરી શકાય. દરેક ઍરિયામાં જંગલ વિસ્તાર પણ ખરો. દરેક ખાલી જગ્યાએ જાણે લીલી જાજમ પાથરી હોય એવું લાગે. એમાં પણ વચ્ચે વચ્ચે ફૂલ ઊગેલાં હોઈ ખૂબ જ રળિયામણું લાગે. બેસવા માટે ઠેકઠેકાણે બેંચની વ્યવસ્થા સાથે બરફ કે કરા કે વરસાદ હોય ત્યારે એના માટે પણ સરસ વ્યવસ્થા જોવા મળી. થોડે થોડે અંતરે બારબેક્યુ બર્નર જોવા મળ્યાં. લોકો રજામાં પાર્ટી કરી ભરપૂર આનંદ માણે. અહીંની ગવર્નમેન્ટ ફેમિલી એન્જોય માટે સમય આપે. છ-સાત વાગ્યે બધું બંધ થઈ જાય. મે-જૂન સમયમાં દિવસ લાંબો અને રાત ટૂંકી હોય છે. રાત્રે સાડા દસ અગિયારે સંધ્યા ખીલે અને મધ્યરાત્રી એટલે કે ૩.૩૦ વાગ્યે સૂર્યદેવ હાજર થઈ જાય. આર્ટિફિશિયલ અંધારું કરી અને લોકો નીંદર માણે. અમે થોડા દિવસ વિન્ટરનો પણ અનુભવ કર્યો. દરેક વૃક્ષ પાંદડાં વિનાના ફૂલ વિનાના અડીખમ ઊભાં હતાં ત્યાં તો થોડા દિવસ થયા કે ધીમે ધીમે પાંદડીઓ ફૂટી, પણ મોટા ભાગનાં ઝાડમાં ફૂલ જ જોવાં મળ્યાં. બધી ડાળીઓ ફૂલોથી ભરાઈ ગઈ. જ્યાં જુઓ ત્યાં વિવિધ રંગી વિવિધ પ્રકારનાં ફૂલો જ જોવા મળે અને કેટલાય દિવસ સુધી એ કરમાતાં પણ ન હોય. લીલી લીલી વનરાઈમાં જાણે વાસંતી વાયરો મહેકતો લાગે.

ખૂબ જ રમણીય દશ્ય જ્યાં પણ જાઓ જોવા મળે. ફૂલોની વિવિધ જાત અહીં જોવા મળી. રસ્તા પર કુદરત પૂરબહારમાં ખીલેલી હોય. વર્ણન કરવું મુશ્કેલ છે. કહેવાય સમર પણ અચાનક વાદળાં અને વરસાદ થનગનાટ કરતાં આવી જાય. રસ્તા એટલા ચોખા કે ક્યાંયય ધૂળ કે કચરો જોવા જ ન મળે. અલગ અલગ સોસાયટીઓ ઘણી પણ ક્યાંય બાઉન્ડ્રી નહીં. દરેક બાબતે દરેક જગ્યાએ એપ્લિકેશનનો જ ઉપયોગ. ક્યાંય કોઈ માણસ જોવા મળે જ નહીં. બહાર જવા માટે ટ્રામ અને બસની ખૂબ જ સગવડ. પાંચ પાંચ મિનિટે તમને મળ્યા જ કરે. બીજો કોઈ વાહનવ્યવહાર જોવા જ ન મળે. કારનો રસ્તો પણ અલગ જે તે સ્થળે પહોંચવા માટે લોકો સાઈકલનો ઉપયોગ કરે. ચાલવાનું ઘણું જ હોય, પણ રસ્તાની રમ્યતાને કારણે પંથ ક્યારે કપાઈ જાય ખ્યાલ જ ના આવે. વાતાવરણ એટલું સરસ કે થાક લાગે જ નહીં.

બાળકો માટે બિલ્ડર તરફથી એક્ટિવિટી અવારનવાર ફ્રીમાં હોય. બહારની ટીમ આવે રમકડાં, રમતનાં સાધનો, રિંગ, ફૂટબોલ વગેરે લઈને આવે અને ચેસ કલર ડ્રોઈંગ વગેરે પણ કરવા માટે બાળકોને આપે અને સાથે સુંદર મ્યુઝિક પણ વાગતું હોય. ક્યારેક ટ્રામમાં બહાર પણ લઈ જાય. સ્કૂલ કે ઑફિસે જવા માટે બસનો જ ઉપયોગ કરે. અહીં કોઈ સ્કૂલ બસ કે એવી વ્યવસ્થા હોતી જ નથી જોકે જરૂર પણ નથી પડતી.

કોઈને ઘર શિફ્ટ કરવું હોય કે દેશ છોડીને જવું હોય તો સામાનનું શું કરવું? વહેંચાય તો ઠીક છે નહીં તો એવરી મંથ એન્ડમાં ગવર્નમેન્ટ તરફથી ઠેકઠેકાણે ગાડીઓ મુકાઈ જાય એમાં મૂકી દેવાનું અને એ લોકો રિફ્રેશ કરીને સેકન્ડ હેન્ડ સ્ટોરમાં સેલ કરે. અહીં ગોથનબર્ગ શહેરમાં આસપાસ નાના-મોટા બીચ ઘણા છે. એસ્કીમ બીચ પર અમે ગયા હતાં ત્યાં દરિયાઈ વિસ્તારમાં રાખોડી રંગની રેતી અને પાણીમાં સેવાળ વધારે જોવા મળી. દરેક બીચ પર અને રસ્તામાં પણ દરેક જગ્યાએ બેસવાના બાંકડાની સાથે ટેબલ પણ હોય જેથી લોકો ખાવા પીવાનું લઈને સરસ સમય ત્યાં પસાર કરે. બસ અને ટ્રામમાં પણ ટેકનૉલૉજીનો ઉપયોગ વધારે, એક ડ્રાઈવર જ હોય બાકી કોઈ નહીં. ટિકિટ એ પોતાની મેળે લેવાની, એમાં ટેકનૉલૉજીનો ઉપયોગ કરવાનો અને એક જ ટિકિટ બધી જ જગ્યાએ બસમાં પણ એ જ ચાલે, ટ્રામમાં પણ એ ચાલે અને બોટ ફેરીમાં પણ એ જ ટિકિટ ચાલે. બસમાં – ટ્રેનમાં દરેક સીટ પાસે ચાર્જર પોઈન્ટ અને બાળકો માટેની પ્રામ પણ એમાં રહી શકે એટલી સરસ જગ્યા. ડોગ પાળવાના શોખીન લોકોને પણ સરકાર સહાય કરતી હોય અને ટ્રામ અને બસમાં એ વિભાગ પણ જુદો જેની સાથે પેટ હોય.

ઍરિયા વાઈસ મોટા મોટા મોલ હોય, પણ ક્યાંય નાની દુકાનો કે સ્ટોર જોવા ન મળે. એડવર્ટાઇઝ બધી ફ્લેગ ઉપર જ હોય ક્યાંય પાટિયાં જોવાં ન મળે. અમુક જગ્યાએ ઈન્ડિયન રેસ્ટોરન્ટ છે જ્યાં આપણું ઈન્ડિયાનું ભોજન મળી શકે અને મોટો ઈન્ડિયન સ્ટોર છે જેમાંથી દરેક વસ્તુ અથાણાં, પાપડ કંઈ પણ બધું જ

મળે. પોપ્યુલેશન ઘણું ઓછું છે બહારના માણસો ઘણા જોવા મળે. લોકોના બોડીના અને વાળના કલર અલગ અલગ જોવા મળ્યા. આમ સિમ્પલ છતાં અપ ટુ ડેટ સિનિયર સિટિઝન પણ ફરતા જોવા મળ્યા. હાથમાં બે લાકડી પણ લઈને ફરવા નીકળી પડે. લોકો સૌ પોતપોતામાં મસ્ત હોય. અહીં સ્ટીમર ફેરી પણ બહુ ચાલે છે. એકથી બીજી જગ્યાએ જવા માટે પોતાની સાઈકલ પણ સ્ટીમરમાં કાર સ્ટીમરમાં મૂકી શકે એવી રીતે આવજા કરતા હોય. શહેરમાં રહીને પણ દરિયાઈ મોજ માણી શકાય. બે બે કિલોમીટરની લાંબી ટનલ જોવા મળી. એક જગ્યાએ ટનલમાં જ સ્ટેશન આવ્યું ઊતર્યા તો લિફ્ટમાં ઉપર જવાનું થયું તો ઉપર ગયા તો એક નવું જ શહેર જાણે જોવા મળ્યું. કાર્નિવલ ફેસ્ટિવલ જોવા મળ્યો જેમાં જુદા જુદા દેશના બેન્ડ, નૃત્ય વગેરે જોવાની મજા આવી. બસ કે ટ્રામમાંથી ઊતરવું હોય તે સ્થળ આવે કે સીટ પાસે સ્વિચ હોય પુશ કરો એટલે ડ્રાઈવરને સ્ટોપનો મેસેજ પહોંચી જાય. ટેક્નૉલૉજીનો જ ઉપયોગ. આમ દરેક જગ્યાએ અંગ્રેજીમાં જ લખેલું હોય.

અહીં આસપાસ અનેક નાના ટાપુ આવેલા છે. સ્ટીમર આવજા કરતી હોય એકાદ કલાકમાં પહોંચી જવાય. અમે એ સફર, જગ્યાનો પણ આનંદ લીધો. વિશાળ દરિયામાં બોટ, સ્ટીમરનો કાફલો જોવા મળ્યો. દરિયામાં પણ પાણીના અલગ કલર જોવા મળ્યા. સ્ટીમર પણ બહુ મસ્ત. પવનની લહેરખી સાથે, ઘૂઘવતો દરિયો, નાનીમોટી બોટની દોડાદોડી સ્વર્ગનો અહેસાસ થયો. એક કિનારે ઊતર્યા. જગ્યા વિશાળ હતી. અહીં પણ ઠેકઠેકાણે બાંકડા, ટેબલ જોવા મળ્યાં. પહાડ, રેતી, પાણી બધું જ માણ્યું. દરેક કિનારે રેતીના કલર અલગ જોવા મળ્યા. લાકડાનો આધાર વગરનો પુલ હતો, ડરતાં ડરતાં વચ્ચે જઈને ફોટો તો લીધા. નાસ્તો વગેરે સાથે ગરમપાણીની ચા-કોફીની મોજ માણી ફરી દરિયાઈ સફર માણતા ઘર તરફ પ્રયાણ કર્યું. આમ સવારથી સાંજની ટ્રીપ માણવાનાં સ્થળ ઘણાં.

દરરોજ બસ, ટ્રામની સફર કરતાં ફરવાની મોજ માણી. સ્ટીમર ફેરીમાં પહોંચીને સ્વિડન યુનિવર્સિટી ઍરિયા જોયો. બિલ્ડિંગનો આકાર અને કલર અલગ જ. વિદ્યાર્થીઓ સ્ટીમરમાં સાઈકલ મૂકીને એ રીતે યુનિવર્સિટી તરફ આવજા કરે. એક જગ્યાએ ટ્રામમાં વચ્ચે ટનલ આવી અને ટનલમાં એક સ્ટેશન આવ્યું. ત્યાં ઊતરીને એક કિલોમીટરના એસ્કેલેટરમાં ઉપર જવાનું થયું. ત્યાં પણ ઉપર એક અલગ જ શહેર જાણે જોવા મળ્યું. આમ ઉપર-નીચે પહાડો, જંગલની વચ્ચે આ શહેર વસેલું હોય એવું લાગ્યું.

ફ્રાંસ, સ્વિટ્ઝરલૅન્ડની ચાર દિવસની એક મીની ટ્રીપ માણી. સ્વિડનથી ફ્રાન્સ ફ્લાઈટમાં દોઢ કલાકનો સમય લાગ્યો. યુરોપમાં અલગ અલગ દેશમાં જવા માટે વિઝાની જરૂર નથી પડતી. ફ્રાન્સના પેરિસમાં એફિલ ટાવર જોયો. ત્યાં ખૂબ માણસો જોવા મળ્યા અને અલગ અલગ ગેમ રમાડતા લોકો પણ જોવા મળ્યા. અચાનક આપણી પાસે આવી અને કાગળમાં ફરજિયાત સાઈન કરાવીને પછી પૈસા પડાવે.

એ જગ્યાએ બહુ ધ્યાન રાખવા જેવું હતું. બે ચાર લોકો અમને કહી ગયા કે તમે ક્યાંય પણ ગૅમ રમતા નહીં અહીં ઠગ લોકો બહુ છે. અમે લલચાયા અને એક અનુભવ પણ થઈ ગયો. સાંજે પેરિસથી લિયોન એક કલાકે ફ્લાઇટમાં પહોંચ્યા. ઍર બસ ને ટ્રામ એ રીતે હોટેલ પહોંચ્યા ત્યાં રસ્તામાં વાવાઝોડું, વરસાદ ને કરાનો અનુભવ થયો. હોટેલવાળા માલિકે સારો સહકાર આપ્યો. સવારે ફ્રેશ થઈ અને સામોની એક મોટું શહેર છે જે સ્વિટ્ઝરલૅન્ડને અડીને છે અને ફ્રાન્સનું લાસ્ટ સિટી ત્યાં ત્રણ કલાક બસની સફર કરીને પહોંચ્યા. ફરી એ જ કુદરતની કમાલ – પહાડ ઝરણાં ખૂબ ફૂલો નદી વગેરે વર્ણન કરવું મુશ્કેલ છે. ત્રણ કલાક ક્યાં પસાર થઈ ગયા ખબર ન પડી. સામોની એટલે સ્વિટ્ઝરલૅન્ડનો જ એક ભાગ હોય એવું લાગ્યું. જ્યાં નજર કરો ત્યાં ઊંચા બરફના પહાડો જ દેખાયા. અમને સરસ હોટેલ કમ ફ્લેટ ફૂલ ફર્નિશ્ડ કિચન વગેરે બધું જ ફર્નિશ્ડ એટલે અમે અમારી જાતે રસોઈ કરીને ત્યાં જમ્યાં. જ્યાં જુઓ ત્યાં એ જ કુદરતી કરિશમા જાણે સ્વર્ગ.

ધરતી ને આકાશ વચ્ચે અલગ અલગ ફૂલોની દુનિયા. ફરતા ફરતા કેબલ કાર તરફ ગયાં. જોઈને તો એમ જ થાય કે એટલે ઊંચે આપણું કામ નહીં, જોઈને તો ડર જ લાગે. સવારે કેબલ કારમાં બેસી અને ૪,૦૦૦ ફીટ ઉપર જવાનું હતું. માઇનસ ફાઈવ ડિગ્રી વાતાવરણ હતું, પણ જૅકેટ વગેરે ખૂબ પહેર્યું હતું એટલે વાંધો ના આવ્યો. ૨૦૦૦ ફીટ કેબલ કારમાંથી ઊતરી અને બીજી કેબલ કારમાં બેસવાનું એકદમ ક્રોસમાં પહાડ પર જતી હતી. એક સાથે ૩૫ જણા એમાં ઊભા રહેવાનું હતું. કેબલ કારમાંથી ઊતરી અને બે માળ લિફ્ટમાં ઉપર જવાનું હતું. ટોચ પર જ્યાં બરફ જ બરફ દેખાતો હતો. મને એમ લાગ્યું ૭૦ વરસે સ્વર્ગની ધરતી પર પગ મૂક્યો. એક અદ્ભુત, અકલ્પનીય વાતાવરણ. ટોચ પર અલગ એક કાચની કેબિનમાં જઈને ફોટો પડાવ્યો. ઈશ્વરની કૃપા કે ડર–શ્વાસની તકલીફ બધું ગાયબ થઈ ગયું. ત્યાં બરફની ગુફા પણ હતી. સ્કેટિંગની જગ્યા અલગ હતી અને ભુક્કા જેવો બરફ પણ, એના પણ ડુંગર હતા અને નીચે તો જોઈ જ ન શકાય. ખરેખર જાણે ઈશ્વરનાં નજીકથી દર્શન થયાં. હેમખેમ નીચે ઊતરી ગયાં.

સાંજે એમ્યુઝમેન્ટ પાર્કમાં ગયા જ્યાં સાહસિક રાઈડ પણ હતી. ઠેકઠેકાણે મોટા મોટા પથ્થરો મૂકેલા જ્યાં આપણે વચ્ચે બેસી પણ શકીએ. ચાલતા ચાલતા થાકી જવાય તો બેસવાની સગવડ ઠેકઠેકાણે જોવા મળે. ત્યાં પણ બાળકો મોટા માટે બેબી ટ્રેન વગેરે ઘણું જ હતું. પ્રકૃતિના ખોળે બેસવાની ખૂબ મજા આવી. ખાસ તો એ કે જ્યાં જાવ ત્યાં વોશરૂમની સગવડ મળી રહેતી. બીજે દિવસે એ જ રીતે બરફના પહાડ વચ્ચેથી ડુંગરને બરફ કોતરીને મોટા મોટા પુલ પરથી ટ્રેન પસાર થતી હતી અને એમાં અમે સફર કરી. ત્યાં પણ બરફમાં ઊંચા ઊંચા, મોટા પહાડો જોવા મળે અને નાની કેબલ કારમાં બેસીને ૫૦૦ મીટર લાંબી બરફની ગુફામાં જવાનું હતું. હું તો સ્તબ્ધ થઈ ગઈ ક્યાં જોવું અને ક્યાં નહીં, ખૂબ કુદરતને માણી. ફૂલોના દરબારમાં કંઈ

કેટલીક કવિતાઓ રચાઈ ગઈ. જે તે સ્થળે ચાલવાનું ખૂબ જ હોય, પણ કુદરતની રમણીયતા એવી કે તમને થાક જ ન લાગે. ત્યાં સ્પેશિયલ આઈસ્ક્રીમની વેરાઈટી ગણી. અમે પોતપોતાની રીતે પસંદ કરીને આઈસ્ક્રીમની મોજ માણતા હતા ત્યાં અચાનક એક આઈસ્ક્રીમમાં બીયરનો સ્વાદ આવી ગયો.

બીજેદિવસે સવારે સામૂનીથી જીનિવા એટલે કે સ્વિટ્ઝરલૅન્ડનું એક શહેર – બસમાં બે કલાકે ત્યાં પહોંચ્યા. બસ પણ એટલી સુંદર અને સગવડવાળી. બસ અને ટ્રામ અલગ અલગ રંગીન ડિઝાઇનવાળી ખૂબ સુંદર. જીનિવામાં વર્લ્ડ હાઇએસ્ટ ફુવારો દરિયામાં નજીકથી જોયો. ખૂબ દરિયાઈ સફર પણ માણી. એક સ્થળ છે જ્યાં મોટી બ્રોકનચેર હતી એનો એક પાયો તૂટેલો હતો ત્યાં પણ અલગ અલગ જાતના ફુવારા ને બહુ સુંદર હતું એ બ્રોકન ચેર પાછળ કંઈક ઈતિહાસ છે. બીજું અમે ત્યાં ગાર્ડનમાં મોટું ફ્લાવર ક્લોક જે સાચો સમય આપતું હતું એ જોયું. અદ્દભુત...!

બીજું એક ચેસ ગાર્ડન જોયું. ત્યાં મોટા મોટા અલગ અલગ જગ્યાએ ચેસ બોર્ડ હતાં. ખૂબ સરસ. ત્યાં પણ અલગ અલગ જગ્યાઓને માણી અને ફરી ટ્રેનમાં અમે લિયોન તરફ ગયાં. ટ્રેન અને ઍરપોર્ટનું જોડાણ એટલું ભવ્ય અને સુંદર હતું કે કઈ રીતે ત્યાં પહોંચ્યા એ ખ્યાલ જ ના આવે. ત્યાંથી ફરી હવાઈ સફર કરતાં બે કલાકે અમે સ્વિડનના ગોથન બર્ગ ઍરપોર્ટ ઊતર્યા. આ હવાઈ સફર દરમિયાન રાતના ૧૦:૩૦ થયા હતા એટલે સંધ્યા પૂરબહારમાં ખીલી હતી. સીટની બારીમાંથી જોયું તો સંધ્યાના રંગોમાં ઈશ્વરની આભાનાં દર્શન થયાં. વાદળનો આસમાની રંગ નીચે કેસરી યલો એના બધા સેડ ગજબના, એની નીચે જાણે ચંદેરી જેવી દરિયાઈ પટ્ટી અને જેમ નજીક આવ્યાં તેમ લીલી લીલી ધરતી અને ઝીણાં ઝીણાં મકાનો નજરે પડ્યાં. એક અકલ્પનીય અદ્દભુત અવર્ણનીય નજારો જોવા મળ્યો. ઍરોપ્લેનની વિંગ પર જાણે સોનેરી વરખ ચોંટાડ્યો હોય એવું લાગતું હતું. આમ અમે ચાર દિવસની મીની ટ્રીપ માણી.

અલગ અલગ મોલ અને અલગ અલગ ગાર્ડનની મુલાકાત લીધી. ત્યાં સ્નૂકરના ગ્રાઉન્ડ બહુ જ મસ્ત, ઠેકઠેકાણે ગાર્ડનમાં અને ફૂટબોલ એ બે ગેમ વધારે જોવા મળી.

અહીં ખાસ યુરોપમાં ગમે તે દેશમાં જવા માટે વિઝાની જરૂર નથી પડતી. અહીં ઇન્ટરનેશનલ સ્ટીમર પણ આવજા કરતી હોય છે. અમે એક દિવસ સવારથી સાંજ ડેનમાર્કની મુલાકાત લીધી. આઠ માળની સ્ટીમર એમાં બે-ત્રણ માળ તો કાર, લગેજવાળી ટ્રક વગેરે માટે હતા. એમ થાય કે આટલી વજનવાળી અટલા માળનું જહાજ દરિયાઈ સફર કેવી રીતે કરતું હશે..!

દરેક માળ પર અલગ-અલગ સીટિંગ ઍરેન્જમેન્ટ જોવા મળી. જાણે આખું એક સિટી વસેલું હોય એવું લાગે. એમાં હોટેલ પણ, બાર પણ, સ્મોકિંગ રૂમ અલગ અને મોલ પણ ખરો. ત્રણ કલાકની દરિયાઈ સફર માણતાં અમે ડેનમાર્ક પહોંચ્યાં. બે ત્રણ કલાકનો સમય હતો એટલે નજીકના બીચ પર અમે

બસમાં ગયાં. ત્યાં ડ્રાઈવરનો એટલો સરસ અનુભવ થયો કે અમારી કોઈની ટિકિટ જ ન લીધી. ડેનમાર્કમાં એક બીચ એવો છે કે બે દરિયાનાં પાણી ભેગાં થાય છે. અમે બીચ પર જતા હતા ત્યાં રસ્તામાં સફેદ રેતી ચમકતી દેખાય. નજીક ગયાં તો ખ્યાલ આવ્યો કે ત્યાં મોજાંની સાથે ઝીણી ઝીણી છીપ જ આવતી હતી બીજું કંઈ જ નહીં રેતી પણ નહીં અને એનો ભૂકો થઈ જતો હતો રેતી રૂપે. આમ એક અલગ જ પ્રકારનો દરિયાઈ બીચ જોવા મળ્યો. ખાણીપીણી સાથે દરિયાઈ મોજ માણી અને ફરી ઇન્ટરનેશનલ જહાજમાં ત્રણ કલાકની સફર માણી અને સ્વિડન પહોંચ્યા. છેલ્લે ખાસ ચોકલેટનો મોલ જોયો. કંઈ કેટલાય પ્રકારની ચોકલેટ જોવા મળી. બીજા મોલમાં પણ ચીઝની ખૂબ વેરાઈટી જોવા મળી. સાથે અલગ અલગ સ્વાદ અને અલગ અલગ પ્રકારની બ્રેડ પણ જોવા મળી. એક વખત બસમાં સફર કરતા હતાં ત્યાં અચાનક બસ ઊભી રહી જોયું તો દરિયાઈ પુલનો કેટલોક ભાગ ઉપર જઈ રહ્યો હતો ને નીચે વિશાળ જહાજ પસાર થઈ રહ્યું હતું પછી ધીરે ધીરે પુલ ફરી ગોઠવાઈ ગયો ને બસ ચાલવા માંડી. અદ્‌ભુત ટેક્નૉલૉજીનો ઉપયોગ જે નજરે નિહાળવાનો લહાવો મળ્યો.

લીઝાબેરી એટલે કે એમ્યુઝમેન્ટ પાર્ક કહી શકાય કે જ્યાં બાળકો માટે બધા માટે ખાસ અલગ અલગ રાઈડ્સ હતી અમે પણ અધર ઉપર ચાલતી રાઇડમાં બેઠાં જેના દ્વારા અમે આખા લીઝાબેરી ઍરિયાની સફર માણી. ત્યાં પણ ફૂલોનો દબદબો હતો.


દરરોજ કોઈ ને કોઈ સ્થળની મુલાકાત લેતાં યુનિવર્સલ જોવા ગયાં ત્યાં પાંચ માળનું વિશાળ એક્વેરિયમ જોવા મળ્યું. વિવિધ જગ્યાએ કાચની કેનાલમાં મોટી મોટી રંગબેરંગી માછલીઓ આંટાફેરા કરતી હતી. જ્યાં જુઓ ત્યાં અલગ જ રંગબેરંગી માછલીઓ જોવા મળી. ખૂબ સુંદર સાથે જંગલ, ઝરણાં અને એમાં કેસરી કલરનાં કેટલાંય પક્ષી પાણીમાં સહેલગાહ કરતાં નજરે પડ્યાં. સાવ નજીકમાં ઝાડપાન વચ્ચે પણ આંટા મારતાં હતાં. એક વિશાળ વિભાગ સાયન્સનો હતો. માનવશરીરના દરેક અંગને ટેક્નૉલૉજી દ્વારા સરસ સમજાવ્યાં હતાં. દરેક વિભાગ એવી રીતે જોઈન હતા કે ખ્યાલ ના આવે કે તમે કયા માળ પર છો? લિફ્ટ પણ હતી. દરિયો અને જંગલ વિસ્તાર જેવું હતું. ખ્યાલ ના આવે કે આ શહેરમાં છે. બાળકો માટે વિશાળ બ્રેઇન ગેમનો ઍરિયા હતો. દરેક સ્થળે દરેક ઍરિયામાં અદ્‌ભુત ટેક્નૉલૉજી જોવા મળી.

હા મોજમજા અને કુદરતને માણતાં સ્વિડન સફર પૂર્ણતાની આરે પહોંચી. ફરી લાંબી હવાઈ સફર કરતાં ઈન્ડિયાની ધરતી પર પગ મૂક્યો અને એ જ દિવસે મારી સિત્તેરની સફર શરૂ થઈ. આમ આ મારી વિદેશ સફર એક અવિસ્મરણીય સ્વર્ગીય સંસ્મરણો સાથે પૂરી થઈ.

**– જયશ્રી માંકડ**

## ગુજરાતીઓની લગભગ ૬૦% વસ્તી ધરાવતું....

# દાર-એ-સલામ



**કર્દમ યાજ્ઞિક**

પ્રવાસનું નામ સાંભળતા જ આપણામાં રોમાંચનો અનુભવ થાય છે. આપણે ભૂતકાળના કરેલા પ્રવાસની ખાટીમીઠી યાદો નજર સમક્ષ આવી જાય છે. નોકરી-ધંધાની વ્યસ્તતાને કારણે પ્રવાસનું આયોજન સીમિત થઈ જાય છે, પણ મનને પ્રફુલ્લિત રાખવા અને નવું જોમ ભરવા પ્રવાસના આયોજન જરૂરી છે. શરૂઆતમાં શનિ-રવીની રજામાં નજીકના પ્રવાસનાં આયોજન કરી રજાનો આનંદ મેળવીએ છીએ. પછી અનુકુળતા પ્રમાણે દૂરના પ્રવાસનું આયોજન થાય છે. પ્રવાસમાં ભાગ લેનાર દરેક સભ્યો સાથે બેસી આયોજન કરે છે અને નક્કી થયા પ્રમાણે ટિકિટ અને હોટલનાં બુકિંગ કરી તથા દરેક સભ્યની નાનીમોટી જવાબદારી નક્કી કરવામાં આવે છે જેથી પ્રવાસ આનંદદાયક બની રહે. આ આખી પ્રક્રિયાઓ આપણને રોમાંચિત કરતી હોય છે. આ રીતે સુઆયોજિત પ્રવાસ જિંદગીભરનો આનંદ આપે છે. આટલી પૂર્વભૂમિકા સાથે મને મારા એક ખાસ પ્રવાસની યાદ આવી ગઈ.

મારો પુત્ર, પુત્રવધૂ અને બે પૌત્ર સાથે દાર-એ-સલામ નોકરી માટે રહેતા હતા. હું અને મારાં પત્ની રીટાયર થયાં હતાં એટલે અમને ત્યાં થોડા વખત માટે બોલાવ્યાં. બે મહિનાનો પ્રોગ્રામ હતો એટલે જોઈતી તૈયારી કરી લીધી. સામાનમાં ખાસ તો ત્યાં જે



વસ્તુઓ ન મળે તે લઈ જવા ખાસ ધ્યાન આપ્યું. લગભગ ૮ કલાકની મુસાફરી કરી દાર-એ-સલામ પહોંચ્યા. વિઝાની ઔપચારિકતા પછી બહાર નીકળ્યાં ત્યાં પુત્ર લેવા આવ્યો હતો તેની સાથે ઘેર ગયા. બધાને મળીને ખૂબ આનંદ થયો. સુંદર એપાર્ટમેન્ટમાં ફ્લૅટ પાંચમા માળે હતો અને ત્યાંથી દાર-એ-સલામ બંદરનું ખૂબ રમણીય દશ્ય દેખાતું. નાનાંમોટાં વહાણોની અવરજવર સતત ચાલુ રહેતી હોવાથી તે જોવાની ખૂબ મઝા આવતી.

દાર-એ-સલામ એ ટાન્ઝાનિયાની વેપાર રાજધાની છે. આખી દુનિયામાં ટાન્ઝેનાઇટ ખનીજનું ઉત્પાદન ફક્ત અહીં થાય છે તેથી દેશનું નામ ટાન્ઝાનિયા છે. તેની પાસે આવેલા ઝાંઝીબાર ટાપુ મરી તેજાના માટે ખૂબ મહત્ત્વનું છે, પણ ત્યાં માનવ વસ્તી નથી અને તેથી જ આપણા ઘણા ગુજરાતીઓ પેઢીઓથી દાર-એ-સલામ સ્થાયી થયા છે. લગભગ ૬૦% વસ્તી ગુજરાતીઓની છે એટલે તમને એક પોતાનાપણાંની લાગણી થાય. ઘણી શેરીઓનાં નામ પણ ગુજરાતી છે. ઘણી બધી દુકાનોમાં ગુજરાતી વેપારીઓ છે. ટેમ્પલ સ્ટ્રીટ અદ્‌ભુત જગ્યા છે જેમાં લગભગ દરેક સંપ્રદાયના મંદિર આવેલાં છે. અહીં આપણી સંસ્કૃતિ સચવાયેલી છે. વારેતહેવારે ઉત્સવ થાય છે, કથા વ્યાખ્યાન થાય છે. સંસ્કૃત પાઠશાળા છે. ઉપરાંત ઘણી જાણીતી હોટેલ અને રેસ્ટોરન્ટમાં તમે ગુજરાતી વાનગીઓ ખાઈ શકો છો.

બાળકો, યુવાનો અને રમતગમતપ્રેમીઓ માટે ન્યુરેરે યુથ સ્ટેડિયમ છે. ત્યાં ફૂટબોલ, બાસ્કેટબોલ તથા એથ્લેટિક્સ માટે સુંદર સગવડ છે.

શહેરથી થોડે દૂર બાહારી ઝુ છે જેમાં આફ્રિકાનાં લગભગ બધાં પ્રાણી-પક્ષીઓ જોવા મળે છે. લોકો જંગલ અને પ્રકૃતિનું ખૂબ જતન કરે છે. ત્યાં ર રિસોર્ટ ગયા. તે થોડે દૂર દરિયાકિનારે છે. એકદમ સ્વચ્છ અને આહ્‌લાદક બીચ છે. દરિયાઈ રમતો સહેલાણીઓને અનોખો આનંદ આપે છે. દરિયાઈ બોટ રાઈડ અલગ જ અનુભવ કરાવે છે. દાર-એ-સલામ શહેરની વાત કરીએ તો એકદમ સ્વચ્છ શહેર છે. ટ્રાફિકના નિયમો ખૂબ કડક છે. સ્ત્રીઓ અને બાળકોનું ખૂબ સન્માન હોય છે. કોઈ શેરીમાં કચરો દેખાય તો શેરીનાં બધાં જ ઘરોને પચાસ હજાર શિલિંગનો દંડ થાય છે. ચૌદ વર્ષથી નીચેનાં બાળકોને સોફ્ટ ડ્રિન્ક આપવા પર પ્રતિબંધ છે. બાળકોને શેરીઓમાં સુરક્ષાને ધ્યાનમાં રાખી રમવાની મનાઈ છે. સામાન્ય અવરજવરમાં લોકો એકબીજાને શુભેચ્છાઓ આપતાં જોવા મળે છે.

આમ બે મહિના ક્યાં પસાર થઈ ગયા તે જાણે સ્વપ્ન સમાન થઈ ગયા અને અમે પાછા વડોદરા આવી ગયા.

**- કર્દમ યાજ્ઞિક**

# પરવાળાના ટાપુ પર...



કિરણ બુચ

આપણા સુજલામ સુફલામ ભવ્ય ભારતના ભાતીગળ પોતને પામવા માટે પ્રવાસથી રૂડું બીજું સાધન હોઈ જ ન શકે. અજરામર સૌન્દર્યવતી મારી માતૃભૂમિ ભારતનો ખોળો ખુંદવાના અનેક અવસરો મળ્યા છે અને એટલે મારે પ્રવાસ વર્ણન કરવું હોય ત્યારે હું હંમેશા મીઠી મૂંઝવણ અનુભવું છું.

શોખ અને આદતના માર્યા ભારતના જુદા જુદા પ્રાંતમાં ઘણાય પ્રવાસો કર્યા છે, હિમાલયનો બરફ જોયો છે, ગંગાના સ્વચ્છ પ્રવાહમાં માથાબોળ સ્નાન કર્યું છે, રણથંભોરમાં 'વાઘ હમણાં દેખાશે'ની ઉત્કંઠા સેવી છે, જેસલમેરની હવેલીના નકશીકામને તાજમહેલ સાથે સરખાવી જોયું છે, દિલ્હીનું આભિજાત્ય અને મુંબઈની મસ્તી કે કોલકાતાનો મિજાજ બરાબર પારખ્યા છે, સાપુતારાનું અલ્હડ સૌન્દર્ય અને ઉદયપુરનાં સરોવરોમાં શું વધુ કમનીય એવી વિમાસણ અનુભવી છે, કોલ્હાપુરના અંબા, મદુરાઈના મીનાક્ષીથી કે કતરાના વૈષ્ણોદેવીથી જરાય જુદા નથી એ પ્રતીતિ કરી છે. માઉન્ટ આબુ, મહાબળેશ્વર અને ગિરનારને એકસરખા જોમથી ધમરોળ્યા છે. દાર્જિલિંગના સૂર્યોદયમાં ઝળહળતા કાંચનજંઘાનાં શિખરો અને હરિદ્વારની ગંગા આરતીના પ્રકાશમાં સરખાં જ સ્પંદનો જાગ્યાં છે. કન્યાકુમારીમાં વિવેકાનંદ મેમોરીઅલ જોતાં અભિભૂત થઈ છું, ભરતપુરનાં પંખીઓનો ગુંજારવ અને મુંબઈમાં શિવરી પર જોયેલા સુરખાબની પાંખોનો રંગ હજી સ્મરણમાં છે, ગુલાબી જયપુરની ગલીઓની શોપિંગની મજા અને ઈન્દોરની ગલીઓના સ્વાદની મજા હજીય હોઠ પર સ્મિત લાવે છે, કેરળના બેક વોટર અને સમુદ્રકિનારે માછીમારી વસાહતો હજીય લોભામણાં લાગે છે.

ફાઈવ સ્ટાર હોટેલ્સ અને વિમાનની ઉડાન, તો ક્યારેક લકઝરી લાઈનરનો વૈભવ બધું જ માણ્યા પછી થાય છે કે જે પ્રવાસ આપણને કુદરતની નજીક અને આપણી ભીતર ન લઈ જાય એ પ્રવાસ અધૂરો. પૈડાં અને પગની ગતિથી અંતર્યાત્રાનો માર્ગ ઊઘડતો આવે તો જ એ રઝળપાટ સાર્થક અને એટલે જ જ્યારે મારા યાદગાર પ્રવાસની વાત નીકળે છે ત્યારે હું મારાં બાળકોની સાથે આ પરવાળાના ટાપુ પરના પ્રવાસનો ઉલ્લેખ કરું જ છું.

લગભગ ચાળીસેક વર્ષ પહેલાંની આ સ્મરણયાત્રા છે. જયારે રિમોટ કન્ટ્રોલને ઘોડે ચડીને ટીવી સ્ક્રીનની છાતી પર તબડક તબડક કરતાં ચાર -પાંચ ટ્રાવેલ શોમાં પાંચ-પચીસ દેશો ઘૂમી વળાતાં નહોતાં, જ્યારે પ્રવાસનો અર્થ શાળા/કૉલેજના સહાધ્યાયીઓ જોડે અર્ધો દિવસ ગાળીને પૂરી-શાક ખાઈને પાછા આવવા જેટલો જ સીમિત હતો. પ્રવાસનો કેફ કે તેની મોહિની શું ચીજ છે તેની આછેરી ઝલક કાં તો કાકા કાલેલકરના લેખો વાંચતી વખતે થતી કાં તો પિતરાઈ મોટા ભાઈ ક્યારેક ઘરે આવીને તેમના યુથ હોસ્ટેલ પ્રાયોજિત પ્રવાસોની વાતની મહેફિલ જમાવતા ત્યારે.

આવી જ એકાદ વાત મહેફિલમાં પીરોટન ટાપુની નીકળેલી અને સાથે વણ માંગ્યો અભિપ્રાય પણ ઝીંકાયેલો કે ''તારા જેવી પોપલાવેલી છોકરીનું એમાં કામ નહિ.'' બસ એ જ ક્ષણે મનમાં પડકાર ઝીલી લેવાની ગાંઠ જાણેઅજાણે વળી જ ગઈ.

પછીનાં એક-બે વર્ષ અભ્યાસ અર્થે ઝપાટાભેર વીતી ગયાં અને પેલી વાત પણ થોડી ઘણી વિસારે પડી ગઈ હતી ત્યાં અચાનક એક રાતે અમારા એક પરિચિત પ્રાધ્યાપકનો સંદેશો આવ્યો કે તેમની કૉલેજનો પ્રવાસ પીરોટન ટાપુ જાય છે અને કદાચ જેટલા વિદ્યાર્થીઓ માટે પરવાનગી લીધી હતી તેટલા વિદ્યાર્થીઓ નથી થયા અને એકાદ સીટ ખાલી છે, તેથી જો રસ હોય તો સવારે કૉલેજ પર આવીને પૈસા ભરી જાઓ! પછી તો તે રાત થઈ ગઈ ગોકળગાય અને બીજી સવારે ઊગેલા દિવસને આવી પાંખો! નામ નોંધાવી, વિગતો જાણી અને હોંશભેર તૈયારીઓમાં મચી પડી. મમ્મી બહાર ગઈ હતી અને મારે બપોરના નીકળવાનું હતું. પડકારની શરૂઆત થઈ ચૂકી હતી. મહેણું ભાંગવાની સજ્જતા સાથે અને અદકેરી જવાબદારીના અહેસાસ સાથે ચોકસાઈપૂર્વક યાદ કરી કરીને બધી જરૂરી વસ્તુઓ થેલામાં ભરી દીધી. એશોઆરામનો ત્યાગ કરી શકવાની ખુમારી આ પોપલાવેલી છોકરીમાં છે એવું રણશિંગું મારા મનમાં જ ફૂંકીને હું વટભેર ઘરમાંથી નીકળી.

કૉલેજ પહોંચીને કલબલાટ કરતાં રંગબેરંગી છોકરાં-છોકરીઓનાં ટોળા સાથે હું પણ બસમાં ગોઠવાઈ. થોડીક જ વારમાં અમે બંદર સુધી પહોંચી ગયાં. કચ્છના અખાતમાં આવેલા પીરોટન ટાપુ જવા માટે જામનગર શહેરની બહાર આવેલા બેડી બંદરથી મોટી મોટર બોટમાં નાનકડો દરિયાઈ પ્રવાસ ખેડવો પડે છે. ફોરેસ્ટ ખાતાની આગોતરી પરવાનગી લઈને ગ્રુપ બુકિંગ કરાવવું પડે છે. દરેક ગ્રુપ સાથે ખાતાના

સરકારી માણસો અને સરકારી મેડિકલ કૉલેજમાંથી મોકલેલા બે ડૉક્ટર ફરજ પર હાજર રહે છે. સાથે દરિયાઈ સાપના વિષ પ્રતિરોધક ઇન્જેક્ષન, અન્ય દવાઓ અને પીવાનાં પાણીના બે મોટા ડ્રમ તથા જરૂરી સીધું સામાન જહાજમાં લેવામાં આવે છે. ડિસેમ્બર-જાન્યુઆરી મહિનામાં એકાદ મહિના માટે પ્રવાસ આમજનતા માટે ખૂલે છે. દરરોજ માત્ર એક જ વખત જહાજનું આવાગમન થાય છે અને આ ખેપનો સમય રોજ ભરતી-ઓટના સમય પ્રમાણે બદલે છે. પિરોટન ટાપુઓ તે સમયનો ભારતનો એકમાત્ર મરીન નેશનલ પાર્ક હોવાથી એટલી તકેદારી વાજબી ઠરાવી શકાય, જોકે એક માહિતી પ્રમાણે હવે મહારાષ્ટ્રમાં પણ મરીન નેશનલ પાર્ક વિકસાવવામાં આવ્યો છે અને પીરોટનનો પણ વધુ વિકાસ થયો છે અને ડોલ્ફિનને પણ ત્યાં વસાવવામાં આવી છે. કદાચ આવાગમન વગેરેની સુવિધાઓ, નિયમો બધું જ હવે બદલાયું હશે, પણ હું તો ૧૯૮૦ના દાયકાની એક શિયાળુ સાંજની વાત કરી રહી છું.

મારા અજાણ્યા સહપ્રવાસીઓ સાથે હું પણ જહાજ પર ચડી. ખારવાઓ મશીન જોડે માથાકૂટ કરતા હતા. પ્રાધ્યાપક હાજરી લેવામાં અને સૂચનો આપવામાં પડ્યા હતા. વિદ્યાર્થીઓ આ નવી જાતના અનુભવથી ઉશ્કેરાટ અનુભવતા વધુ ઘોંઘાટ કરતા હતા અને હું આ બધાથી અલિપ્ત જહાજની ઊંચીનીચી, હાલકડોલક ગતિ સાથે મારા વિચારોનો તાલ મેળવતી, દૂર ક્ષિતિજમાં ઢળતા સૂરજે ઉડાડેલા કેસરિયા રંગના ધોધમાં ભીંજાતી, ખારી ખારી હવાના પાશમાં બંધાતી, એક ચિત્તે તૂતક પાસે પડેલા રેડીઓમાંથી રેલાતા સુરેશ વાડકરના સ્વરને કાન થીપીતી હતી...

"સાંઝ ઢલે, ગગન તલે, હમ કિતને એકાકી..."

પણ આ એકાકીપણું અને દોલન્ગતી મળીને ધીમો ધીમો સુરુર ઘૂંટતા હતા. ભીડમાં એકાંતની મોજ માણતા ક્યારે આકાશ ઘેરું બન્યું અને ક્યારે ટાપુ પર લાંગરવાની ઘડી આવી પહોંચી, ખબર જ ન પડી.

અચાનક જ હું પારણાની ધીમી ગતિમાંથી જાણે કે સેનાની કવાયતના લયમાં જઈ પડી. ટાપુ પર પહેલેથી હાજર રહેલા સ્ટાફના અફસરોએ સેનાપતિની જેમ મોરચો સંભાળીને ધડાધડ સૂચનાઓ આપવા માંડી. વિદ્યાર્થીઓની ટુકડીઓને સૌને એક એક અધખૂલા તંબૂનો હવાલો સોંપી દીધો. તંબૂમાં રેતીનું ઓશીકું કેમ કરવું અને દરેકે સાથે લાવેલી શેતરંજી કેમ પાથરવી તે શીખવી દીધું અને ટાપુની રાત માટે જરૂરી આચારસંહિતાનું ભાન કરાવી દીધું. તો બીજી બાજુ યુદ્ધને ધોરણે અને ઝડપે સાથે આવેલા રસોઈયાઓએ આગ પેટાવી પેટની આગ ઠારવાની કોશિશો આરંભી દીધી. છોકરાઓને આખી રાત ચોકી કરવાના વારા પાડી આપ્યા. આટલી સૂચનાઓનો ભાર લઈને અમે તંબૂમાં ઘૂસ્યા. હવે સાથી છોકરીઓ અજાણી રહી નહોતી. પોતપોતાની પથારી જમાવતાં અને એકબીજાને મદદ કરતાં તરત જ દોસ્તી થઈ ગઈ. એક દંડા પર ટીંગાડેલું જાડું તંબુ માટેનું ખાસ કપડું અને

નીચે નકરી રેતી, તોય હવે આ અમારો દોસ્તોનો અસબાબ હતો અને અમે એના એક રાત પૂરતા તો એક રાત પૂરતા પણ માલિક બનીને પોરસાતા હતા. હજી તો માલિકીભાવ સરખો માણીએ ત્યાં તો અફસરની બૂમ પડી અને અમારા 'સ્પેસીઅલ ડિનર' માટેનો સાદ પડ્યો. થેલામાંથી થાળી વાટકો કાઢીને અમે તો જમવા ઊપડ્યા.

જમવાની થાળીમાં અતિ મસાલેદાર રીંગણનું એક ચમચો શાક અને પોણો ઇંચ જાડો, એક ફૂટનો વ્યાસ ધરાવતા રોટલાનો પા ભાગ પીરસાયો. આવી કંજૂસી પર થોડોક ગુસ્સો આવે તે પહેલાં જ કહેવામાં આવ્યું કે જેટલી વાર જોઈએ એટલી વાર લેજો પણ બગાડ કરવાની સખત મનાઈ છે. વાત તો ગળે ઊતરી, પણ સુંવાળા ગુજરાતી બચ્ચાઓને રોટલો ગળે ઉતારવો મુશ્કેલ પડ્યો. મેં પણ આવું ખાવાનું ક્યારેય ખાધું નહોતું, પણ હું તો પડકાર ઝીલવા આવી હતી ને? થાળી સફાચટ કરી નાખી. જોકે સાચું પૂછો તો દરિયા કિનારાની વિશાળતા અને સ્ટાફની સરળતા સામે હવે પડકાર, અહંકાર આવી બધી મનની સંકુલતા ઓગળી ચૂકી હતી. અકારણ મજા આવી રહી હતી અને આ અજાણી અણમોલ મજા શેનીય ફરિયાદ ટકવા દે તેમ નહોતી. ખારી, ખુલ્લી હવાનો જાદુ બરાબર ચડી ચૂક્યો હતો. આ જાદુ જ શહેરી માણસો અને નિસર્ગને ખોળે રમતા માનવબાળ વચ્ચેના સાફદિલીના તફાવતનું કારણ હશે?

જમ્યા પછી હાથ ધોવા અને પાણી પીવા ગયા ત્યાં તરત જ તાકીદ થઈ કે દરિયાને સાવ કાંઠે કાંઠે રહીને પોતાનાં થાળી-વાટકા અને હાથ દરિયાના પાણીમાં જ ધોઈ નાખો. કુલ બે ડ્રમ પીવાનાં પાણીમાંથી પચાસ જણાએ એક આખો દિવસ કાઢવાનો છે એટલે પીવા સિવાય ક્યાંય પાણી વાપરવાની છૂટ નથી. કાલે સવારે બ્રશ કરવા પણ દરિયાનું પાણી જ વાપરજો. કડવું પણ સત્ય હતું. સ્વીકારી લીધું. ખરી મજા સ્વીકાર પછી જ આવતી હોય છે ને? ત્યાં પણ એમ જ બન્યું. જમીને કેમ્પ ફાયરમાં અને નાઈટ પેટ્રોલિંગમાં બધા જ એકબીજાના એવા ગાઢ મિત્રો બની ગયા કે જાણે વર્ષોથી સાથે રહેતા હોય!

રાત્રીના અઢી વાગે પરાણે છૂટા પડી પોતાના તંબૂમાં ભરાયા ત્યારે ઠંડા કાતિલ પવને પોતાનો પરચો બતાવવાનું શરૂ કરી દીધું હતું. રેતીના ગાદલાને શેતરંજીની ચાદરથી ઢાંકી લંબાવ્યું તો ખરું, પણ તંબૂના દરવાજા તરીકે ઓળખાતા ફરફરતા કપડાંમાંથી દેખાતા અને અદશ્ય થતાં મેન્ગ્રોવના ઝૂંડ, તેના પડછાયા અને આખાય દશ્ય સાથે એકાકાર થઈ જતી ઠંડી રેતી, આછી આછી ચાંદનીમાં તેજ તિમિરના આટાપાટા અને જોરજોરથી ઘૂઘવતા સાગરનું અવિરત સંગીત. કદીય ન જોયા હોય એટલા પ્રકાશિત તારા અને આદિમ આકાશ. અતિ સુંદર છતાંય ભીષણ, કરાલ, સંમોહક નઝારો. મારા તંબૂમિત્રો કોઈ ઠંડી તો કોઈ ભયના લીધે એકબીજાની સોડમાં લપાઈને જંપી ગયા હતા અને હું મારામાં એક નવી વ્યક્તિનો અને સમષ્ટિના અંશનો ઉઘાડ થતાં જોઈ-અનુભવી રહી હતી. સૂઈ જવાનું

જાણે પરવડે એમ જ નહોતું. આવી હું મને પછી ક્યારે મળવાની? મારું સાન્નિધ્ય માણતાં માણતાં ક્યારે આંખ લાગી ગઈ ખ્યાલ ન આવ્યો.

સવારે આંખ ખૂલી ત્યાં તો દૃશ્ય, રંગો, હવા અને સાગરનું સંગીત સુદ્ધાં બદલી ગયું હતું. એક પણ શબ્દની આપલે વગર ચારેકોર ઉમંગ હળવાશ અને થનગનાટ પ્રસરેલા અનુભવાયા. પાણી વાપર્યા વગર પતાવી શકાય તેટલાં પ્રાતઃકર્મો પતાવીને પ્રવાસના મૂળ હેતુ માટે પ્રયાણ કર્યું. દરિયાઈ સૃષ્ટિનો પરિચય આપવા માટે અમારા ભોમિયા ભાઈ હાજર હતા.

ખભે થેલો ભરાવીને, પગને જાડા જીન્સ અને યોગ્ય જૂતાથી ઢાંકીને દરિયાનાં પાણીને પગપાળા ખૂંદતા અમે ચાલી નીકળ્યા. છબછબિયાંથી શરૂ કરીને ગોઠણસમાણા અને ક્યાંક ક્યાંક કેડસમાણા પાણીમાં ચાલતા અમને દરિયાઈ અજાયબીઓનો અનુભવ થવા લાગ્યો. રંગીન ચંચળ માછલીઓ, ભૂરું શાહી જેવું પ્રવાહી છોડી મૂર્ખ બનાવી ભાગી જતા ઓક્ટોપસ, મોટા નાના કરચલા, નામ યાદ પણ ન રહે તેવા અજબ ગજબ જીવો અને દરેકની ખાસિયતની એક ખાસ વાત, માણસે જાતે ઘરેણાની લહાયમાં જેનું ધનોતપનોત કાઢી નાખ્યું છે તેવા અદ્ભુત પરવાળા, પરવાળાની આડશમાં રહેતાં સંતાતાં અનેક પ્રાણીઓ અને વનસ્પતિઓ. ઢોંક બગલા, સી ગલના દિદાર અને વચ્ચે વચ્ચે ઝેરી દરિયાઈ સાપની વાતો! ક્યાંક વાંચ્યું હતું કે ભારતમાં છે તે બધું જ દુનિયામાં બીજે ક્યાંય નથી, પણ દુનિયામાં છે તે બધું જ ભારતમાં છે. સાચે જ આ અજાયબ સૃષ્ટિમાં વિહરતા એ વાતની પ્રતીતિ થઈ.

એક આડવાત કરું તો પર્યાવરણશાસ્ત્રીઓ કહે છે કે આ પરવાળામાં રક્ષાઈને એક આખા હર્યાભર્યા જંગલમાં હોય એટલું જૈવ વૈવિધ્ય વસેલું હોય છે. પરવાળા પોતે પાછા લીલથી લપેટાઈને રક્ષણ મેળવે છે. માનવીના પાપે વૈશ્વિક તાપમાન વધી રહ્યું છે અને એથી પહેલાં લીલ, પછી પરવાળા અને છેલ્લે બિચારા દરિયાઈ જીવો બેઘર થઈને મરે છે. દરેક બાળક આવી રીતે પરવાળાના પ્રત્યક્ષ દર્શન કરે તો પ્રકૃતિના સંવર્ધનની સમસ્યા જ ન રહે.

ચારેક કલાક પાણીમાં ચાલીને અમે તંબૂ પર પાછા ફર્યા ત્યારે સૂરજ માથા પર આવી ગયો હતો. આકરા તડકામાં અમે ભીનાં વસ્ત્રો સૂકવવા મૂક્યા અને આગલી રાતના પ્રમાણમાં સારું કહી શકાય એવું ભોજન લઈને સામાન બાંધ્યો અને અસબાબ સંકેલી લીધો.

જામનગર લઈ જતા જહાજને આવવાને હજી થોડીક વાર હતી. અમે થોડાક મિત્રો થાકની પરવા કર્યા વિના ટાપુની ન જોયેલી બાજુએ લટાર મારવા નીકળી પડ્યા. દીવાદાંડી પર ચડ્યા અને દૂર દૂરનો દરિયો નજરમાં લોભી માણસની અદાથી ભરી લીધો. દીવાદાંડીના રખેવાળની મોજીલી વાતોમાં ટાપસી પૂરી ને કોક જુદી દુનિયાના બાશીંદા હોવાનો અહેસાસ પણ મેળવી લીધો.

પાછા બેડી બંદર લઈ જતું જહાજ આ વખતે



છેક ટાપુ સુધી આવે તેમ નહોતું. ઓટ ચાલુ થાય તે પહેલાં નાની હોડીઓમાં બેસીને દૂર નાંગરેલા જહાજને આંબી જવું જરૂરી હતું. ચાલી ચાલીને પગ દુખતા હતા. તડકો દઝાડતો હતો છતાં કોઈને જવાની ઉતાવળ કરવી ગમતી નહોતી. કહેવાય છે કે સાત પગલા સાથે ચાલવાથી દોસ્ત બની જવાય છે તો અહીં તો સૌ એકબીજાનો હાથ સાહીને પાણીમાં સંતુલન જાળવતાં, પડતાં-આખડતાં, એકબીજાને સંભાળતાં ખાસ્સા ચાર-પાંચ કલાક સાથે ચાલ્યા હતા અને પરવાળાની સાક્ષીએ દોસ્તીના નિઃશબ્દ કરાર થઈ ચૂક્યા હતા.

ભાત ભાતની લીલાઓ કરીને અવતાર અચાનક માયા સંકેલી લે એમ જામનગર તરફનો પ્રવાસ ખૂબ જ ટૂંકો લાગ્યો. થાકેલા શરીર અને સમૃદ્ધ મન સાથે હું ઘરે પાછી ફરી. ઘરના ખૂણેખાંચરે કદાચ ક્યાંક પેલી પોપલાવેલી છોકરી મળી આવે તો શોધી જોઈ, પણ એ મને ક્યારેય જડી જ નહિ!


અને હા, મારાં બાળકોને મેં પેલી પોપલાવેલી છોકરીનો પરિચય કોઈ દિવસ આપ્યો નથી હોં કે. કારણ એટલું જ કે મને ખબર છે કે સાચૂકલા પ્રવાસમાં માણસને બદલી નાખવાની, એનું નવેસરથી ઘડતર કરવાની, નવાં મૂલ્યોનું સિંચન કરવાની, એનો ઉઘાડ કરવાની, અનુકૂલન અને સાહસનો સમન્વય શીખવવાની એવી બધી જ તાકાત છે. શરત એટલી કે પ્રવાસ હોટેલના ચેક ઈન અને ચેક આઉટ વચ્ચે ગૂંગળાઈ ન જવો જોઈએ અને ગુજરાતી રસોઈયા મહારાજનો મોહતાજ ન હોવો જોઈએ.

‘‘ભોમિયા વિના મારે ભમવા’તા ડુંગરા’’ લલકારવાની સ્પિરિટ હોય તો ખાલી મનને ખુલ્લું મન બનતાં વાર નથી લાગતી.

**- કિરણ બુચ**

## વહુઘેલો.... રાખોડી ચિલોત્રો

# ...પોળનું જંગલ



**મહેશકાન્ત વસાવડા**

કસ્તૂરી મૃગ વિશે કહેવાય છે કે, તેની નાભિમાં કસ્તૂરી હોવા છતાં એ સુગંધમય પદાર્થની શોધમાં આમતેમ ચારેબાજુ ભટકે છે, થાકે છે, હાંફે છે અને અંતે દુઃખી થાય છે, માનવ મન પણ આવું છે – રોજિંદી ઘટમાળમાંથી મુક્ત થવા, મન તરબતર કરવા, કોઈ રમણીય અને સ્મરણીય સ્થળની શોધમાં દૂર દૂર નજર દોડાવે છે, દૂર જવા સમય – કે પૈસા હોતા નથી, પણ પાસે જ આવેલા કોઈ સુંદર સ્થળથી અજાણ છે અને રિફ્રેશ થઈ શકતો નથી, પરંતુ નજર દોડાવીએ તો આપણી આજુબાજુ, ઘણાં સ્થળો હોય છે કે જેની એક દિવસની મુલાકાત પણ યાદગાર બની રહેતી હોય છે.

આવું એક સ્થળ એટલે અમદાવાદથી ૧૫૦ કિ.મી. દૂર ઈડરથી આગળ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં આવેલાં ''પોળોનાં જંગલ'' અમદાવાદી માટે જાણે હરિત સ્વર્ગ. આ સ્થળે અમે મિત્રો ગયેલા. એક જ દિવસના પ્રવાસ અંતે રાત્રે જ્યારે પરત ફર્યા ત્યારે એક યાદગાર સંભારણું સાથે લઈને આવ્યા હતા. વિજયનગરથી આગળ આભાપુર ગામની સીમમાંથી શરૂ થતાં અને ટેકરીઓ વચ્ચે ૪૦૦ ચોરસ કિલોમીટરના આ વન પ્રદેશમાં દિલદિમાગને તાજગી બક્ષે એવું બધું છે. ઑગસ્ટથી ડિસેમ્બર આ ધરાની શોભા સોળે શણગાર સજે છે – છતાં કોઈ પણ માસમાં જઈ શકાય છે. મારવાડી ભાષામાં પોળનો અર્થ પ્રવેશદ્વાર-બારણું થાય અને સાબરકાંઠાના ઉત્તર-પૂર્વ ભાગમાં આવેલ આભાપુર, એ રાજસ્થાનમાંથી ગુજરાતમાં આવવાનું પ્રવેશદ્વાર છે, એટલે મારવાડી આ જંગલને પોળનું જંગલ કહેતા અને એ નામથી જાણીતું થયું. જંગલની વચ્ચે થઈ હરણાવ નદી વહે છે .

..

અત્રે નદી છે, ઝરણાં છે, ધોધ છે, ડેમ છે, ટેકરીઓ છે આછાં તથા ઘટ્ટ જંગલ છે અને ટ્રેકિંગ માટેની પગદંડી પણ છે. ટ્રેકિંગ માટે યુવાનો અમદાવાદ તથા આસપાસથી આવતા હોય છે – સુંદર મજાની નેચરલ એજ્યુકેશનની કેમ્પ સાઈટ છે અને તેમને માટે રાત્રીનિવાસની પણ વ્યવસ્થા છે. જેનું બુકિંગ હિંમતનગરમાં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ કરે છે આ ઉપરાંત ૪૫૦ ઉપરાંત મેડિકલ પ્લાન્ટ, ૨૭૫ જાતનાં પક્ષી, ૩૦ જાતનાં પ્રાણીઓ, રીંછ, દીપડા વગેરે છે. સર્વે જોવા–જાણવા–ફરવા ગાઈડ હોય તો જ મજા આવે, અમોએ ગાઈડ કરેલો અને આભાપુરના આદિવાસી યુવાન ગાઈડ દલસુખે અમારી યાત્રા આનંદમય–રસમય બનાવી દીધેલી. અમે રાત્રી રહેલા નહીં, પણ એક રાત રહો તો જંગલમાં ઊંડે સુધી ઘૂમવાનો અદ્‌ભુત અનુભવ અને આનંદ માણી શકાય તેમ દલસુખે જણાવેલ.

આભાપુરમાં ૧૫મી સદીનું શરણેશ્વર મહાદેવનું મંદિર આવેલ છે ત્યાંથી યાત્રાનો પ્રારંભ કર્યો, બે માળના આ મંદિરની બહાર બ્રહ્મા, વિષ્ણુ, પાર્વતી, ઈન્દ્ર, ઈન્દ્રાણી, ગણેશ વગેરેનાં શિલ્પો છે, બહારના ભાગમાં વેદી પણ છે. શરણેશ્વર મંદિરના ચોકમાં રક્ત ચામુંડાની ચાર હાથવાળી મૂર્તિ છે ...એકાદ કિલોમીટર ચાલી હરણાવ નદીનો બેઠો પુલ પસાર કરી જૈન મંદિર જોવા આગળ વધ્યા, વચમાં અનેક મેડિકલ પ્લાન્ટ ગાઈડે બતાવ્યા – જેમાં અશોકનાં ઝાડ કે જેમાંથી અશોકારિષ્ટ – હાર્ટની આયુર્વેદિક દવા બને છે તે મુખ્ય હતાં. ત્રણ જૈન મંદિર પણ ૧૫ સદીનાં છે. મંદિર પરિસરમાં નૃત્ય મંડપ પણ છે, બાજુમાં વાવ આવેલ છે – આ મંદિર વિષે પણ દલસુખે ઘણી વાતો કરી. પ્રવેશદ્વાર પાસે સુંદર મજાની કેન્ટીન છે, ત્યાં ભોજન મળી રહે છે. ઑર્ડર આપો તો ૬૦-૭૦ માણસનું ભોજન પણ બનાવી આપે છે. ત્યાં ભોજન કર્યા, પછી ડેમ જોવા ગયા. જગ્યા સુંદર છે. બે કિલોમીટર ચાલવાનું અને ચડવાનું હોવાથી માર્ગ થોડો કઠિન છે, પરંતુ ઉપર પહોંચ્યા પછી પ્રદેશ જોવા જેવો છે, વણજ ગામ પાસે આવેલ હોવાથી વણજ ડેમ તરીકે પણ ઓળખાય છે. ૧૯૯૦માં બંધાયેલ આ ડેમ ૧૨૦ ચોરસ કિલોમીટર વિસ્તારમાં પાણી પૂરું પાડે છે.

વળતાં, દલસુખ કેમ્પ સાઈટ પર આવી આ જંગલ વિશે માહિતી આપતો હતો.. આ સાઈટ પર સુંદર મજાનો ટાવર છે કે જેના પર ચડી આસપાસના પ્રદેશની શોભા–સરિતા નિહાળી શકો છો, ગાઈડ જાત જાતનાં પક્ષીઓ, તેના સ્વભાવ, વિશેષતા વગેરેની માહિતી આપતો હતો અને સૌ શાંતિથી રસપૂર્વક તેની વાતો સાંભળતા હતા, ત્યાં બાજુના એક ઝાડ પરથી સમડી જેવો પણ કર્કશ અવાજ આવ્યો અને દલસુખે કહ્યું ‘‘વહુઘેલો બોલ્યો’’

‘‘શું ?’’ મેં અચરજથી પૂછ્યું

....અને તેણે કથા માંડી. ‘‘આ સમડી જેવા મોટા પક્ષીનું નામ છે – રાખોડી ચિલોત્રો (grey hornbill)....પણ તે વહુઘેલા નામથી વધારે જાણીતો છે કારણ કે જયારે તેની મિસિસ પ્રેગનન્ટ (આ શબ્દો ગાઈડના છે) હોય છે ત્યારે પત્નીની સારી



સારસંભાળ તે રાખે છે. આવાં મોટાં પક્ષી ઝાડની બખોલમાં જ માળો બનાવતાં હોય છે, ડિલિવરી પહેલાં બખોલમાં માદા ભરાઈ જાય છે, નર બહારથી માળાને છાંદી દે છે માત્ર ચાંચ બહાર રહે તે પ્રમાણે માળો પેક કરી, આ ભાયડો આખો દિવસ દોડાદોડી કરી પોતાનું તથા પત્નીનું પેટ ભરે છે – દૂર દૂર ઊડી પત્ની માટે ભાવતાં ભોજન લાવી તેને જમાડે છે અને તેના અભાવા-ઓરતા પૂરા કરે છે. બચ્ચાના જન્મ પછી પણ આ પ્રવૃત્તિ ચાલુ રહે છે થોડા દિવસો પછી માળાનો થોડો ભાગ તોડી મા બહાર આવે અને ..પછી માબાપ બંને સાથે છોકરાને મોટાં કરે છે. માનવે રાખોડી ચિલોત્રા પાસેથી આ શીખવા જેવું છે.

.........અને એક અનોખી પ્રેમ કહાની સાંભળવા મળી. મને, કૉલેજમાં ભણતાં ત્યારે, ગીરના જંગલમાં ટ્રેકિંગ માટે ગયેલ ત્યારનો એક પ્રસંગ યાદ આવ્યો. સાસણથી તુલસીશ્યામ જતાં ઝાડીમાં એક સિંહ પોતાની ભાર્યા પાસે લપાઈ બેઠેલો હતો – ત્યારે ફોરેસ્ટ ગાર્ડ બોલેલો સા...બૈરીવહ્લો! કુદરતે પણ કમાલ કરી છે, માનવ, પશુ કે પંખી સર્વેને આ લેબલ લગાડી આપેલ છે. આ સ્થાને સવારના દશેક વાગે આવી પહોંચ્યા હતા. સૂર્યાસ્ત થવાની તૈયારીમાં હતો. ઘણું નવું જાણી, જોઈ આ વન પ્રદેશની વિદાય લીધી, પણ વચ્ચે હજુ એક સ્થળ જોવાનું બાકી હતું, વળતાં દશેક કિલોમીટરના અંતરે. વિરેશ્વર મહાદેવનું મંદિર આવતું હતું. પર્વતમાંથી જલધારાનો અભિષેક શિવલિંગ પર થતો હતો. આ સ્થળે સાંધ્ય આરતીનાં દર્શન કરી..... વચ્ચે આવતા હિંમતનગરમાં હાઈવે પર આવતી નવજીવન હોટેલમાં સ્વાદિષ્ટ દાલબાટી આરોગી, અમદાવાદમાં પ્રવેશ કર્યો ત્યારે રાત્રીના અગિયાર થવા આવેલા.

દિલ-દિમાગને તરબતર કરનાર આ પ્રવાસને હાલમાં બે વર્ષ પૂર્ણ થયાં છે ...પણ એ જંગલ, એ હરણાવ નદી, આદિવાસી યુવાન દલસુખ અને પેલો વહુઘેલો... આજે પણ આંખો સામેથી ઓઝલ થયા નથી.

**-મહેશકાન્ત વસાવડા**

## સ્વર્ગની અનુભૂતિ કરાવતા

# હિમાચલ પ્રદેશના હિમાચ્છાદિત પર્વત



નીપા વોરા

હિમાચલ પ્રદેશ એક અતિ મહત્ત્વના પર્યટન સ્થળ તરીકે ઓળખાય છે. હિમાચ્છાદિત પર્વતો અને રમણિય ખીણ પ્રદેશોની વિપુલ હારમાળા આંખોને ઠંડક આપે તેવી છે. આઠ સાથી મિત્ર પરિવારના ૨૪ યાત્રિકો હિમાચલ પ્રદેશ જવા ભુજથી અમદાવાદ, અમદાવાદથી સાંજે ટ્રેન મારફતે દિલ્હી જવા નીકળ્યા હતા. બીજે દિવસે સવારે દિલ્હી પહોંચ્યા જ્યાંથી બે ટેમ્પો ટ્રાવેલર દ્વારા હિમાચલ પ્રદેશની રાજધાની શીમલા તરફ પ્રયાણ કર્યું હતું. માર્ગમાં પીંજોર ગાર્ડન જોયું હતું. ૩૬૦ કિમીનું અંતર કાપ્યા પછી રાત્રિના શીમલા પહોંચ્યા હતા.

શીમલા ૨૨૦૫ મીટરની ઊંચાઈએ આવેલું હિલ સ્ટેશન છે. સવારે સ્થાનિક ઝાખુ મંદિર તથા હનુમાનજીના મંદિરે દર્શને ગયા હતા. જાણવા મળ્યા પ્રમાણે અહીં લક્ષ્મણજીને મૂર્છા આવી ત્યારે રામ એમને આ મંદિરમાં સારવાર અર્થે વિશ્રામ માટે લઈ આવ્યા હતા. ઉપરાંત ચર્ચ તથા લક્કડ બજાર અહીંનાં જોવાલાયક સ્થળો છે. ૧૬ કિ.મી.ના અંતરે આવેલું કુફરી મનોરમ દૃશ્યો અને ઘોડેસવારી માટેના અનુકૂળ ઢોળાવોને કારણે જાણીતું છે. સાંજે માલ રોડ પર ફરવા ગયા હતા.

શીમલાથી સવારે ૨૬૦ કિ.મી.નું અંતર કાપી વાયા બિલાસપુર, મંડી, કુલુ થઈને મનાલી પહોંચ્યા. અહીં ખુશનૂમા ઠંડી હતી. રસ્તામાં રીવર રાફટિંગ કરવાની અત્યંત મજા આવી હતી. કુલુ ખીણમાં મદમસ્ત બની વહેતી બિયાસ નદી લગભગ ૮૦ કિ.મી. સુધી વહે છે. કુલુની બહાર નીકળતાં ૪ કિમીની લાંબી ટનલમાંથી પસાર થતી વખતે ઊંચેથી રાડો પાડીને આનંદ લીધો હતો. માર્ગમાં સફરજનના ઝાડ જોયાં હતાં.

મનાલીની ઊંચાઈ ૨૦૫૦ મીટરની છે. ગાઢ જંગલો, જંગલી



ફૂલો અને ફૂલોના બગીચાઓ અહીંની વિશેષતા છે. આ વિસ્તારનું મોટુ માર્કેટ અહીં છે. મનાલીથી પ૨ કિમીના અંતરે આવેલા રોહતાગ પાસ ગયા હતા. રોહતાગ પાસની ઊંચાઈ ૩૯૮૦ મીટર છે. અત્યંત ઊંચાઈવાળો દુર્ગમ રસ્તો છે. બરફના પહાડ પર અનેરો રોમાંચ અનુભવાયો હતો. પરત મનાલી આવી માર્કેટમાં ખરીદી કરવા નીકળ્યા હતા.

મનાલી છોડીને ધર્મશાળા જવા નીકળ્યા. બંને સ્થળ વચ્ચે ૨૪૧ કિમીનું અંતર છે. પાલમપુર ખાતે બૈજનાથ મહાદેવ અને ધર્મશાળાની પાસેના ચામુંડામાના મંદિરે દર્શન કર્યાં હતાં. ધર્મશાળામાં સેન્ટ જોસેફ ચર્ચ, બૌદ્ધ મંદિર, ભાગ સુમાવ મંદિર તથા દાલ લેક જોયાં હતાં. ૧૯૬૦થી ધર્મશાળા બૌદ્ધ ધર્મનું ભારત ખાતેનું મુખ્ય મથક બની રહ્યું છે. સ્ટેડિયમ પણ બહારથી નિહાળ્યું હતું. રાત્રિના ડેલ હાઉસી પહોંચ્યા હતા.

ડેલ હાઉસી એક અત્યંત ખુશનૂમા ગિરિમથક છે. ૨૪ કિમીના અંતરે આવેલા ખજિયાર પહોંચ્યા હતા. કુદરતી સૌંદર્યથી ભરપૂર એવા ખજિયારને ભારતના સ્વીટ્ઝરલૅન્ડ તરીકે ઓળખવામાં આવે છે. અહીં વિશાળ મેદાનમાં લીલી ચાદર પથરાયેલી છે. ખુલ્લા ઢોળાવો, નાનું તળાવ તથા ચારે બાજુ ઊંચાં વૃક્ષોને લીધે આ જગ્યા અતિ ખૂબસૂરત લાગે છે.

ડેલહાઉસીથી ૧૮૦ કિમીના અંતરે આવેલા અમૃતસર જવા સવારે નીકળ્યા. બપોરે ૩૦ કિમીના અંતરે આવેલા વાઘા બોર્ડર જવા નીકળ્યા. પરેડ કાર્યક્રમ નિહાળ્યો. રાત્રિના પરત આવી સુવર્ણ મંદિરે ગયા હતા. મંદિર રોશનીથી ઝળહળતું હતું. મંદિરના પરીસરમાં લંગર પ્રસાદ લીધો હતો. બીજે દિવસે સવારે દુર્ગામાતાના મંદિરે દર્શન કર્યાં હતાં. અહીંથી જલિયાવાલા બાગ ગયા હતા. અંદર દાખલ થવાનો માર્ગ પ્રમાણમાં નાનો છે. અમૃતસરથી દિલ્હી, અમદાવાદ થઈને પરત ભુજ આવ્યા હતા. ૧૨ દિવસની સહેલગાહ યાત્રા પૂર્ણપણે સફળ રહી.

**– નીપા વોરા**

# ચાર ધામ યાત્રા :



**નિશિથ બક્ષી**

ઈશ્વરની અનુભૂતિ શબ્દ તો ઘણી વખત સાંભળેલો, પણ તેનો પ્રત્યક્ષ અનુભવ અમને આજે થયો. જગ-પ્રસિદ્ધ જ્યોતિર્લિંગ કેદારનાથના ધામમાં અમે આજે બપોરે જ પ્રવેશ કર્યો હતો. અત્યારે અમે મંદિરની બાજુમાં આવેલાં હિમાચ્છાદિત શિખરોની સન્મુખ આવેલ મેદાનમાં ઊભા હતા. એવું લાગતું હતું કે જાણે વાદળ જમીન ઉપર આવીને ઊભું રહી ગયું છે. હિમના શિખર પરથી આવી રહેલા પવનો અમને જાણે કે સ્વર્ગની અનુભૂતિ કરાવી રહ્યા હતા. આંખો બંધ કરતાં જ એવું લાગતું હતું કે મહાદેવ ખૂબ જ નજીકમાં ક્યાંક આપણી આસપાસ જ બિરાજમાન છે. ઈચ્છા તો એવી થતી હતી કે બસ અહીં જ રહીએ. કલાકો સુધી બસ અહીં જ બેઠા રહીએ, પરંતુ કુદરત તો એનું કામ કરે જ, એટલે ધીમે ધીમે પવન ઠંડો અને વધારે ઠંડો થઈ રહ્યો હતો. અમે સરકારી ટુરીઝમના હોલીડે હોમમાં રહ્યા હતા. સાંજના છ પછી તો બહાર નીકળવાનું પણ ખૂબ મુશ્કેલીભર્યું હતું. આથી અમો રાત્રિના ભોજન માટે નાસ્તા જેવું ગરમ ગરમ લાવી ક્વાર્ટર ઉપર મૂકી અને ફરવા નીકળ્યા હતા. આહ્લાદક લાગતો પવન ધીમે ધીમે બરછી જેવા પવનમાં પરિવર્તિત થવા લાગ્યો. અમે ક્વાર્ટરમાં પહોંચીને સીધા બ્લેન્કેટ, ગોદડાંમાં ભરાઈ ગયાં. હીટરની ગરમી રૂમમાં પ્રસરતાં ૩૦ થી ૪૦ મિનિટ લાગે એમ હતું. ભોજન બાકી હતું એટલે આરામથી અમે ચારે જણા બેઠાં. હું થોડીવારમાં તંદ્રાવસ્થામાં પહોંચી ગયો. મારી નજર સમક્ષ પ્રવાસના પ્રથમ દિવસનો ચિતાર ખડો થયો. મને બેંકમાંથી લીવ ટ્રાવેલ કન્સેશન મળતું હોવાથી, અમે ચારધામની યાત્રાએ નીકળવાનું નક્કી કર્યું હતું. વડોદરાથી દિલ્હીની ફ્લાઈટમાં બેસી અમે ફક્ત ૭૫ મિનિટમાં



દિલ્હી પહોંચી ગયાં. અમે એટલે હું, મારાં પત્ની નંદિતા, પુત્રી જલ્પા અને પુત્ર નીલય. સવારે ૧૧:૩૦ કલાકે પહોંચી ગયાં બાદ બુક કરેલ હોટલમાં પહોંચી, જમીને અમે કરોલ બાગની માર્કેટમાં ટહેલવા લાગ્યા. થોડી પરચૂરણ ખરીદી કરી, છ વાગે પાછા હોટલ પર પહોંચી ગયા. બીજા દિવસે નિયત સ્થાન પર ગઢવાલ ટૂરિઝમની બસના સ્ટેન્ડ ઉપર પહોંચી ગયાં. બસ આવતા સુધીમાં અન્ય પ્રવાસીઓ સાથે ઓળખાણ કરી. ભારતમાં કોઈ પણ પ્રવાસના સ્થળે જાઓ એટલે ગુજરાતીઓ તો હોય જ. સવારે ૧૦:૩૦ કલાકે બદ્રીનાથ, કેદારનાથ તથા માતાજીની જય બોલાવી, અમે પ્રવાસ શરૂ કર્યો. પાંચ વાગ્યે અમે હરદ્વાર પહોંચી ગયાં. હરદ્વાર ખાતે હોટલમાં ફ્રેશ થઈને સીધા ગંગા કિનારે હરકી પોડી પહોંચી ગયાં. ત્યાં ગંગા આરતીનાં ભવ્ય દર્શન કર્યાં. બીજે દિવસે સવારે દેહરાદૂન, મસુરી થઈને યમુનોત્રી જવા પ્રસ્થાન કર્યું. ચારધામ યાત્રાનાં, બે છેડાનાં ધામ છે, યમુનોત્રી અને કેદારનાથ. એટલે યાત્રા યમુનોત્રીથી શરૂ કરી, ગંગોત્રી બદ્રીનાથ અને કેદારનાથ એમ જઈ શકાય. બીજી તરફથી કેદારનાથ થઈને પણ યાત્રા શરૂ કરી શકાય છે. યમુનોત્રી તીર્થધામ, યમુનાજીના ઉદગમસ્થાનની નજીક છે. જોકે ઉદગમસ્થાન સુધી જવું દુર્લભ છે. યમુનોત્રી સુધી બસ રસ્તો નથી. આથી, લગભગ ૧૪ કિલોમીટર દૂર હનુમાનચટ્ટી સુધી જ બસ પહોંચે છે. અમે યમુનોત્રી જતાં રસ્તામાં ઉત્તરકાશીમાં થોડા સમય માટે ચાપાણી નાસ્તો કરવા રોકાયા. એકાદ કલાકમાં ફરી હનુમાનચટ્ટી જવા નીકળ્યાં. હનુમાનચટ્ટીથી યમુનોત્રી પગ રસ્તો છે, જેમાં ચાલીને, ઘોડા ઉપર અથવા ડોળીમાં બેસીને જઈ શકાય. યમુનોત્રી ખાતે અમે ચારેય જણા પોતપોતાના ઘોડા ઉપર બેસી રવાના થયાં. હવે, આ ઘોડાની ખાસિયત એવી હોય છે કે તેઓ ઉપર જતી વખતે ખીણ બાજુ જ ચાલે. રસ્તામાં એક તરફ ખીણ હોય અને બીજી તરફ પહાડ. નીલય તે વખતે ૧૫ વર્ષનો હતો, એટલે મોટો પણ નહીં અને નાનો પણ નહીં. થયું એવું કે તેનો ઘોડો અમારા ઘોડાથી થોડો આગળ નીકળી ગયો. ઘોડાવાળા શરૂઆતમાં ઘોડાની સાથે રહે, પણ પછી ઘોડાને છૂટા મૂકી દે. હવે નીલયનો ઘોડો અવારનવાર ખીણ બાજુ ધાર ઉપર ચાલે, એટલે નીલય ગભરાયો. અમે પણ ઘોડાવાળાને કહ્યું કે ભાઈ તું ઘોડાની સાથે રહે. આમ અમે હેમખેમ યમુનોત્રી ગામ સુધી પહોંચ્યાં. ચારધામની પૂરી યાત્રાના વર્ણનમાં તો એક નાની નવલકથા થઈ જાય, એટલે હું અમારા ચારધામ પ્રવાસના કેટલાક રસપ્રદ અને યાદગાર કિસ્સાની પ્રસ્તુતિ કરીશ. આશા છે, આપને ગમશે. અમે બધાં ચાલીને યમુનોત્રી માતાના અતિ પ્રાચીન મંદિરે

પહોંચ્યાં. ગરમ પાણીનો એક કુંડ ત્યાં મંદિરની બાજુમાં જ છે. દર્શન કરીને અમે થોડો સમય યમુના નદીને કિનારે વીતાવ્યો. ત્યાંથી અમે પાછા ઘોડા ઉપર જ હનુમાનચટ્ટી પહોંચ્યાં. હવે ચારધામનાં લોકેશન એવાં છે, કે દરેક ધામ, ઊંચાઈ ઉપર આવેલાં છે, એટલે દરેક ધામથી પાછા વળતાં, થોડું નીચે તો આવવું જ પડે. આથી અમે પણ ઉત્તરકાશી આવી, ગંગોત્રી તરફ જવા પ્રયાણ કર્યું. ગંગનાની થઈને હર્ષિલ સુધી જવાનું હતું. હર્ષિલમાં રાતવાસો કરવાનો હતો. રસ્તાની એક બાજુ પથ્થરના ડુંગરની હારમાળા દશ્યમાન થતી હતી. પર્વતીય રસ્તા પર મોટી બસ ચલાવી ન શકાય, એટલે બધી બસ ૨૪-૨૫ સીટની હોય. અમને સૌથી છેલ્લી સીટમાં જગ્યા મળી હતી. બસ તેની નોર્મલ ગતિએ જઈ રહી હતી. મારી પુત્રી મારી એક બાજુએ અને પત્ની મારી બીજી બાજુએ બેઠાં હતાં. નીલય જલ્પાની બાજુમાં બારી પાસે બેઠો હતો. અચાનક જ ખુલ્લી બારીમાંથી એક નાનો પથ્થરનો ટુકડો અંદર આવ્યો અને જલ્પાના કપાળમાં અથડાયો. પથ્થર એકાદ ઇંચ જેટલો નાનો હતો, પણ ડુંગર પરથી ગબડતો આવી અને તૂટીને બસ તરફ આવ્યો એટલે સ્પીડ ખૂબ જ વધારે હોય. જલ્પાને બે ઘડી તમ્મર આવી ગયાં. બસને અમે ઊભી રખાવી. પથ્થરનો ટુકડો પણ સીટ નીચેથી મળ્યો. પાણી વાળો રૂમાલ કરી કપાળે મૂક્યો. પાંચ સાત મિનિટમાં રાહત થઈ જતાં અમોએ આગળ પ્રસ્થાન કર્યું. હર્ષિલમાં રાત્રિરોકાણ કરી, અમે ગંગોત્રી તરફ પ્રયાણ કર્યું. ગંગોત્રીનું મંદિર ખૂબ સરસ છે. એકદમ નજીકમાં પવિત્ર ગંગા નદી વહે છે. દર્શન કરતાં પહેલાં અમે ગંગા નદીમાં હાથ પગ બોળવા, ધોવા માટે પહોંચ્યા. પગ બોળતાં પહેલાં હાથથી પાણી કેટલું ઠંડુ છે, તે જોવા હાથ પાણીમાં બોળ્યો. એકદમ બરફ જેવું ઠંડુ પાણી. હાથ પણ સુન્ન થઈ જાય થોડી વાર માટે એટલું ઠંડું. જોકે અમે હિંમત કરીને પગ બોળ્યા અને હાથમાં થોડું પાણી લઈ આંખે, મોઢે, માથે પણ લગાવી ધન્ય થયા. ગંગોત્રી મંદિરે આરતી દર્શનનો લાભ લઈ અમે પરત ફર્યા. ત્રીજું ધામ હતું, બદ્રીનાથ. ત્યાં પણ છેક સુધી બસ રસ્તો છે. અમે ભોજન કરીને બસમાં રાત્રે રુદ્રપ્રયાગ પહોંચ્યાં. ત્યાં રાત્રિરોકાણ બાદ બદ્રીનાથ પહોંચ્યા. બદ્રીનારાયણનું ભવ્ય મંદિર તથા પાછળ નીલકંઠ પર્વત દશ્ય ખરેખર અવર્ણનીય હતું. બદ્રીનાથનાં દર્શન કરી અમે ધન્ય થયા. બદ્રીનાથની નજીકમાં જ ગણેશ ગુફા, વ્યાસ ગુફા અને ભીમપુલ આવેલાં છે. ત્યાં અમે જીપમાં બેસીને પહોંચ્યાં. કહેવાય છે કે વેદવ્યાસજીએ મહાભારતની રચના વ્યાસ ગુફામાં બેસીને કરી હતી અને ગણેશજી તેમની ગુફા, જે વ્યાસ ગુફાથી એકાદ કિલોમીટર દૂર છે, ત્યાં બેસીને તેમણે મહાભારતનું લખાણ લખ્યું હતું. તે સમયમાં 'પરા' વાણીનો ઉપયોગ થતો હતો એટલે આ શક્ય બન્યું હતું. બદ્રીનાથ યાત્રાધામ બાદ અંતિમ પડાવ હતો કેદારનાથ. ચમોલી તરફ અમારી બસ પ્રયાણ કરી રહી હતી. બસની સ્પીડ ૧૫- ૨૦ કિલોમીટરથી વધારે હોતી નથી. ચમોલી જતો રસ્તો સાધારણ ઢાળ વાળો હતો. એકાએક બસ ડ્રાઈવરે બસ એક સાઈડ પર લીધી

અને પહેલા ગીયરમાં લઈને સાઈડની નાની બે ફૂટની દિવાલ સાથે બસના પડખાંને ઘસીને બસ અથડાવી. બસ થોડા આંચકા મારીને ઊભી રહી ગઈ. બધાના શ્વાસ અદ્ધર થઈ ગયા. સામે કોઈ ખાસ વાહન પણ નહોતું, છતાં બસને કેમ સાઈડ પર લીધી. થોડી જ સેકંડોમાં ખબર પડી કે બસની બ્રેક લગભગ ફેઈલ થઈ ગઈ હતી, એટલે ડ્રાઇવરે સમયસૂચકતા વાપરી બસને પડખાંભેર ઘસીને યોગ્ય જગ્યાએ ઊભી કરી દીધી. કોઈને આંચકાથી સહેજ પણ નુકસાન થયું નહોતું. બધા જોકે ગભરાઈ ગયા હતા. ડ્રાઈવરે દરેકને કારણ જણાવીને બીજી બસ આવે, ત્યાં સુધી બસમાં બેસી રહેવા જણાવ્યું. ફોન કરીને ગઢવાલ ટુરીઝમની ઑફિસમાં જાણ કરતાં, બીજી બસ દોઢ કલાક પછી આવી પહોંચી. બધાએ ભગવાનનો પાડ માન્યો કે બ્રેક ફેઈલ થયા છતાં સૌ બચી ગયા. ત્યાર બાદ ચમોલીમાં રાત્રી રોકાણ કરી સવારે કેદારનાથ ભણી નીકળી પડ્યા. બસ ગૌરીકુંડ સુધી જ જાય છે એટલે અમે ગૌરીકુંડથી ઘોડા ઉપર બેસી કેદારનાથ જવા નીકળી પડ્યા. મે મહિનો હોવા છતાં પણ કેદારનાથમાં દરરોજ વરસાદ પડે જ. આથી અમે રેઈનકોટ ચડાવીને જ ઘોડા ઉપર બેસી ગયાં. ત્રણેક કલાક પછી અમે ભવ્ય તથા અતિ પવિત્ર એવા કેદારનાથની ભૂમિ પર પહોંચ્યાં. સરકારી હોલીડે કેમ્પમાં ક્વાર્ટર ફાળવવામાં આવ્યું હતું. તેમાં અમે સામાન ગોઠવીને ચા પાણી માટે બજારમાં નીકળ્યાં. બીજે દિવસે સવારે પૂજા માટે



અમારા ઓળખીતા રમેશભાઈનો સંપર્ક કર્યો. સાંજે મંદિરની નજીક આવેલા મેદાનમાં અમે ફરવા નીકળ્યા. બસ પછી તો આપ જાણો છો શું થયું તે. મારી આંખ તંદ્રાવસ્થામાંથી ઉઘડી ત્યારે અડધો કલાક વીતી ગયો હતો. બીજે દિવસે સવારે પાંચ વાગે ઊઠી, ન્હાઈ પરવારીને પોણા છએ મંદિરે પહોંચી ગયાં. દોઢસો માણસો લાઈનમાં ઊભા હતા, પણ અડધા કલાકમાં વારો આવી ગયો. રમેશભાઈ અમારી સાથે જ હતા, તેમણે ખૂબ સરસ રીતે શ્લોકો બોલીને શિવલિંગની સાવ નજીક બેસીને ખૂબ સરસ ભક્તિભાવપૂર્વક પૂજા કરાવી. ચાર ધામ યાત્રા સફળતાપૂર્વક પૂરી થાય, એ ઈશ્વરની કૃપા જ ગણાય. પરત ફરતાં અમે ગૌરીકુંડ ઘોડા પર બેસીને પહોંચ્યાં. ત્યાંથી પાછા હરદ્વાર થઈ, મોટી બસમાં દિલ્હી પહોંચ્યાં. બીજે દિવસે વડોદરાની ફ્લાઈટમાં વડોદરા સ્વગૃહે પરત ફર્યાં. આ હતી અમારી યાદગાર, સફળ ચાર ધામ યાત્રા. જય મહાદેવ.

**– નિશિથ બક્ષી**

## વૈષ્ણોદેવી, જમ્મુ-કાશ્મીર

# અવિસ્મરણીય યાત્રા પ્રવાસ



નરેશ અંતાણી

શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈના સામયિક 'નાગર મંજૂષા' દ્વારા પ્રવાસ વર્ણન દર્શાવતો લેખ લખી આપવા નિમંત્રણ મળતાં જ કરેલા અનેક પ્રવાસોનાં વર્ણન સ્મૃતિમાં આવ્યાં, પરંતુ જ્ઞાતિના જ સામયિકમાં લેખ આપવાનો હોઈ ભુજ નાગર જ્ઞાતિ સંસ્થાના આયોજનમાં જ કરાયેલ પ્રવાસનું વર્ણન મોકલવાનું વાજબી લાગતાં ઈ.સ. ૨૦૨૧માં ભુજ જ્ઞાતિ તરફથી યોજાયેલ વૈષ્ણોદેવી, કાશ્મીર, જમ્મુના પ્રવાસનું વર્ણન લખી મોકલવાનું નક્કી કર્યું. આશા છે વાચકોને તે પસંદ પડશે તથા તેમના આગામી પ્રવાસ માટે મદદરૂપ પણ બનશે.

સપ્ટેમ્બર-ઓકટોબર મહિનાથી જ થી જ વૈષ્ણોદેવી, કાશ્મીર, જમ્મુ પ્રવાસના આયોજનની તડામાર તૈયારી આરંભાઈ હતી. પ્રવાસમાં જોડાનાર જ્ઞાતિજનો સાથે બેઠકોના દોર પછી સંપૂર્ણ આયોજન તૈયાર કરાયું. કુલ ૪૮ (૪૬ મોટાં તથા બે નાનાં ભૂલકાં) જ્ઞાતિજનો આ પ્રવાસમાં જોડાયા હતા. જેમાં ભુજ ઉપરાંત અમદાવાદ, ઉના, રાજકોટ તથા આદિપુરથી પણ જ્ઞાતિજનો સામેલ થયા હતા. ખૂબ ઉત્સાહના માહોલ વચ્ચે સંપૂર્ણ આયોજન તૈયાર થયા પછી જોડાનાર પ્રવાસીઓ પાસેથી ટિકિટ પૂરતાં નાણાં આગોતરાં મેળવી ત્રણ માસ અગાઉ રેલવે આરક્ષણ કરાવવામાં આવ્યું.

પ્રવાસનો આરંભ ગાંધીધામથી દર શનિવારે ઉપડતી ગાંધીધામ-કટરા રેલવેમાં તા. ૧૧-૧૨-૨૦૨૧ના કરવાનું નક્કી કરવામાં આવ્યું અને તે મુજબ તમામ ટિકિટો બુક કરાવવામાં આવી. પ્રવાસની વળતી સફર જમ્મુથી કરવાનું પણ નક્કી કરાયું અને તે માટે તા. ૧૯-૧૨-૨૦૨૧ની જમ્મુ-અજમેર તથા અજમેરથી ભુજ માટે બરેલી-ભુજ

એક્સપ્રેસમાં વળતા પ્રવાસની ટિકિટો પણ આરક્ષિત કરી લેવામાં આવી, કે જેથી પાછળથી સફરમાં કોઈ અગવડ સહન કરવાનો વારો ન આવે.

આ પછી પ્રવાસ માટેની દરેક બેઠકોમાં તમામ પ્રવાસીઓ હાજર ન રહી શકે આથી દરેક યાત્રિકને તમામ વિગતોની અદ્યતન માહિતી ઘેરબેઠાં મળી રહે તે માટે ખાસ વોટસએપ ગ્રુપ બનાવવામાં આવ્યું જેમાં પ્રવાસ અંગેની તમામ વિગતો દરેકને મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી. દરેક પ્રવાસીનાં નામ, ફોન નંબર સહિતની વિગતો તેમાં નોંધવામાં આવી. પ્રવાસ અંગેની તમામ સૂચના, ટિકિટ, હોટેલની વિગતો નક્કી કરાયેલાં ટીમ લીડરનાં નામો સહિતની વિગતો વોટસએપના માધ્યમથી દરેક પ્રવાસીને મોકલવામાં આવી અને તે દ્વારા પ્રવાસના આખરી આયોજન સુધી તમામને અવગત કરવામાં આવતા હતા. જે ટીમો પાડવામાં આવી હતી તેની વિગત એવી છે કે, કટરા પહોંચ્યા પછી ચાર ટેમ્પો ટ્રાવેલ બસની સુવિધા કરવામાં આવી હતી અને આ દરેક બસને નંબર આપી તેના ટીમ લીડર નક્કી કરવામાં આવ્યા હતા. આ ટીમ લીડરોમાં અતુલભાઈ મહેતા, જયમીન વોરા, નરેશ અંતાણી તથા મનિષ વૈદ્ય હતા. દરેક બસમાં બાર-બાર પ્રવાસીઓ નક્કી કરવામાં આવ્યા હતા.

ત્રણ મહિનાના ઉત્સુકતાભર્યા ઈંતેજાર પછી આખરે તા. ૧૧ મી ડિસેમ્બરનો એ દિવસ આવી પહોંચ્યો. આ દિવસે વહેલી સવારે ૬.૩૦ વાગ્યે ભુજથી એક બસ મારફત ગાંધીધામ તરફ જવા હોટેલ લેકવ્યૂ પાસે સૌ આનંદ કરતાં એકઠા થયા. ભુજથી ગાંધીધામ સવારે આઠ વાગ્યે પહોંચ્યા. ગાંધીધામમાં હોટેલ સ્વાગતમાં યાત્રિકો માટે ઈડલી, વડાં અને સંભારનો નાસ્તો તૈયાર જ હતો તેને સૌએ પ્રેમથી ન્યાય આપ્યો અને ગાંધીધામ રેલવે સ્ટેશને સૌ રવાના થયા.

ગાંધીધામથી સવારે ૯.૧૦ વાગ્યે ઉપડતી ગાંધીધામ-કટરા એકસપ્રેસ રેલવેમાં આ પ્રવાસનો આનંદ અને ઉલ્લાસભર્યા વાતાવરણમાં આરંભ થયો. રેલવે ખૂબ જ સમયસર ઊપડી. 'જય હાટકેશ તથા નમઃ પાર્વતી...ના ગગનભેદી નારા વચ્ચે યાત્રાનો શુભારંભ થયો.

૨૧ કલાકની સફર આનંદ-ઉલ્લાસ વચ્ચે આરંભાઈ અને ક્યારે પૂરી થઈ એની ખબર પણ ન પડી. માર્ગમાં અમદાવાદ, રતલામ, અંબાલા, પઠાણકોટ વગેરે સ્ટેશનમાં નાસ્તો, ચા તથા ભોજનનું આયોજન પણ સુંદર રીતે ગોઠવાયું. ચા, નાસ્તો તથા ભોજન દરેકને વ્યક્તિગત રીતે પહોંચે તેનું અંગત ધ્યાન રાખવામાં આવતું હતું.

તા. ૧૨ ના સાંજે ૬ વાગ્યે કટરા સ્ટેશને સૌ ઊતર્યા. અહીં અગાઉથી ગોઠવવામાં આવેલી વ્યવસ્થા મુજબ બસ યાત્રિકો માટે તૈયાર હતી, તેમાં સૌ પોતાના સમાનને બસની ઉપર મુકાવી બસમાં ગોઠવાયા. અહીં હોટલ 'ડોલ્ફીન'માં સૌ યાત્રિકોની આવાસની ગોઠવણ કરવામાં આવી હતી તે મુજબ દરેકને અગાઉથી ફાળવવામાં આવેલા રૂમોમાં સૌ પહોંચ્યા

અને નહાઈ-ધોઈને તાજા થયા.

પ્રવાસ દરમ્યાન ગુજરાતી રસોયા પ્રવાસમાં સાથે જ હતા આથી સાંજે હોટેલમાં ભોજન તૈયાર હોઈ સૌએ ભોજનને ન્યાય આપ્યો. એ પછી બે દિવસની રેલવેની સફરનો થાક અને વળી બીજે દિવસે એટલે કે, તા. ૧૩ના વહેલી સવારે શ્રીનગર જવાનું હોઈ સૌ યાત્રિકો આરામ ફરમાવવા પોતપોતાના રૂમમાં ગયા.

યાત્રાનો બીજો દિવસ એટલે યાત્રાનું એક આકર્ષણ એવા શ્રીનગર જવાનું હોઈ વહેલી સવારે સૌ તૈયાર થયા અને હોટેલના નીચેના મુખ્ય ખંડમાં એકઠા થયા ત્યાં ખારી પુરી અને ચા-કૉફી તૈયાર હતાં તેને ન્યાય આપી સવારના સાડા સાત વાગ્યે નક્કી કરાયેલી ચાર ટેમ્પો ટ્રાવેલ્સ બસમાં શ્રીનગર જવા રવાના થયા. ટેમ્પો ટ્રાવેલ્સ માટે જુદી જુદી ચાર ટીમ ભુજથી જ નક્કી કરવામાં આવેલી હતી તે મુજબ સૌ પોતપોતાની બસમાં ગોઠવાયા હતા.

સવારે સાડા સાત વાગ્યે પ્રવાસનો આરંભ કર્યો. માર્ગમાં જ સવારનો નાસ્તો તથા બપોરના ભોજનને સૌએ ન્યાય આપ્યો. ભોજન તો વનભોજન પ્રકારનું જ બન્યું માર્ગમાં એક વહેતાં ઝરણાં પાસે જ રસોઈ તૈયાર કરીને સૌ આનંદથી જમ્યા.

માર્ગમાં નવ કિલોમીટર તથા તેર કિલોમીટર લાંબી ટનલ પણ આવી તેનો પણ સૌએ લાભ લીધો, આટલી લાંબી ટનલમાંથી પસાર થવાનો અમારા પૈકી અનેકનો પહેલો અનુભવ હતો. આપણા ઈજનેરોની કુશળતા પર ગર્વ થાય એ પ્રકારની આ ટનલ છે તેમાં લાઈટિંગ, સુરક્ષા, આપાતકાલીન નિકાસના માર્ગ, તબીબી સુવિધા સહિત અનેક પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. જોતાં જ દંગ રહી જવાય એ રીતેની ટનલનો રોમાંચ સહુએ અનુભવ્યો.

આમ, આનંદ કરતાં સાંજે ૬ વાગ્યે શ્રીનગર પહોંચી ગયા. કટરાથી શ્રીનગર ૨૬૦ કિલોમીટર દૂર છે. અંદાજે પંદર લાખથી વધારે વસ્તી ધરાવતા જમ્મુ-કાશ્મીરના પાટનગર શ્રીનગરની ગણના દેશના મહત્ત્વનાં નગરોમાં થાય છે. તેનો વિસ્તાર ૨૯૪ ચોરસ કિલોમીટર છે. દાલ સરોવર તથા અનેક બગીચાઓથી શોભતું અનેક કુદરતી સૌન્દર્યથી ભરપૂર આ નગર એક સમયે આતંકીઓથી ત્રસ્ત હતું એની જરા પણ અસર આ પ્રવાસ દરમ્યાન દેખાઈ નહીં, પરંતુ એ માટે આપણા સૈન્ય દળોને ધન્યવાદ આપવા જોઈએ. અમારા આ પ્રવાસ દરમ્યાન જોવા મળ્યું કે નગર કે રાજ્યના આતંકગ્રસ્ત વિસ્તારોમાં દરેક એકસો મીટરના અંતરે કેન્દ્રીય અનામત પોલીસ દળના જવાન શસ્ત્રસજ્જ ફરજ પર જોવા મળ્યા, આ જવાન સતત બાર કલાક આ રીતે ખડે પગે પોતાની ફરજ બજાવે છે અને એટલે જ આ પ્રદેશમાં શાંતિ જોવા મળી અને દેશ-વિદેશના પ્રવાસીઓથી આ રાજ્ય પુનઃ ધમધમતું જોવા મળે છે. સૈન્ય દળો અને પેરામીલ્ટ્રી ફોર્સની ગાડીઓનો ધમધમાટ પણ સતત જોવા મળ્યો. કોઈ પણ ક્ષણે સંભવિત ગમે તે ઘટનાને પહોંચી વળવા સજ્જ સૈન્ય દળોને સલામ.

શ્રીનગરમાં હોટેલ સ્નો પેલેસમાં અગાઉથી સૌ

માટે બુકિંગ થયેલું જ હતું એટલે હોટેલમાં પ્રવેશતાં જ સૌને પોતપોતાના રૂમની ચાવી સોંપવામાં આવી.

યાત્રાનો ત્રીજો દિવસ એટલે તા. ૧૪-૧૨-૨૦૨૧ મંગળવારના સૌ યાત્રિકો કાશ્મીરના બરફાચ્છાદિત સ્થાન ગુલમર્ગ જવાના હતા. ગુલમર્ગ જમ્મુ-કાશ્મીર કેન્દ્ર શાસિત પ્રદેશના બારામુલા જિલ્લામાં આવેલું જાણીતું હિલ સ્ટેશન છે અને દેશનાં પ્રમુખ પ્રવાસન મથકોમાં તે મોખરે છે. શ્રીનગરથી ૫૬ કિલોમીટર દૂર છે. એનું મૂળ નામ તો ગૌરીમર્ગ છે; પરંતુ ૧૬મી શતાબ્દીમાં સુલતાન યુસુફશાહે તેનું નામ બદલીને ગુલમર્ગ કરી નાખ્યું છે. ગુલમર્ગને ધરતી પરનું સ્વર્ગ માનવામાં આવે છે એટલું કુદરતી સૌન્દર્ય અહીં ભર્યું છે. ભારતમાં બ્રિટિશ શાસનના અમલ દરમ્યાન ઉનાળાઓની રજા ગાળવા માટે બ્રિટિશરોએ ૧૯૨૭માં તેનો વિકાસ કરવાનું શરૂ કર્યું, ત્યાં સુધી એ બહુ ઓછું જાહેરમાં હતું. અહીં બ્રિટિશરોએ સ્થાપેલું વિશ્વનું સૌથી મોટું ગોલ્ફનું મેદાન પણ છે.

આવા પ્રાકૃતિક સૌન્દર્યસભર ગુલમર્ગમાં અહીં ખાસ આવી ઠંડીને રોકતાં કપડાં તથા હોલબૂટ ભાડે મેળવીને અમે સૌ પ્રવાસીઓએ દિવસભર આનંદ કર્યો, ભરપૂર બરફવર્ષાનો પણ આનંદ મેળવ્યો. અહીં અમારી યાત્રાની વચ્ચે જ વાતાવરણમાં પલટો આવ્યો અને આરંભમાં નાના ફોરાંથી આરંભાયેલા બરફના વરસાદે જોર પકડ્યું અને જાણે રૂના મોટા મોટા ગોટા પડતા હોય તેવો બરફ વરસાદનો આનંદ જ કંઈ જુદો હતો. અહીં સૌએ દિલથી તસવીરો પણ લીધી.

ગુલમર્ગમાં જમ્મુ-કાશ્મીરના રાજા હરિસિંહનો મહેલ પણ જોવાલાયક છે. અમારા પૈકીના કેટલાક પ્રવાસીઓએ આ મહેલ જોવાનો શોખ પૂરો કર્યો અને રાજવી ઠાઠનાં દર્શન કર્યાં અને તેના ઢોલિયા, સોફા, ભોજનકક્ષ, દરબાર હોલ વગેરે તેના રાચરચીલાં સાથે અહીં પ્રદર્શિત કર્યાં છે, તે જોવાનો આનંદ મેળવ્યો. આપણા માટે આનંદની વાત એ છે કે, જમ્મુના આ રાજવી હરિસિંહ દક્ષિણ ગુજરાતનાં મોટાં રજવાડાં ધરમપુર રાજવી પરિવારના જમાઈ છે.


વળતાં ગુલમર્ગમાં જ વરસતા બરફના વરસાદની સાથે સૌએ ગુંદરપાક, પુરી, ભજિયાં અને કઢીભાતના ભોજનનો પણ લાભ લીધો, પરંતુ એ દરમ્યાન યાત્રાના મુખ્ય સારથિ અતુલભાઈ મહેતા બરફમાં લપસી જતાં પડી ગયા અને ડાબા હાથ પર સમગ્ર શરીરનો ભાર આવી જતાં અસ્થિભંગ થયો, જ્યારે દીપકભાઈ અંતાણીનાં પત્ની પલ્લવીબહેન પણ આ બરફમાં લપસી જતાં તેમને પણ અસ્થિભંગની સાધારણ ઈજા થઈ. હાટકેશ કૃપાએ કોઈ મોટી ઈજા ન થઈ, યાત્રાને થોડું વિઘ્ન નડ્યું, સૂડીનો ઘા સોઈએ ગયો. અહીં જામેલો બરફ સતત પગરવને કારણે સખત અને લીસો થઈ જાય છે જેના પર ધ્યાન ન રહે તો લપસી જવાની સંભાવના વધારે રહે છે. જોકે, આવા બરફમાં આ લખનાર સહિત આઠેક જણા પડી ગયા હતા, પણ કોઈને ઈજા ન થઈ. ગુલમર્ગમાં અત્યાર સુધીનો સૌથી વધારે ઠંડીનો અનુભવ કર્યો.

ગુલમર્ગથી સૌ પરત ફર્યા અને પુલવામા, ઉરી

જોતાં સાંજે છ વાગ્યે શ્રીનગર આવી ગયા.

સાંજે હોટેલમાં સૌએ થોડો આરામ કર્યો. રાત્રે ભોજનમાં પાંઉભાજીને ન્યાય આપી આખા દિવસની બરફયાત્રાની યાદો વાગોળતાં સૌ રાત્રિનો વિશ્રામ કરવા ગયા.

યાત્રાનો પાંચમો દિવસ તા. ૧૫-૧૨-૨૦૨૧, બુધવારનો આખો દિવસ શ્રીનગર માટે ફાળવાયો હતો. આજે શ્રીનગરમાં માઈનસ ૨ ડિગ્રી ઠંડીનો અનુભવ પણ સૌએ કર્યો. સવારે સૌ વહેલાસર તૈયાર થયા અને સવારે સો પ્રથમ અહીંના પ્રસિદ્ધ શંકરાચાર્ય મંદિરનાં દર્શન કરવા સૌ ગયા. આ મૂળ તો શિવ મંદિર જ છે, પરંતુ અદ્વૈત વેદાંતના પ્રવર્તક આદિ શંકરાચાર્ય પરથી આ મંદિર શંકરાચાર્યનું મંદિર તરીકે વધારે જાણીતુ છે, તો એને કેટલાક જયેષ્ઠેશ્વર મંદિર તરીકે પણ ઓળખે છે. છઠી સાતમી શતાબ્દીનું આ મંદિર પથ્થરોની શિલાઓ ટેકવીને જ બનાવ્યું છે, આ મંદિર જોતાં ભુજનું પુઅરેશ્વરનું મંદિર વધારે યાદ આવ્યું. (હેમાળે વટ પુગો નિરંજન...) ઊંચા શંકરાચાર્ય પર્વતની ટોચે બિરાજતા શિવનાં દર્શન કરવા ૩૦૦ જેટલાં પગથિયાં ચડીને જવું પડે છે. અહીં એક અચરજ પણ થયું. મંદિરની સુરક્ષા માટે ગોઠવાયેલા એક કેન્દ્રીય અનામત પોલીસ દળના



જવાને અમને સૌને ગુજરાતીમાં બોલતાં સાંભળી ‘ક્યાંથી આવો છો?’ એવો સવાલ સીધો ગુજરાતીમાં જ કર્યો અને અમે સૌ ભુજથી આવ્યા છીએ એ જાણી એ આનંદિત થઈ બોલ્યો કે, ‘ભુજમાં સરપટનાકે મારું ઘર છે. ‘ભુજમાં એમનું સાસરું છે અને એટલે એણે પોતાનું ઘર પણ ભુજમાં જ બનાવ્યું છે. અમારી સૌ સાથે વાતો કરી એ ખૂબ આનંદમાં આવી ગયો. પોતાના ઘરના મળ્યા હોય તેવો રોમાંચ તેણે અનુભવ્યો.

શંકરાચાર્ય મંદિરથી સૌ શ્રીનગરના શાલીમાર અને નિશાંત બાગની મુલાકાતે ગયા. સુંદર મોટા બગીચા છે અહીં કેટલીય હિન્દી ફિલ્મના શુટિંગ ભૂતકાળમાં થયાં છે, પરંતુ અત્યારે શિયાળાની ઋતુ હોઈ અહીં પાનખર ચાલતી હતી આથી બગીચાનાં તમામ વૃક્ષો, ફૂલ-ઝાડ કરમાઈ ગયાં છે અને તેનાં તમામ પાન ખરી ગયાં છે. આ બગીચાનો આનંદ લેવો હોય તો મે-જૂન મહિનામાં અહીં આવવું પડે. પણ ત્યારે બરફનો આનંદ મેળવવા ખૂબ દૂર ઊંચે જવું પડે.

બપોર પછી અહીંના જાણીતા દાલ સરોવરની મુલાકાત લીધી. દાલ સરોવરમાં બોટમાં સફર કરી અને શિકારા પણ જોયા. શિકારામાં પણ હોટેલ જેવી સુવિધા રહેતી હોય છે. ઘણા લોકો એમાં રહેવાનો આનંદ પણ લેતા હોય છે. દાલ સરોવરની અંદર જ મારકીટ પણ ભરાય છે. બોટમાં ભરાતી તરતી મારકીટ કદાચ ભારતમાં એક અહીં જ છે. એ મારકીટમાંથી ખરીદીનો આનંદ પણ યાત્રિકોએ લીધો. શ્રીનગરમાં લાલચોક જોવાની ઘણાની ઇચ્છા હતી, પણ સુરક્ષાને લીધે ત્યાં ન જવાની અનેકની સલાહને ધ્યાનમાં લઈને લાલચોક જવાનું માંડી વાળ્યું.

યાત્રાનો છઠ્ઠો દિવસ તા. ૧૬-૧૨-૨૦૨૧, ગુરુવાર આજે શ્રીનગરને અલવિદા કરી પહેલગામ જવાનો કાર્યક્રમ હતો. સવારના વહેલા સૌ તૈયાર થયા અને સૌ પોતપોતાની નિયત બસમાં ગોઠવાયા અને પહેલગામ તરફ જવાનો પ્રવાસ આરંભાયો. માર્ગમાં સૂકામેવાની મોટી મોટી દુકાનો આવે છે એ પૈકી એક મોટી સારી દુકાન કિસાન કેસરમાં સૌ ગયા અને તમામે મન ભરીને સૂકામેવાની ખરીદી કરી. ત્રણ કલાકની મુસાફરી પછી પુલવામા, અનંતનાગ શહેરો જોતાં જોતાં બપોરે પહેલગામ પહોંચી ગયા.

પહેલગામ એ જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લાનું છ હજારથી વધારે વસ્તી ધરાવતું નાનું ગામ છે. ગામની આજીવિકાનું સાધન માત્ર હોટેલ ઉદ્યોગ જ છે. ઘરના દરેક સભ્યો કોઈ ને કોઈ હોટેલમાં જ નોકરી કરે છે એવું મને હોટેલ ટુરિસ્ટ પેલેસના એક કર્મચારીએ જણાવ્યું. પહેલગામ એ અમરનાથ યાત્રા માટેનું પ્રસ્થાન સ્થાન છે; માર્ગનું છેલ્લું વસ્તીવાળું ગામ એ પછી બરફ જ બરફ.. પહેલગામમાં હોટેલ ટુરિસ્ટ પેલેસમાં ઉતારો રાખવામાં આવ્યો હતો. સૌને રૂમ ફાળવવામાં આવ્યા એ પછી બપોરના ભોજનને ન્યાય આપવા સૌ ગયા. બપોરના ભોજન માટે હોટેલમાંજ નીચે તેના ભોજનકક્ષમાં રસોઈ કરી અને ત્યાં સૌએ દૂધપાક, પુરી મિક્સ શાકને ન્યાય આપ્યો. અહીં એક

વસ્તુ એ નોંધવાની કે, શ્રીનગરમાં બરફ જોવા છેક ગુલમર્ગ જવું પડ્યું, પરંતુ પહેલગામમાં તો હોટેલની બહાર જ બરફ જોવા મળતો હતો. દિવસના પણ માઈનસ ૧૦ ડિગ્રી ઠંડી પડતી હતી, આમ છતાં સૌ તેનો આનંદ લેતા હતા. બપોરના પહેલગામથી બેતાબ પોઈંટ તથા ચંદનવાડી જવા સૌ રવાના થયા. અહીં કાર કરવી પડી કેમ કે ભારે બરફમાં અને નાના માર્ગમાં બસ ચાલી શકે એમ નહોતી. સફરનો આરંભ કર્યો ત્યાં જ માર્ગમાં બધે બરફ જ બરફ જોવા મળતો હતો. બપોરના પણ મોડી સાંજ જેવું વાતાવરણ જોવા મળતું હતું. ચંદનવાડી પહોંચતાં પહેલાં જ બેતાબ પોઈંટ પાસે જ રસ્તામાં એટલો બધો બરફ હતો કે, કોઈ પણ કારનાં પૈડાં ચાલી શકે તેમ નહોતાં અને કાર લપસી જવાની પૂરી સંભાવના જણાતી હતી આથી બધી જ કારના ડ્રાઈવરોએ આગળ જવાની ના પાડી અને ઉદાસ થઈ સૌ પરત હોટેલમાં આવ્યા. ચંદનવાડી એ અમરનાથ યાત્રાની પદયાત્રાના આરંભનું સ્થાન છે તે જોવાની સૌની અને ખાસ કરીને જેઓ અમરનાથ યાત્રા નથી કરી શકયા તેઓની ઈચ્છા હતી, પણ તે ફળી નહી. પૂરા પોઈંટ ન બતાવવા છતાં બધી કારવાળાએ પૂરા પૈસા લીધા, જોકે, થોડી રકઝકના અંતે થોડા પૈસા ઘટાડ્યા હતા. બરફ પડયો છે અને કાર આગળ ચાલી શકશે નહીં એ જાણવા છતાં કારવાળા અમને લઈ ગયા અને અર્ધરસ્તેથી પરત લાવ્યા એ પરથી એવું લાગે છે કે, પૈસા મેળવવાની આ તેમની રમત જ હતી.

સાંજે સૌએ પોતપોતાના રૂમમાં કે હોટેલના મુખ્ય ખંડમાં બેસીને સમય પસાર કર્યો, માઈનસ ઠંડીમાં કયાંય બહાર જવાય એવું તો શકય જ નહોતું બહાર તો બરફ જ બરફ. રાત્રિના ભોજનમાં પરોઠા, શાક, પુલાવ, કઢીને સૌએ ન્યાય આપ્યો અને એ પછી સો પોતપોતાના ખંડમાં નિદ્રાધીન થયા. આટલા દિવસના પ્રવાસની સૌથી વધારે ઠંડીનો અનુભવ સૌએ પહેલગામમાં કર્યો, માઈનસ ૧૩ ડિગ્રી ઠંડી રાત્રિ દરમ્યાન સૌએ અનુભવી.

યાત્રાનો સાતમો દિવસ તા. ૧૭-૧૨-૨૦૨૧, શુક્રવાર આજે પહેલગામથી પરત કટરાની સફર કરવાની હતી. હવે યાત્રાનું મુખ્ય આકર્ષણ એવાં માતા વૈષ્ણોદેવીનાં દર્શન કરવા તરફની યાત્રાનો આરંભ થઈ રહ્યો હતો. સવારના આઠ વાગ્યે માઈનસ સાત ડિગ્રી ઠંડી હતી. સવારનો નાસ્તો હોટેલમાં કર્યો તથા નવ વાગ્યે પહેલગામથી જમ્મુ જવા રવાના થયા. માર્ગમાં હોટેલ ગ્રીન ટોપ હોટેલમાં રોકાયા. બપોરનું ભોજન રસ્તામાં જ એક હોટેલમાં કર્યું. સાંજે સવા છ વાગ્યે કટરા પહોંચી ગયા. જ્યાં અગાઉની જ હોટેલ ડોલ્ફીનમાં સૌનો નિવાસ હતો. તમામને પોતાના ખંડ ફાળવાયા. એ પછી કેટલાક લોકો આરામ ફરમાવવા લાગ્યા અને કેટલાક ખરીદી કરવા તથા ફરવા કટરાની બજારમાં નીકળી પડયા. યાત્રાના આરંભે કટરા આવ્યા હતા, પરંતુ એ માત્ર એક રાત્રિનો જ મુકામ હતો એથી આજે શહેર ફરવાનું નક્કી કર્યું. અજાણ્યા શહેરમાં આમ ફરવાની પણ એક મજા છે. જેનો અમે પણ આનંદ લીધો. રાત્રે નવ વાગ્યે ભોજનને ન્યાય આપી

સૌ પોતપોતાના ખંડમાં આરામ કરવા ગયા. આવતી કાલે માતા વૈષ્ણોદેવીનાં દર્શન કરવા જવાનું હોવાથી સવારના વહેલા ત્રણ વાગ્યે ઊઠવાનું નક્કી કર્યું.

યાત્રાનો આઠમો દિવસ તા. ૧૮-૧૨-૨૦૨૧, શનિવાર. યાત્રાનું મુખ્ય આકર્ષણ એવાં માતા વૈષ્ણોદેવીનાં દર્શન કરવા તરફની યાત્રાનો આરંભ થઈ રહ્યો હતો. સવારના સૌ વહેલા ત્રણ વાગ્યે ઊઠી સ્નાનાદિ પતાવી હોટેલના નીચેના મધ્યસ્થ ખંડમાં એકઠા થયા. એ પછી વૈષ્ણોદેવી જવા હેલિકોપ્ટરની ટિકિટ મળી શકતી હોય તો તે માટે પ્રયત્ન કરવા અમે કેટલાક રિક્ષા કરી તેની ટિકિટ બારીએ ગયા, ત્યાં પહોંચ્યા પછી જાણવા મળ્યું કે, ટિકિટબારી છ વાગ્યે ખૂલશે, પણ લાઈન એટલી હતી કે, ત્યાંથીં બહાર નીકળવાનો કોઈ પ્રશ્ન જ ન હતો, કેમ કે, કેટલાય લોકો તો ગઈ મોડી રાત્રિથી જ લાઈનમાં હતા. છ વાગ્યે બારી ખૂલતા જ સમાચાર મળ્યા કે, તમામ ટિકિટ ફૂલ છે અને જો ટિકિટ રદ થશે તો જ મળશે. આથી અમે સૌએ સર્વાનુમતે એવો નિર્ણય લીધો કે, સાડા છ કિલોમીટરની યાત્રા ચાલીને કરવી અને એ પછી બેટરીકારની સેવા લઈ માતાના મંદિર સુધી પહોંચવું. જે લોકો ચાલી શકે તેમ નહોતા તેઓએ ડોલી તથા ઘોડાની સેવા લેવાનું નક્કી કરી સૌ તળેટીએ પહોંચ્યાં અને જે લોકો ડોલી-ઘોડામાં જવાના હતા એ લોકો માટે અતુલભાઈ અને સ્વયંસેવકોએ તેની વ્યવસ્થા કરી એ લોકોએ પ્રસ્થાન કર્યું અને બાકી જે ચાલીને જવાના હતા તે લોકોએ પણ જય માતાજીના નારા સાથે પ્રસ્થાન કર્યું.

અહીં માતા વૈષ્ણોદેવીના મંદિર વિશે થોડી વાત કરું તો, ત્રિકૂટા પર્વત પર બિરાજતાં વૈષ્ણોદેવીનું સ્થાન ભારતની પવિત્ર શક્તિપીઠોમાં મહત્ત્વનું છે. માતારાની અને વૈષ્ણોદેવીના નામે જાણીતા આ મંદિરનું સ્થાન ઉત્તર ભારતનાં પવિત્ર યાત્રાધામોમાં મહત્ત્વનું છે. કટરાથી નજીક જ આવેલા માતાના ઊંચા ડુંગર પર આવેલાં માતાના મંદિર સુધી જવા ૧૬ કિલોમીટરની યાત્રા કરવાની રહે છે. પર્વતના ઉતાર-ચડાવમાં જતાં જતાં યાત્રા કરવાનો આનંદ જ જુદો છે. મંદિરનું સંચાલન માતા વૈષ્ણોદેવી તીર્થમંડળ ટ્રસ્ટ કરે છે. મંદિરની ટોચ પર યાત્રિકો માટે રહેવાની, ભોજનની તમામ સગવડ મળી રહે છે. સોળ કિલોમીટરના યાત્રાના માર્ગમાં પણ ભોજન, ચા-નાસ્તો, ચા-કોફી, ઠંડાં પીણા, લીંબુ પાણી, ફળફળાદી વગેરેની દુકાનો સતત આવે છે. પ્રસાદ, ત્યાંની હસ્તકળાની વસ્તુઓ તથા અન્ય જરૂરી વસ્તુઓની દુકાન અને ચાલીને થાકી જનારા માટે મસાજ કેન્દ્રો વગેરે પણ સતત આવતાં રહે છે. આખાય માર્ગમાં ક્યાંય ખાલી જગ્યા નથી, આથી ચાલતા જનારને સતત વસ્તી રહે છે અને સમય ક્યાં જાય એ પણ ખ્યાલ ન આવે. ચાલતા જનારા તથા ડોલી કે ઘોડા પર જનારા યાત્રિકોની પણ સતત અવર જવર ચાલતી જ રહે છે. વળી ચાલવાનો માર્ગ પર છાપરાથી તથા આજુ બાજુ લોખંડની ગ્રીલથી બંધ કરેલો છે એટલે તાપ, વરસા કે ઠંડીથી પણ યાત્રિકોનું રક્ષણ થાય

છે આથી યાત્રાનો થાક પણ ઓછો જણાય.

પૌરાણિક કથાઓ અનુસાર માતા વૈષ્ણોદેવીએ ભૈરવનાથનો વધ કર્યો હતો અને જ્યાં ભૈરવનાથનું માથું પડયું તે સ્થાન માતા વૈષ્ણોદેવીના મંદિરથી ત્રણ કિલોમીટર દૂર છે તે સ્થાનની યાત્રા પણ કરવી જરૂરી મનાય છે કારણકે, માતા વૈષ્ણોદેવીએ ભૈરવનાથના વધ પહેલાં તેણે કરેલા પશ્ચાતાપથી એવું વરદાન આપ્યું હતું કે, મારા દર્શને આવનાર શ્રદ્ધાળુ તારા દર્શન કરશે તો જ તેમની યાત્રા સંપન્ન ગણાશે. આથી માતા વૈષ્ણોદેવીનાં દર્શને આવનાર દર્શનાર્થી ભૈરવનાથનાં દર્શન કરવા પણ અચૂક જાય છે. વૈષ્ણોદેવીથી ભૈરવનાથ જવા ઉડનખટોલા રોપ-વે ની પણ સુવિધા મળી રહે છે. ડોલી તથા ઘોડા પર જનારા અમારા પૈકીના પ્રવાસીઓ નીકળી ગયા પછી અમે સૌ સવારના સાડા સાત વાગ્યાની આસપાસ વાતો કરતાં, આસપાસના માહોલની મજા લેતાં ખુશનૂમા વાતાવરણમાં ચાલી નીકળ્યા. કાશ્મીર કરતાં અહીં ઠંડીનું પ્રમાણ ઓછું છે એટલે એમ પણ વાંધો ન આવ્યો અને તેમાંય અમે સૌ ચાલીને જતા હતા એટલે ઠંડી નહોતી લાગતી. માર્ગમાં ચણા, ફળ-ફળાદિ, ચા-કૉફીનો આનંદ લેતાં લેતાં અને કેટલાંક તો ગરબા રમતાં કરતાં સાડા છ કિલોમીટર ક્યારે કપાઈ ગયા એ ખ્યાલ પણ ન આવ્યો. બરાબર સાડા અગિયાર વાગ્યે સાડા છ કિલોમીટર કાપી બેટરીકારના સ્ટેશન પાસે પહોંચ્યાં ત્યાં જ અમારા પૈકીના યાત્રિક નચિકેતભાઈ પાઠક કે જેઓ અમારાથી અગાઉ બેટરીકાર સ્ટેશને પહોંચી ગયા હતા એમણે સમાચાર આપ્યા કે બેટરીકાર પણ ફૂલ છે અને હવે બપોરના ચાર વાગ્યા પછી ટિકિટ આપશે. આથી અમે સૌ ચાલીને જતા હતા તેમને એક નવો આનંદ લેવાની ઇચ્છા ફળીભૂત ન થતાં જરા હતોત્સાહ થયા. આથી સૌએ ઘોડા પર બાકીનું અંતર કાપવાનો નિર્ણય કર્યો. અહીં એક વસ્તુ નોંધવી જોઈએ કે, હેલિકોપ્ટરની ટિકિટ ન મળી અને બેટરી કાર પણ ન મળી, આથી માનસિક નિરાશા સાંપડતાં થાક અમને લાગવા લાગ્યો અને અમે ઘોડા પર જવાનો નિર્ણય કર્યો, પણ જો અગાઉથી જ હેલિકોપ્ટર કે બેટરીકાર સિવાય ચાલીને જ જવાનું નક્કી કર્યુ હોય તો બધાં એટલા જુસ્સામાં હતાં કે, સોળ કિલોમીટરનું અંતર અવશ્ય આરામથી કાપી શકત. હેલિકોપ્ટર તો મહિનાઓ અગાઉથી બુક થઈ જાય છે, આથી હવે પછી વૈષ્ણોદેવીની યાત્રાએ જનારા અને હેલિકોપ્ટરની સફર કરનારા સૌને રેલવેની ટિકિટથી પણ અગાઉ હેલિકોપ્ટરની ટિકિટ બુક કરાવી લેવી જરૂરી છે, કેમ કે, રેલવેની ટિકિટ તો તત્કાલમાં પણ મળશે, પણ હેલિકોપ્ટરની નહીં મળે.

ઘોડાની સફરનો આનંદ માણતાં અમે પોણા એક વાગ્યે માતાના મંદિરે પહોંચી ગયા. જોકે, ઘોડાની સવારી પણ આસાન નથી અને ઘોડેસવારી પણ એક કલા છે એનો પૂરો પરિચય આ સફર દરમ્યાન થયો.

ઘોડા પરથી ઊતર્યા પછી અડધા કિલોમીટર પછી માતાનાં દર્શન કરવા માટેની લાઈન શરૂ થાય છે અમે સૌએ ખૂબ આસાનીથી માતાનાં દર્શન કર્યાં. દર્શન

કરી મંદિર પરિસરમાં જ સૌ યાત્રિકો એકઠા થયા અને પરિસર બહારની એક હોટેલમાં મસાલા ઢોસાને ન્યાય આપી બપોરનું ભોજન સંપન્ન કર્યું.

વૈષ્ણોદેવી માતાનાં દર્શન કરી ભૈરવનાથના દર્શન કર્યા પછી સાંજે સાડા ચાર વાગ્યાથી અમે વળતી ઘોડાની સફર શરૂ કરી. દરેકના ઘોડા આગળ પાછળ જ હતા એટલે આરંભમાં તો વાતો કરતાં કરતાં જતા હતા, પણ જેમ સફર આગળ વધતી હતી એમ ઘણાને ચાલવા કરતાં પણ ઘોડેસવારીનો થાક વર્તાવા લાગ્યો, કેટલાક પ્રવાસીઓએ તો છેલ્લા બે'ક કિલોમીટર અગાઉ જ ઘોડા પરથી ઊતરી ચાલીને જવાનું મુનાસીબ માન્યું. જેમ તેમ કરી સાંજે સાડા છ સાત વાગ્યે સૌ તળેટીમાં આવી ગયા, પણ ઘોડેસવારીએ કેટલાકને થકવ્યા, તો કેટલાકને શરીર પણ દુઃખવા લાગ્યું. ઘોડેસવારીનો અનુભવ અને આવડત ન હોઈ નીક પણ પડી. આથી જ અગાઉ લખ્યું એમ ઘોડેસવારી પણ એક કલા છે તેની તાલીમ અને મહાવરો જરૂરી છે. ખેર, આ તો યાત્રાનો એક અનુભવ રહ્યો.

સાંજે પોણા આઠ વાગ્યાની આસપાસ સૌ હોટેલમાં આવી ગયા. સૌ થાકેલા હોઈ ભોજનને ન્યાય આપી સૌ પોતપોતાના રૂમમાં આરામ ફરમાવવા ગયા. યાત્રાનો નવમો દિવસ તા. ૧૯-૧૨-૨૦૨૧, રવિવાર. સવારના સૌ આરામથી સ્નાનાદિ પતાવી પોતપોતાનો સામાન પેક કરી ચા-નાસ્તા માટે હોટેલના નીચેના ખંડમાં સામાન લઈને જ એકઠા થયા. આજે જમ્મુ અને ત્યાંના પ્રસિદ્ધ રઘુનાથજીના મંદિરના દર્શને જવાનો કાર્યક્રમ છે. થેપલાં, ચા-કોફીના નાસ્તાને ન્યાય આપી સવારના દશ વાગ્યે પોતપોતાની બસમાં ગોઠવાયા અને કટરાથી જમ્મુની સફરનો આરંભ થયો. બરાબર સાડા અગિયાર વાગ્યે જમ્મુ પહોંચી ગયા. જમ્મુમાં સૌ પ્રથમ રઘુનાથજીના મંદિરનાં દર્શન કર્યાં.

જમ્મુના રઘુનાથજી મંદિરની સ્થાપનાનો જમ્મુના મહારાજા ગુલાબસિંહે ઈ.સ. ૧૮૫૭માં આરંભ કરાવ્યો અને તેમના પુત્ર રણવિરસિંહે મંદિરનું કામ સંપન્ન કરાવ્યું. જમ્મુ શહેરની મધ્યમાં આવેલા આ મંદિરમાં ભગવાન રામ તથા સીતા અને લક્ષ્મણની મૂર્તિઓની સ્થાપના કરાઈ છે. અહીં ચોત્રીસ કરોડ દેવતાઓના પ્રતીકરૂપ નાનાનાના શાલીગ્રામનાં દર્શન કરાય છે. એ અહીંનું આકર્ષણ છે તો ચારધામના દર્શન પણ કરી શકાય છે અને સુંદર શિવાલય પણ આકર્ષક છે. ઈ.સ. ૨૦૦૨માં આ મંદિર પર આતંકી હુમલો થયો હતો ત્યારે વ્યાપક નુકસાન થયું હતું ; એ પછી મંદિર બંધ કરી દેવાયું હતું અને ઈ. સ. ૨૦૧૩માં પુનઃ દર્શન માટે ખોલવામાં આવ્યું હતું.

રઘુનાથજીનાં મંદિરનાં દર્શન કર્યા પછી મંદિરની આવેલી બજારમાં સૌએ ખરીદીનો આનંદ માણ્યો, મોટા ભાગની ખરીદી અહીં જ કરાઈ. લગભગ દોઢ -બે વાગ્યે ભોજન તૈયાર કરી રાખ્યું હતું તેને સૌએ ન્યાય આપ્યો. એ પછી જમ્મુથી સાંજે છ વાગ્યે પ્રવાસની વળતી સફરનો આરંભ થવાનો હતો આથી બપોરના ચાર વાગ્યાની આસપાસ જમ્મુ રેલવે સ્ટેશને સૌ પહોંચી આવ્યા અને પ્લૅટફૉર્મ પર સામાન

રાખી સૌએ ચા-કોફી પીધાં. આજની વળતી સફર જમ્મુથી અજમેરની હતી. રેલવે પ્લૅટફૉર્મ પર આવતાં પોતપોતાની બોગીમાં સૌએ સામાન ગોઠવ્યો. બધાનો નંબર લગભગ સાથે જ હતો એટલે કોઈ તકલીફ ન પડી. સાંજે સવા છ વાગ્યે સમયસર રેલવે ઊપડી એ પછી સૌ વાતો કરતાં કરતાં બેઠાં આજે રેલવેમાં ભોજનની વ્યવસ્થા સમય અનુકુળ ન હોવાને કારણે થાય એમ નહોતી આથી સૌએ પોતપોતાના નાસ્તાને અરસપરસ વહેંચીને ન્યાય આપ્યો. એ પછી સૌ નિદ્રાધીન થયા.


યાત્રાનો દશમો દિવસ તા. ૨૦-૧૨-૨૦૨૧, સોમવાર. આજના અડધા દિવસની સફર ટ્રેનમાં જ પૂરી કરી બપોરના બાર વાગ્યે અજમેર ઊતર્યા. અજમેર રેલવે સ્ટેશનના લૉકરમાં સામાન મૂકી હોટેલમાં સ્નાનાદિ પતાવી ખવાજા ગરીબ નવાઝની દરગાહ તથા પુષ્કરની મુલાકાત લેવાનું નકકી કર્યું હતું, પરંતુ લૉકરમાં બધાનો સામાન આવે તેમ નહોતો અને તેમાં સમય પણ ખાસ્સો જાય એમ હોઈ, જેટલાનો સામાન લૉકરમાં આવ્યો એટલાનો મૂકી અજમેર શહેરની ગલીઓમાં આવેલી હોટેલ શંવારશરીફમાં સામાન મૂકવા રૂમ લીધા અને ત્યાં જ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. એટલે સૌ ફ્રેશ થયા ને ભોજન પૂર્ણ કરી ખ્વાજા ગરીબ નવાઝની દરગાહના દર્શન કરવા ગયા પારાવાર ગિરદીમાં માર્ગ કરતાં દરગાહે પહોંચ્યાં. દરગાહનાં દર્શન કરી પુષ્કર તરફ જવા એક બસમાં રવાના થયા. પુષ્કરમાં બ્રહ્માજીના મંદિરના દર્શન કરી પુષ્કર સરોવર જોઈ પુનઃ બસમાં ગોઠવાઈ રેલવે સ્ટેશન તરફ જવા રવાના થયા. રેલવે સ્ટેશનના લૉકરમાં રહેલો સામાન લઈ પ્લૅટફૉર્મમાં ગોઠવાયા. ત્યારે સાંજના પોણા સાત વાગ્યા હતા. રેલવે સ્ટેશનના પ્લૅટફૉર્મ પર જ સરસ પુરી શાક મળતા હતા એટલે એ જોઈને બધાએ તેનાથી જ સાંજનું ભોજન સંપન્ન કર્યું. બરાબર સાડા આઠ વાગ્યે દિલ્હીથી ભુજ જતી આલા હજરત બરેલી રેલવે આવતાં સૌજ્ઞ પોતપોતાની સીટમાં ગોઠવાયા અને ભુજ તરફથી સફર આરંભાઈ...

ધરતીનો છેડો ઘર.. એ ઉક્તિ ત્યારે જ સાર્થક લાગી જ્યારે તા. ૨૧-૧૨-૨૦૨૧૪ મંગળવારે સવારે નવ વાગ્યે ભુજ સ્ટેશને રેલવે થોભી કે તુરત સૌ પોતપોતાનો સામાન સંભાળીને તુરત પોતાના ગૃહ તરફ પ્રસ્થાન કરવા અધીરાં બન્યાં હતાં.

આમ, રંગે ચંગે એક સુખદ યાત્રા સફળતાપૂર્વક સંપન્ન થઈ.

**-નરેશ અંતાણી**

# ચરાતી ચરતો ભગઃ



**પદ્મજા વસાવડા**

કવિ શ્રી નિરંજન ભગતનું એક સરસ કાવ્ય,"હું તો બસ ફરવા આવ્યો છું....''માં કવિને આ જીવનમાં કેટલું બધું સાર્થક કરી લેવું છે એ સરસ રીતે વર્ણવ્યું છે. માણસ તેની જીવનયાત્રામાં કેટલી બધી વિવિધ પરિસ્થિતિમાંથી પસાર થતો હોય છે! જીવનની રોજિંદી ઘટમાળમાંથી કંઈક નવું કરવાની, ઘરની ચાર દીવાલોમાંથી કે તદ્દન વ્યસ્ત વ્યવસાયમાંથી થોડો આરામ મેળવવાની ઇચ્છા સામાન્ય રીતે સહુને હોય જ. જીવનમાં પરિવર્તન માટે યાત્રા પ્રવાસ જરૂરી છે. તેથી જેવી જેની અનુકૂળતા હોય તે પ્રમાણે સમયાંતરે કોઈ પ્રવાસ ખેડવો જરૂરી. સામાન્ય રીતે દરેકને કંઈક નવું જોવાની ઇચ્છા હોય જ.

જીવનમાં પ્રવાસ તો ઘણા ખેડ્યા હોય, પરંતુ કેટલાક પ્રવાસો યાદગાર રહી જાય તેવા હોય. આજે એવા એક યાદગાર પ્રવાસની વાત છેડવી છે. અમારા વિશ્વવિખ્યાત નાયગ્રા ધોધના પ્રવાસની. કોઈ પણ પ્રવાસમાં જવું હોય તો કેટલાય સમયથી તૈયારી કરી રહ્યા હોઈએ. બને ત્યાં સુધી કોઈ તકલીફ ન પડે તેનું ઝીણવટપૂર્વક ધ્યાન રાખીને જરૂરી ચીજ-વસ્તુઓ સાથે લઈએ. ક્યારે શું પહેરશું કે ખાવા પીવાનું રસ્તામાં શું લઈ જઈશું તે બધું વિચારીને તૈયારી કરીએ. તે રીતે અમે પણ યાદ કરીને સરસ બૅગ તૈયાર કરી. અમે રહીએ હ્યુસ્ટનમાં, પણ પુત્રવધૂને સેન્ટ લુઈસમાં ઑફિસના કામ અંગે પાંચ દિવસ જવાનું હોઈ, પહેલાં અમે ત્યાં ગયાં. ત્યાંથી અમારી ફ્લાઇટ બપોરે ૧.30 વાગે શિકાગોની હતી, જે માત્ર ૧ કલાક જેટલો સમય થાય. ત્યાં ૧ કલાકનો હોલ્ટ હતો પછી બીજી કનેક્ટિંગ ફ્લાઈટ ૧.30 કલાકની હતી, જે અમને પિટ્સબર્ગ પહોંચાડે. મારો પુત્ર તેના ઑફિસ કામે પિટ્સબર્ગ હોવાથી અમે ત્યાંથી બાય રોડ

નાયગ્રા જવાના હતા. આમ કુલ ૫ કલાકમાં અમે અમારા નિયત સ્થાને પહોંચી જવાના હતા તેથી સાથે માત્ર એક પર્સ અને નાની હેન્ડ બૅગ રાખી. પૌત્રી નાની એટલે તેને માટે થોડું ખાવાનું અને જરૂરી વસ્તુઓ હતી. બાકીની બૅગ ચેક ઈન કરાવવી તેમ નક્કી કર્યું. ઍરપોર્ટ પહોચ્યાં ત્યાં જાણ થઈ કે ફ્લાઈટ ૨ કલાક મોડી છે. થોડી વારમાં જોયું કે અન્ય ફ્લાઈટ્સના મુસાફરોનો સમૂહ પણ વધવા લાગ્યો. ઘોંઘાટ શરૂ થયો અને જાણવા મળ્યું કે સમગ્ર અમેરિકાની 'સાઉથ-વેસ્ટ ઍરલાઈન્સ'નું સર્વર ડાઉન થઈ ગયું હતું અને સિસ્ટમમાં અફરાતફરી મચી ગઈ હતી. તેથી તેમની પાસે કોઈ ડેટા ન હતો. જેને કારણે બધા મુસાફરો અટવાયા અને અકળાયા હતા. પ્રયત્નો ચાલુ હતા, પણ આ તો 'શેતાની ચરખા' કહેવાય ને ! કોઈ રીતે ગોઠવણ કરીને અમારો શિકાગોને બદલે કનેક્ટિકટની ફ્લાઈટમાં સમાવેશ કર્યો અને ત્યાંથી પિટ્સબર્ગની ફ્લાઈટ મળશે તેમ કહ્યું. ''વિવાદે, વિષાદે, પ્રમાદે, પ્રવાસે....'' માતાજીની સ્તુતિ કરી, વિઘ્નહર્તાને નમન કરી, પ્રવાસ શરૂ કર્યો. કનેક્ટિકટ રાત્રે ૧૦ વાગે પહોચ્યા. ત્યાં તપાસ કરી તો જાણવા મળ્યું કે સવારે ૫ વાગ્યાની ફ્લાઈટ છે. કંઈ ખાવાનું પાસે ન હતું. ઍરપોર્ટની શોપમાં શાકાહારી વાનગીઓ જ માર્યાદિત અને તેમાં પણ માણસોની એટલી ભીડ. કશું મળે નહીં. ઓઢવાનું નહીં. પૌત્રીને એક સીટ ઉપર હેન્ડબૅગમાં જે કંઈ હતું એ પાથરી સુવરાવી. તેની શાલ ઓઢાડી. અમે નીચે જમીન ઉપર આડાઅવળાં થયાં. આખી રાત ઍરપોર્ટ ઉપર ઠંડીમાં ઠૂઠવાતાં રહ્યાં. આમ કરતાં વળી ૫.૩૦ વાગે ફ્લાઈટમાં બેઠા અને ૬.૩૦ વાગે અમારો સંઘ અંતે પિટ્સબર્ગ પહોંચ્યો ખરો! (જે પ્રવાસ માત્ર ૫.૩૦ કલાકનો હતો એ ૧૮ કલાકનો થયો!)

પિટ્સબર્ગ ઊતરીને કન્વેયર બેલ્ટ ઉપર ઘણી વાર રાહ જોઈ. અમારી બૅગ આવી નહોતી. ઑફિસમાં તપાસ કરી તો જાણ થઈ કે એ બીજી ફ્લાઇટમાં જતી રહી છે. બહાર નીકળ્યા ત્યાં દીકરાને જોઈ રાહતનો શ્વાસ લીધો. હોટેલના રૂમમાં ફ્રેશ થયા. ચા-નાસ્તો કર્યાં. હવે બીજી જોડી કપડાં વિના કરવું શું? તેથી ઊપડ્યા કપડાં લેવા. વિસ્તાર એવો કે ભારતીય પોષાક તો મળે નહીં. ''બાવા બન્યા હૈ તો હિન્દી તો બોલના હિ પડેગા.'' ''જેવો દેશ તેવો વેશ''ની જેમ મરીને મુસલમાન બનવું પડ્યું. કૉલેજના દિવસો યાદ કરીને પેન્ટ અને ટોપ લીધાં. બે દિવસ રહ્યાં પણ સામાન આવ્યો નહીં.

બે દિવસ પિટ્સબર્ગની મુલાકાત લઈને, ત્રીજે દિવસે સવારે બાય રોડ નાયગ્રા જવા રવાના થયા. વાતવરણ સરસ હોવાથી સારી રીતે પહોંચી ગયા. હોટેલમાં જઈને ફ્રેશ થઈ નાયગ્રા દર્શન કરવા નીકળી પડ્યા. થોડે દૂરથી જ ધસમસતા ધોધના પ્રવાહનો અવાજ આવવા લાગ્યો. પાસે પહોંચતાં જ અલૌકિક દશ્યો જોવામાં આંખો સ્થિર થઈ ગઈ. કવિશ્રી ઉમાશંકર જોશી યાદ આવ્યા. ''સૌન્દર્યો પી ઉર ઝરણ ગાશે પછી આપમેળે''ની જેમ કુદરતના અદ્ભુત નજારાને નિહાળવામાં જાણે ઈશ્વર સાથે તાદાત્મ્ય



સધાઈ ગયું. દૂર ક્ષિતિજમાં જાણે ધરતી અને આકાશ એક થતાં હોય તેમ લાગે! વળી સૂર્યપ્રકાશ અને ધોધથી જે મેઘધનુષ સર્જાય છે તે આહ્લાદક! ત્યાંથી 'મેઈડ ઑફ ધ મીસ્ટ'ની બોટમાં દરિયા જેવી નાયગ્રા નદીની વચ્ચેની સફર ખૂબ રોમાંચક રહી. આ નદી જ કેનેડા અને ઉત્તર અમેરિકાને છુટ્ટા પાડે છે. ધોધના છાંટા જ એવાં હોય જાણે વરસાદ પડે. તેથી બધાને પહેરવા રેનકોટ આપે. આજુબાજુ મોટાં પક્ષીઓ અને પાણીમાં મોટી માછલીઓ. ત્યાર બાદ 'પવનની ગુફામાં ઉપર ચઢીને જવાનું. ત્યાં પણ રેનકોટ પહેરીને. ત્યાં ધસમસતો ધોધ આપણી ઉપર આવે. હું તો બોલ્યા જ કરતી, ''જો આ ધરતી પર સ્વર્ગ છે તો અહીં જ છે. અહીં જ છે.'' ત્યાંથી ખસવાનું મન જ ન થાય! નીચે ઊતરીને જમવા ગયાં ત્યાં એક સરસ રેસ્ટોરન્ટ મળી. પૂછ્યું તો ખબર પડી કે તેનાં માલિક ગુજરાતી હતા. પછી તો કંઈ કહેવાપણું હોય જ નહીં ને! તેમાં વળી તેમને ખબર પડી કે અમે પણ ગુજરાતી છીએ તેથી આગ્રહ કરીને, પ્રેમથી ગરમ રોટલી જમાડ્યાં. ત્યારે થયું, ''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.'' સાચું જ કહ્યું છે. જમીને ફરી ફરતાં ફરતાં ધોધ પાસે પહોચ્યાં. રાત્રે ત્યાંનો લાઈટ શો અને ફાયર વર્કસ જોવાની ખૂબ મજા આવી.

ઘણાં લોકો જેને 'દુનિયાની આઠમી અજાયબી' કહે છે તે નાયગ્રાનો આમ તો આ બીજી વારનો પ્રવાસ હતો. ત્યાર પછી પણ એકવાર જવાનું થયું, પણ આ તો એવું સ્થળ છે જ્યાં મન કદી તૃપ્ત જ ન થાય!

બીજે દિવસે પાછાં ફરતાં બે દિવસ ભાણેજને ઘેર પેન્સિલવેનિયા રોકાયાં. મજાની વાત તો એ થઈ કે આટલા વિશ્વવિખ્યાત સ્થળની મુલાકાતમાં આઠ દિવસ અમે બે જોડી કપડાંમાં દરરોજ ધોઈને આખો પ્રવાસ પૂરો કર્યો. ત્યારે તો જાણે બ્રહ્મજ્ઞાન આવી ગયું કે આપણે નકામાં કપડાંથી કબાટ ભરીએ છીએ. જોકે ઘેર આવતાં જ થયું કે આ તો માત્ર સ્મશાન વૈરાગ્ય જ હતો!

ત્યાંથી ફરી ફ્લાઈટમાં હ્યુસ્ટન પહોચ્યાં. ત્યાં કન્વેયર બેલ્ટ ઉપર બૅગની રાહ જોતાં હતાં ત્યાં પાસે ઘણી બૅગ પડી હતી ત્યાં કુતૂહલતાવશ જોયું તો અમારી બે બૅગ પણ હતી. આમ અમે પ્રવાસ કરી આવ્યાં, પણ અમારી બૅગ અહીં જ રહી હતી. આ પ્રવાસના અનુભવે એટલું તો શીખવ્યું જ કે, 'ગરજ ગાંઠે'ની જેમ એક જોડી કપડાં અને આપણી જરૂરી વસ્તુઓ આપણી સાથે જ રાખવી. બીજું એ કે ગમે તેવી મહાસત્તા હોય અને ટેકનૉલૉજીનો વિકાસ થયો હોય, તોપણ યાંત્રિક ખામી સર્જાઈ જ શકે.

આપણું જીવન પણ એક પ્રવાસ જ છે ને! તેની જેમ આપણી યાત્રા, પર્યટન દરમ્યાન, આપણે પહેલેથી ગમે તેટલું આયોજન કર્યું હોય તેમ છતાં કેટલાંક ચઢાવ-ઉતાર આવી શકે, મુશ્કેલીઓ પણ આવી શકે. કોઈની તબિયત પણ બગડી શકે. તેથી પ્રવાસમાં જતી વખતે કોઈ પણ સંજોગોનો સામનો કરવાની તૈયારી હોવી જોઈએ. 'ચાલશે, ફાવશે,' જો હોય તો વાંધો ન આવે. ખાવા-પીવામાં, સૂવા-ઊઠવામાં, હવામાનમાં ઘણો ફેર હોઈ શકે. તેથી સાનુકૂળ થવું પડે. પ્રવાસ ખૂબ જરૂરી છે. પ્રવાસથી વિકાસ થાય છે. આપણી દુનિયાથી બહાર નીકળીએ ત્યારે કેટલા વિવિધ પ્રકારના માણસોનો પરિચય થાય અને અનુભવો મળે. પ્રવાસથી ઘણું જાણવા, શીખવા મળે. આ સાથે કવિ રોબર્ટ ફ્રોસ્ટ યાદ આવે,

"ધ વુડ્સ આર લવલી, ડાર્ક એન્ડ ડીપ,
બટ આઈ હેવ પ્રોમિસીસ ટુ કીપ ઍન્ડ માઇલ્સ ટુ ગો બિફોર આઈ સ્લીપ."

**– પદ્મજા વસાવડા**

## અદભૂત અને આહ્‌લાદક અનુભૂતિ

# ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા



**શીતલ દેસાઈ**

મારે આજે જે પ્રવાસની વાત કરવી છે એ વિશિષ્ટ પ્રવાસ છે. પ્રવાસ કરતાંય વિશેષ છે, એ યાત્રા છે. અમે ૨૦૧૯ થી દર વર્ષે અમે (કોવિડનાં બે પ્રતિબંધિત વર્ષ સિવાય) ચૈત્ર મહિનામાં થતી પગપાળા ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા કરીએ છીએ.

લગભગ ૧૬ કિ મી લાંબી આ પરિક્રમામાં કેડી રસ્તે ચાલવાનું હોય છે. રસ્તો ઉબડ-ખાબડ હોય અને ક્યાંક ચડાણ અને ઉતરાણ હોય. ક્યાંક કેડી ચૂકી જાવ તો ભૂલા પણ પડી જાવ. અલબત્ત છેલ્લાં બે વર્ષમાં સુવિધા વધી છે. મોટા ઍરો સાથેનાં પરિક્રમાનો રસ્તો દર્શાવતાં બોર્ડ મુકાયાં છે. પહેલાં રાતે પરિક્રમા કરો તો માર્ગમાં એકાદ વિસામો જ ખુલ્લો હોય તેમ બનતું. પરિક્રમા માટે આવનારા લોકોની સંખ્યા વધતાં ઠેર ઠેર ચા-નાસ્તા-કેળાં-છાશ આપતાં વિસામાઓની સંખ્યા વધી છે અને તે અડધી રાતથી જ ચાલુ થઈ જાય છે. બધા વિસામા પરથી એક પૈસો લીધા વિના આ સેવા આપવામાં આવે છે. તેઓ તમે ના પાડો તો 'કંઈક તો લો' એમ આગ્રહ કરીને પરિક્રમાના પદયાત્રીઓની ખેવના રાખે છે. બધું મળે, પણ ચાલવું તો તમારે જ પડે અને માર્ગ એવો છે કે પરિક્રમામાં ફરીને એક જ સ્થળ પર પાછા ન આવો. એટલે તમે એક જગ્યાએ બેસી રહો અને પાછા ફરતા બધાની સાથે પાછા ફરો એ શક્ય નથી. There is no point of return. અને આમ પણ એ અંતરિયાળ રસ્તે યાત્રીઓ પણ સમૂહમાં જ જતા હોય છે. અલબત્ત આ વર્ષે પહેલી વાર જોયું કે કેટલાક પોઈન્ટ વચ્ચે ચાલતાં થાકી ગયેલાને લાવવા માટે સ્પેશિયલ જીપ મૂકેલી! બાકી આખા રસ્તે અહીં કોઈ પણ વાહન ચાલી ન શકે એવી કેડી છે.

ચૈત્રી નવરાત્રિ પૂરી થતાં જ ચૈત્ર સુદ દસમ, ૩૧ માર્ચ

૨૦૨૩ના રોજ રાતે અમે નર્મદા પરિક્રમા માટે પ્રયાણ કર્યું. કેટલાક લોકો પહેલી વાર આવતા હતા. તેમને અજબ ઉત્સાહ હતો અને સાથે ચિંતા પણ. મારા એક મિત્ર મને વારે વારે પૂછતા હતા, ‘ચલાશે ને મારાથી?’ હા.. હા.. કેમ નહીં? હું કહેતી તો ખરી, પણ મનમાં તો ડર લાગતો. કારણ દર વર્ષે કોઈ એક તો એવું નીકળતું જ જેને સતત ચાલવાનું અઘરું પડતું અને પછી કોઈક વાર ચંપલ બદલાવીએ ને કોઈને ડંખતા પગ માટે વળી મોજાં આપીએ અને માંડ કરીને ગાડી ચાલતી. અમારા વીસ-પચીસના સમૂહમાં દરેક વયજૂથની વ્યક્તિઓ હતી. સિનિયર સિટિઝનને સૌથી વધુ ઉત્સાહ હતો, તો યુવાનો પણ ચાલવા માટે કટિબદ્ધ હતા. અમારી સાથે એક વિશેષ યાત્રી હતા. ગયા વર્ષે અમારી સાથે નર્મદા પરિક્રમામાં આવવાનાં હતાં તે યુવતીને ફેબ્રુઆરી મહિનામાં એક્સિડંટ થયો. અને પગનું હાડકું વિચિત્ર રીતે ભાંગ્યું. કટકાઓને સાંધતાં ડૉક્ટરને દમ આવી ગયો અને ચાર-પાંચ મહિના પછી તેના માટે ચાલવાનું શક્ય બન્યું અને હજી દસ મહિને પણ તે ખોડંગાઈને જ ચાલી શકતાં હતાં, પણ તેણે તો હિંમત કરી જ નાખી. કહે છે ને કે ‘હિંમતે મર્દા તો મદદે ખુદા’ પહેલા ઉતારે જ કોઈકે તેમના હાથમાં લાકડી પકડાવી અને પછી તો માનશો ધીરે ધીરે તેણે આખીય યાત્રા સંપન્ન કરી!


વડોદરાથી અમારે રાજપીપળા પાસે આવેલ રામપુરા ગામ જવાનું હતું. ત્યાં પહોંચતા બારેક વાગી ગયા. અમે સામાન્ય રીતે ત્યાં રોકાઈને દોઢેક વાગે યાત્રા ચાલુ કરીએ, જેથી ભીડ કે તડકો ન નડે. આ વખતે તો બાર વાગે જ લોકો ચાલતાં જતાં મળ્યા. રોકાણ કરવાનું માંડી વાળી અમે યાત્રાના આરંભ માટે તૈયાર થઈ ગયા. રામપુરા ગામમાં આવેલ રણછોડ મંદિરમાં વિશાળ વડલાની પરિક્રમા કરી, બંધ જાળીએ દેવનાં દર્શન કર્યાં, પ્રાર્થના કરી અને ‘નર્મદે હર’ના ઘોષ સાથે યાત્રા શરૂ થઈ.

શરૂમાં થોડો રસ્તો પાકો છે અને રસ્તા પર લાઈટ પણ હોય. પછી સહુએ ઉપર ચંદ્ર અને નીચે બેટરીનું ચાંદરણું – ના પ્રકાશમાં ચાલવાનું શરૂ કર્યું. અહીં મોબાઈલની ટોર્ચ ન વપરાય. અડધો પોણો કલાક થાય ત્યાં તો પગ થાંભલો થઈ ગયા. જાણે આગળ ચલાશે કે કેમ. વચ્ચે વિસામા પર થોડું રોકાઈને ફરી ચાલવાનું શરૂ થાય. પહેલા વિસામા પરના કેળાંના પ્રસાદે ઊર્જા આપી. આ વિસ્તારમાં કેળાંનો મબલક પાક થાય છે. ખેતરનાં તાજા અને આપમેળે પાકેલ ફળની મીઠાશ જ જુદી. ધીમે ધીમે પગ ટેવાતાં ચાલે અને હેંડવા માંડે. કલાક – દોઢ કલાક ફરી ચાલ્યા. ત્યાં સામે મોટું ઉતરાણ આવ્યું.

‘ધીમે ઊતરો’ કોઈકે સલાહ આપી. ત્યાં તો અનુભવી બોલ્યાઃ

‘ના આમાં તો ભાગવું જ પડે, નહિતર પડીએ.’

એ પાર કર્યા પછી પુષ્કળ મોટા કાંકરાવાળો રસ્તો આવતો હતો, જે હવે સુધરી ગયો હતો. કાંકરા તો હતા, પણ જ્યાં પગ મૂકતાં પગ સીધો પડતો જ નહીં તે હવે સમતલ લાગ્યો. ત્યાર પછી એ મુકામ આવ્યો જ્યાંથી હોડીમાં બેસી સામા કાંઠે જવાનું અને



ત્યાંથી ઊતરી ફરી પદયાત્રા ચાલુ થાય. રાતે ત્રણ વાગે હોડીની ફેરી ચાલુ થાય. નીચે નર્મદાનાં પાણી મધ્યે વહેતી હોડી, ઉપરથી આવતો ચંદ્રપ્રકાશ અને રાત્રિની નીરવ શાંતિ એક અજબ વાતાવરણ ઊભું કરતાં હતાં – દિવ્ય, પવિત્ર અને ભવ્ય. હોડી ચાલુ થતાં જ 'નર્મદે હર' ની ગુંજ ફરી ઊઠી. સામા કાંઠે તિલકવાડા આવે. કેટલાક મહારાષ્ટ્રથી આવતા યાત્રીઓ અહીંથી પણ યાત્રા શરૂ કરે છે. કેટલાક યાત્રીઓ સફેદ કપડાં પહેરીને યાત્રા કરતા હોય છે. ત્યાંથી રેતાળ પટ શરૂ થાય છે. રસ્તો ચડાણવાળો પણ ખરો. એક સાથે જાણે બે ઋતુનો અનુભવ થાય. શરીર પરસેવે રેબઝેબ હોય અને આંખમાંથી શ્રાવણ નીતરે! પગ એકી-બેકી રમવાનું ચાલુ કરી દે. પહોંચાશે કે નહીં એનો અંદેશો રહ્યા કરે. સહેજ અજવાળું થયું ન થયું ત્યાં તો માર્ગમાં ભિક્ષુઓ જોવા મળે. એમાં નાનાં બચ્ચાં પણ ખરાં. અમે તેઓ માટે બિસ્કિટ લઈ જઈએ. કોઈ પૈસા પણ આપે, તમને જોતાં જ પોકારે, 'નર્મદે હર.' બિસ્કિટનાં પેકેટ ખાલી થઈ ગયાં પછી બાળકો 'નર્મદે હર' કહી આપણી સામે જુએ ત્યારે આડું જોઈ જતાં મનમાં કચવાટ થાય. અહીં જ પાંડવ ગુફા આવે છે. આ રસ્તાની કેડી એવી છે કે ત્યાં બંને પગ એક સાથે મૂકી ન શકાય. એટલે એક પગ કેડી પર, બીજો તેની બાજુના નાના ટેકરા પર એમ જ ચાલવું પડે. થાક તો હોય જ તેમાં ચાલવાનું કપરું – કાયમ પરિક્રમા કરનાર અને નિયમિત લાંબું ચાલનાર લોકો પણ હાંફવા માંડે. કપરા માર્ગમાં એક મોટો સાથ

એ કે ત્યાંના રસ્તામાં મા નર્મદા તમારી જમણી તરફ વહેતાં હોય. એને નિહાળતા જાવ અને વહેતા જાવ.

તે રસ્તો પૂરો થવાના થોડે જ પહેલાં તાજેતરમાં એક સરસ નંદીની તથા અન્ય મૂર્તિ મુકાઈ છે. અહીં સેલ્ફી અને ફોટા પાડીને લોકો જાણે થાક ઉતારે! થોડું ચાલતાં જ નદીનો મોટો પટ આવે, જેમાં શ્રદ્ધાળુઓ પ્રેમથી નહાય. આ સ્થળેથી થોડું અંતર ફરી હોડીમાં કાપવાનું જેથી સામેના ઘાટ પહોંચાય, જે તરફથી યાત્રા શરૂ થઈ હોય. એ ઘાટને કીડી મંકોડી ઘાટ કહે છે.

યાત્રા માર્ગની શરૂઆતમાં જ ઉદાસીન (નિરપેક્ષ સંન્યાસ આશ્રમ) વિસામો આવે, ત્યાર પછી નર્મદા માતાનું મંદિર આવે જેમાં અતિ સુંદર મૂર્તિ છે. રામજી મંદિર હોય કે કે શિવજીનું મોટું મણિનાગેશ્વર – સઘળે જાણે એક દિવ્ય ચેતનાનો ભાસ થાય.

એમ કહેવાય છે કે નર્મદા મૈયાની આખી




પરિક્રમા ન થઈ શકે તો પણ ઉત્તરવાહિની પરિક્રમા કરવાથી તેના જેટલું જ પુણ્ય મળે છે. કારણકે સામાન્ય રીતે કોઈ પણ નદીનો પ્રવાહ દક્ષિણ તરફ વહેતો હોય છે. માત્ર આ સ્થળ પર નર્મદા ઉત્તર તરફ વહેતી હોવાથી તેનું મહત્ત્વ વધી જાય છે. વારાણસીમાં અમુક ભાગમાં ગંગા ઉત્તર તરફ વહે છે, તેથી તે પવિત્ર સ્થળનો મહિમા વધી જાય છે. કહે છે કે બલિ રાજા તેની સ્વરૂપવાન અને ગુણવાન કન્યા રેવતીને યોગ્ય વર શોધવા માટે બ્રહ્મદેવ પાસે ગયા અને તેમણે બલિને ઉત્તરવાહિની નર્મદાના કિનારે તપ કરવાનું કહ્યું. આ તપસ્યા પછી રેવતીજી બલરામજીને વર્યા. નર્મદા શિવજીનાં પુત્રી ગણાય છે અને નર્મદા કિનારે 'જેટલા કંકર એ શંકર' એમ પણ કહેવાય છે. ત્રેતાયુગ પછી આ પરિક્રમાનું મહાત્મ્ય વધ્યું છે.

હા, તો હોડીમાં નદી પાર કરી સામા ઘાટ પહોંચ્યા, જ્યાંથી શરૂઆત કરી હતી. ના, એટલે પૂરું નથી થયું. અહીં પાછાં પગથિયાં..

એ સોએક પગથિયાં ચડતાં તો જાણે ગિરનાર ચડતાં હોય તેવું લાગ્યું અને રેવાની આ યાત્રા મારા રૈવતનાં સ્મરણ સાથે સંપન્ન થઈ.

પ્રથમ વાર યાત્રાનું વર્ણન ૨૦૧૯ માં જન્મભૂમિ પ્રવાસીમાં 'બ્લોગ નાં ઝરૂખે' કૉલમ અંતર્ગત પ્રકટ થઈ ચૂકેલ છે. *Link:- https://sadesaivp.blogspot.com/2019/04/uttarvahini-panchkoshi-narmada-parikrama.html*

**– શીતલ દેસાઈ**

## એક અવિસ્મરણીય પ્રવાસ...

# કચ્છ રણોત્સવ...



**સૌરભ વોરા**

મર, મેરુ અને મહેરામણ કુદરતના આ ત્રણે કરિશ્મા એકીસાથે માણવા હોય તો તે છે કચ્છ... વળી ચાંદની, રાત્રે હીરાજડિત સફેદ રણની સુંદરતા માણવી એ એક અવિસ્મરણીય લહાવો છે, સાથે સૂરખાબનાં ટોળાં, ધોળાવીરાની સંસ્કૃતિ, કચ્છી ગધેડાનાં અભ્યારણ્ય, બન્નેનાં વિશાળ ઘાસનાં મેદાનો, કાળા ડુંગર પરથી રણની સુંદરતા, ભવ્યતા માણવા અમે કચ્છ રણોત્સવમાં જવાનું નક્કી કર્યું. આ પ્રવાસ અમારા ધાર્યા કરતાં અનેક ગણો આનંદદાયક નીવડ્યો, તેથી આવતે વર્ષે તમે પણ તેમાં સહભાગી થઈ શકો એ ઉદ્દેશ્યથી આ પ્રવાસ વર્ણન લખવા પ્રેરાઈ છું. આ પ્રવાસનું આયોજન આપણે ન કરી શકીએ એવાં સ્થળોને આવરી લેવામાં આવ્યાં છે. આથી જ આપણા માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘ દષ્ટિ અને સુંદર આયોજનથી જ આ શક્ય બન્યું છે. જેમણે કચ્છના સફેદ રણને અને સંસ્કૃતિને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી દુનિયાના નક્શા પર સ્થાન અપાવ્યું. કચ્છી પ્રજાની સો સો સલામ!

કચ્છ રણોત્સવનું આયોજન માગશર માસની પૂનમ સફેદ રણમાં માણી શકાય તે રીતે કરવામાં આવેલ. તા ૧, ૨, ૩, ડિસેમ્બર ૨૦૦૯. સૌ પ્રથમ વખતનું આયોજન. શ્રી. મોદીસાહેબ પણ સાથે હતા. અમે પહેલીએ સવારે ભુજ સ્ટેશન પહોંચી ગયાં, જ્યાં અમારું અનોખું સ્વાગત કરવામાં આવ્યું. કચ્છી ઢબે ઢોલ શરણાઈ નગારાં વગાડી, કચ્છી ભરતકામ આભલા જડિત ચણિયાચોળી પહેરેલી સુંદર કન્યાઓએ ચાંદલા કરી અમારું સ્વાગત કર્યું. સુગંધિત કોલન વોટરવાળાં સફેદ નેપકીનથી ફ્રેશ થયાં. ગરમાગરમ ચા-કોફી પી અમારો સામાન સુપ્રત કરી...



હાથમાં કેમેરા... સુંદર યાદો... દશ્યો ઝડપવા.. કલાત્મક બગલ થેલામાં કચ્છ વિષેનું સાહિત્ય, રેશમી સ્કાર્ફ, ટોપી, ગળામાં કચ્છી ભૂંગાની પ્રતિકૃતિવાળો બેજ અમારી ઓળખ માટે પહેરી અમે અમારી ટૂર માટે સજ્જ થઈ વાતાનુકૂલિત આરામદાયક બસમાં ધોરડો ગામ - ભુજથી લગભગ ૮૦ કિ.મી. દૂર - જવા રવાના થયાં. રસ્તામાં ઠેરઠેર રંગબેરંગી રેશમી ધજાઓ હવામાં લહેરાતી અમારું સ્વાગત કરતી હતી. વાતાવરણ ખુશનૂમા હતું. કચ્છની ભૂમિ ખારી પણ મન મીઠાં એવા કચ્છી માડુઓનાં ''અસાંજે વતન અચીજા..'' કહેતા લાગણીસભર ચહેરા... જેઓ કલાત્મક ભાતીગળ વસ્ત્રો, ઘરેણાંથી સજેલા.. ખમીરવંતી પ્રજાનો આવકાર અમને સ્પર્શી ગયો. ધોરડો ક્યાં આવી ગયું ખબર જ ન પડી. જંગલમાં મંગલ સમું ટેન્ટ સિટી વિશાળ વિસ્તારમાં કલાત્મક પંચતારક હોટેલ જેવી સગવડતાભર્યા તંબૂઓ નીચે લીલી જાજમ... ધૂળ.. રેતીનું નામોનિશાન નહીં. બધે જ સલામતીનો કડક બંદોબસ્ત. તહેનાતમાં સ્ટાફ સેવા માટે હાજર! ઊડીને આંખે વળગે એવું દરેક આયોજન! હા, ક્યારેક વધુપડતા ઉત્સાહમાં ગરબડ થઈ જાય!! પણ આટલાં મોટાં આયોજનમાં, આપણા પોતાના પ્રસંગમાં પણ આવું તો થઈ જાય. સવારે વહેલી ટેન્ટમાં ગરમાગરમ ચા.. વિશાળ ટેન્ટમાં ડાઈનિંગ હોલ.. કહેવાય છે કે કોઈ પણ પ્રસંગ-આયોજનની સફળતા તેમાં પીરસાયેલી વાનગીઓ પર નિર્ભર કરે છે. ખરેખર જે અહીં અનુભવ્યું. ત્રણે દિવસ દરેક ટંક જમણમાં અને નાસ્તામાં.. દક્ષિણ ભારતથી ઉત્તર ભારતની.. તો સુરતી, કાઠિયાવાડી, કચ્છી દરેક સ્વાદિષ્ટ વાનગીઓનો આસ્વાદ અમે માણ્યો..!!!

સાંજે રણોત્સવનું ઉદ્દઘાટન હમીરસરની પાળે શ્રી મોદી સાહેબે કર્યું. કચ્છ કાર્નિવલ એક યાદગાર કચ્છી સાંસ્કૃતિક કાર્યક્રમ વડે થયો. સજાવેલાં ઊંટ પર કચ્છી ભૂંગાની પ્રતિકૃતિ, માતાનો મઢ, કચ્છી ધમાલ, ખૂબ જ હર્ષોલ્લાસ, રોશની, આતશબાજી સહ આખું ભુજ હિલોળે ચડ્યું હતું. હમીરસરમાં પણ રોશનીથી ઝગમગતી હોડીઓ – અદ્ભુત અનુભવ!!! લોકો આનંદ થી ઝૂમી ઊઠ્યા.

બીજે દિવસે સવારે કાળો ડુંગર, દત્તાત્રેય મંદિર ગયા. જ્યાં સાંજની આરતી સમયે પ્રસાદ લેવા શિયાળો આવે છે. કાળા ડુંગર ઉપરથી રણનું અફાટ સૌંદર્ય નિરખી અમે સ્તબ્ધ. સફેદ રણ.. દૂર ક્ષિતિજ પાસે દરિયાની ઝાંયવાળું.. નિરભ્ર... નીલવર્ણ... આકાશ...!!! સાંજે સજાવેલી ઊંટગાડીમાં બેસી સફેદ રણ લઈ ગયા. લગભગ પાંચસો સજાવેલી ઊંટગાડીની વણઝાર... પશ્ચિમમાં અસ્ત થતો સૂર્ય અને દૂર છાયાચિત્રમાં સજાવેલાં ઊંટ. અમે કેમેરામાં અને આંખોમાં યાદો કેદ કરવા લાગ્યાં અને ત્યાં જ પૂર્વમાં પૂનમનો ચંદ્રમા સોળે કળાએ ખીલી ઊઠ્યો... અને સાથે જ શરણાઈના સૂરોથી વાતાવરણ આહલાદક બની ગયું. સફેદ રણ ઝગમગી ઊઠ્યું.!!!! મન ભરીને પ્રકૃતિને માણી સાથે કચ્છની ખમીરવંતી સંસ્કૃતિનો ચિતાર આપતો સુંદર કાર્યક્રમ અને સમોસા, કાલાજામુન, અડદિયા, વેફરની જયાફત પણ...!!!!

કાર્યક્રમ પૂરો થયો ને બધી જ બત્તીઓ બુઝાઇ ગઈ ...આ...શું...?

ધરતીમાતાએ હીરાજડિત ચુંદડી ઓઢી લીધી? ચાંદની રાતમાં હીરાજડિત રણ...! પ્રકૃતિ સ્તબ્ધ થઈ ગઈ! પ્રકૃતિનો આવો નઝારો ક્યાંય નથી માણ્યો!

સફેદ રણ... દરિયાના દૂર જવાથી તેના અવશેષ મીઠાના ઝીણા ઝીણા સ્ફટિકો જે ચાંદનીમાં હીરાની કણિકાઓ જેમ ચમકતા હતા. કુદરતનો મહોત્સવ માણવાનું આ મોંઘું ટાણું હતું. મોડી રાત સુધી આ રણોત્સવનો માહોલ માણ્યો!

ખરેખર અવિસ્મરણીય..!!! ત્રીજે દિવસે પ્રવાસીઓ પોતાની પસંદગી પ્રમાણે પાંચ અલગ અલગ સ્થળે જવા નીકળ્યાં. અમે ધોળાવીરાની સંસ્કૃતિ જોવા-જાણવાનું નક્કી કર્યું. આ ઉપરાંત ઇન્ડો પાક બોર્ડર, માતાનો મઢ, કોટેશ્વર, બન્ની.

સૂરખાબ તેમ જ કચ્છ ઘુડખર અભયારણ્ય, માંડવી જેવી અનેક જગ્યાઓ કચ્છમાં જોવા જેવી છે. આમ આખું કચ્છ ખૂંદી વળી, દેશવિદેશના પ્રવાસીઓ કચ્છની સુંદર યાદો સાથે ફરી આવશું અને સાથે અનેકને લાવશુંના કોલ સાથે કચ્છ ને અચીજા કર્યું...ખરેખર...

“શિયાળે સોરઠ ભલો,<br>
ઉનાળે ગુજરાત,<br>
ચોમાસે વાગડ ભલો,<br>
મુંજો કચ્છડો બારેમાસ...”

**– સૌરભ વોરા**

# સમંદર સમંદર યહાં સે વહાં સે તક....

# યે મોજોં કી ચાદર બીછી આસમાં તક....



**જગદીપ નાણાવટી**




સ્વ. પ્રમોદ ચક્રવર્તિ નિર્મિત સ્વ. શ્રી કપૂર અભિનિત સ્વ. આર. ડી. બર્મન દ્વારા કમ્પોઝ કરેલ અને સ્વ. લતા મંગેશકરના કંઠે ગવાયેલું શોમા આનંદ પર તેની પ્રથમ ફિલ્મ ‘‘બારુદ’’માં ફિલ્માવાયેલ ઉપરોક્ત ગીતના શબ્દો ૪૬ વર્ષે યાદ આવશે તેવો તો સપનેય ખ્યાલ નો’તો, પણ અફાટ સમુદ્રનું ચિરસ્મરણીય, અદભુત સૌંદર્ય સતત પાંચ દિવસ માણ્યું ત્યારે અનાયાસે હ્રદયનાં ઊંડાણમાંથી સમુદ્રનાં મોજાં માણતાં માણતાં યાદ આવી ગયું.

આમ તો રેલવે, રસ્તા અને ફ્લાઈટમાં ઊંચી ઉડાન તો ઘણી ભરી છે, પણ અમારે તો દરિયો ખેડવો’તો, ઊંડાણ માણવું હતું. મોજાંના હિલોળે હિંચકા ખાવા’તા...

હા...ના... હા...ના... કરતાં અનુકૂળ તારીખને અનુકૂળ થતાં અને ‘‘કાયમી યાદ રહી જાય તેવી રીતે આખરે તા. ૨૩/૫/૨૨ થી ૨૮/૫/૨૨ પાંચ રાત્રી મુંબઈ-ગોવા-લક્ષદ્વિપથી મુંબઈની સફરે Cordelia Cruizeમાં જવા બુકિંગ કરાવ્યું. મારા પ્રકાશ મામા - પ્રેમા મામી, હું અને મારી પુત્રી દૃષ્ટિ એમ કુલ ચાર જણાએ દરિયાની મોજ માણવાનું નક્કી કર્યું. એક નવતર પ્રકારની સફરનો રોમાંચ અવર્ણનીય હતો. પ્રવાસને અનુરૂપ અને અનુકૂળ કપડાંની ખરીદી થવા માંડી. અમારે એક અલગ જ માહોલ ઊભો કરવો હતો. દિવસો ગણાવા લાગ્યા. પછી તો કલાકો........ અંતે .....સમુદ્રનો રોમાંચ માણવા માટેના રોમાંચની શરૂઆત તા ૨૨/૫ ના રોજ ....સ્ટેશન પર બાય.. બાય.. રાજકોટ...ની ક્લિક કરીને દુરન્તો એક્સ.માં ગોઠવાયાં. આવનારા દિવસોના એક્સાયમમેન્ટની વાતો કરતાં કરતાં ક્યારે ઊંઘ આવી એ ખબર જ ન પડી.

મોહમયી નગરીના અંતિમ



સ્ટેશન બૉમ્બે સેન્ટ્રલ પર સવારે ૮ ના ટકોરે ચાર સજીવ અને ચાર નિર્જીવ સામાન ઊતર્યા. અગાઉથી ઘણી ચર્ચા અને મથામણને અંતે IRCTC દ્વારા નવનિર્મિત POD હોટેલ કે જે સ્ટેશન Premisesમાં આધુનિક ગેસ્ટ હાઉસ બનાવેલ છે, એકદમ આધુનિક ઓપ આપવાની લહાયમાં User friendly પ્રમાણમાં ઓછી કહી શકાય તેવી પણ Fresh થવા માટે ચાલે તેમાં Fresh થઈને દષ્ટિ તેનો ક્રુઝ માટેનો સામાન લેવા તેના ઘેર ગઈ અમે ક્રાફેડ માર્કેટમાં લટાર મારવા નીકળી પડ્યા. એ વિસ્તાર પ્રકાશ મામા, મામી ને 'પગતળે' હતો. ઘણું ફર્યા. પાછા PODમાં આવી ક્રુઝ માટેનાં અસલ ''વાઘાં'' પહેરી સજ્જધજ્જથઈને કૉલાબા પોર્ટ પહોંચ્યા. તરત જ દષ્ટિ આવતાં ડૉક્યુમેન્ટ્સ ચેક કરાવીને એ લોકોની જ બસમાં વિશાળ ક્રુઝમાં પહોંચ્યા. Co.operative અને Well Mannered Staff દ્વારા ચેકિંગની વિધિ પૂર્ણ કર્યા બાદ ક્રુઝમાં વિજય પ્રવેશ કર્યો. શરૂઆતમાં એમ જ થયું કે કોઇ 5 Star હોટલ માં આવી ગયા કે શું???

અમારો રૂમ કમ કેબિન ૩જા માળે હતી. હકીકતમાં પહેલા ૩ માળ તો પાણીમાં જ હતા!!! એટલે કે Sea level થી નીચે!!!

કુલ ૧૦ માળ ધરાવતા આ વિશાળ મહેલનો એક એક ખૂણો જોવો હોય તો ૧૦-૧૨ દિવસો થાય. દરરોજ બીજા દિવસે સવારથી રાત સુધી કઈ Activities થવાની છે, ક્યાં થવાની છે એનો Detail Programme આગલે દિવસે જ મળી જાય. આખા ભારતમાં આવી ચોખ્ખાઈ બીજે ક્યાય નહીં હોય એ ગૅરંટીથી કહી શકું. ૧૮૦૦ની કૅપેસિટીની સામે ૬૦૦ ક્રૂ મેમ્બર્સ. તમામે તમામ Well Behaved... Well Mannered... Polite.. Helpful .. નાટક માટે, અલગ અલગ કાર્યક્રમો માટે, મલ્ટિપ્લેક્સ થિયેટર જેવાં ૩-૪ થિયેટરો જેમાં વારાફરથી કાર્યક્રમો ચાલે જ રાખે. નાટક, બોલીવુડ ડાન્સ, જાદુના ખેલ, બાળકો માટે વળી અલાયદી વ્યવસ્થા. ટેબલ ટેનિસ, ચેસ, જીમ, સ્વિમિંગ પુલ, પુલ ડાન્સ...

આપણે બધા ખાવાના જબરા શોખીન ખરા ને!!!!!.. એટલે પહેલા એની તપાસ કરી. દિવસમાં ખાધાખાધ જ કરે રાખીએ તો ચાલે એવું હતું. ચા-કૉફી દૂધનું 'પરબ' સતત આખો દિવસ ચાલુ.. Quality... Quantity માં લગીરમાત્ર સમાધાન નહીં. ૪થા માળે ને ૧૦ મા માળે ફૂડ કોર્ટ..

સવારે ૮ થી ૧૦ ચા-નાસ્તો (ઉપમા, બ્રેડ રોલ.. કોઈ વાર પાંઉભાજી, બ્રેડ બટર, પેસ્ટ્રી, ઈડલી, ઉત્તપમ વગેરે.... ચા-કૉફી તો ખરાં જ.

બપોરે ૧૨.૩૦ થી ૨ લંચ.

૫-૬ જાતના સલાડ એમાં બીન, રાજમા,

ફણગાવેલ મગ, પલાળેલા ચણા, ૩ જાતના અલગ અલગ શાક, ૨ દાળ, સાદી રોટી, નાન, રાયતુ, દહિંભાત અને ૩-૪ મીઠાઈ, ગાજરનો હલવો, મગની દાળનો હલવો, ચોકલેટ પુડિંગ, મગજ, પેસ્ટ્રિસ ઘણાંનાં નામ પણ ન આવડતાં હોય એવું પણ ખરું, બાકી નુડલ્સ, પાસ્તા એ બધું પણ.

આટઆટલું મારણ કર્યા પછી સાંજે ૪ વાગે Hi.Tea એમાં પણ નાન ખટાઈ, કેક, બ્રેડ, બિસ્કિટ. ઘણી વાર તો ખીચડી પણ હોય... એકદમ ટેસ્ટી.

જો જગ્યા રહી હોય તો રાત્રે ૮.૩૦થી ૧૦.૩૦ ડિનર. એમાં પણ બિરયાની, તાંદુરી રોટી, ૨-૩ શાક, અલગ અલગ દાળ, મગ, રાયતાં, પાસ્તા. ક્યારેક દાળવડાં પણ. સ્ટિમ ભાત, પુલાવ પણ ખરો અને લટકામાં મીઠાઈ. આ બધામાં ખોટ કાઢવી હોય તો કઢાય કે છાશ નો'તી....!!!!!!

૨૩/૫ ના રાત્રે ક્રુઝ ઊપડી ત્યારે ''ટીપ ટિપ બરસા પાની''... વરસાદના છાંટા શરૂ થયેલા, ધીમે ધીમે ખબર પડી કે જો ૨૩/૫થી ૨૮/૫ સુધીમાં ગુજરાતની વસ્તી ગણતરી કરવામાં આવે તો ઘણી ઓછી થઈ ગઈ હોય. ૯૦% જેટલા ગુજરાતીઓએ ક્રુઝ કબજે કરી લીધું'તું. જ્યાં જાવ ત્યાં ગુજરાતીઓ જ દેખાય. ક્રુઝમાં બધા જ બિન્દાસ્ત ડ્રેસિંગમાં હતા. ૭૫ વર્ષના આંટી ફ્રોકમાં હોય તો ૧૮ વર્ષની ટિન એજરની મમ્મી શોર્ટસમાં. આટલા બધામાં સાડીવાળા ૧૦-૧૫ જેટલા જ દેખાયા ને ચુડીદારવાળા ૨૫-૩૦. ગમે તે હોય... ઊતરતી વખતે બધા જ સઢંગા બની ગયેલા...

બીજે દિવસે દરિયો રફ હોય કે ચોમાસાનો કરન્ટ હોય.... ઘણાને Sea Seakness લાગી. અમારામાંથી પણ પ્રકાશ મામા ને દૃષ્ટિ ઝપટે ચડી ગયા, પણ જલસા કરવાના ઉલ્લાસ-ઉમંગમાં બધું ભુલાઈ ગયું પ્રકાશ મામા, મામીએ અમારાં બન્નેની ઘણી જ દરકાર રાખી. જાણે તેઓ અમારી જેવડા થઈ ગયાં એકસાથે સમવયસ્કો હોય તેવું જ લાગ્યું. પ્રકાશ મામાને ખાવામાં પેટ ભરાતું હશે કે નહિ તે તો નથી ખબર, પણ ફોટા પડાવામાં જરૂર ભરાઈ ગયું. જોકે હું ને દૃષ્ટિ પણ ફોટા પડાવામાં પાછા નો'તા પડ્યા હોં....

૨૫/૫ ના ગોવા દર્શનનું પૅકેજ Extra Amount આપીને મેં અને દૃષ્ટિએ બુક કરાવ્યું હતું. સવારના ૮ વાગે નીકળીને બપોરે ૩ વાગે પરત થયા તેમાં પણ ખૂબ સરસ આયોજન હતું. સ્પાઇસ ફાર્મમાં બધા જ મસાલા કઈ રીતે ઊગે અને કેમ વપરાશ થાય તે જાણી ને અચંબિત થઈ ગયા.

૨૬/૫ ના લક્ષદ્વિપ સંઘ પહોંચ્યો. એનું પૅકેજ પણ મેં અને દૃષ્ટિએ બુક કરાવ્યું હતું. તેથી સવારે નાસ્તાને ન્યાય આપીને નીકળ્યા. બીચના વખાણ શબ્દોમાં ઓછા પડે કદાચ ગુજરાતી કે અંગ્રેજી ડિક્શનેરીમાં શબ્દ જ નહિ હોય કે જેનો ઉપયોગ કરી શકીએ. અદ્‌ભુત, અવર્ણનીયથી આપણે ચલાવી લઈએ. દરિયાના પ્રેમમાં પડી જવાય એમ કહું તો જરાય ખોટું નથી. દરિયામાં સ્વિમિંગ કરવાની ખૂબ જ મજા આવી. ઉપરાંત દરિયાના પેટાળમાં શું છે તે ચોવટ કરવા ને દરિયાઈ ભાષામાં Snorkling કહેવાય. જે

અમે કર્યું... ન ભૂતો ન ભવિષ્યતિ... એ ઉપરાંત હલેશાં મારીને બોટ પણ ચલાવી. ફક્ત ગીત ન ગાયું. ‘‘..દિલને ફિર યાદ કિયા’’ લક્ષદ્વીપથી પાછા ફરતાં થોડું મોડું થતાં પ્રકાશ મામા, મામી આકુળવ્યાકુળ થઈ ગયા. જોકે મામીએ હંમેશની જેમ મને વઢી પણ નાખ્યો!!!!!!!!? પણ પ્રેમથી હો...

દરમ્યાન ક્રુઝમાં વચ્ચે વચ્ચે નાટક પણ જોયું જેમાં ડ્રેસિંગ, સેટ, કલાકારો, સાઉન્ડ, લાઇટિંગ્સ કોઈમાં કોઈ જાતનું સમાધાન નહિ. બધું જ Perfect. અમે દિવસનો મોટો ભાગ ૧૦ મા માળ એટલે કે અગાસી પર જ રહેતાં. પ્રકાશ મામા, મામી બન્ને અમારી સાથે કદમથી કદમ મિલાવી આવતાં હતાં. કદાચ થાકી પણ જતાં હોય પણ ક્યારેય જતાવ્યું નથી. ફોનની વળગણ ન હોવાથી અમોને સૌને ઘણો જ સમય પોસાતો હતો. એના પરથી ખ્યાલ આવ્યો કે દરરોજ આપણો કેટલો સમય ફોન જ ખાઈ જાય છે.????!!!!... સવારે ૮ વાગે સ્વિમિંગ કરવાની મજા કંઈક ઓર જ હતી. ઘણાં જ વર્ષોથી તરવાની તમન્ના મધદરિયે પૂરી થઇ!!! ... લાઈવ ફાસ્ટ મ્યુઝિકમાં ઠુમકા મારવાનો લહાવો પણ લૂંટી જ લીધો. Last but not the least સવારથી રાત અલગ અલગ સમયે ખાવાનું થતું હતું, પણ મિડ નાઈટ સ્નેક્સ રહી જાય એ કેમ ચાલે? દૃષ્ટિને વિચાર આવ્યો કે ક્રુઝની છેલ્લી રાતે ભલે થઈ જાય! રાત્રે ૧૨ ના ટકોરે સેન્ડવિચ ખાઈને હવે કંઈ બાકી નથી રાખ્યું એવા આત્મસંતોષનો ઓડકાર ખાતાં ખાતાં રૂમ પર પાછા ફર્યા.

આખરે છેલ્લો દિવસ આવ્યો. અમોને બધાને નાસ્તો કરતાં કરતાં અસાંગરો આવતો હતો. આખરે ક્રુઝ છોડવાની ઘડી આવી પહોંચી. બહાર નીકળીને હું ને દૃષ્ટિ અને પ્રકાશ મામા, પ્રેમા મામી અલગ અલગ રીતે પોતપોતાનામાં વ્યસ્ત થયાં તે છેક રાત્રે ૮.૩૦ વાગે કાંદિવલી સ્ટેશન ભેગા થયા. લોકલનો લાભ લઈને બૉમ્બે સેન્ટ્રલ પહોંચી ફરી પાછા દુરન્તોમાં ગોઠવાયાં, પણ આ વખતે દૃષ્ટિ મુંબઈ જ રહી ગઈ. અમોને ટ્રેનમાં બેસાડી સામાન ગોઠવાવીને એ નીકળી. દૃષ્ટિની આંખમાં અસાંગરો ડોકાતો હતો.

સવારે રાજકોટ પહોંચતાં જ પ્રકાશ મામાના મોબાઈલ પર ગીત વાગી રહ્યું હતું, અભી ના જાઓ છોડ કર કે દિલ અભી ભરા નહિ... એક જ ફ્લૉર સાથે રહેતા મારાં નલિન મામાનો પ્રૉફેસર પુત્ર યથાર્થ અને તેની પુત્રી સમીક્ષા ગાડી લઈને હાજર, પણ અમારા તમામના મનમાંથી ક્રુઝ ગયું નથી.

કહેવત છે ને ...જીવ્યા કરતાં જોયું ભલુ.. જોયા કરતાં ભોગવ્યું ભલુ... અમે ખરા અર્થમાં ચરિતાર્થ કરીને આવ્યાં...

**– જગદીપ નાણાવટી**

## ઠંડા ઠંડા કુલ કુલ...

# લેહ.. લદાખનો રોમાંચક પ્રવાસ...



આનંદ નાણાવટી



આમ તો ભલું થજો આમિરખાન અભિનીત ફિલ્મ 'થ્રિ ઈડિયટ્સ'ના મેકર્સનું કે જેણે ફિલ્મના અંતમાં લેહ લદાખની Un touch, Un seen.. hidden સુંદરતા દેખાડી... બાકી આપણે સૌ તો કાશ્મીરના એક ભાગ તરીકે છે તેનાથી પણ અજાણ હતા!!!!!!.... સપ્ટેમ્બર, ૨૦૧૬માં મારી મોટી બહેન દૃષ્ટિ જ્યારે સોલો ટ્રીપ કરી ને આ ખૂબસૂરત પ્રદેશની ખૂબસૂરતી માણીને આવી અને તેના ઢગલા મોઢે વખાણ સાંભળ્યા ત્યારે જ ત્યાં જવા અમારો બધાનો જીવ સળવળ્યો હતો જ.. પણ મારે IT ફિલ્ડમાં નવી જૉબ, મારા પપ્પા પણ તેના જૉબમાં વ્યસ્ત હોવાથી એ બાજુથી જીવ થોડા સમય પૂરતો હટાવી લીધો... પણ હૃદયના એક ખૂણામાં સાચવીને જરૂર રાખ્યો હતો. બધા જ સંજોગો અનુકૂળ થતાં જ મન તો તરત જ ઈન્ટરનેટ સ્પીડે બરફાચ્છાદિત ૧૫૦૦૦-૧૭૦૦૦ ફિટની ઊંચાઈએ પહોંચી ગયું અને હૃદયના ખૂણામાં ધરબાઈને પડેલી ઈચ્છા આળસ મરડી ને બેઠી થઈ ગઈ..... કેલેન્ડર કાઢીને અનુકૂળ તારીખો ગોઠવાણી... Youtueb માં વીડિયો જોવાના ચાલુ થઈ ગયા... ફ્લાઈટસ.. ટ્રેઈનના ટાઈમિંગ સેટ થવા લાગ્યા.... હું, મારી પત્ની ક્રિષ્ના, મારી બહેન દૃષ્ટિ અને પપ્પા હજુ તો નક્કી કરીએ ત્યાં તો અમારા ફેમિલી ફ્રેન્ડ અને સગા પણ એવા વડોદરા સ્થિત રૂપાંગભાઈ વૈષ્ણવ, તેના સ્વિમિંગ ચેમ્પિયન અને 'મોટી બા' ગુજરાતી સિરિયલમાં વૈદેહીનો રોલ ભજવનાર પત્ની શેતલદીદી, પુત્રી આરુષિએ તો અમારી સાથે ઑક્સિજનની ઓછી માત્રાવાળા સ્થળે સહપ્રવાસી તરીકે જોડાવા કમર કસી જ, પણ રૂપાંગભાઈના ભરૂચ સ્થિત ૭૦+ સાસુ-સસરા મુ. દીપકભાઈ અને

આશાબેન દેસાઈને પણ 'સનો' લાગ્યો અને ભરૂચથી આ ચસકો મુંબઈ સુધી પહોંચ્યો. રૂપાંગભાઈના પત્ની શેતલદીદીના સિનિયર સિટિઝન માસી અને માસા મુ. પ્રશાંતભાઈ પંડિત અને ભૈરવીબેન પણ અમારી સાથેના કારવાંમાં સહેજે ભળી ગયા. આમ ૫ નવલોહિયા જુવાનિયાઓ સાથે ૫ તરવરાટભર્યા સિનિયર સિટિઝન્સ અને એક ચબરાક ટીનેજરનો થયો સંઘ..

ત્યાં બહુ ઠંડી પડે... સ્નો ફોલ.. થયે જ રાખે છે. હવા બહુ જ પાતળી. ૬૦+ના લોકો એ તો સાહસ ન કરવું. ત્યાં હાર્ટ બેસી જતાં વાર ન લાગે. ઑક્સિજન પણ ઓછા પ્રમાણમાં. આવી સાવચેતીભરી સલાહોનો ચારે બાજુથી મારો ચાલુ થઈ ગયો. જોકે આવી સલાહો આપણી પર સવાર થાય તે પહેલાં તો અમે ટ્રેનમાં સવાર થઈ ગયા!!!!.. ભરૂચ, રાજકોટ અને મુંબઈ એમ ત્રણ જગ્યાઓથી ટ્રેનની વ્હિસલ વાગી અને ત્રિવેણી સંગમ થયો. વડોદરાના છાયાપુરી સ્ટેશને રૂપાંગભાઈ ફેમિલીનું પણ છાયાપુરીથી જ જોડાણ થયું. યોગાનુયોગ તે દિવસે શેતલદીદીનો જન્મદિવસ હતો. રાજકોટથી સાથે રાખેલી કેકનું ચાલુ ટ્રેને કટિંગ એ સરપ્રાઈઝ આઈટેમ હતી. સાથે રાખેલા નાસ્તાના ડબ્બામાંથી આવતી લોભામણી સોડમે અમારા બધાનું ધ્યાન ખેચ્યું. થોડી વારમાં તો એમાંથી અડધી સોડમ તો પેટમાંથી આવવા લાગી!!!!. અમારું સૌનું ગુડ મોર્નિંગ નવી દિલ્હી સ્ટેશને થયું. નવાઈની વાત તો એ હતી કે મે મહિનાની ૩૧ તારીખે નવી દિલ્હી સ્ટેશનથી ઍરપોર્ટ જવા અમે વરસતા વરસાદે ટૅક્સીમાં આશરો લીધો!!!!!..

નવી દિલ્હીથી જ લેહ-લદાખના વાતાવરણને અનુકૂળ થવાનું હોય તેવી ઠંડી.. ઠંડી.. મોસમ થઈ ગયેલી. ફ્લાઇટ સમયસર જ ટેઈક ઑફ થઈ ને જાણે વાદળો વચ્ચેથી રસ્તો કાઢી ને.. લેહ પર લૅન્ડ થઈ રહ્યા છીએ તેવું એનાઉન્સમેન્ટ થતાં જ અમારા સૌના શરીરમાંથી એક લખલખું પસાર થઈ ગયું. એકસામટી બધી જ સાવચેતીભરેલી સલાહો યાદ આવી ગઈ!!!! ને જેવી રીતે નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર પહેલો પગ મૂક્યો ત્યારે જેવી લાગણી-ઉત્તેજના અનુભવી હશે તેવી જ અમે લેહના ઍરપોર્ટ પર ઊતરતા અનુભવી!!!!...

અગાઉથી જ હોટેલ, ટૅક્સી, મિનિ બસના બુકિંગ થઈ ગયેલાં તેના કારણે અજાણી ધરતી પર પણ ઍરપોર્ટની બહાર અમારી રાહ જોવાતી હતી!!! જાણે ચારે બાજુ ગિરનાર જેવા પર્વતની વચ્ચે લદાખ પ્રદેશ વસ્યો હોય તેવી પ્રથમ દૃષ્ટિની અનુભૂતિ થઈ. લેહ લદાખના પ્રવાસીઓ માટે એક વણલખ્યો નિયમ-સલાહ એ છે કે ત્યાંના વાતાવરણને અનુકૂળ થવા માટે જ્યારે ત્યાં પહોંચીએ તે દિવસથી જ ફરવાનું ચાલુ નહીં કરી દેવાનું. એ દિવસ સંપૂર્ણપણે આરામ કરીને ત્યાંના ઓછા ઑક્સિજનવાળા વિસ્તારને શરીર અનુકૂળ થવા દેવું પડે અને બીજા દિવસથી પણ શરીરને બહુ શ્રમ ન પડે તે રીતે હરવાફરવાનું આયોજન કરવાનું. આમ તો મારી મોટી બહેન દૃષ્ટિ ગયા મહિને જ

માઈનસ ૨૦ ડિગ્રી ઠંડી અને ૪૦% જ ઑક્સિજનવાળા વાતાવરણને અનુકૂળ Everest Base Camp જઈને આવી એટલે આવા વાતાવરણનો તેનો અનુભવ પણ કામે લાગ્યો. અમે બિલકુલ એ જ નકશેકદમ પર ચાલ્યા. હજુ સુધી આપણા દેશના ઊંચામાં ઊંચા આ પ્રદેશ સાથે ગમે તે કારણ હોય, ટુરિઝમની બાબતમાં કમનસીબ રહ્યો છે. જોકે હવે ધીમે ધીમે, પરંતુ મક્કમતાથી આગળ વધી રહ્યો છે.

અમારા લદાખના ગાઈડ કમ ટુર એજન્ટે ખૂબ સરસ અને અનુકૂળતા પ્રમાણેનો ટુર પ્રોગ્રામ સેટ કરી દીધો હતો, જેનાથી અમોને સાંજે જ અવગત કરાવી દીધા. ગરમાગરમ ડિનર લઈને ઠંડીમાં આપણા વજન જેવી રજાઈમાં ક્યારે ઢબૂરાઈ ગયા એ ખબર જ ન પડી!!! આ પ્રદેશમાં ગુડ મોર્નિંગ બહુ જ વહેલું થઈ જાય. અમારામાંથી કોઈ કોઈને ઑક્સિજન ઓછા હોવાનો અહેસાસ થવા લાગ્યો હતો, પણ જલદી અનુકૂલન સાધી લીધું. અહીં સવારના નાસ્તામાં આલુ પરોઠા, પૌઆ, જ્યુસ, ચા, કૉફી ક્યારેક વળી પુરી ને સૂકી ભાજી પણ હોય. બાકી આ સમગ્ર પ્રદેશમાં કંઈ વધુ પડતાં સારાં વ્યંજનોની આશા રાખવી જ નકામી છે કેમ કે અહીં આખા વર્ષ માં ૧ કે ૨ ઈંચ વરસાદ આવે તેમાં તો શું ઊગે? શ્રીનગરથી દુર્ગમ રસ્તા મારફતે અહીંની માર્કેટમાં સામાન ઠલવાય! અને શિયાળો અહીંનો એકદમ વિષમ. વાહન વ્યવહાર બંધ થઈ જાય. ઉનાળામાં જરૂરી સાધનસમગ્રી... અરે.. બકરી કે ગાય માટે ચારો પણ શિયાળા માટે અગાઉથી જ સંગ્રહ કરી લેવો પડે. બીજા દિવસે બપોર પછી લેહ ફોર્ટ, મ્યુઝિયમ જોવામાં સમય વિતાવ્યો. ફોર્ટ-કિલ્લો આજથી લગભગ ૩૦૦-૩૫૦ વર્ષ જૂનો હશે. એ જમાનામાં વાહન વ્યવહાર કે મકાન બનાવવા માટેના કારીગરો તો ક્યાંથી મળે. જે પથ્થરોનો ઉપયોગ કરેલ છે તે આશરે ૬૦ થી ૮૦ કિ.મી. દૂરથી માનવસાંકળ રચીને એક એક પથ્થર આટલે ઊંચે પહોંચાડીને ફોર્ટ બનાવેલ. આ હકીકતો વાંચીને ખરેખર મગજ બહેર જ મારી ગયું!

જેમ જેમ સૂર્યાસ્તનો સમય નજીક આવતો જાય તેમ તેમ ઠંડી પાસે આવતી જાય! અને અંધારું થયે તો જોરદાર ઠંડી આપણને વળગી જાય! બીજે દિવસે સવારે નુબ્રાવેલી જવાનું શેડ્યુલ હતું. ભારે નાસ્તો કરીને ટેમ્પો ટ્રાવેલરમાં નીકળી પડ્યા. એકદમ પહાડી રસ્તો. અચાનક રસ્તો બંધ પણ થઈ જાય. અગર તો મિલિટરીનાં ભારે ભારે વાહનોને અગ્રતાક્રમ આપવા આપણે સાઈડમાં ઊભું પણ રહેવું પડે. જેમ જેમ ઉપર જતાં જઈએ એમ ઠંડી વધતી જાય અને ઑક્સિજન ઘટતો જાય. ૧૬૦૦૦+ફિટની ઊંચાઈએ ખારદુંગલા પાસ નજીક એક તબક્કો એવો પણ આવ્યો કે ચારે બાજુ બરફ. રસ્તામાં પણ અને પર્વતો પર પણ. હવે કેવી ઠંડી હશે તે કલ્પી શકાય. સ્નો ફોલ પણ માણ્યો અને ફોટો સેશન પણ થયાં. રસ્તામાં ક્યાંક ક્યાંક ફ્રેશ થવા અને ગરમા ગરમ ચા-કૉફીની ચુસ્કી લેવા હોલ્ટ કરતાં કરતાં. બસમાં જ સક્કરપારા, ઘેર બનાવેલા ઠોર, ફરસીપુરીનો નાસ્તાથી ઉદરપૂર્તિ કરતાં કરતાં ટ્રાફિક



જામમાંથી નીકળતાં નીકળતાં રાત્રે લગભગ ૮ વાગે નુબ્રાવેલીના કેન્સવીલા રિસોર્ટના ટેન્ટ હાઉસમાં પહોંચ્યા. નવાઈની વાત તો એ કે આખા ગામમાં ક્યાંય લાઈટ જ નહીં!! દરેક રીસોર્ટ, હોટેલ્સ, ઘર બધે જ જનરેટર અને એ પણ સાંજે ૭ વાગ્યાથી રાત્રીના ૧૧ વાગ્યા સુધી જ પછી સાવ ભેંકાર. હવે આવું હોય ત્યારે મોબાઈલનો ઉપયોગ ફક્ત ફોટા પાડવા સુધી સીમિત રહ્યો. રૂપાંગભાઈ પાસે ૩૬૦ ડિગ્રી વાળો GoPro કેમેરા હતો કે જે ટીવી સિરિયલ્સ કે ફિલ્મના શૂટિંગમાં ઉપયોગ થાય, તેની રેન્જ અને ક્લેરિટી અદ્ભુત. જોકે એનો ઉપયોગ જેને ફાવે એને જ ફાવે હોં. શીખવું પડે એમ હતું. આવા વિસ્તારમાં ઘર કરતાં રિસોર્ટ અને હોટેલ્સની સંખ્યા વધુ. એમ કહી શકાય કે ટુરિસ્ટ પર નભતું ગામ!

અમારા સમગ્ર પ્રવાસમાં અહીંના બ્રેકફાસ્ટ અને ડિનર માટે અમે સૌ કોઈ પ્રભાવિત થઈ ગયા. તંદુરી પણ સોફ્ટ અને અલગ અલગ પ્રકારના શાક (શબ્જી) ઘણા જ ટેસ્ટી. સલાડમાં પણ વૈવિધ્ય. દાળ પણ ખૂબ જ સ્વાદિષ્ટ. સવારના ફોટો સેશન કરીને સાઈટ સીન માટે બસ ઊપડી. આ વિસ્તારની સૌથી મોટી અને ઊંચી મોનેસ્ટ્રી સાથે સાથે જોઈને જ નવાઈ પમાડે તેવા ૨ ખુંધ વાળા ઊંટની સવારી કરવાની પણ મજા લીધી. આ વિસ્તાર સિવાય આ પ્રકારના ઊંટ જોવા ન મળે તેવું જાણવા મળ્યું. રસ્તામાં અદ્ભુત અને અલૌકિક દશ્ય જોયું. એકબીજા સાથે અડોઅડ બાજુ

બાજુમાં જ પહાડો હોવા છતાં, એક બરફાચ્છાદિત અને બાજુવાળો જ સાવ કોરો કટ. એક પાંદડું પણ જોવા ન મળે!! આવું તો ઠેર ઠેર જોવા મળ્યું! સાંજ પછી ઠંડીનું પ્રમાણ વધવા લાગે તેથી અંધારું થતાં પહેલાં જ રિસોર્ટ પરત થયા. ઠંડી પણ કેવી? જીન્સના પેન્ટ નીચે એક થર્મલનું લેયર ઉપર તો ચાર ચાર લેયર. ૨ ગરમ ટોપીને ૨ ગરમ મોજાં અને બુટ તો ખરા જ. હોં! અમારા બધાના વજન એકાએક ૪થી ૫ કિલો વધી ગયા. ડિનર માટે ડાઈનિંગ હોલમાં જઈને સૌ પહેલાં કઈ વાનગી છે તે જોવા જાણવા કરતાં લાઈવ કાઉન્ટરના બાઉલ પર હાથ મૂકી દઈએ જેથી ગરમાવો આવે! માઇનસ ૩-૪ ડિગ્રીમાં રાત્રે કેમ્પ ફાયરનું આયોજન કર્યું.. એ ફક્ત ને ફક્ત ઠંડી ઉડાડવા માટે જ. ક્યારેક એવું પણ થતું કે સળગતું લાકડું કે કોલસા હાથમાં પકડી લઈએ! જનરેટરની સ્વીચ ૧૧ વાગે ઑફ થાય એટલે બધાનું એક સાથે ગુડ નાઈટ થઇ જાય! લાઈટ વગર હીટરની તો ક્યાં આશા રાખવી? પણ રિસોર્ટમાં એવી વ્યવસ્થા કે વર્ષો પહેલાં ગરમ પાણીનો સેક કરવા થેલી-કોથળી આવતી.. એ વ્યક્તિદીઠ રિસોર્ટ તરફથી આપવામાં આવી. જેથી રજાઈ માં તે લઈને સૂવાથી ગરમાવો મળે અને ખરેખર ઘણી જ હૂંફ મળી કે સવાર ક્યારે પડ્યું એ ખબર જ ન પડી...

દરેક ટેન્ટમાં ગરમ પાણી પહોંચાડવામાં રિસોર્ટના કર્મચારીઓની સ્ફૂર્તિ દાદ માંગી લે તેવી હતી. પરવારીને મસ્ત ગરમાગરમ નાસ્તો અને અસલ કાઠિયાવાડી કડક અને મીઠી ચા. નુંબ્રાવેલીને બાય બાય કરીને થ્રી ઈડિયટ ફિલ્મથી જાણીતા અને પ્રખ્યાત થયેલા પેંગોન્ગ લેઈક તરફ ડ્રાઇવરે ટેમ્પો ટ્રાવેલરનું સ્ટીયરિંગ ઘુમાવ્યું. અતિ ખરાબ રસ્તાને કારણે ઓછું અંતર પણ વધુ લાગ્યું. રસ્તામાં જ The Highest Altitude સ્થિત Zipline જોઈને તેમાં સાહસ કરવા માટે મન લલચાયું. અમારા ૧૧ જણામાંથી ૯ની તો તાત્કાલિક સંમતિ આવી ગઈ. અતિ ઊંચા ટાવર પરથી સલામતીનાં સાધનોથી સજ્જ થઈને વન.. ટુ એન્ડ થ્રી... ગો.... કહી ને જ્યારે ધક્કો મારે ત્યારે બે ઘડી તો શ્વાસ અદ્ધર થઈને હૃદય ધબકારા ચૂકી જ ગયા, પણ સફળતાપૂર્વક સામે કાંઠે લેન્ડ થયા અને હા.....શ થઈ. એટલું જ નહીં, ૬૦+ ઉંમરના લોકોને તો પોતાની જ જાત પર ગૌરવ થવા લાગ્યું! ત્યાંથી ગર્વ લેતાં લેતાં વળી ટેમ્પો ટ્રાવેલરમાં ગોઠવાણા. હજુ તો માંડ માંડ અદ્ધર રહેલો શ્વાસ નીચે આવ્યો અને હૃદયના ધબકારા પૂર્વવત્ થયા ત્યાં જ..... ATVની રાઇડ્સ પાસે બસે બ્રેક મારી. થોડા જ સમય પહેલાં સાહસ કરી અમારી બધાની મર્દાનગી જગજાહેર કરી હતી એટલે આ તો ઘણું જ સામાન્ય હોય તેવું લાગ્યું. અને Zipline માં આપણા એકલા પર જોખમ હતું. જ્યારે ATV રાઇડ્સ માં Professional ડ્રાઈવર જોડે હોવાથી જોખમનું પ્રમાણ અડધું જ થઈ ગયું. જાણે કચ્છના રણમાં કે રાજસ્થાની રેતીમાં વાહન ચલાવતાં હોઈએ એવો અહેસાસ થતો હતો. મનમાં એક જ વિચાર આવતો હતો કે આટલે દૂર ફોટા કોણ પાડશે? હજુ વિચાર ઉપર વિચાર કરીએ તે

પહેલાં તો સાથેના સારથીએ કહ્યું કે મૈં ફોટો લેને મેં એક્સપર્ટ હૂં. કોઈ ચિંતા મત કરો અને એવા એવા ફોટો લીધા. અમને એમ થયું કે ફોટોગ્રાફીની દુકાન જ ચાલુ કરી દેતો હોય તો! ખેર, સરસ લાઈવ ફોટા પડ્યા ને ખૂબ જ સરસ સવારી કરી ને ફરી પાછા ટેમ્પોમાં સવાર થઈ ને ઉપડ્યા.

આમ તો રસ્તાની વ્યાખ્યામાં જ ન આવે તેવા ઊંચા-નીચા પહાડોની વચ્ચેથી માર્ગ કાઢતાં કાઢતાં કુદરતી દૃશ્યો માણતાં માણતાં. ઘરના નાસ્તા ખૂટાડતાં ખૂટાડતાં... અંતે અમારી આતુરતાનો અને થકવી નાખે તેવી મુસાફરીનો અંત આવ્યો. સાંજે ૫.૩૦-૬ વાગ્યાના અરસામાં પેનગોન્ગ લેઈક નજરે ચડ્યું. નયનરમ્ય આંખ ઠરે તેવા નઝારાથી થકાવટભરી મુસાફરીનો એકઝાટકે થાક ઊતરી ગયો! એકદમ ચોખ્ખું, પ્રદૂષણ નામનો શબ્દ અહીં સુધી પહોંચ્યો જ નથી જાણે! એક્ટર્સ સિવાય થ્રી ઈડિયટ્સ ફિલ્મની બધી જ વસ્તુઓ લેઈકના કાંઠા પર ફોટો પડાવવા હાજર જ હતી! સાંજ ઢળવા આવી હતી. રફ રોડ પરની થકવી દે તેવી મુસાફરીનો થાક લાગ્યો હતો અને એવું જાણવા મળ્યું હતું કે જો વાતાવરણ ચોખ્ખું વાદળારહિત હશે તો સૂર્યોદય માણવાની મજા ઓર જ હોય છે. અમે ચોખ્ખા વાતાવરણની આશા અને અપેક્ષામાં ટેન્ટ તરફ દોરવાયા. આ એવી જગ્યા હતી કે જ્યાં ટુરિસ્ટ્સ માટે જ એટલે કે વૅકેશન દરમ્યાન એપ્રિલથી સપ્ટેમ્બર સુધી જ, ૩૦૦-૪૦૦ની સંખ્યામાં ટેન્ટ્સ કામચલાઉ ધોરણે ફિટ કરવામાં આવે છે. બાકીના સમયમાં અહીં રહેવું એ માનવીના બસની વાત નથી! ટેન્ટ્સ પણ કેવા? અંદર મસ્ત ૨ બેડ પલંગ સારામાં સારાં સ્લીપવેલ ગાદલાં સહિત તમામ જરૂરિયાતની વસ્તુઓ ઉપલબ્ધ હતી. કે જે આપણા ઘેર બેડરૂમ કે ડ્રોઈંગ રૂમમાં હોય! બાથરૂમના સ્લીપરથી માંડીને પગ લૂંછણિયા સુધી બધું જ ઉપલબ્ધ. અરે ડિનર. બ્રેકફાસ્ટ માટે પણ સારામાં સારી વસ્તુઓથી ડીશ ભરાઈ જાય. આ બધું જ છેક લેહથી કે શ્રીનગરથી અહીં સુધી લાવીને આપણી સેવામાં હાજર કરે ત્યારે વિચાર આવે કે કમાણી માટે આ લોકો કેટલી હાર્ડ લાઈફનો સામનો કરે છે. સવારમાં વહેલો સૂર્યોદય જોવાની લાલસામાં મોડે સુધી જાગવાનું યોગ્ય ન લાગતાં Freezing ઠંડીમાં જાડી જાડી રજાઈમાં ઘૂસી ગયા, પણ હૂંફ વળતાં તો વાર લાગી હોં, પણ વળી ગઈ ખરી. અહીં પણ ક્યાંય લાઈટ નહીં, ફક્ત જનરેટર પર જ નિર્ભર.

આપણે ત્યાં વહેલી સવાર કહીએ એ ટાઈમે ત્યાં સૂર્યોદય થયે ૧ કલાક થઈ ગયો હોય! સવારના ૫.૧૦ વાગે સૂરજનું પહેલું કિરણ લેઈક પર પડ્યું એ ઝીલવા અમે ૪.૪૫ વાગે પૂર્વાભિમુખ ઊભા રહ્યા! આટલી અમારી મુસાફરીમાં સૌથી વધુ ઠંડી અહીં અનુભવાઈ. સામાન્ય રીતે ત્રણ પ્રકારની ઠંડી હોય. Pleasing Cold,.. Biting Cold અને Freezing Cold. અહીં ફ્રીઝીંગ કોલ્ડથી પણ વધે એવી ઠંડી! કલ્પના જ ન થઈ શકે. અમારા નસીબે ચોખ્ખું આકાશ હતું. એટલે જ સૂર્યોદય રીતસરનો માણ્યો! ખૂબ જ સરસ ફોટો સેશન થયું. લેઇકનું પાણી ખારું અને અતિ

ઠંડું છે એ જ સારું છે. બાકી લોકો માથાબોળ હરહર ગંગે કરે અને કપડાં ધોવા ધોકા પણ મારે! ત્યાં બીજી કોઈ પ્રવૃત્તિ ન હોવાથી લેઇક તેમ જ વાતાવરણનું સૌંદર્ય ભરપૂર માણીને ખરા અર્થ માં રિટર્ન જર્ની શરૂ થઈ. પેનગોન્ગથી લેહના રસ્તે પડ્યા, પણ આ રસ્તો અગાઉ કરતાં ઘણો જ સારો. જોતજોતામાં સાંજે ૫ વાગે થ્રી ઇડિયટ્સમાં છેલ્લે શાળાનુ શૂટિંગ જ્યાં થયેલું તેની મુલાકાત લઈને લેહ પહોંચ્યા. અચાનક માઈનસમાંથી પ્લસ ઠંડીમાં આવી ગયા. ઝટપટ ફ્રેશ થઈને લેહની માર્કેટમાં ખરીદનાર તરીકે ઊતરી પડ્યા. પોતપોતાની રીતે સૌ કોઈએ ખરીદી કરી. અમારી પહેલી ઈમ્પ્રેશન એવી હતી કે એટલે ઊંચે મળતી વસ્તુઓ ઘણી જ મોંઘી હશે, પણ અમે ખોટા પડ્યા.... બિલકુલ વ્યાજબી અને છાપેલ કિંમતે જ વસ્તુઓ મળતી જોઈને ખરીદીમાં જોમ આવ્યું.

અમારી રિટર્ન જર્ની પણ ત્યારે લેહથી દિલ્હીની go airlines ફ્લાઇટમાં બુકિંગ કરાવેલું, પણ કમનસીબે go airlines ના ઍરક્રાફ્ટ્સ ગ્રાઉન્ડેડ થતાં અમારે અન્ય વિકલ્પ પર નજર દોડાવવી જ પડી. સરવાળે સર્વાનુમતે નક્કી થયું કે શ્રીનગરથી દિલ્હી-અમદાવાદની ફ્લાઇટમાં પરત ફરવું અને લેહથી શ્રીનગર ૪૧૫ કિ.મી.ની મુસાફરી વાયા કારગિલ કરવી અને કારગિલમાં નાઈટ હોલ્ટ કરવો.

લેહ લદાખની ખૂબસૂરતીની ખૂબસૂરત યાદો વાગોળતાં વાગોળતાં અમારી લેહ શ્રીનગરની સફરની શરૂઆત થઈ. થોડા જ અંતરે હાઇવે પર જ પથ્થર સાહેબ ગુરુદ્વારા માં જો બોલે સો નિહાલ સત શ્રી અકાલ કરી માથું ટેકાવવા સ્નો ફોલની વચ્ચે સખત ઠંડીમાં Unplanned હોલ્ટ કર્યો. લંગરનો અલભ્ય લાભ લઈને માર્ગ પર આગળ વધ્યા. હાઇવે પર જ કારગિલ મેમોરિયલ સ્મારક જોવા ગાડી થોભવી. અપેક્ષા પ્રમાણેની ડિસિપ્લિન અને ચોખ્ખાઈ તો આંખે વળગે એવી. કારગિલ યુદ્ધ સમયે ઉપયોગમાં લેવામાં આવેલ યુદ્ધનાં તમામ સાધનો, મ્યુઝિયમ યુદ્ધમાં શહીદી વહોરનાર શહીદોની ખાંભીઓ વગેરે વગેરે... નિયમોની મર્યાદામાં રહીને સૌ કોઈએ જોઈ. એ દિવસે ના. હાઇકોર્ટના ચીફ જસ્ટિસશ્રીની પણ મુલાકાત હોવાથી વધુ પ્રમાણમાં જવાનો ઊભે પગે હતા. અમારા સદનસીબે માન. ચીફ જસ્ટિસશ્રી સાથે જ મ્યુઝિયમમાં પ્રવેશ મળ્યો હતો. લશ્કરના એક કમાન્ડો કારગિલ યુદ્ધની ભૌગોલિક પરિસ્થિતિ અને કમાન્ડોના ઑપરેશનની ચર્ચા સાંભળતાં જ હર કોઈ ની આંખમાંથી દેશભક્તિ વહેવા લાગી. આંખ લૂંછતાં લૂંછતાં મ્યુઝિયમની બહાર નીકળ્યા બરાબર તે જ સમયે કોઈ હાઇ રેન્કના આર્મી ઑફિસર જે તે પરિસરમાં દાખલ થયા. અમે નમસ્તે.. જયહિન્દ કર્યું... મારાં પપાએ એટલું જ કહ્યું કે.. સર. હું ક્યાંય કોઈ મંદિરમાં નથી જતો ક્યારેય કોઈ ધાર્મિક સ્થળે માથું નથી નમાવ્યું, પણ આપના ચરણસ્પર્શ કરવા ઇચ્છુ છું તો એ જવાંમર્દ સાચી દેશભક્તિથી છલકાતા આર્મી ઑફિસરનો જવાબ સાંભળી ફક્થી છાતી ગદગદ ફૂલી ગઈ. એમણે કહ્યું કે મારાં ચરણો નહીં,

ભારત માતાના ચરણોનો સ્પર્શ કરો! આને કહેવાય સાચી દેશભક્તિ. એક વખત જે કોઈ કારગિલ મેમોરિયલની મુલાકાત લે, તો ખ્યાલ આવી જ જાય કે આ બધા જવાનો છે તો આપણે છીએ. રાષ્ટ્રભાવનાને દિલમાં છલોછલ ભરીને કારગિલ શહેર તરફ નીકળી પડ્યા  સાંજે લગભગ ૬ વાગ્યા આસપાસ કારગિલ હોટેલમાં ઉતારો કર્યો. ત્યાંના સ્થાનિક રહેવાસીઓ પાસેથી જાણવા મળ્યું કે કયા પર્વત પરથી દુશ્મનોએ હુમલો કર્યો અને કઈ રીતે આપણા જવાનોએ ફતેહ મેળવી. કદાચ આ એક એવું ગામ હશે કે જ્યાં વરસાદ પડતો જ નથી! શિયાળામાં પડેલા બરફ જ્યારે ઉનાળામાં ઓગળે એ પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. જાણીને બહુ જ નવાઈ લાગી. રાતવાસો કરીને ફરી પાછા ટેમ્પો ટ્રાવેલરમાં સવાર થયાં. બસ.... હવે ટેમ્પોની છેલ્લી સફર શરૂ થઈ. ઊંચા-નીચા પહાડો બરફ વચ્ચેથી માર્ગ કાઢી કાઢીને હેમખેમ પસાર થતાં જતાં હતાં. ત્યાં દેશનો બીજા નંબરનો ૧૭૦૦૦ ફિટ ઊંચો સંપૂર્ણપણે બરફથી ઢંકાયેલો અને સતત સ્નો ફોલ થતો હોય તેવો ચાંગલા પાસ આવતાં એક નાનું એવું ધાબું નજરે ચડ્યું. આમેય ઘરના નાસ્તાના ડબ્બા તળિયાંઝાટક થઈ ગયા હતા અને થોડાનાં તળિયાં દેખાવાં લાગ્યાં  હતાં. ભૂખ તો લાગી જ હતી. ટેમ્પો ઊભો રખાવી ને ધાબામાં ગરમા ગરમ મેગી અને કોફીનો ઓર્ડર આપ્યો (જોકે એ સિવાય કંઈ બીજી વસ્તુ ઉપલબ્ધ જ ન હતી). નવાઈ તો પેમેન્ટ કરવા વોલેટ ખોલ્યું ત્યારે લાગી. વેજીટેબલ મેગીના ફક્ત ૬૦ રૂપિયા. કૉફીના ૨૫ કે ૩૦ રૂપિયા! આની કરતાં તો રાજકોટ ના રેસકોર્સ પાસેની લારી પર કે અમદાવાદના એસ. જી. હાઈવે પર ગોતાચોકડી પાસે કે ઇસ્કોન પાસેની લારીમાં ભાવ વધુ હોય છે. અમારા સમગ્ર પ્રવાસમાં એક બાબત સૌ કોઈએ નોંધી કે આટલી ઊંચાઈએ દુર્ગમ વિસ્તારમાં પણ  જમવાના, નાસ્તાના ભાવ ઘણા જ વ્યાજબી. એ જોતાં તો એવું જ લાગે કે અહીં આપણે ત્યાં તો નફાનું પ્રમાણે વધુપડતું છે! ખેર,  હાડ ગાળી નાખે એવી ઠંડીમાં પણ વ્યાજબી ભાવે પેટપૂજા કરીને શ્રીનગર જવા નીકળ્યા. સાંજે ૬.૩૦ આસપાસ  ધરતી પરના સ્વર્ગના દર્શન પણ થયાં અને પહોંચ્યાં પણ ખરા! વહેલી સવારે ઍરપોર્ટ પહોંચવાનું હોવાથી વહેલા પથારીમાં પડી ગયા. બસ. તમામ સભ્યોનો સંગ અહીં સુધીનો જ હતો. સવારે તો બધા જ અલગ અલગ સમયે અલગ અલગ ફ્લાઇટમાં રવાના થવાના હતા. ઍરપોર્ટમાં ડબલ ચેક ઈન કરી ને ફ્લાઇટ્સમાં ગોઠવાયા.

અલગ અલગ ઉંમરના ગ્રુપવાળા એક જ સાથે પ્રવાસ કરે અને એ પણ સફળતાપૂર્વકનો.... કોઈ ને જરા સરખો પણ ખીલી ખટકો ન થાય એ કોઈ નાની સૂની વાત નથી અને સૌ કોઈ એક અવિસ્મરણીય અદ્દભુત પ્રવાસના સાક્ષી બન્યાના આત્મસંતોષ સાથે પોતપોતાના ગામના ઍરપોર્ટ પર ૪૨+ ગરમીના ભઠ્ઠામાં લૅન્ડ થયા.

**– આનંદ નાણાવટી**

મત્તુર

# એક ગામ જ્યાં આજે પણ સંસ્કૃત ભાષા ધબકે છે!



જેલમ વ્હોરા

માર્ચ ૨૦૨૦માં મારા હસબન્ડના ઑફિસના કામથી અમે એક મહિના માટે કર્ણાટકમાં આવેલ શિમોગા શહેરમાં આવેલા. લોકડાઉનને લીધે પરિસ્થિતિ બદલાઈ ગઈ અને જુલાઈ મહિના સુધી શિમોગા જ રહ્યા. અમે આવ્યા તે પછીના અઠવાડિયાથી જ લોકડાઉન શરૂ થયેલું જેથી આ શહેરમાં અમુક મહિનાથી રહેતી હોવા છતાં એક રીતે અજાણ્યું જ હતું.

લગભગ ૩ મહિને હું બહાર નીકળી. શિમોગા (જેને અહીં સ્થાનિક લોકો શિવમોગ્ગા કહે છે અને સત્તાવાર રીતે બંને નામ માન્ય છે)ની બાજુમાં જ મત્તુર નામનું એક ગામ આવેલું છે જ્યાં લોકો હજુ આજે ૨૦૨૦માં પણ સંસ્કૃત ભાષામાં વાત કરે છે તે વાત મને અત્યંત રોમાંચક લાગેલી. અમે એક સહકર્મી પાસેથી તેનું સ્કૂટર લઈ શિમોગાથી મત્તુર ગયા. શિમોગા શહેર બેંગલોરથી ૩૧૧ કિ.મી. દૂર આવેલું છે અને ત્યાંથી ૮-૧૦ કિ.મી.ના અંતરે, તુંગ નદીના કિનારે આ મત્તુર નામનું ગામ છે. ચોમેર હરિયાળીથી



ઘેરાયેલી પાક્કી સડક વીંધીને શિમોગાથી મત્તુર પહોંચી શકાય છે.

શિમોગાથી અમે બે-ત્રણ વ્યક્તિઓનો કૉન્ટેક નંબર લઈને ગયેલા, પણ તે પૈકી કોઈ જ તે સમયે મત્તુરમાં હાજર નહોતું. ગામમાં લોકોને પૂછતાં પૂછતાં અમે એક સંસ્કૃત શિક્ષિકા પાસે પહોંચ્યા. પાંચેક હજારની વસ્તીનું ગામ, અમને કન્નડ આવડે નહિ, એટલે મોટા ભાગના લોકો સમજી ગયેલા કે અમે એમની આ સંસ્કૃત વિશેષતા વિષે જાણવા આવ્યા હતા. મત્તુરના લોકો માટે બહારના લોકો તેમના ગામની મુલાકાતે આવે તે સહેજ પણ નવાઈની બાબત નથી. હિસ્ટરીથી માંડીને ડિસ્કવરી, વિદેશીઓથી માંડીને ભારતીયો સુધીના કેટલાય નામી-અનામી ચેનલો-લોકોએ આ ગામની મુલાકાત લીધેલી છે. મત્તુર એક ઘણું નાનું કહી શકાય એવું ગામ છે એટલે અહીં કોઈ ખાસ પર્યટન સ્થળ હોવાને કોઈ જ અવકાશ નથી, પણ સદીઓથી અહીંના લોકો દ્વારા બોલવામાં આવતી સંસ્કૃત ભાષાને કારણે આ ગામ સ્વયં એક પર્યટનસ્થળ બની રહે છે. સંસ્કૃત શિક્ષિકા શાલિનીબહેને મત્તુર વિષે અમને કેટલીક રસપ્રદ વાતો જણાવી.

મત્તુરમાં હિન્દુ ધર્મ અનુસાર તમામ વર્ણના લોકો વસે છે, નાનકડા ગામમાં કેટલાક મુસ્લિમ પરિવારો પણ છે. આ તમામ લોકો પૈકી ૭૦થી ૮૦% લોકો કડકડાટ સંસ્કૃત જાણે છે જેમાં આબાલવૃદ્ધ સૌનો સમાવેશ થઈ જાય છે. શાળાઓમાં બાળકોને બાલમંદિરથી સંસ્કૃત શીખવવામાં આવે છે. સંસ્કૃત શીખવવા બીજી કોઈ પણ ભાષાના અનુવાદનો આશરો લેવામાં નથી આવતો. એટલે એક તો આમ પણ ગામનું વાતાવરણ અને શાળામાં અનુવાદ વગર શીખવવામાં આવતી ભાષા, તેને કારણે બાળકોના મનમાં સંસ્કૃત ભાષા બરાબર છપાઈ જાય છે. બધા જ ધર્મનાં, તમામ વર્ણનાં બાળકો સાથે બેસીને સંસ્કૃત ભાષા શીખે છે. શરૂઆતમાં સાવ પ્રાથમિક કક્ષાનું, રોજિંદી વાતચીતમાં વપરાતું સંસ્કૃત ભણાવવામાં આવે છે જેનું ધીમે ધીમે સ્તર ઊંચું આવતું જાય છે અને વિદ્યાર્થીઓ વિવિધ વેદ અને શ્લોકોનો અભ્યાસ કરે છે.

બ્રાહ્મણોની સંખ્યા મત્તુરમાં સૌથી વધુ છે અને તે લોકો રોજિંદા જીવનમાં 'સાંકેતી' બોલીનો ઉપયોગ કરે છે. આ બ્રાહ્મણો આજથી ૫-૬ સદીઓ પહેલાં આજના તામિલનાડુ અને કેરળ રાજ્યની સીમા પર આવેલા કોઈ ગામમાંથી અહીં સ્થળાંતરિત થયા હતા. આથી તેઓ તમિલ, સંસ્કૃત, કન્નડ અને મલયાલમની મિશ્ર બોલી બોલે છે. સાંકેતીની કોઈ લિપિ નથી, તે માત્ર બોલી જ છે, પણ આ બોલીની વિશેષતા એ કે તેનો ઉપયોગ માત્ર ગામમાં વસતા બ્રાહ્મણો પોતાના ઘર કે સમુદાયના લોકો વચ્ચે જ કરે છે. અન્ય કોઈ સાંકેતી નથી બોલતું. મત્તુરના બ્રાહ્મણો સિવાયના લોકો સંસ્કૃત અને કન્નડ બોલે છે.

મત્તુરમાં હિન્દુ બાળકીઓ કે સ્ત્રીઓ માટે ચાંદલો કરવો ફરજિયાત છે. નહાઈને પહેલું કામ ચાંદલો કરવાનું. પહેલાના સમયમાં માત્ર કંકુનો

ચાંદલો જ કરતા, હવે આધુનિક બિંદી પણ સ્વીકાર્ય છે, પણ શરત એટલી જ કે તિલક વગરનું કપાળ ન હોવું જોઈએ. કોઈ પણ નવપરિણીત સ્ત્રી કોઈના ઘરમાં પહેલી વાર આવે (ભલે ગમે તે કારણોસર) તો એને અને એના મંગળસૂત્રને કંકુથી ચાંદલો કરીને મીઠાઈ ખવડાવે છે અને નાનકડી ભેટ આપે છે. (મને આવી કોઈ જ પરંપરાનો અણસાર નહોતો, પણ એક ગામડે જઈ રહ્યા હતા એટલે પરંપરાગત રીતે તૈયાર થવું સારું એમ માનીને સલવાર-કુર્તી જ પહેર્યાં હતાં, મંગળસૂત્ર પણ પહેરેલું અને કપાળે ચાંલ્લો પણ કરેલો. ત્યાં જઈને થયું કે સારું કર્યું ટ્રેડિશનલ વસ્ત્રોમાં ગઈ એ. મત્તુરના લોકો રૂઢિચુસ્ત સહેજ પણ નથી, પણ પોતાની સંસ્કૃતિ સાથે તેમને બહુ જ લગાવ છે તે સ્પષ્ટપણે જોઈ શકાતું હતું). મેં તે બહેનને કહ્યું પણ ખરું, ''સારું કર્યું હું ચાંલ્લો કરીને ને મંગળસૂત્ર પહેરીને આવી.'' તેમણે હસતાં મોઢે જવાબ આપ્યો, ''અમારા ગામની જે પ્રથા છે તે તમે પણ અનુસરો એવી અમારી કોઈ જ અપેક્ષા નથી. સૌભાગ્યવતીને કંકુથી ચાંલ્લો કરવાનો અમારે ત્યાં રિવાજ જ છે. હા, મંગળસૂત્ર પહેર્યું એ સારું કર્યું.'' મોટા ભાગના બ્રાહ્મણ પુરુષોએ પણ તિલક કરેલાં હોય તેવું જોવા મળે, પણ તેમની માટે ફરજિયાત નથી. ગ્રામજનોના રોજિંદા જીવનમાં પૂજા-પાઠનું પણ આગવું સ્થાન છે. ધાર્મિક ગ્રંથો અને વેદો વિષે અહીંના લોકો નિષ્ણાત તો નહિ, પણ જાણકાર જરૂર છે.

સંસ્કૃત ભાષાની અસર કહો કે પછી ગમે તે પણ મત્તુરમાં ક્રાઇમ-રેટ ઝીરો છે. ચોરી, લૂંટ, મારામારી કશું જ નહિ. અંદરોઅંદર ક્યારેક કોઈ વાતમાં ઝઘડી પડે તો અંદરોઅંદર જ સમાધાન કરી લેવામાં આવે. કોઈ ઝઘડાઓ ગ્રામ-પંચાયત સુધી પણ નથી પહોંચતા! ગામમાં એટલી બધી શિસ્ત અને ભાઈચારો છે કે ૫૦૦૦ લોકોની વસ્તી ધરાવતા મત્તુરમાં એક પણ પોલીસ સ્ટેશન નથી. અને એવું નથી કે આ નાનકડું ગામ પછાત હશે. દરેક ઘરમાં એક એન્જિનિયર છે. ગામડાની સરખામણીએ મોટા ભાગનાં ઘરોમાં કાર છે. ગામમાં કોઈ કૉલેજ નથી એટલે કૉલેજ માટે મોટા ભાગના યુવાનો શિમોગા જાય છે, ઘણા યુવાનો ઉચ્ચ અભ્યાસ માટે બેંગ્લોર, દિલ્હી, મુંબઈ કે વિદેશ જતા હોય તેવાં પણ ઉદાહરણ છે. (લોકડાઉનને કારણે શાલિનીબહેનના બેંગ્લોર રહેતા દીકરો-વહુ પણ મત્તુરમાં હાજર હતા જેઓ બંને એમ.ટેક.ની ડિગ્રી ધરાવે છે). મત્તુરના યુવાનો ભારતમાં કે ભારત બહાર ક્યાંય પણ સ્થાયી થાય અને તેમની આસપાસના લોકોને ખબર પડે કે તેઓ 'Sanskrit Speaking Village'માંથી આવે છે તો તેમની અચરજનો પાર નથી રહેતો.

એક નાનું સુઘડ ગામ એવું મત્તુર એ વાતની સાબિતી આપે છે કે સંસ્કૃત ભાષાને કારણે તેમની માનસિકતા બહુ જ ઉદાર અને આધુનિક છે. આ ગામની મુલાકાત લેનાર કોઈ પણ વ્યક્તિ અહીંથી પાછા ફરતાં મત્તુરનો 'ફેન' બની જતો હશે તે ખાતરીપૂર્વક કહી શકાય તેમ છે.

**– જેલમ વ્હોરા**

# મારો પ્રવાસ કાશ્મીર



ડૉ. મિહિર વોરા

મિત્રો મારા કરેલા પ્રવાસની વિગતો આપની સમક્ષ મૂકતાં મને ગૌરવની લાગણી થાય છે . ગર ફિર્દોસ બર રુએ જ઼્મીન અસ્ત, હમીં અસ્ત, હમીં અસ્ત. પ્રથમ વખત મોગલ સમ્રાટ, જહાંગિરે જ્યારે કાશ્મીરની મુલાકાત લીધી ત્યારે તેમના મુખમાંથી નીકળેલા ઉદ્‌ગાર! જો આ ધરતી પર સ્વર્ગ ક્યાંય છે તો તે અહિયાં છે! અહિયાં છે!

આજે પણ એટલા જ સાચા છે. હરી ભરી વાદીયો, ઉન્નત મસ્તકે ઊભેલાં ધવલ શિખરો અને ખળ ખળ વહેતાં નીર સાથે ઉછળકૂદ કરતી ને વહેતી જેલમ નદી! હવામાં પ્રસરેલી કેસરની મીઠી સુગંધ, અને તામ્રવર્ણી ચિનારના પર્ણોની નજાકત આહલાદક નજારો પ્રસ્તુત કરે છે!



લીલાં, પીળાં અને લાલઘૂમ સફરજનોથી લચેલાં વૃક્ષોની તો વાત નિરાલી છે! ઊંચી, ગોરી, ભૂરી આંખોવાળી કાશ્મીરી સ્ત્રી! સાચે જ કાશ્મીરની કળી! સૌંદર્યનું કેટલુંય રસપાન કરો પણ મન ક્યારેય ધરાય નહીં! અરે મન ભરીને પીવો છતાંય મન ભરાય નહી! તેનું નામ કાશ્મીર! ભારતનું સરતાજ એટલે કાશ્મીર! ધરતી પરનું સ્વર્ગ એટલે કે કાશ્મીર.

અમે નવેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહ દરમિયાન સપરિવાર મિત્રવૃન્દ સાથે કાશ્મીરને માણવાનો લહાવો લેવાનું નક્કી કરીને પહોંચી ગયા જન્નતે નૂર કાશ્મીર!

જમ્મુથી શ્રીનગરનો રસ્તો ૩૦૦ કિલોમીટરની આસપાસ, પણ પહોંચતાં પહોંચતાં ત્રણ નદી

ચેનાલ, લવી, જેલમ અને બરફથી ઘેરાયેલા પહાડો અને હરિયાળીવાળી ખીણો તમારી આંખો ચકાચૌંધ કરી દે છે. શ્રીનગરથી ૧૦૦ કિલોમીટરની પેરિફેરિમાં ગુલમર્ગ, સોનમર્ગ, પહેલગામ, ટંગમર્ગ, યુસમર્ગ જેવાં સ્થળો આવેલાં છે.

કાશ્મીરનો મુખ્ય ભાગ કાશ્મીર ખીણ છે. તે ચારે બાજુ હિમાચ્છાદિત પર્વતોથી ઘેરાયેલો છે. કાશ્મીર ખીણનો આ પ્રદેશ અત્યંત નયનરમ્ય છે, અને કાશ્મીર તેના કુદરતી સૌંદર્ય માટે દુનિયાભરમાં જાણીતું છે. કવિઓએ કાશ્મીરને પૃથ્વી પરનું સ્વર્ગ કહીને નવાજ્યું છે.

આ સુંદર ભૂમિ મુખ્યત્વે ઝેલમ નદીના ઘાટીમાં આવેલો છે. ભારતીય કાશ્મીર ઘાટીમાં ૬ જિલ્લા છેઃ શ્રીનગર, બડગ઼ામ, અનંતનાગ, પુલવામા, બારામુલા અને કુપવાડ઼ા. કાશ્મીર હિમાલયના પર્વતીય ક્ષેત્રનો ભાગ છે. જમ્મુ ખંડથી અને પાકિસ્તાનથી તેને પીર-પાંજાલ પર્વત-શ્રેણી અલગ કરે છે. અહીં ઘણાં સુંદર સરોવર છે, જેમ કે દાલ, વુલર અને નગીન. અહીંનું હવામાન ગરમીમાં ખુશનૂમા અને ઠંડીમાં બર્ફીલું હોય છે. આ પ્રદેશને ધરતીનુ સ્વર્ગ કહેવાય છે.

શ્રીનગર, જમ્મુ અને કાશ્મીર રાજ્યની ગ્રીષ્મકાલીન રાજધાની છે. આ શહેર અને તેની આસપાસના ક્ષેત્ર એક જ઼માનામાં દુનિયાના સૌથી ખ઼ૂબસૂરત પર્યટનસ્થળ તરીકે જાણીતા હતા જેમ કે દાલ સરોવર, શાલિમાર અને નિશાત બાગ઼, ગુલમર્ગ, પહલગ઼ામ, ચશ્માશાહી, આદિ. અહી હિન્દી સિનેમાની ઘણી ફ઼િલ્મોંનાં શૂટિંગ થતાં હતાં.

એવુ માનવામાં આવે છે કે શ્રીનગરની હજ઼રત બલ મસ્જિદમાં હજરત મુહમ્મદ સાહેબ પયગંબરની દાઢી઼નો એક વાળ રાખવામાં આવ્યો છે. શ્રીનગરમાં શંકરાચાર્ય પર્વત છે. જ્યાં હિંદુ ધર્મસુધારક અને અદ્વૈત વેદાંતના પ્રતિપાદક આદિ શંકરાચાર્ય સર્વજ્ઞાનપીઠના આસન પર વિરાજમાન થયા હતા.

દાલ સરોવર અને ઝેલમ નદીમાં પરિવહન માટે, ફરવા તેમ જ ખરીદારી કરવા માટે શિકારા નામની ખાસ હોડીઓ વપરાય છે. કમળનાં ફૂલોથી સુશોભીત આ દાલ સરોવર પર હોડીઓમાં બનાવેલાં ખાસ ઘર હોય છે જે હાઉસબોટ કહેવાય છે. ઇતિહાસકાર માને છે કે શ્રીનગરને મૌર્ય સમ્રાટ અશોક દ્વારા વસાવાયું હતું.

શ્રીનગરથી નજીકમાં એક પ્રાચીન માર્તણ્ડ સૂર્ય મંદિર છે અને કુઔર અનેર અનંતનાગ જ઼િલ્લામાં શિવને સમર્પિત અમરનાથની ગુફા છે. જ્યાં હજારો તીર્થયાત્રીઓ જાય છે. શ્રીનગરથી ૩૦ કિલોમીટર દૂર મુસ્લિમ સૂફ઼ી સંત શેખ઼ નૂરુદ્દિન વલીની દરગાહ ચરાર-એ-શરીફ઼ છે. જેને કેટલાંક વર્ષ પહેલાં ઇસ્લામી આતંકવાદીઓએ સળગાવી દીધી હતી, પરંતુ ત્યાર બાદ તેનું સમારકામ કરવામાં આવ્યું છે.

પહેલગામ ખૂબ સુંદર પ્રાકૃતિક દ્રશ્યો ધરાવે છે. અહીં પ્રવાસી કોઈ હોટેલમાં માત્ર આરામ કરી શકે છે અથવા આસપાસની ઘણી પહાડીઓમાં કોઈ એક પર આરોહણ કરી શકે છે જેમાં લીદ્દેરવાત, કોલોહોઈ હિમનદી કે સોમાંગ શામિલ છે. અહીં શિયાળાના

સમય દરમ્યાન સ્નો સ્કીઈંગ કરી શકાય છે .

પહેલગામની પોતાની એક નજાકત છે! પોતાની સુંદરતા છે! પોતાની અનેરી આહલાદકતા છે! એકદમ ખડકાળ, ઊંચું અને રફ. ત્યાંનાં સ્થળોમાં ખીણો મુખ્ય છે, બેતાબ વેલી, પહેલગામ વેલી અદભુત છે. પહેલગામની બજારમાં ચાહની ચૂસકીનો આનંદ અદભુત હતો!

ગુલમર્ગ શ્રીનગરથી ૫૨ કિ.મી. સ્થિત થયેલ છે. તે ૨.૬૯૦ મીટર (૮,૮૨૫ ફૂટ) ની સરેરાશ ઊંચાઇ પર આવેલ છે. ગુલર્મગનો અર્થ છે, ફૂલોની ભૂમિ. જમ્મુ કાશ્મીરના બારમૂલા જિલ્લામાં લગભગ ૨૭૩૦ મીટરની ઊંચાઈ પર સ્થિત ગુલમર્ગની શોધ ૧૯૨૭માં અંગ્રેજોએ કરી હતી.

આ પહેલાં ગૌરીમર્ગના નામથી તે ઓળખાતું હતું. જે ભગવાન શિવની પત્ની ગૌરીના નામથી છે. પછી કાશ્મીરના છેલ્લા રાજા, રાજ યુસૂફ શાહ ચકે આ સ્થાનની સુંદરતા અને શાંત વાતાવરણમાં મગ્ન થઇને તેનું નામ ગૌરીમર્ગથી ગુલમર્ગ રાખી દીધું.

ગુલમર્ગનું સોહામણું હવામાન, શાનદાર પરિદશ્ય, ફૂલના ખીલેલા બગીચા, દેવદારનાં ઝાડ, સુંદર સરોવર પર્યટકોને પોતાની તરફ આકર્ષિત કરે છે. ગુલમર્ગ પોતાના હરિયાળા અને સૌમ્ય વાતાવરણના કારણે આજે એક પિકનિક અને કેમ્પિંગ સ્પોટ બની ગયું છે.

નિંગલી નલ્લાહ, વરિનગ અને ફિરોજપુર નલ્લાહ અહીના કેટલા પ્રમુખ નલ્લાહે છે. કહેવામાં આવે છે કે વરિનગ નલ્લાહના પાણીમાં કેટલાક ઔષધીય ગુણ હયાત છે. જેના કારણે અહી ઘણા પ્રવાસીઓ આવે છે. બાયોસ્પીયર રિઝર્વ પણ ગુલમર્ગનું પ્રસિદ્ધ પર્યટક સ્થળ છે.

ડ્રંગ, જેની શોધ તાજેતરમાં જ કરવામાં આવી છે. ગુલમર્ગનું સૌથી મોટું પિકનિક સ્પોટ છે. પર્યટકો અહીની સુંદરતાની સાથે માછલી પકડવાનો લુત્ફ પણ ઉઠાવી શકે છે. લિંમર્ગ ગુલમર્ગનું અન્ય એક પર્યટક સ્થળ છે, જે પોતાની પ્રાકૃતિક સૌંદર્યતા માટે પ્રસિદ્ધ છે.

દેવદારનાં ઝાડો અને સુંદર ફૂલોથી ઢંકાયેલો આ પ્રદેશ કેમ્પિંગ અને પર્યટક માટે ઉત્તમ સ્થળ છે. અલપાથર ઝીલ ગુલમર્ગથી ૧૩ કિ.મી. દૂર છે અને આ ગુલમર્ગનું પર્યટકસ્થળ પણ છે. આ સરોવરની ખાસિયત એ છે કે જૂન સુધી તેમાં બરફ જમા રહે છે અને ગરમીઓમાં તેનું પાણી બરફના ટુકડા સાથે નિંગલી નલ્લાહમાં વહેવા લાગે છે. આ સરોવરની આસપાસ બરફથી ઢંકાયેલા પર્વતો તેને વધુ આકર્ષક બનાવી દે છે.

ગુલમર્ગમાં ગજબ ટાઢ! સંધ્યાકાળે સૂરજ આથમવા સાથે ઠંડીનું સામ્રાજ્ય શરૂ થઈ જાય. રાત્રે આઠ વાગ્યામાં તો થરમોમિટરનો પારો છેક શૂન્ય ડિગ્રીથી પણ નીચે ઊતરી જાય.

રૂમમાં રૂમ હીટર લગભગ આખો દિવસ ચાલુ રાખવું પડે છતાં આહલાદક કાશ્મીરના ગુલમર્ગનું સૌંદર્ય આંખમાં સમાતું નથી. એક વખત જોયું હોય તે તેના સૌંદર્યથી અભિભૂત થયા વગર રહેતો નથી!

સોનમર્ગ એટલે કે ‘સોનાનું મેદાન’ એના નામની જેમ જ એકદમ પ્રકાશિત, ચળકતું છે. ગગનગીરથી આગળ કાર ન જતી હોઈ ૧૧ કિલોમીટરનું અંતર ચાલીને કાપીએ તો તમને દરેક રાજ્યના લોકો સામે મળે! મોટે ભાગે પ્રવાસીઓ તેને સોનમર્ગ કહે છે, પરંતુ તેનું અસલ નામ સોનામર્ગ છે.

આ જગ્યાના પથ્થરોમાં નકરું સોનું છે, જોકે આ પથ્થરોને સોનામાં રૂપાંતરિત કરવાના રસાયણની શોધ હજી થઈ નથી! સોનમર્ગની સુંદરતા શબ્દોમાં વ્યક્ત કરવી મુશ્કેલજ નહીં, પરતું નામુમકિન છે. બરફથી ઘેરાયેલાં પાઈન-ચિનાર-દેવદારનાં વૃક્ષો અનન્ય છે!

બરફ ઓગળી તેમાંથી રેલાતા ઝરણાંમાંથી પ્રગટતું સંગીત અલૌકિક જ નહીં, પરંતુ શાતા આપનારું પણ છે. કુદરતે વેરેલાં અફાટ સૌદર્યમાંથી કયા દશ્યને હું મારી યાદ અને આંખ કે કેમેરામાં કેદ કરું, કયા દશ્યને હું મારી સાથે લઈ જાઉં. મારી આંખો અનિમેષપણે આ કુદરતી સોંદર્યને ધરાઈ ધરાઈને નીરખ્યા કરે છે હું શું કરું? ક્યારેક તો મારી જાતને પ્રકૃતિના ખોળે નહિ, પણ પરમાત્માના ખોળામાં હોવાની અનુભૂતિ થતી હતી.

જાણે કે હું સમગ્ર સંસારથી અલિપ્ત થઈ ગયો હતો! મારા મનમાં અન્ય કોઈ જ વાત આવી રહી નહોતી. મારું મન સંપૂર્ણ ધ્યાનમગ્ન હતું. શું આજ તપની કોઈ અવસ્થા હશે? કલાકો સુધી હું આ પરિસ્થિતિમાં રહ્યો અને પછી જ્યારે હું પૂર્વવત્ થયો ત્યારે અમે સોનમર્ગથી શ્રીનગર તરફ જઈ રહ્યા હતા.

સોનમર્ગની આ મુલાકાત મારા જીવનનું યાદગાર સંભારણું બની ગઈ. સોનમર્ગનું વાતાવરણ આહલાદક, પરંતુ કંઈક અંશે તણાવવાળું પણ છે. ચારે બાજુ સુરક્ષામાં તહેનાત સૈનિકો, સતત વહેતો કાતિલ ઠંડો પવન, બરફના થર અને પહાડી રસ્તાઓ દિલોદિમાગ પર છવાઈ જાય.

પ્રાચીન કાળમાં કાશ્મીર પર હિંદુ અને બૌદ્ધ સંસ્કૃતિઓનો વિશેષ પ્રભાવ પડેલ છે. એવુ માનવામાં આવે છે કે અહીં ભગવાન શિવનાં પત્ની દેવી સતી નિવાસ કરતાં હતાં અને તે સમયે આ ખીણ પાણીથી ઢંકાયેલી હતી, અહીં એક રાક્ષસ નાગ પણ રહેતો હતો, જેને વૈદીક ઋષિ કશ્યપ અને દેવી સતીએ મળીને હરાવ્યો હતો તથા મોટા ભાગનું પાણી ઝેલમ નદીના રસ્તે વહાવી દીધું હતું.

આ પ્રમાણે આ જગ્યાનું નામ સતીસરથી કાશ્મીરપડ્યું. આનું વાસ્તવિક નામ કશ્યપમર કાચબાનું સરોવર હતું. આથી કાશ્મીર નામ પડ્યું. આ વર્ણન મારફતે આપ સહુને કુદરતની સમીપ લઈ જવાનો હેતુ છે. જે આપને રોજેરોજની ઝંઝટથી દૂર ..ઘણે દૂર લઈ જાય છે. જ્યારે અહી મારો પ્રયાસ આપને આપની ભીતર સાથે જોડવાનો છે. આશા છે કે આપને આ પ્રવાસ વર્ણન ગમ્યું હશે.

**- ડૉ. મિહિર વોરા**

# મારો પ્રાણ પ્યારો હિમાલય



**રાધિકા બક્ષી**

પ્રવાસ દ્વારા માનવીની ચિત્તક્ષિતિજો ક્રમશઃ વિસ્તૃત બનતી જાય છે. વ્યક્તિ-સમષ્ટિનાં અને પ્રકૃતિનાં રસ-રૂપ-રંગે માનવીને મુગ્ધ કર્યો છે, અને તેની સૌંદર્ય-પિપાસા અને ચિંતનશીલતાને સંચાલિત કરી છે. માનવીની ભ્રમણ-ઇચ્છા પ્રબળ બનતી જાય છે અને તેથી પર્યટન-પ્રવાસ તેના માટેની એક અગત્યની પ્રવૃત્તિ બની રહે છે. જીવનનો સાર કે જીવનનો મહત્ત્વનો ભાગ આ પ્રવાસ બની જાય છે.

ડોસાભાઈ ફરામજી કરાકા - લિખિત ‘ગરેટ બરીટનની મુસાફરી’ (૧૮૬૧) ગુજરાતી સાહિત્યમાં પ્રથમ પ્રવાસકથા છે. ‘કલાપીનું કાશ્મીર વર્ણન અને હિમાલય પર તો અનેક પુસ્તકો લખાયેલ છે. શ્રી કુંદનિકા કાપડિયાનું હિમાલયના સંતો જેવાં અનેક વર્ણનો, તેમ છતાં હું પણ આજ મારા પ્રાણ પ્યારા હિમાલય પર જ અનુભવો અને વર્ણનો જણાવીશ. ઉત્તરકાશી ગંગોત્રી યાત્રા કદાચ એમ કહી શકાય કે મારા વ્યક્તિત્વમાં મહત્ત્વનો ભાગ આ પ્રવાસનો રહ્યો છે. ટૂંકમાં કહું તો મારા પપ્પા ડૉક્ટર ભરતભાઈ બક્ષી આઈ સર્જન અને જનરલ ફિઝિશિયન છે તેઓ શિવાનંદ મિશન વીરનગર સાથે સંકળાયેલ શ્રી ડૉક્ટર શિવાનંદ અધ્વર્યુ સાથે ખૂબ જ આત્મીય સંબંધો ધરાવે છે અને એને કારણે જ આ હિમાલયનો પ્રસંગ શક્ય બન્યો. તમારો પ્રવાસ ત્યારે જ આહલાદક અને આનંદમય બને કે જ્યારે પ્રવાસીઓ સાથે તમારો તાલમેલ હોય અને ખૂબ જ સુંદર સાથીઓ હોય. આજે હું વાત કરી રહી છું ૧૯૯૧ એ સમય હતો જ્યારે ટેકનોલોજી ખૂબ ઓછી હતી અત્યારના પ્રમાણમાં સાધન-સગવડનો પણ ઘણો એવો અભાવ હતો, એ સમયે શિવાનંદ મિશન સાથે અમે આઈ કેમ્પ કરવા માટે

હિમાલયના પ્રવાસો કરતા અને એમાં પૂજ્ય બાપુજીએ મને પણ સાથે આવવાનું કહેલું. આમ જોઈએ તો પ્રવાસ અનેક પ્રકારના હોય છે રજાઓ માણવા માટે, સમય પસાર કરવા માટે, ફક્ત આનંદ મેળવવા માટે, પણ આ અમારો પ્રવાસ આધ્યાત્મિક અને સેવાકીય પ્રવૃત્તિ માટેનો હતો. જે દુનિયાદારીનાં બધાં જ કાર્યો છોડીને સાવ ઓછી સગવડો ગરીબોને આંખોનાં ઑપરેશન કરવાં, એમની શારીરિક તકલીફો દૂર કરવાં અને જ્યાં કોઈ જ ડૉક્ટરો ન પહોંચી શકે એવી જગ્યાએ જઈ. એમને મદદરૂપ થવાનો આ એક અગમ્ય પ્રયાસ હતો અને એ પ્રવાસમાં હું જોડાઈ.

સુંદર મજાના શિવાલિક પર્વતોથી ઘેરાયેલા ઋષિકેશનાં ગંગા મૈયાનાં ચરણોથી અમારો પ્રવાસ શરૂ થયો. એક મિનિ બસ જેવું જેમાં બાર વ્યક્તિ આરામથી બેસી શકે એવું વાહન જે સ્વીઝરલૅન્ડથી આશ્રમને અપાયું હતું એમાં પ્રવાસ શરૂ થયો. ઋષિકેશથી પ્રયાણ થયું અને સમય હતો સપ્ટેમ્બર. એટલે કે થોડી થોડી ઠંડીની શરૂઆત અને ખૂબ જ આનંદદાયક વાતાવરણ હતું. ચારે તરફ વરસાદ પછીની લીલોતરીઓ જોવા મળી રહી હતી. બધાં ઝાડ પર સુંદર મજાનાં ફૂલો અને ગંગા નદીનો વહેતો અવાજ, સંગીતમય વાતાવરણ ઊભું કરતું હતું. જ્યારે પ્રવાસમાં જોડાયા ત્યારે ખ્યાલ નહોતો કે અમારી સાથે કોણ આવી રહ્યું છે પણ જ્યારે બસ ઉપડવાની તૈયારી થઈ ત્યારે બધા એક વિશેષ વ્યક્તિવિશેષને આવકારવા સજ્જ થયા ત્યારે ખ્યાલ આવ્યો કે હિમાલયમાં જેણે મોટી પ્રવૃત્તિ કરી ચિપકો આંદોલનની એ શ્રી સુંદરલાલજી બહુગુણા પણ અમારી સાથે આ પ્રવાસમાં જોડાવાના છે. અમારે ઉત્તર કાશી પહોંચવાનું હતું અને એમને વચ્ચે ક્યાંક પાસે ઊતરવાનું હતું, એટલે એટલા સમય પૂરતા અમારી સાથે બસમાં આવી રહ્યા હતા. આ એક અચાનક સરપ્રાઈઝ કહેવાય કે આટલી મોટી હસ્તી અમારી સાથે પ્રવાસમાં આવી રહી હતી. એ હિમાલયના તો જાણે કે વન ગુરુ કહેવાય અને હિમાલયન પ્રજા માટે તો સાક્ષાત ભગવાન સમાન. એમણે એ સમયે વન રક્ષણનું કાર્ય કરેલું, આજની પેઢી ક્યારેય ના સમજી શકે. આ વ્યક્તિ અને એ અમારી સાથે હોય એટલે ઈશ્વરનો ખૂબ આભાર માન્યો કે આવા દિવ્ય આત્માઓ સાથે આપણે હિમાલય નો પ્રવાસ કરી રહ્યા છીએ. નરેન્દ્ર નગર ક્રોસ કર્યું. સુંદર લાલજી વન વનસ્પતિઓના એટલા પરિચિત કે અમને રસ્તામાં અનેક વનસ્પતિઓની માહિતી આપતાં અમારો પ્રવાસ આગળ વધ્યો. ઋષિકેશથી ૩૦-૪૦ કિલોમીટર દૂર આગ્રાખલનાનું નાનકડું ગામડું આવે બસ ત્યાંથી પસાર થતા હતા ત્યાં રસ્તાની બંને બાજુએ ખૂબ સુંદર મકાઈઓ લઈને લોકો ઊભા હતા.

અમારી બસનાં પૈડાં સહજ ત્યાં રોકાઈ ગયા. કોઈ પણ ભાવતાલ કર્યા વગર એમણે જે કહ્યું એ એમને આપી અને બધી મકાઈઓ ખરીદી. એ બધા તો સુંદર લાલજીને જોઈને એમનાં ચરણોમાં પડી ગયા અને ઘણા લોકો તો એમના મકાઈના ટોપલા અમને ગિફ્ટ આપવા લાગ્યા. આ એક બહુ જ જુદી વાત હતી કે

આજના જમાનામાં કોઈ ગરીબ માણસ એક રૂપિયો પણ ન છોડે એવા સંજોગોમાં ભેટ રૂપે એ લોકોની બધી જ વસ્તુઓ અમને અર્પણ કરી રહ્યા હતા. આગ્રાખાલમાં બીજી પણ એ ખૂબ મોટી વિશેષતા છે આ જગ્યા આદુના પાક માટે ખૂબ જ વખણાય છે અને કદાચ આટલા મોટા અને ફ્રેશ આદુ હજી સુધી તો અમે કોઈએ નહોતા જોયા. ફરી પાછું એ જ કે પહોંચવાની કોઈ ઉતાવળ નહોતી, જબ મંઝિલ હૈ સામને તો રૂકને કા ક્યા ડર જબ મંઝિલ અપની તો ફિર દુનિયા કા ક્યા ડર. બસ આવા જ વિચારો લઈને જે પ્રકૃતિ સામે મળે છે એનો આનંદ માણતાં અમે આદુ લેવા ઊતરી પડ્યા. આ તમારી પાસે લઈ જશો તો એક બે મહિના સુધી બિલકુલ વસ્તુ નહીં બગડે જરૂરિયાત મુજબ આદુ સાથે રાખ્યું. આમ પણ આદુના એટલા બધા ઔષધીય ગુણો છે, એ તો અમને સુંદરલાલજી એ રસ્તામાં બહુ વિસ્તૃત માહિતી આપી આ જ્ઞાન મને કોરોના વખતે ખૂબ કામ આવ્યું અને ઘણા લોકોને મેં આદુના પ્રયોગથી હેલ્પ કરી, પણ આયુર્વેદની દૃષ્ટિએ પણ આદુનું ખૂબ મહત્ત્વ એટલે આગળ જતાં ખૂબ ઠંડી હશે તો પણ કામ આવશે, એટલે કુદરત કેટલી વ્યવસ્થા સુંદર કરે છે કે જે વસ્તુની જ્યારે જરૂર હોય છે એ વસ્તુ ત્યાં સહજ ઊગે છે અને સરળતાથી મેળવી પણ શકાય છે .

આટલા આનંદની પળ વિતાવીને અમે ધીરે ધીરે આગળ વધ્યા ત્યાં, અચાનક એવો વળાંક આવ્યો અને રસ્તામાં અમુક લોકોએ અમારી ગાડી રોકવાનો પ્રયાસ કર્યો. થોડો ડર થોડી ગભરાહટ બધાને થઈ કે અચાનક કેમ આવું થયું, પણ તોપણ ધીરે ધીરે ગાડીને સ્લો કરી સાઇડ ઉપર રાખી ત્યાં તો અચાનક બે ત્રણ વ્યક્તિઓ આજીજી કરતા આવ્યા, એમની પહાડી ભાષાઓમાં સમજાવવા લાગ્યા કે અહીં એક મહિલાને પ્રસૂતિ આવે એમ છે અને આગળ દવાખાના સુધી લઈ જવાની છે તો હેલ્પ કરો. ડૉક્ટરોથી સજ્જ ગાડી અમારી સાથે ગાયનેકોલોજીસ્ટ ઋષિકેશના શ્રી ફૂટતી માતાજી પણ સાથે હતાં જેઓ ૬૫વર્ષ ઉપરનાં હતાં. પપ્પા જનરલ ફિઝિશિયન અને ડૉક્ટર અને બીજા પણ ડૉક્ટર માટે આઇ સર્જન આ રીતે ઘણા બધા ડૉક્ટરો સાથે હતા જ એ બધાએ મહિલાને ગાડીમાં સુવાડવા માટે પ્રયત્ન કર્યો, પણ પાસે પહોંચતા ખ્યાલ આવ્યો કે હવે આને લઈ જઈ નહીં શકાય. બસ પછી શું અમે તો સેવા કાર્ય કરવા જ નીકળ્યા હતા. ફોરેનની ગાડીનું ખૂબ મોટું કવર ઢાંકવા માટેનું હતું તેને તાત્કાલિક સાઇડમાં રસ્તાની બાજુમાં ટેન્ટની જેવું બનાવી લીધું એની અંદર મહિલાને સુવાડી અને ડૉ. બહેનજીએ એમનું કાર્ય કર્યું. સુંદર મજાની બાળકીનો જન્મ થયો. આ એક યોગ કહો કે જે પણ બધાને એક જાતની રાહતની અનુભૂતિ થઈ કે ચાલો આપણે કોઈને તાત્કાલિક મદદ આવી શક્યા. બાકી તો અત્યારના સમયમાં બધાએ થ્રી ઈડિયટ ફિલ્મમાં આ જોયું જ છે. એવું જ મુશ્કેલ કાર્ય પણ સરળતાથી પાર પડ્યું. સુંદર મજાની બાળકીને અમારી પાસે જે વસ્ત્રોમાં એમને આપી અને સાથે જે નાસ્તો-ખાવાનું હતું એ પણ એ બધાને આપ્યું. અચાનક બનેલા આ બનાવથી અમે

બધા થોડા હલી ગયા હતા. મારે માટે આ બધું ખૂબ નવું હતું, પણ ઘણું જાણવા-શીખવા મળ્યું, ડૉક્ટર હોય ખૂબ ઓછી સાધનસામગ્રી સાથે પણ સફળ કાર્ય કર્યું. એમની પાસે કાતર અને બીજા બધા મેડિકલનાં સાધનો હતાં જ એટલે એ રીતે કોઈ પ્રશ્ન ન આવ્યો. દવાઓ પણ હતી જ, એટલે સંપૂર્ણ આધુનિકતાથી જ કાર્ય થયું અને સ્વચ્છતાથી થયું.

પહાડમાં આ રીતે અચાનક રોકાઈ જવાથી સમય ઘણો જ પસાર થઈ ગયો, પણ અમારે ધીરે ધીરે જ અમારી મંજિલ સુધી પહોંચવાનું હતું. અમે નિર્ધારિત સમય કરતાં ત્રણ દિવસ પહેલાં નીકળ્યા હતા એ પણ કોઈ ચિંતાનો સવાલ ન હતો. કુદરતે આપેલી અદભુત પ્રકૃતિનાં દર્શન ઊંચાં ઊંચાં પાઈનનાં સુંદર વૃક્ષનાં સુંદર મજાનાં ફળો વીણતાં જોતાં ખાતાં , ભેગાં કરતાં ફરી બધા ધીરે ધીરે ગાડી તરફ બેસવા જતા હતા, પણ એ પહેલા સ્વચ્છ થવું જરૂરી હતું. થોડો ઢાળ ઊતરી વહેતાં પાણીમાં ગંગાજી હતાં ત્યાં જઈ સ્વચ્છ થયા. એકદમ ઠંડાં પાણીથી નાહ્યા, એ વખતે ફોટોગ્રાફીના એટલાં સાધનો ન હતાં, પણ જે કંઈ કેમેરા હતો એનાથી યાદગીરી પણ લીધી અને નદીના સામાન્ય વહેતા પ્રવાહ એટલે કે બહુ છીછરું પાણી હતું, એટલે આરામથી પથ્થરો પર બેસી અને આનંદ માણી શકાય. સૂર્યનો સુંદર પ્રકાશ આવી રહ્યો હતો જે હલકા તાપની અનુભૂતિ ખૂબ સરસ લાગી રહી હતી અને બરફ જેવાં ઠંડાં પાણીમાં પગ બોળીને બધા જ થોડી વાર બેઠા. અચાનક આવેલી પરિસ્થિતિના માનસિક થાકને ધીરે ધીરે દૂર કર્યો. ફરી પાછા બધા પ્રવાસ કરવા આગળ વધ્યા.

થોડાક આગળ વધ્યા, ત્યાં અચાનક ડ્રાઈવરે કારને જોરદાર બ્રેક મારી કોઈ પણ વસ્તુ હતી કે સાપ કે કશુંક પસાર થયું, પણ એ બ્રેકને કારણે ગાડીમાં આગળ રહેલું રેડીએટરનું ઢાંકણું અચાનક ખૂલી ગયું અને એમાંથી જોરદાર ગરમ વરાળ સાથે થોડાં પાણીના છાંટા આજુબાજુમાં ખૂબ ઊડ્યા આ ગાડીમાં રેડીએટર ડ્રાઈવરની આગલી તરફ હતો એટલે કે બેઠા હોય તો અંદરના ભાગમાં હતું અને એ ગરમ પાણીના છાંટા શ્રી સુંદરલાલજીને ખૂબ જ ઊડ્યા એમના ગળાના ભાગ પર દાઢી પર થોડું હાથ પર ગરમાગરમ પાણી એમને દઝાડી ગયું. અસહ્ય તકલીફ વચ્ચે પણ તેઓ સ્વસ્થ હતા, પણ અમે ખૂબ અસ્વસ્થ બની ગયા. મારાથી એમની તકલીફ ના જોવાઈ. મારી પાસે હંમેશા બોરોલીન અને બીજી દવાઓ પર્સમાં હાથમાં જ હોય છે. તાત્કાલિક એ બધી દવાઓથી મેં એમને ત્યાં બધી દવા લગાડી. તેમની તકલીફનું દુઃખ અમને બધાને હતું, થોડી વાર ત્યાં ખુલ્લામાં ઊભા રહ્યા. આ થયું ત્યારે એમણે મને સમજાવ્યું ને વનસ્પતિઓ બતાવી કે બેટા આ ત્રણ વસ્તુઓ તો તું જ જાતે જઈને લઈ આવ જેને આપણે દેશી ભાષામાં કારુંજણી કહીએ એવી જાતના છોડનાં પાન લાવી તેમને લગાડ્યાં.

વનસ્પતિનો એક ઉપયોગ જાણવા શીખવા મળ્યો. દાઝ્યા પર રુઝ લાવવાનો છોડ હતો.

અમારા માટે ખૂબ નવું જાણવાનું હતું, પણ જ્યારે પડકાર સામે આવે ત્યારે એને ઝીલવું જ રહ્યો,

શોધી આવી અને એમને લેપ કરી આપ્યો પછી ગાડીને થોડું રિપેર કરવાની જે કંઈ જરૂરત લાગી એ પૂરું કર્યું અને પછી સુંદરલાલજીને અમારી બાજુમાં પાછળ બેસાડ્યા જેથી કરીને ફરી વાર આવી કોઈ તકલીફનો સામનો ના કરવો પડે. બસ આ કરતાં જ અમે આગળ સાંજ સુધીમાં ટેહરી પહોંચી ગયા.

ધીરે ધીરે અંધારું થવા લાગ્યું હતું એટલે સુંદરલાલજીના આગ્રહને માન આપી અને તેહરીમાં સ્કૂલમાં રાત્રે રોકાણ કરવાનું નક્કી કર્યું. અહીંની સ્કૂલ એટલે એક મોટો ઓરડો મોટો રૂમ અને આજુબાજુ થોડી સમથળ જમીનો અને ફરતી નાની-નાની ટેકરીઓ અને ખીણમાં ગંગાજીનો પ્રવાહ. રમણીય જગ્યાએ એકમાત્ર સ્કૂલનું મકાન હતું. આજુબાજુમાં નાનાં ઝૂપડાં હતાં.

અમે ત્યાં પહોંચ્યા-ગરમ પાણી ઉકાળા ટાઈપનું સુંદર આર્યુવેદિક પ્રવાહી ચાની બદલે અમને પીવા મળ્યું. એમાં જુદી જુદી એટલી બધી વન ઔષધિ હતી કે સ્વાદ ખૂબ સરસ હતો, પરંતુ સાથે જાણે કે થાક ખૂબ ઊતરી ગયો. એકદમ સ્વસ્થ થઈ ગયા અથવા તો કહી શકાય કે દિવ્ય પીણું છે.

ત્યાર બાદ ત્યાંના લોકોએ ત્યાં જે હતું એ ધાન્યના રોટલા અને કંદમૂળ બાફી અને એમાં કંઈક વનસ્પતિઓ એવી રીતે નાખી એટલું મસાલાવાળું ટેસ્ટી શાક અમને ખાવા મળ્યું અને બધાએ સુંદર રીતે એને ન્યાય આપ્યો. ૬.૫૦ સુધીમાં તમે જમીને પરવારી ગયા પછી એ લોકોને ગરબા ગાઈ સંભળાવ્યા.

અહીંની અગાસી એક અલગ પ્રકારથી બનાવવામાં આવેલી હતી. જેથી કરીને કુદરતી આફતો સામે સામનો કરી શકાય. અગાસી પર ગયા. પૂનમ નજીક હતી. એટલે અમને ત્યાંના લોકોએ, ખગોળવિજ્ઞાન સાથે સાંકળીને ખૂબ સરસ માહિતી આપી એટલુ બધું જાણવા મળ્યું અને ''કુદરત'' તો એનું રૂપ અદ્‌ભુત હતું. આપણે જેમ રાત્રીના અહીંનું આકાશ જાણે કે જાંબુડી રંગનું હતું, એક કલરનું જાંબુડી આભાસ જોવા મળતો હતો અને એમાં સુંદર મજાના તારાઓ જુમખા સ્વરૂપે, નક્ષત્ર સ્વરૂપે અમે ધ્યાનથી જોયા અને ચંદ્ર તો મારી સાથે જ હતો અને અહીં પ્રમાણમાં ઈલેક્ટ્રિક લાઈટ માત્ર એક કે બે જ હતી એટલે કુદરત પર જ આધારિત રોશનીમાં ખૂબ મજા આવી એમ થયું કે સૂઈને સમય નથી બગાડવો, આવું ક્યારે ફરી માણવા મળે, ચાલને કુદરત તારી સાથે તારા તારા રમીએ, ચાલને નભલા તારાને ગણીએ. બસ આમ જ મસ્તીમાં ક્યારે ઊંઘ આવી એ જ ખ્યાલ ન આવ્યો. સવારે ચાર વાગે તો ઊંઘ ઊડી ગઈ.

૬ વાગે ફરી અમારો પ્રવાસ શરૂ થયો. મુસાફરી આગળ વધી અને ધીરે ધીરે એક એક પડાવ પસાર કરતા અમે ઉજેલી કૈલાશાશ્રમ પહોંચ્યા. ઉત્તર કાશી આવી ગયું. અહીં કૈલાશ આશ્રમ ગંગા નદીના કિનારે અને ગંગોત્રી જવાના રસ્તા પર મુખ્ય છે. બધી યાત્રા બસો આ જ આશ્રમની બહારથી જ ઊપડતી હોય છે, એ સ્થાન પર અમારે આઈ કેમ્પ કરવાનો હતો. ખૂબ વિશાળ મોટો આશ્રમ હતો અને રોડની જમણી તરફ જ્યાં નદી હતી ત્યાં સુંદર મજાના કોટેજો હતા જ્યાં

અમારી રહેવા માટેની વ્યવસ્થાઓ કરવામાં આવી હતી અને બાજુમાં નાનું એવું સુંદર મજાનું ગાર્ડન અને નાનું એવું શિવ મંદિર પણ ત્યાં હતું. આ જગ્યાએ રહેવાનો જ એક અલગ આનંદ હતો અને એ લોકોનું ગીત છે સ્વર્ગ ઉત્તરાખંડ ભૂમિ હિમાલય આવો આ ટાઈપનું એમની ભાષાનું એક ગીત જે ખરેખર સાચું લાગે એવું અનુભૂતિ થઈ અમે ફરી રાત્રિ રોકાણ ત્યાં કર્યું. ઉત્તર કાશીમાં અહીં કૈલાશ આશ્રમમાં એક નિયમ છે. સાંજે છ વાગે આરતી સમયે બધા જ શિવ મહિમ્ન ગાય છે એ અમને કંઠસ્થહતું. પછી જમવા માટે ગયા ત્યાં એક વિશાળ મોટા હોલમાં સાથે ૧૦૦, માણસો બેસી શકે એવી વ્યવસ્થા હતી. જમીન પર બેસવાનું હતું. અહીં જમવાનું સાત્ત્વિક હતું. સવારે ને સાંજે એક વસ્તુ જમવાની હોય જે અમે પ્રેમપૂર્વક જમ્યા જોકે ભાવે એવું બિલકુલ નહોતું, અથાણાં લાવેલાં એટલે એ એક મોટો સહારો રહ્યો. ગંગોત્રી તરફ જવાનું હતુ અમારો પ્રવાસ ફરી શરૂ. ગંગોત્રી માટે ઉત્તરકાશી પાસેથી ગંગોત્રી ૯૦-૧૦૦ કિલોમીટર જેટલું થાય છે, પણ પહાડી રસ્તાઓને કારણે ચડવાનો સમય થોડો વધારે લાગે એટલે એ ગણતરી મૂકીને જવું પડે.

આમ તો સવારથી સાંજનો પ્રવાસ, પણ અમે વચ્ચે રાત રોકાવાના હતા.

ઉત્તરકાશીથી આગળના એ અદ્ભુત સ્થળ જ્યાં સુધી પહોંચ્યા હતા એ સ્થળ સમુદ્રસપાટીથી આશરે ૧૨૦૦ મીટર ઉપર હતું. હવેનો રસ્તો ૮૦ કિ.મી. આસપાસ હતો અને ગંગોત્રી પહોંચીને સમુદ્રસપાટીથી ઊંચાઈ ૩૪૧૫ મીટર થવાની હતી. એટલે હવેના રસ્તામાં વધારે ઉત્તુંગ અને હિમાચ્છાદિત શિખરો, વધારે ઊંડી ખીણ, એકની પાછળ એક પર્વત દેખાય એવી વધુ લાંબી ગિરિમાળાઓ, અત્યાર સુધી જોઈ એ કરતાં જુદી વનસ્પતિઓ-વૃક્ષો, પ્રકૃતિનું અત્યાર સુધી જોયું એના કરતાં પણ વધુ સુંદરતમ સ્વરૂપ, વિશાળકાય-તોતિંગ શિલાઓ - આ બધું જ દેખાવાનું હતું. એટલે નીકળ્યા ત્યારથી જ ઉત્સાહ માતો નહોતો. આ બે દિવસમાં નિરાંતે, એકદમ શાંતિથી આસપાસની પ્રકૃતિ માણવા મળી હતી, સમય થોડો ઓછો હતો અને આંખમાંથી ચિત્ત પર છાપી દેવાનાં, ઈશ્વરે છૂટા હાથે વેરેલી પ્રકૃતિનાં દૃશ્યો અનેકગણાં વધારે હતાં.

અહીંથી આગળ ભટવારી ગામ આવ્યું, એ પછી ઉત્તુંગ શિખરો દેખાવાનાં શરૂ થયાં. ભટવારી પછી ગંગનાની ગામ આવ્યું. અહીં ગરમ પાણીનો કુંડ છે. એમાં સ્નાન કર્યું. ગરમ ગંધકયુક્ત પાણી પહાડમાંથી નીકળે છે, બે જબરજસ્ત વિરોધાભાષી વાતાવરણ બહાર ઠંડી અને ખૂબ ગરમ પાણી એટલે શરીરનું સમતુલન ના રહે.

વાતાવરણમાં સંધ્યાની અસર દર્શાઈ રહી હતી એનાથી આગળ હર્શિલ આવ્યું. અહીંના સફરજનનાં ઉદ્યાન પ્રખ્યાત છે. અહી સ્ટેપખેતીમાં રાજગરાનાં ખેતરો પહાડ પર રક્તવર્ણ જોયા. અહી અમે રાત એક નાની લાકડાની હોટેલમાં રોકાઈ ગયા. નીચે ગંગાનો પ્રવાહ સતત અવાજથી હાજરી પુરાવતો હતો અને એ

સંગીતમય વાતાવરણથી સંમોહિત થયા. ઊંઘ જલદી આવી. સવારે જાગ્યા ને જોયું તો ચારે તરફ સફરજનનાં વૃક્ષો હતાં, માત્ર હાથ લાંબો કરવાનો હતો, ખૂબ સફરજન તોડ્યાં. અહીંના માણસો ખૂબ પ્રેમાળ હતા. અહીંથી નીચેની ખીણનું દૃશ્ય પણ બહુ જ સુંદર છે. આ વિસ્તારથી આગળ જતાં દેવદારનાં અઢળક વૃક્ષો દેખાવાનાં શરૂ થયાં. આગળ ભૈરોઘાટી આવી, અહીંથી નીચેનું દૃશ્ય અદ્‌ભુત હતું. અહીં જાહ્નવી, ગંગા અને ભાગીરથીનો સંગમ થાય છે. એ ભૈરોઘાટી પહેલાં ડાબી બાજુએ એક રસ્તો છૂટો પડ્યો હતો, જે તિબેટ સુધી જાય છે, એવું અમને અમારા વાહનચાલકે જણાવ્યું.

આખા રસ્તામાં, શરૂઆતથી છેલ્લે સુધી, શિખરો અને પર્વતોને ઘેરી લેતાં, એમને સંપૂર્ણ ઢાંકી દેતાં તો ક્યારેક એમને અંશતઃ ઢાંકીને દૃશ્યને અનેકગણી વધુ સુંદરતા આપતાં મહાકાય વાદળો સતત સાથે રહ્યાં. વિશાળ ખીણવિસ્તારમાં અને દૂરની પહાડીઓમાં દેખાતાં મોટાં મોટાં વૃક્ષો પણ ટાંચણી જેવાં નાનાં નાનાં લાગતાં હતાં. હિમાચ્છાદિત પર્વતો દેખાવા લાગ્યા. વરસાદ ક્યાંય ન આવ્યો, પણ ભરપૂર વરસાદી વાતાવરણમાં જ સતત ચાલવાનું થયું, જે યાત્રા-પ્રવાસ માટે મારું સૌથી પ્રિય વાતાવરણ છે.

ભૈરોઘાટીથી થોડી જ વારમાં ગંગોત્રી આવ્યું. ગંગોત્રી વિસ્તારનાં શિખરોને જોઈને થતી અનુભૂતિ વર્ણવવા માટે શબ્દો સક્ષમ નથી. આગળ જેટલી પણ અદ્‌ભુત અનુભૂતિ આપણને થઈ હોય, એ હિમાચ્છાદિત શિખરોને જોઈને થતી અનુભૂતિ સામે વામણી લાગે એવો એમનો ''પ્રભાવ'' છે. આ કોઈ શબ્દરમત નથી, પણ એ શિખરોને જોઈને વાસ્તવમાં એવું ન જ લાગે કે એ નિર્જીવ અસ્તિત્વ છે. ''સ્થિરત્વ''ના પર્યાય સમા આ હિમાલયનાં શિખરો જે આપણી નજર સામે છે, એ લાખો વર્ષોથી આમ જ અસ્તિત્વમાં છે, એ કલ્પના જ આપણને અંદરથી ઝંઝોળવા માટે પૂરતી છે, જે અમુક દાયકાઓનું જીવન આપણને મળ્યું છે, એ આ સૃષ્ટિના અનાદિ અને અનંત કાળની સામે કેટલું ક્ષુલ્લક છે, એ પ્રતીતિ કરાવવા માટે પૂરતી છે. ભગવાને ગીતામાં ''સ્થાવરાણાં હિમાલયઃ'' કેમ કહ્યું હશે, એ યુગો યુગોથી સ્થિર હિમાલયનાં આ શિખરો જોઈને અનુભવાય.

ગંગોત્રીમાં વહી રહેલી મા ભાગીરથી ગંગાનો વેગ, એનો અવાજ, એની પ્રચંડ ઊર્જાની તીવ્ર અનુભૂતિ આજે પણ એવી ને એવી યાદ આવે છે. અહીં ઠંડી પણ સારા એવા પ્રમાણમાં હતી. અહીંથી પાછા વળવાનું મન પણ નહોતું થતું. એ ગમતું પણ નહોતું. હજી એમ થાય કે આગળ જઈએ, પણ જે નિયત હોય એને અનુસરવું તો પડે જ. તોપણ ગંગોત્રી ગંગામાં સ્નાન કર્યું અને એક અલગ અનુભૂતિ થઈ.

છેક અહીં ઉપર પહોંચીએ ત્યારે એ વિચાર આવ્યા વગર નથી રહેતો, હિમાલય – એમાં પણ ખાસ ઉત્તરાખંડ – આ દેવભૂમિ છે. આ પર્યટન-પિકનિક માટેની નહીં, યાત્રા માટેની ભૂમિ છે. ભૂતકાળ, વર્તમાનકાળ અને ભવિષ્યકાળના અનેક સિદ્ધપુરુષો,

ઋષિઓ – આ ભૂમિને એમના તપોબળથી સમૃદ્ધ કરી ગયા છે, કરી રહ્યા છે, કરવાના છે. સ્થૂળ સ્તરે માત્ર હિમાલયની પ્રકૃતિની જ નહીં, પણ સૂક્ષ્મ સ્તરે એની પવિત્રતા અને સૂક્ષ્મતમ સ્વરૂપે એની દિવ્યતાની જાળવણી કરવી, પણ આપણું કર્તવ્ય છે, એ આપણે જ્યારે પણ હિમાલયના સાંનિધ્યમાં જઈએ ત્યારે સ્મરણમાં રહે એ આવશ્યક અને હિતાવહ છે અને અમને એક સિદ્ધ પુરુષ સ્વામીજીનાં દર્શનનો પણ લાભ મળ્યો. મંદિર દર્શન કરી પૂજા સામગ્રી ધરી બહાર નીકળતા ઓમકાર બાબા મળ્યા, તેઓ આધુનિક બાબા પણ કહેવાય છે. હિમાલયની પ્રકૃતિમાં ઓમકારના તેઓ ફોટા પાડતા અને તેનો વૈજ્ઞાનિક આધ્યાત્મિક અભ્યાસ કરતા હતા.

તેમની સાથે ઘણો સમય વાતો કરી બાજુમાં આવેલ તેમની ગુફા તરફ અમે ગયા જ્યાં એમણે ગંગાને પાણીથી ખૂબ જ સુંદર લીંબુ પાણી બનાવી અમને પાયું આ એક જુદાં પ્રકારનાં મીઠાશયુક્ત પહાડી લીંબુ હતાં જેણે શક્તિ પણ આપી અને એક જુદી ચેતના મળી. વળતાં સમયમાં અંધારું થાય એ પહેલાં ઉત્તરકાશી પાછું જવાનું હતું એટલે થોડી ઝડપ કરી. શિવધારામાં પર્વત પરથી ગંગા અવતરણનો અવિસ્મરણીય નાદ મનને શિવભક્તિમાં લીન કરવા માટે સમર્થ છે. એકવાર ગંગોત્રી તો જવું જ જોઈએ. શુદ્ધ હવા ને દિવ્ય અનુભૂતિ અહીં પણ સારો એવો સમય પસાર કરી પરત ફર્યા, સફરજનના બગીચા ખૂબ મનમોહક હતા.

પહાડી રસ્તામાં એક વાત ધ્યાનમાં આવી કે અહીં લોકો નદી પર લાકડાના ચક્રોથી પ્રવાહની મદદથી લોટ દળવાની ઘંટી ચલાવે છે. કુદરતી પાણી પ્રવાહનો કેટલો વૈજ્ઞાનિક ઉપયોગ અને સહજ રીતે રોજિંદી જરૂર પૂરી પાડે છે અહી પ્રકૃતિનો સાથ કેમ લેવો તે શીખવા મળ્યું અહી. આકાર છતાં નિરાકાર તત્વની પ્રતીતિ થઈ. માનસપટ પર એક અમીટ છાપ અંકિત થઈ. આનંદથી ઉત્તર કાશી પહોંચી ગયા અને ૨૦ દિવસ પછી ઘરે પહોંચી ગયા અને સમાચાર આવ્યા ઉત્તરકાશીમાં મોટો ધરતીકંપ થયો.

ક્યારેક આવું થાય ત્યારે લાગે કે ઈશ્વરકૃપાથી અમે ઘરે આવી ગયાં અને એટલે જ આ પ્રવાસ હવે વધારે યાદગાર બની ગયો. ઘણાં સ્થાનો હવે હશે કે કેમ? સ્મૃતિમાં સુંદર પ્રકૃતિ દર્શન રહ્યું, પણ ધરતીકંપની વિનાશકતા ચિત્તને હલાવી ગઈ. અહી શબ્દો ને વિરામ આપુ છું.

**– રાધિકા બક્ષી**

## એક યાદગાર પ્રવાસ

# ‘ને તોય અમે ઊપડ્યા સાપુતારા’



ઋતંભરા છાયા..

અષાઢ મહિનો અને વર્ષાઋતુનું આગમન. ક્યાંક કડાકાભડાકા સાથે તો ક્યાંક ઝીણા અવિરત વરસે મેહ. આ વરસાદની શરૂઆત થાય એટલે શોસિયલ મીડિયા પર એક બાજુ વરસતા વરસાદના વીડિયો આવે, પ્રકૃતિ સૌંદર્યના ફોટા આવે અને બીજી બાજુ વરસતા વરસાદમાં ભજિયાંની દુકાનોમાં લોકોની ભજિયાં ખાવાની લાંબી કતારોના ફોટા શરૂ થઈ જાય. મેં પણ તાવડો મૂક્યો. હાઈ ક્લાસ ભજિયાં બન્યાં, પણ પતિદેવ ત્યાં જ બોલ્યા, ‘‘એમ ઘરમાં બેસીને તો બહુ ભજિયાં ખાધાં. હાલો.. સાપુતારાના ગીરા ધોધને નિહાળતાં ભજિયાં ખાઈએ તો મજા આવે.’’

ઘરમાં તો બે ઘડી સન્નાટો થઈ ગયો. સુરત, વલસાડ, નવસારી, વાપીમાં ધોધમાર વરસાદના સમાચાર આવતા હતા એટલે મેં કીધું, ‘‘તમે સમાચાર જોયા? તમારે ગાડી લઈને સાપુતારા જવું છે.?’’ તો એ હસ્યા ‘‘એમાં શું? સાપુતારાનું ખરું સૌંદર્ય વરસાદમાં જ નિહાળવાનું હોય, પ્રકૃતિ સોળે કળાએ ખીલી હોય. અદ્ભુત ગીરા ધોધ જોવાનો અને પછી ભજિયાંની સંગતે સાંજ ગાળવાની. કેટલી મજા પડે. આમેય તારે તો કંઈક લખ્યા કરવું હોય છે તો આપણે જે જોઈએ તે લખજો. મજા આવશે.’’ મારા મગજમાં પ્રવાસ બરાબર બેસી ગયો. ડર ભાગી ગયો અને અમે બીજે દિવસે ગાડીમાં મિત્રો સાથે ઊપડ્યાં સાપુતારા તરફ. મનમાં ભય અને હરખની લાગણી સાથે અમે તો ગાડીમાં ગોઠવાઈ ગયાં. વડોદરામાં ઝરમર વરસાદ ચાલુ જ હતો. સફરની મજા લેતાં આગળ વધતાં હતાં. સુરત, વાપીમાં શું થશે તેનો ભય તો હતો જ, પણ તમે નહિ

માનો ઈશ્વર અમને સાથ આપતો હોય તેમ અમે આગળ વધતાં ગયાં અને ભારે વરસાદનાં ઝાપટાં પૂરાં થતાં ગયાં. ભીની માટીની સુગંધ, સ્વચ્છ આકાશ મેઘધનુષ રચીને જાણે અમને કુદરત પણ વેલકમ કરતી હોય તેવો અદ્‌ભુત અનુભવ થયો. અમારામાં પ્રવાસની હિમ્મત આવી ગઈ. અમે ડાંગ, આહ્‌વા, વઘઈના કુદરતી સૌંદર્યને આંખોમાં અને કેમેરામાં કેદ કરી લીધું. ચારે તરફ હરિયાળી અને વચ્ચેથી ઝરણાઓનું વહેવું. ખૂબ સુંદર પ્રકૃતિ દર્શન કરતાં ઊંચાઈ અને ઢાળવાળા રસ્તાઓ પસાર કરી અમે બપોર સુધીમાં સાપુતારા પહોંચી ગયાં. અરે હા.. સાપુતારાના સૌંદર્યથી આંખો ઠરે પેટ નહિ એટલે પેલાં અસલ ગામઠી ડીશ રોટલો, રીંગણનું શાક, સેવ-ટમેટાંનું શાક, છાશ, પાપડ વગેરે આરોગી સાપુતારા ગામ જોતાં જોતાં હોટેલ પર પહોંચ્યાં. હજી તો સામાન મૂકીએ છીએ ત્યાં તો વીજળીના કડાકાભડાકા અને વાદળોની ગર્જના સાથે સાંબેલાધાર વરસાદ ત્રાટક્યો. સદભાગ્યે અમે હોટેલમાં જ હતાં એટલે આદુવાળી ગરમાગરમ ચાની ચુસકી લેતાં કુદરતના રૌદ્ર રૂપને પણ માણતાં રહ્યાં. આખી રાત વરસાદ પડ્યો. સવારથી જ ધુમ્મસ છવાયેલ હતું, પણ એ ધુમ્મસ વચ્ચે પણ સહ્યાદ્રી ડુંગરોની હારમાળા અડીખમ દેખાતી હતી, જાણે આપણને શીખવાડે કે ગમે તેવી મુશ્કેલીમાં પણ અડગ જ રહેવાનું! સૂર્યએ વાદળો વચ્ચેથી દર્શન આપ્યાં અને અમારામાં ફરી ફરવા જવાની હોંશ જાગી. અરે..ભજિયાં તો બાકી જ હતાં અને અમે પ્રસિદ્ધ ગીરા ધોધ જોવા ઊપડ્યાં. વઘઈમાં આવેલ ધોધનું સૌંદર્ય અવિરત મેઘવર્ષામાં સોળે કળાએ ખીલી ઊઠે છે. ભરચક પાણીની ધારાઓ ગગનભેદી અવાજ સાથે નીચે પડતી હતી. બહુ જ રોમાંચક નજારો અમે મન ભરીને માણ્યો. મન ભરાયા પછી પેટનો સવાલ તો બાકી જ હતો. ઉપર ગીરા ધોધ હતો તો નીચે કિનારે એક પતરાના છાપરા નીચે કાંદા, બટાકાનાં ભજિયાં અને દાળવડાં ગરમાગરમ ઊતરતાં હતાં. બસ..અમે તો જમાવી દીધી બેઠક. જલસા પડી ગ્યા હો. પતિદેવે ટમકું મૂકી જ દીધું. ‘‘બોલો, રસોડામાં ખાવા ગમશે કે અહીં?’’ અમે તો હસી પડ્યાં. વાત તો સાચી. હિંમત કરી તો એક યાદગાર પ્રવાસ માણ્યો. સાચું કહેજો તમે પણ મનમાં નક્કી કરી લીધું ને કે હવેના વરસાદમાં આપણે જવું જ.

**– ઋતંભરા છાયા**

# માતૃ-ગિરિ દર્શનમ્



**પરાશર દ્વિવેદી**

આપણી અવનિ સાથેના બધા જ અવકાશી પદાર્થો, તત્ત્વો અને તેના ઉપર દિવ્યતાના હકારાત્મક મુદ્દાઓ, કોઈક અલૌકિક ક્ષણે, હિમાલયના પ્રવાસ, માત્ર પ્રવાસ જ નહી, પરંતુ એના શ્વાસોચ્છ્વાસમાં ઓગળી જવાય તેવી એક આંતરિક અને બાહ્ય યાત્રાનો વિચાર તરતો મૂકયો.

ખુલ્લા મનવાળા માનવીએ સહજપણે વધાવ્યો. પરિણામ સ્વરૂપ એક દિવસ કૈવલ્યનો ફોન આવ્યો કે કેદારનાથ ટ્રેકિંગમાં આવવું છે? કયારે? કેવી રીતે? કોણ કોણ? વ.નો વિચાર કર્યા વગર પ્રથમ તો ઉત્સાહથી હા પાડી જ દીધી. શ્રી કૈવલ્યે એ અંગેની e.mail જોવા જણાવ્યું. હિમાલયમાં તપ કરી રહેલા શિવજીનાં દર્શને જવા માટેનું ખાસ આમંત્રણ પણ અનન્ય પ્રકારનું હતું. શ્રી અરવિન્દ શ્રી માતાજીનાં બાળકો તેમનાં આશીર્વાદ સાથે લઈને મહાદેવને મળવા જાય અને તે પણ સર્વેનાં બાહ્ય અને આંતર આરોહણ માટેની ધગધગતી ધગશ લઈને જાય એનાંથી વધુ પ્રિય અને પવિત્ર ઘટના કઈ હોઈ શકે?

વિવિધ પ્રદેશોના, વિવિધ માતૃભાષાવાળા, છતાં શ્રી માના પ્રેમનાં તાંતણેથી ગૂંથાયેલાં ૨૮-૨૯ બાળકો, શ્રી કૈવલ્યના સંકલન હેઠળ ઋષિકેશમાં નવમી જૂન-૦૬ના રોજ મળ્યા.

આ માત્ર પ્રવાસ ન હતો, જીવનમાં કરવામાં આવતી એક માત્ર ચીલાચાલુ યાત્રા ન હતી, પરંતુ શ્રી અરવિંદ અને શ્રી માતાજીએ સૂચવેલા માર્ગ ઉપર ન અટકાવી શકાય એવી અને સંપૂર્ણ શ્રદ્ધાથી દોરવાતી અધ્યાત્મિક સફર શરૂ કરવામાં આવી હતી. જેમાં હિમાલયની બાહ્ય શીતળતા, ભવ્યતા અને પવિત્રતાની સાથે

સાથે અમારાં આંતરિક ચૈતન્યને એક નવું પરિમાણ, એક નવી ઊંચાઈ, શ્રી માની દિવ્યતાની વધુ સઘન હાજરીનો અનુભવ કરવાની નેમ હતી. હિમાલયની અદ્‌ભુત ઊંચાઈ અને ગરિમા અમારા હૃદયની અમાપ ઊંડાઈ અને વિશાળતાની શક્યતા માટે ખાતરી આપતા હતા.

હિમાલયનો ભૂસ્તરીય ઈતિહાસ જોઈએ તો, કરોડો વર્ષો પહેલાં ત્યાં તેથીસ નામનો સમુદ્ર હતો જેની સાબિતી હાલ પણ ખડકોમાં રહેલાં દરિયાઈ અશ્મિઓથી મળે છે. આ સમુદ્ર કાળાંતરે પુરાતો ગયો અને હાલમાં મધ્ય અને દક્ષિણ ભારતના લાવારસના ખડકોની પ્લેટ ઉત્તર તરફ ખસતાં તેથીસ સમુદ્રનું પેટાળ ઉપર આવવા માંડ્યું અને જુદા જુદા પડવાળા પહાડોની શૃંખલા રચાઈ. હજી આજે પણ એ પ્રક્રિયા ચાલુ છે અને દક્ષિણ ભારતની પ્લેટ ઉત્તર તરફ ખસે છે અને હિમાલયની ઊંચાઈ સરેરાશ ૨ થી ૨.૫ સે.મી. પ્રતિ વર્ષ વધારે છે. આ કારણે જ હિમાલય વિસ્તારમાં વારંવાર ધરતીકંપનાં આંચકા વગેરે થાય છે. i.e. Mountain building process is still continuing. આમ, વિંધ્યાચળ અને અરવલ્લી કરતાં હિમાલય ઉંમરમાં ઘણો નાનો છે, પરંતુ ભૌગોલિક રીતે યુવાન અને જીવંત છે.

આવા હિમાલયના ઢોળાવ પાસે આવેલું ઋષિકેશ અને એની પાસે ગૌરવથી ઝપાટાભેર વહેતી ગંગાનું માત્ર દર્શન કરવું એ જ એક આનંદથી ભરી દેતી ઘટના છે. ભૂતકાળમાં ડોકિયું કરીએ તો આ ગંગાને કિનારે કેટકેટલા પ્રસંગો બન્યા હશે! શું શું તેણીએ નહીં જોયું હોય! નહીં વેઠ્યું હોય! પરાશર ઋષિ અને ભીષ્મ, શાંતનું અને વિચિત્રવીર્ય, વેદકાળના ઋષિઓ, ઉપનિષદમાં વર્ણવેલી ગુરુ શિષ્ય ચર્ચા, તથાગત તરકડાનાં અને શંકરાચાર્યના પ્રવાસો અને પ્રવચનો, યજ્ઞો અને આહૂતિઓ, વિશ્વવિદ્યાલયોનો ગુંજારવ, ધાડાં, યુદ્ધો, ષડ્‌યંત્રો અને પ્રણયકથાઓ! આ બધાય પ્રસંગોની એ સાક્ષી. નિઃસ્પૃહ ભાવથી સતત વહેતી છતાંય કેટલીક વખત દુઃખી થઈ જતી. (સનાતન કાળથી ભારતીય સંસ્કૃતિને પોષતી ગંગામાતા ખરેખર દિવ્યતાનું અવતરણ કરાવે છે.) શિવજીનાં મસ્તકમાંથી નીસરેલી ગંગા શિવજીની ચેતના વહી લાવે છે, મહાદેવના આશિષનું આચમન ઋષિકેશમાં જ થઈ જાય!

માતાનો ખોળો ખૂંદવાનું મન થાય એ સ્વાભાવિક છે એ સ્વાભાવિકપણાને કાર્યરત્ કરવા તા. ૧૦-૬-૦૬ના રોજ ગંગા નદીમાં રબરની છીછરી બોટોથી સહેલ કરી. (Rafting) ખભા ઉપર થોડું વજન હોય તો જરા ઝડપથી દોડી જવાય તેમ ગંગાજી તે વખતે જાણે ઝડપથી દોડવા લાગ્યાં! યુગોથી વહેતી પુણ્યસલિલા ગંગાજીમાં શરીરનું ઝબકોળાવવું અને મનથી તે શિતળ વારિમાં ઓગળી જવું એ એક આનંદજનક અનુભવ રહ્યો. સફર પહેલાં પવિત્ર સ્નાન!

તા. ૧૧મી જૂને બસમાં પાંચ કલાકની મુસાફરી

કરીને ટેહરી બંધ ગયાં. નદીને નાથીને તેની એકત્રિત શક્તિનું વ્યવસ્થિત દોહન ટેહરીના આસપાસના રહીશો માટે કરવાની મોટી યોજના છે. વીજ ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે. લોકમાતા-નદીઓ વહે તેમ ઉપકાર કરે, તેને બાંધવામાં આવે તોપણ ઉપકાર કરે! માત્ર તેની ઉપસ્થિતિ જ માનવીને હૂંફ આપી રહે છે. રાત્રી રોકાણ સરકારી બંગલામાં કર્યો.

હવે અમે ખરેખર હિમાલયના ખોળામાં હતાં. આસપાસ ચોપાસ ઊંચા ઊંચા પહાડો, વચ્ચે ખીણ – નાનાં ઝરણાં, ટેકરીઓ કાપીને સમથળ કરીને ઉગાડેલો પાક, છૂટાં છૂટાં મકાનો, નાની નાની ગાયો અને બળતણનો ભારો લઈ જતી રતૂમડા ગાલવાળી વાળ ઓળ્યા વગરની આશ્ચર્યથી હસતી રમ્ય બાળાઓ, નિર્દોષતાની સુગંધ આખા વિસ્તારમાં ફરી વળેલી હતી. શહેરી વાતાવરણથી તદ્દન વિરુદ્ધ એવું એ ખુશનૂમા વાતાવરણ. એક લોભ જાગે કે ફેફસાંમાં બધી જ તાજી હવા ભરી દઉં! ઉન્માદ નહીં પણ ઉત્સાહ! માત્ર બાહ્ય મજા નહીં અંદરનો આનંદ. એક તંતુએ બંધાયેલાં અમે સર્વે આ ગૌરવવંતા પહાડોની ભવ્યતા લૂંટતા હતાં. શ્રી કૈવલ્યએ ''*Essays by Sri Aurobindo*'' માંથી સરસ અને સરળ રીતે સમજૂતી આપી. શ્રી અરવિંદે એમના નિબંધોમાં રેડેલી ઉચ્ચ ચેતનાનો કેટલાકને સ્પર્શ થયો. પ્રાર્થના સાથે શ્રી નીલકંઠભાઈનાં ભજનો પણ થયાં. રસોડું સાથે રાખ્યું હતું એટલે આખાય પ્રવાસમાં અન્નમય કોષને કદી તકલીફ પડી ન હતી.

૧૨ જૂને સવારે પાંચ વાગે સૂર્યોદય અને એનાં હૂંફાળાં રવિકિરણો પહેરી અમે સવારે ૬-૦૦ વાગે પગપાળા પ્રવાસ શરૂ કર્યો. ખરેખર પ્રવાસનો પ્રથમ દિવસ, પ્રથમ કલાક એટલે પગમાં થનગનાટ અને મનમાં કેદારનાથ! જરૂરી અને ઊંચકી શકાય એવો સામાન ખભા ઉપર લઈ, લાકડીનો સહારો લઈ મજલ શરૂ કરી. ઊંચે-નીચે, ચડતાં-ઊતરતાં થોડી વાતો કરતાં કરતાં ચાલ્યા જતા હતા. ધીમે ધીમે તાપ વધવા માંડ્યો અને થાક પણ. વાતો બંધ થઈ, માત્ર નીચું જોઈને ડગલાં ભરાવાં માંડયાં. ચઢાણ કપરું ન હતું, પણ ચઢાણ હતું તો ખરું જ. પહાડો કોતરીને સૈકાઓ જૂની પગવાટ હતી. સડક પર ચાલનારો સડક થઈ ગયો! થોડેક ઊંચાઈએ પહોંચ્યા પછી ખુલ્લું મેદાન નજરે પડ્યું. તેના ઉપર કળીઓ જેવાં ખેતરો હતાં. નીચે બધું જ લીલું છમ્મ! ઉપર નિરભ્ર નિલુ આકાશ. ધીમે ધીમે હવે ચાલવામાં, ચઢવામાં ધીમાશ આવતી ગઈ. ઊંડા શ્વાસ અને પાણી પીવાની માત્રા વધતી ગઈ. છતાં ગતિ ચાલુ હતી. હળવેથી પણ અંતર કપાતું હતું. અહીંના થાકનો પણ એક આનંદ હતો. છેવટે પ્રથમ પડાવ ઉપર આવ્યાં. થોડુંક ખાધું. ફોટો લીધા. કોણ કયાં છે? કેટલે આગળ છે? રસોડાનો સામાન ઘોડા-ખચ્ચર ઉપર આગળ ગયો કે કેમ? વ. વ. ચર્ચા ચાલી. વળી પાછાં ઊભા થઈ, પહાડોના પથ્થર, વનસ્પતિઓ નિહાળતાં ''જય કેદાર''નો ઉદ્ગાર કરતાં આગળ

ચાલ્યાં. હવે ધીમે ધીમે પગ ટેવાતા હતા. મન કેટલીક વખત આગળ દોડતું અને શરીરને દોરતું, કેટલીક વખત પાછળ પડી જતું અને શરીરને વજન લાગતું! હવાની ઠંડક અને સૂર્યકિરણોનો તાપ એવાં ઉભય પરિબળો સાથે પ્રવાસ ચાલુ રહ્યો. અંતે બપોરે ૧ા-૨ વાગે નક્કી કરેલી છાવણીમાં પહોંચ્યા. ત્યાં અમારા માટે તંબુઓ તૈયાર હતા. ચ્હા તૈયાર હતી. બધાં એટલાં બધાં થાકી ગયાં હતાં કે જેને જયાં જગા મળી ત્યાં લાંબા થઈ ગયા! પ્રથમ દિવસ હતો ને! થોડીવાર પછી સરસ જમ્યાં અને નિંદ્રાદેવીને ચરણે વિસામો લીધો. સાંજે શ્રી કૈવલ્ય દ્વારા Essays ઉપરનું નિવેદન, પ્રાર્થના ગીતો વ.નો કાર્યક્રમ થયો અને જમીને, વહેલાં ઉઠી શકાય માટે વહેલાં સૂઈ ગયાં. એક એક તંબુમાં ચાર ચાર જણ. sleeping bag માં ભરાઈને, ઠંડીને આવજો કહીને ઉંઘમાં સરી પડયાં. પગમાં દુ:ખાવો, પીઠમાં દુ:ખાવો વ. હોવા છતાં સર્વે સવારે વહેલાં ઊઠી શકયાં અને નિયત કર્મ નૈસર્ગિક વાતાવરણમાં પૂર્ણ કરી ફરી પાછા મજલ તરફ આગળ વધ્યાં. આજે હવે તકલીફ ન પડી, કણક જેવું શરીર જેમ ગુંદીએ તેમ કેળવાય, તેમ કેળવાતું જતું હતું. આજે વાતોની સાથે ગીતો અને પ્રાર્થનાઓ પણ રસ્તામાં થઈ. વરસાદ આવશે-આવશે એમ થતું, પણ પડયો ન હતો. વળી પાછું ચઢાણ! માણસ ભૌગોલિક ઊંચાઈએ જાય છે ત્યારે પણ એને એક ગર્વ થતો હોય છે. જાણે પુત્ર ખુરશી ઉપર ચઢીને કહે, હું પપ્પાથી ઊંચો એમ અમને પણ થતું, પણ આસપાસ જરા નજર કરીએ તો છોભીલા પડી જવાય એવાં ઊંચા બીજા પહાડો હોય અને યુગોથી સમાધિસ્થ હોય તેમ અમને જુએ અને મરકે. વાતાવરણ ખૂબ ખુશનૂમા. મન-પ્રાણ અને શરીરને ગમે તેવી ઠંડક. થાય કે આવી જ ઠંડક કાયમ માટે રહે! આજે એ પહાડોના રંગીન ચમકતા પથ્થરો અવલોકવાનો સમય મળ્યો. કેટલાં વર્ષો પહેલાં બન્યા હશે. હવાના કેવા સાટકા વાગ્યા હશે? ધરતીકંપો થયા હશે અને મૂળ ખડકમાંથી છૂટા થઈ, (વાડામાંથી ગાયોનું ધણ છૂટે તેમ) ગબડતાં ગબડતાં અહીં રસ્તામાં આવ્યા હશે. શું શ્રી રામની રાહ જોતાં હશે? ખબર નથી, પરંતુ બહુ જ સ્વસ્થતાથી રસ્તામાં અને રસ્તાની આસપાસ કોઈ ન્યાતુનું પંચ મળ્યું હોય તેમ ગોઠવાયેલા હતા. ટેકરીઓના ઢોળાવ પ્રમાણે વૃક્ષો હતાં જેમ ઊંચાઈ વધુ તેમ વૃક્ષોનાં પર્ણો નાના અને હળવાં? કુદરત જે સમતોલન જાળવે છે એ તો ઝીણું અવલોકન કરીએ ત્યારે જ ખ્યાલ આવે. થડ પાતળા પણ મજબુત, પવનની ઝીંક ઝીલી શકે. કાંઈક જુદા જ પ્રકારનું સંકલન લાગે, છતાં થાય કે આવું જ હોઈ શકે બીજુ સંકલન શકય નથી.

બીજા દિવસનો પ્રવાસ પૂરો થયો. બે દિવસો થઈ કુલ ૧૮ કિ.મી. ચાલ્યાં! અને ૧૬૦૦ મીટર ઉપર ચઢયાં. છાવણીમાં પહોંચતાં જ માતૃ - ગિરિનાં દર્શન થયાં, શું તેનો મિજાજ! શું ઉત્તુંગતા! શું તેની ગૌરવવંતી આભા! વિદાય લેતા સૂર્યનાં કીરણો અને

હીમ આચ્છાદિત શીખરોની રમત ચકમકની માફક ચમકતી હતી. આખા હિમાલયને કંઠે ચળકતા હીરાનો હાર હોય એમ એ શોભતી હતી. ક્ષણ ભરની ઘટના હતી, છતાં વિરલ હતી. જોનારને હરખપદુડા બનાવી દે એટલી અદ્‌ભુત! બધા જ પોતાનો થાક ભૂલીને આ આકાશ પૃથ્વીનું સંવનન જોવા તંબુની બહાર આવી ગયા. કોઈ ફોટા પાડતું અને કોઈ આનંદની ચીસો પાડતું. બધા જ કોઈ નવિન દશ્ય જોવામાં ખોવાઈ ગયા. અદ્‌ભુત આશ્ચર્યની પળો માણવાની તક જીવનમાં ઘણી ઓછી આવે છે. આવી જવલ્લે જ જોવા મળતી અને માણવા મળતી તક આવી અને અમે સર્વેએ એને આકંઠ ભોગવી. એ હીમ શીખરો અને સૂર્યકિરણોની જુગલબંધી કાયમ માટે હવે આંતરમનમાં કોતરાઈ ગયાં છે.

આજનો બાહ્ય પ્રવાસ પૂરો થયો. ઘણા બધાં આ લાંબા અંતરને કારણે થાકી ગયાં હતાં. વરસાદ પણ હતો. એટલે આજે સામૂહિક પ્રાર્થના-ચર્ચાને બદલે વ્યક્તિગત આંતરપ્રવાસ ગોઠવ્યો. શ્રી માતાજી કહે છે તેમ વિશાળતાનો અનુભવ એક પરમ શાંતિનો અનુભવ છે. આંતર જગત પણ આ અનુભવને કારણે સમૃદ્ધ બન્યું, લવચીક બન્યું. કાંઈક એકરૂપતાનો આભાસ મળ્યો. પ્રવાસ દરમ્યાન જોયેલી એક ઘટના જણાવું. વચમાં વિસામો લેતી વખતે નાનકડી ભેંસના મોઢા ઉપર તારથી ત્રણ સોટી ઊભી રહે તેમ બાંધી હતી. તેના છેડા તીક્ષ્ણ કર્યાં હતાં. એવી રીતે તે બાંધી હતી કે ભેંસને વાગોળવામાં અને જોવામાં તકલીફ ના પડે. આ નવું ઘરેણું જોઈને પૂછવામાં આવ્યું તો જાણવા મળ્યું કે જંગલમાં ચરવા જાય અને વાઘ-ચિત્તો તરાપ મારે તો રક્ષણ થઈ શકે અને સામે હુમલો પણ થઈ શકે. બે કુદરતી શીંગડાં તો ખરાં જ અને આ ત્રીજું, ગેંડાને હોય છે તેવું શીંગડું. આવી વ્યવસ્થાને આપણે સૂઝ કહીશું.

આ વ્યવસ્થા મનમાં જડાઈ ગઈ હતી. સાથે સાથે વાઘ અને ચીત્તા આ પ્રદેશમાં છે તે વાત પણ જાણી. પડાવ ઉપર રાત્રે સૂતી વખતે આ જંગલ જાનવરોએ મારા માનસપટ ઉપર હુમલો કર્યો અને નિંદ્રાને ભગાડી. નાયલોનનાં તંબુઓ કેટલું રક્ષણ આપે? બહાર શુદ્ધ ચાંદી જેવી ચાંદની ખીલી હતી અને અંદર ઠંડીમાં મને પરસેવો થતો હતો! બીકના વિચારે મને જકડી લીધો હતો. વધુમાં કૂતરાઓ સતત ભસતાં હતાં. બીજા સાથીઓને જંગલી જાનવરો છે એવી માહિતી ન હોવાથી ગાઢ નિંદ્રામાં હતાં. Ignorance is bliss છેવટે બીકની ચરમસીમા આવતાં એક જુસ્સો આવ્યો અને હું તંબુની બહાર આવ્યો. આસપાસ જોયું થોડીક જ વારમાં શુભ્ર ચાંદનીમાં મારી બીક ઓગળી ગઈ. કોઈ સરસ જગાનું કુશળ લેખકે વર્ણન કર્યું હોય એવી સરસ રાત હતી. બધું જ શાંત-સ્વસ્થ અને જીવંત, ચાંદનીનું સંગીત પહાડો સાથે પડઘાતું હતું. આકાશ સ્વચ્છ, ખુલ્લું. એ ભૌતિક ચેતનાની ઓઢણી પહેરીને પાછો આરામમાં ગયો. સવાર ક્યારે પડી? ભગવાન જાણે.

સવારે મંગુ ચટ્ટીથી (પડાવના ગામનું નામ) ફરી અમારી પદ્‌યાત્રા શરૂ થઈ. આ ગાળો સહેલો હતો. અંતર પણ ટૂંકુ અને અવરોહણ હતું. થોડા જ સમયમાં અમે ત્રીયોગીનારાયણ પહોંચી ગયાં. આ એક ગ્રામ્ય તીર્થ છે. શીવ પાર્વતીનાં લગ્ન જયાં થયાં હતાં તે મંદિર પણ છે અને ભારતીયજનોમાં આ તીર્થસ્થાન માટે પુષ્કળ શ્રદ્ધા છે. યાત્રાળુઓ આવે છે અને મનમાં કાંઈક પામ્યાનો સંતોષ લઈને જાય છે. મંદિરમાં મૂર્તિની સામે એક યજ્ઞવેદી છે જે સતત પ્રજ્વલિત રહે છે. રૂા.૧૦/-નું એક લાકડું લેવાનું અને આપણે એ વેદીમાં હોમવાનું. મહા વિદ્વાન પંડા બોલે "જૈસી જૈસી લકડી જલતી જાય તૈસા આપકા પાપ જલે" પંડાઓનો ત્રાસ બધે જ હોય છે તેમ અહીં પણ હતો. ભારતનાં તીર્થ સ્થાનોમાં તે અનિવાર્ય અગવડ છે!

શ્રી શંકર પાર્વતીનાં લગ્નની વિધિ શું હશે? મનુ સ્મૃતિ પ્રમાણે! ના. ના. ગંધર્વ લગ્ન? ના, ના, દેવાધિદેવનાં લગ્ન દિવ્ય ચેતનામાં જ થયાં હશે. પુરુષ પ્રકૃતિનું સાયુજય કેટલું અદ્‌ભુત અને અલૌકિક હશે. શિવજીનાં જાનૈયા ભૂતોએ હૂ......હૂ....હૂ.... કરીને અને શૈલઃ પુત્રીનાં પિયરીઆઓ શાર્દૂલ વિક્રીડીતમાં મંગળાષ્ટક ગાયાં હશે! એવા વિચારો સાથે ત્રીયોગીનારાયણ તીર્થમાં કાળી કમળીવાળાની ધર્મશાળામાં આરામ કર્યો.

અહીં પણ એક ગ્રામ્ય સૂઝ જોઈ. ઠંડીને લીધે કુદરતી રીતે જ ભરાવદાર વાળવાળાં કૂતરાં ગામમાં હતાં. ઢોરની રખેવાળી કરવાની તેમની ફરજ, પરંતુ તેમના ઉપર ચિત્તો હુમલો ન કરે માટે ટીનનાં પતરાનો પહોળો પટો ગળામાં પહેરાવેલો હોય અને તેની ધારને ત્રીકોણ કાપીને ઊંચી કરી હોય, એટલે ચિત્તો કૂતરાને ગળામાંથી પકડી ન શકે!

ખીણમાં વસેલું આ ગામ યાત્રાળુ, ખેતી અને પશુપાલન ઉપર જીવે છે. દિલ્હીમાં કોણ રાજ કરે છે તેની તેને નિસબત નથી. રાજાઓનો રાજા હિમાલય છત્ર સમો છે ત્યાં સુધી ગામ લોકો સુખી છે કોઈ સંતાપ નથી.

સંધ્યાકાળે મંદિરની બાજુમાં સાયં પ્રાર્થના ધ્યાન માટે બધાં બેઠા. શ્રી કૈવલ્યએ રુદ્ર અંગેની વિશદ્ છણાવટ કરી. શ્રી અરવિંદ શ્રી શંકરનાં વિવિધ સ્વરૂપો વિષે શું અને કેવું જણાવે છે તેવા કાવ્યનો રસાસ્વાદ લીધો. બહુ જ રમ્ય અને તરબતર થવાય એવી સંધ્યાકાળની બેઠક રહી.

આખોએ પ્રવાસ અત્યાર સુધી શ્રી માની કૃપાથી ઘણો જ આનંદદાયક, સુરક્ષિત અને સમયસરનો રહ્યો. પાર્થિવ દુનિયામાં આટલું સુખ, સરળતા અને આશીર્વાદ વિરોધી બળોથી કેમ ખમાય? એટલે અમારી મંડળીનાં એક બહેનનો પગ સવારે જરા મોચવાઈ ગયો હતો. તેનો સોજો સાંજે આવ્યો. આખાય અભિયાનને નજર ન લાગે માટે શ્રીમંત રીટાબહેનનાં પગે પોતાની ઉપર વિરોધીઓનો માર લઈ લીધો અને બીજા બધાને સમગ્ર પ્રવાસ માટે મુકત કર્યા. પગની મોચ હતી, સોજો હતો, દુઃખતું હતું, પરંતુ

યાત્રાની ગતિમાં કોઈ ફેર ન હતો. ત્યાર પછીના બધા જ દિવસો શ્રીમતી રીટાબહેન મોચવાળા પગથી ચાલ્યાં. શ્રી માની પરીક્ષા અને આશીર્વાદ. બંને સાથે! ત્રીયોગીનારાયણમાં બધા જ સભ્યો પાંચ દિવસ પછી નાહ્યા! ગરમ પાણીની સગવડ અને બાથરૂમની સગવડ. ફરીવાર જણાવતાં આનંદ થાય છે કે અમારા ખોરાક પાણીની સરસ અને સમયસર સગવડ હતી. હિમાલયની ઠંડક, લાંબી મજલ કાપી હોય પછી ભૂખ ઉઘડે જ અને એને પૂરતો ન્યાય Mountain Echos નાં Director એ આપ્યો હતો.

શ્રી શિવ-પાર્વતીની રજા લઈ ત્રીયોગીનારાયણથી બસમાં બેસી ગૌરી કુંડ આવ્યાં (૨૫ કિ.મી.) અત્રે કુદરતી ગરમ પાણીના ઝરામાં શ્રી ગૌરી નહાવા આવતાં હતાં તેવી વાયકા છે. સેંકડો શ્રદ્ધાળુઓ કુંડમાં નહાવાનો લહાવો લેતા હતા અને સૌ સૌની સમજ પ્રમાણે પાપો ધોતાં હતાં. ભારતીય સંસ્કૃતિની આ આંતરધારા યુગોથી ચાલી આવી છે અને યુગો સુધી રહેશે. Internet અને Mobile સાથે આવા શ્રદ્ધાપૂર્વકના સ્નાનનો મહિમા જરાય ઓછો નથી.

ગૌરી કુંડમાં પુષ્કળ હોટેલો, ધર્મશાળાઓ, દુકાનો, મંદિરો છે. શ્રદ્ધાળુઓ આવતા જાય છે અને ધન્ય ધન્ય થઈને પાછા જાય છે.

ગૌરીકુંડ ગામની મજા તો મંદાકિની નદી ખળખળ વહેતી, ગુંજારવ કરતી, રમતિયાળ કન્યા જેવી, નદીનું સુરીલું નામ તેના સ્વભાવ પ્રમાણે જ છે, એને અવલોકતાં આંખ મન થાકે જ નહીં! કેદારનાથની પહાડીમાંથી સર્પાકારે નીસરીને ગર્વભેર વહી જતી મંદાકીનીની શીતળતા સ્પર્શે એટલે જીવનભરનાં બધા જ થાક દૂર કરી નાખે. પથ્થર સાથે અથડાવાથી ઊડતાં એનાં સીકરો, સંવેદનશીલ માનવને અંદર બહારથી ભીંજવી દેતાં. શ્રી કાકાસાહેબે મોટી નદીઓને ''લોકમાતા'' કહી છે. આપણે આને લોક કન્યા કહીએ!

''માતૃ ગિરિ''ની બધી જ નદીઓ આવી જ અલ્લડ, ગણગણતી, કૂદતી, રમતી અને રમાડતી હોય છે. ગિરિની ટોચ ઉપરથી શ્રી મા આવી કન્યાઓ મારફતે વાત્સલ્ય સતત નીચે મોકલે છે. માણસ જેટલો ખુલ્લો તેટલાં આશીર્વાદ એ પામે. શ્રી માને પહાડો ખૂબ ગમતાં એટલે એ પહાડોમાં શ્રી માની ચેતનાને પામવાનો, ઝીલવાનો પ્રયત્ન કરતો. એમાંય એક આનંદ હતો, માત્ર પોંડિચેરી, વડોદરા કે સુરતમાં જ શ્રી અરવિંદ શ્રી માનાં આંદોલનો છે એમ ન માનતા, વિશાળતા અને ઉત્તુંગતામાં પણ એની ખોજ કરવી, એનો નાનો સરખો પણ અંશ આત્મસાત કરવો એવી ભાવના દૃઢ થઈ અને રમ્યા મંદાકિનીને દૃશ્યમાં રાખી ઊંઘી ગયા.

બીજે દિવસે સવારે ૬-૦૦ વાગે ''જય કેદાર''ના ઘોષ સાથે બાબાનાં દર્શને જવા ચાલવાનું શરૂ કર્યું. ૧૪ કિ.મી.ની લંબાઈ અને ૧૬૦૦ મીટરની ઊંચાઈ કાપવાની હતી. કેટલાકે ઘોડા ભાડે લીધા,

કેટલાકે મજૂર લીધા, ધીમે ધીમે મક્કમ ગતિએ ચઢાણ શરૂ કર્યું. શારીરિક ક્ષમતાની કસોટી થાય એવો માર્ગ હતો. ‘‘બાબા’’ માટે તપ તો કરવું પડે! જાતમાં શ્રદ્ધા અને શ્રી માની કૃપામાં શ્રદ્ધા બંને સાથે લઈને પથરાળ, પગથિયાંવાળો, ભીનો એવો રસ્તો છ કલાકે પૂરો થયો, માર્ગમાં વારંવાર સામેથી દોડી આવતી મંદાકિની મળતી અને કહેતી કે, ‘‘હવે ‘બાબા’ નજીક જ છે.’’, હું હમણાં જ એમનાં દર્શન કરીને આવી.એવું સરસ વાતાવરણ કે એમ થાય કે ભલે થાક લાગે પણ ચાલ્યાં જ કરીએ !

છેવટે ૧ કિ.મી. દૂરથી શ્રી કેદારનાથનાં મંદિરનાં દર્શન થયાં. કોણે બાંધ્યું હશે? ત્યારે બાંધ્યું હશે? કઈ શ્રદ્ધાથી બાંધ્યું હશે? કોણે પ્રાણપ્રતિષ્ઠા કરી હશે? સ્વયંભૂ છે એટલે જરૂરી નહી હોય, આ સ્થળ કઈ ભાવનાથી નક્કી થયું હશે? વગેરે અનેક પ્રશ્નો મનમાં ઉપસ્થિત થતા અને એનો જવાબ ન મળવાને કારણે શ્રદ્ધા વધુ બળવાન થતી. ગૌરી કુંડની જેમ શ્રી કેદારનાથમાં પણ સર્વે ‘‘ભારત સેવાશ્રમ સંઘ’’નાં ગેસ્ટ હાઉસમાં ઊતર્યા. ૧૨૦૦૦ ફૂટની ઊંચાઈ, મંદિરની પાછળ જ બરફાચ્છાદિત પહાડો, તેમાંથી પ્રગટ થતી મંદાકીની નદી. આ બધું જ રોજબરોજની દુનિયાથી ક્યાંય દૂર લઈ ગયું. ભૌતિક ચૈતનાના ઉચ્ચતર સ્તર ઉપર જાતે વિહરી રહ્યા હોઈએ એવો ભાવ થતો, બધાં થાક્યા હતા, છતાં મોડી સાંજે મંદિરમાં જઈ, સેંકડો વર્ષોથી સેંકડો માણસોની શ્રદ્ધાથી લથબથ થયેલાં શ્રી કેદારનાથનાં શીવલીંગના દર્શન કર્યાં. અહીં મંદિરમાં આવનાર ભકતજન પોતાની જન્મકુંડલી મહાદેવને અર્પણ કરે છે. જાણે મારા સર્વે ગ્રહો તને સમર્પણ! નિયતિ પણ તને અર્પણ! કેદારનાથનું મહાત્મ્ય અને શ્રદ્ધા ભારતીયજનોમાં કેટલી ઊંડી છે તેનો ખ્યાલ આવે છે. મહાદેવનાં દર્શન કર્યા પછી જીવનમાં શું બાકી રહે છે કે જેની ચિંતા હોય! ગણતરી હોય! બધુંય તેના યજ્ઞમાં સ્વાહા!

બાહ્ય યાત્રાનું લક્ષ્ય પાર પાડ્યું અને એનું ભાથું લઈ આંતરયાત્રા ચાલુ રાખી. એક વિચાર આવી ગયો કે નિરાકારની ભક્તિ-સાધના ખરી, પણ સાકારની ભક્તિ પણ ગમે. મન સાથે વધારે કુસ્તી કર્યા વગર પરમ દિવ્યતાને પૂર્ણ સમર્પણ કરવું એમ નિશ્ચય કરીને સૂઈ ગયાં, પણ ઊંઘી ના શક્યાં. પુષ્કળ ઠંડી એટલે બારી-બારણા બંધ, હવા પાતળી, પ્રાણવાયુ ઓછો, એક રૂમમાં સાત સાત જણાનો વાસ! એટલે પાસા ઘસી ઘસીને હૂંફ મેળવી પણ ઊંઘ નહીં. શ્રી કેદારનાથના આશીર્વાદ સાથે સવારે બધાં નિત્ય કર્મો પતાવીને પ્રાર્થના-ધ્યાન-શિવ મહિમ્ન સ્તોત્ર, શિવમાનસ પૂજા વ. માટે ભેગા થયા. બહુ જ શ્રદ્ધાથી શ્રી મા શ્રી અરવિંદ અને શિવજીની આરાધના કરી પછી સર્વે પોતપોતાની ખરીદી, ફોટાગ્રાફી અને મંદરમાં પૂજા વગેરે કરવામાં પડ્યાં.

આજનો દિવસ આરામનો હતો. બધી શક્તિઓના એકત્રીકરણનો હતો. વહેલી સવારે ‘‘માતૃ ગિરિ’’એ રવિ કિરણોનો સોનાનો મુગટ પહેર્યા

પછી શણગાર બદલ્યાં અને રૂપાનો શણગાર લીધો. ઘડિયાળના સેકન્ડના કાંટાની રૂપે થતા ફેરફારો જોવાની મજા આવી અને એવી જ એક ફાંકડી રમત મોડી સાંજે જોવા મળી. અમારા સદ્‌ભાગ્યે વાદળવિહીન આકાશ હતું અને તેથી હીરા જેવા તારા ખૂબ સ્પષ્ટ રીતે જોઈ શક્યાં. પહાડો શાંત-સમાધિસ્થ-આકાશ સ્થિર અને તારાનાં ઝબૂકિયાં! માત્ર મંદાકિનીનો રવરવાટ! કોઈ પણ જાતના અંતરપટ વગરનું સ્વચ્છ આકાશ તેના વૈભવનું દર્શન કરાવતું હતું. તારાઓની પેલે પાર શું હશે? એમ જોવાનું-વિહરવાનું મન થતું. આમ કેદારનાથમાં વહેલી સવારનું સૌંદર્ય અને મોડી સાંજનો નઝારો અલૌકિક રહ્યાં. રાત્રે સરસ મજાનું જમીને ઊંઘી ગયાં. પ્રથમ રાત કરતાં કંઈક અંશે સારું રહ્યું.

અમારી પદયાત્રાનો છેલ્લો દિવસ! ફરી પાછું ગૌરી કુંડ તરફ પ્રયાણ! આ વખતે અમારી મિત્ર કન્યા મંદાકિની સાથે દોડતી હતી-ઊતરવાની ક્રિયા સરળ નથી. પગ લપસ્યો તો ઈજા જરૂર, એટલે દરેક ડગલું ધ્યાનપૂર્વક અને યોગ્ય ઠેકાણે માંડવું પડતું. ભક્તોની વણઝાર આવ-જાવ કરતી એમાં અમે પણ ખરા જ. છેલ્લા સાત દિવસોથી ચાલવાની ટેવ પડી હોઈ થાક ન હતો, પણ ચોકસાઈની જરૂર ખરી. અમારા યુવાન મીત્રો ચોકલેટ, સૂકોમેવો, મીઠાઈ વ. ખાતાં ખાતાં હળવાશથી આગળ વધતાં હતાં. મંદિર પાછળ હતું, પણ બાબાને હૃદયમાં રાખીને આગળ પ્રયાણ થતું હતું.

બપોરે ગૌરી કુંડ આવ્યાં. જમ્યા-આરામ કર્યો. અને સાંજની નિયત બેઠક રાખી. શ્રી અરવિંદ શ્રી માતાજીનાં લખાણોનું રસપાન શ્રી કૈવલ્યએ કરાવ્યું. શ્રી નિલકંઠભાઈ, શ્રી દ્રુતિ વ.એ ભજનો ગાયાં. ધ્યાન કર્યું અને આખીય પદયાત્રા આનંદજનક અને નિર્વિઘ્ને પાર પાડી એ બદલ ઈશ્વરનો હૃદયપૂર્વકનો આભાર માન્યો. દિવસે અને રાત્રે, ઊંઘતા અને જાગતા શ્રી માતાજીની સઘન હાજરી અમારી સાથે રહે એવી પ્રાર્થના કરતાં હતાં અને ખરે જ શ્રી માતાજીની હાજરી અને કૃપા અમો સર્વ ઉપર સતત વરસતી રહી. એ કૃતજ્ઞતા વ્યક્ત કરી. જીવનમાં ખરેખર કોઈ જ દૂષિતતા નથી, કંઈ મુશ્કેલી નથી, કંઈ અગવડ નથી અને જો હોય તો તે આપણી અપૂર્ણતા છે, અશ્રદ્ધા છે કે પ્રભુથી વિમુખ થયા હોઈએ માટે છે.

આખીય પદયાત્રા દરમ્યાન જાણે ઉચ્ચ ચેતનાનું છત્ર ઓઢીને ચાલતા હોઈએ એમ લાગે! આ શ્રી માનું રક્ષણ નહીં તો બીજું શું! ખરે જ જે ભાવનાથી અને ભક્તિથી પ્રવાસનો આરંભ કર્યો હતો તે શ્રી માના આશીર્વાદથી પરમ આનંદ સાથે પૂર્ણ થયો.

સરસ ઊંઘ લઈને છેલ્લે દિવસે સવારે ૬-૦૦ વાગે બસથી ઋષિકેશ જવા રવાનાં થયાં. મંદાકિનીને કાંઠે કાંઠે અમારું વાહન ચાલે અને એને તાલે પ્રવાસીઓ ડોલે!

રસ્તામાં રુદ્રપ્રયાગ આવે. અહીં શ્રી બદ્રી વિશાલથી આવતી અલકનંદા અને આપણી

મંદાકિનીનો સંગમ થાય. બંને સખી એક બનીને આગળ વધે. મોટી બહેનનું નામ અલકનંદા એટલે એ બંનેનો પ્રવાહ અલકનંદા તરીકે ઓળખાય. એમ કરતાં કરતાં દેવ પ્રયાગ આવ્યું. અહીં, અલકનંદા અને ગોમુખથી દોડતી દોડતી મળવા આવતી ભાગીરથીનો સંગમ થાય. સૌમ્યા અને રમ્યાનો સંગમ ચૈત્યા બની આગળ ચાલ્યો. દરેક બે નદીઓનાં સંગમ સ્થળે ત્રીજી ગુપ્ત સરસ્વતી તો હોય છે એટલે બધે જ ત્રીવેણી સંગમ કહેવાય. કેટલી સહજ અને સરળ વાત! કોઈ ભાવિક ગુપ્ત સરસ્વતીની સાબિતી માંગે નહીં. શ્રદ્ધાપૂર્વક સ્વીકારી લે. પશ્ચિમના જગતનું મન નથી, પણ ભારતીય હૃદય છે. આમ દેવ પ્રયાગનાં ત્રીવેણી સંગમ આગળ અમારામાંથી થોડાક યાત્રીઓ બસમાંથી ઊતર્યા. સંગમ સુધી ગયા. બંને સખીઓનો ભેટવાનો ઉમળકો જોયો. યુગોથી વિખૂટી પડેલી એ બે બહેનો છલકતાં આનંદથી મળતી હતી. એ આનંદ મોજાની છાલક લેવા મેં પણ એમાં ઝંપલાવ્યું. શું ધસમસતો પ્રવાહ અને શું તેની અમૃત જેવી શીતાળતા! બે ડૂબકીઓ મારી ધન્ય થયો. નવું કલેવર પામ્યો. આ બધી નદીઓને પવિત્ર ગણી છે તેની પાછળ, તેમનું દૈવત જ છે.

ઐકય ભાવ સાથે બંને વારિ પ્રવાહો આગળ વહેવા લાગ્યા. હવે નામ હતું ‘‘ગંગા.’’ ખૂબ ઊંચા ધવલગીરીમાંથી નિસરતી આ નદીઓ ભેગી થઈ ને ગંગા સ્વરૂપે ઋષિકેશ હરિદ્વાર આગળ વહે છે. પોતે છોડેલું તીર કેટલું ઊંચું અને કયાં જાય છે, એ બાણાવળી જોતો હોય છે તેમ આ હિમ શીખરો એકાગ્રતાથી પોતાની આ સરવાણીઓ કયાં જાય છે? અને કેવી રીતે જાય છે? એ સતત જોતાં રહે છે એમ લાગે.

માતૃ ગિરિ માળા જ્યાં સુધી છે ત્યાં સુધી ભારતને-ભારતવાસીઓને અને તેની સંસ્કૃતિને કોઈ આંચ આવવાની નથી. શાશ્વત સમય સુધી આ ધારા ચાલુ રહેશે અને ભારત આખાનો શ્રદ્ધા યજ્ઞ પ્રજ્વલિત રાખશે.

શ્રી અરવિંદ અને શ્રી માતાજીની દિવ્ય ચેતનાની પ્રતીતિ સાથે અમે સર્વે પોતપોતાના સ્થાને જવા રવાના થયા, પુષ્કળ સમૃદ્ધ થઈને પરત ફર્યા, અને જીવનની આંતરિક યાત્રાનું ચઢાણ અને પ્રગતિ સદા ચાલુ રહે એવી શ્રી માતાજીને પ્રાર્થના સાથે સર્વે સાથીઓનો આભાર અને અભિનંદન.

|| ઈતીશ્રી માતૃ ગિરિ દર્શનમ સંપૂર્ણ ||

**– પરાશર દ્વિવેદી**

# અમે પ્રવાસી પૂનાનાં



**શ્રીદેવી ભટ્ટ**

માધવીને હમણાં પ્રોજેક્ટના કામે મુંબઈ જવું પડતું. આમ તો છેલ્લાં દસ વર્ષથી પૂનામાં રહે છે. પૂના-મુંબઈ વચ્ચે ટ્રેન મુસાફરી દરમિયાન તે બારી પાસે સીટ મળે તેવો આગ્રહ રાખતી. લોનાવાલા, ખંડાલા ઘાટ, બોગદાં બધું જ તેને આકર્ષિત કરતું. ચોમાસામાં આ કુદરતી સૌંદર્ય ખૂબ જ લોભામણું-સુંદર લાગતું ને માધવીને તે જોવું ગમતું, પણ કલ્યાણ પછી આંખો બંધ કરી માથું ટેકવી બારીએ તે રિલેક્સ થતી ને ભારે ઘણા સવાલો-જવાબો મનમાં ઘૂમ્યા કરતા ને આ રીતે તે પોતાના મન સાથે વાતો કરવા ટેવાયેલી.

આજની મુસાફરીમાં માધવીની બાજુમાં બે સખી બહેનો બેઠી હતી. સામેની બારીએ એક કૉલેજ ગર્લ ને તેની બાજુમાં જે બહેન બેઠાં હતાં તે જરાક મોડર્ન દેખાતાં હતાં ને તેની બાજુમાં એક કૉલેજિયન છોકરો. બાકીના પેસેન્જરો અદલાબદલી થયાં કરતા હતા.

માધવીની બાજુમાં બેઠેલાં બંને બહેનો સવારે જ મુંબઈથી પૂના આવ્યાં હતાં ને અત્યારે પાછાં ફરતાં હતાં. કોઈક પ્રસંગ માટે વાતો કરતાં હતાં. 'ઘણા વખત પછી પૂના આવવાનું થયું નહીં? કેટલું બદલાઈ ગયું છે. પહેલાં બહુ સારું હતું.

માધવીએ સૂર પુરાવ્યો. હા સાચી વાત છે. અમે લગભગ દસ વર્ષ પહેલાં પૂના આવ્યાં ત્યારે તો ચારે બાજુ ગ્રીનરી સૂરજમુખીનાં ખેતરો, દૂરથી દેખાતી સહ્યાદ્રિની હારમાળા, સિંહગઢ ને પૂનાની નાની નાની ટેકરી એટલું રળિયામણું લાગતું. એફ.સી. રોડ ઉપર તો મોટા ઘેરદાર વડલા, બહુ સુંદર લાગતું ને હવે બધે આડેધડ ઝાડ કપાય છે. ખેતરોનો સત્યાનાશ થઈ ગયો છે. ટેકરી શું કે મેદાન શું? બધે ઊંચાં ઊંચાં બિલ્ડિંગ, શોપિંગ

મોલ થઈ ગયાં છે.''

સાચી વાત છે મેમ પણ માણસને રહેવા ઘર જોઈએ ને? જરૂરિયાતો સાથે માંગ વધે. આમ શોપિંગ સેન્ટર...' પેલો કૉલેજિયન છોકરો બોલ્યો. તેનું નામ સંજય.

હા, પૂનાની વસતી તો વધી જ છે. એક સખીબહેન બોલી ને વસતી વધે, સાથે સમસ્યા વધે. પહેલાં ચોવીસ કલાક પાણી આવતું. હવે સવાર-સાંજ આવે છે. ને લાઈટ તો સવારે દસ વાગે જાય તો સાંજે છ વાગે આવે.

માધવીએ ઉમેર્યું 'હા... ને તોય વીજળીનું બિલ તો તગડું જ આવે ને બધાં હસી પડ્યાં.

અને ટ્રાફિક પણ વધે ને સાથે પોલ્યુશન વધે તે નહીં?'' મોડર્ન બહેન બોલ્યાં ને ઉમેર્યું, પોલ્યુશન, ધૂળ, ધુમાડો તો ભારતમાં બધે જ છે. ગામડું હોય કે શહેર જુઓને આ રૂમાલ કપાળમાં ફેરવીએ ને મેલો દાટ થઈ જાય છે. એવી ધૂળ ઊડે છે. અમારે અમેરિકામાં તો ચહેરો આખો દિવસ સાફ જ રહે. તેની વાત ઉપરથી જાણવા મળ્યું કે બહેન અમેરિકા દસ વર્ષ રહીને આવ્યાં હતાં ને અમેરિકાનાં વખાણ કરતાં થાકતાં નો'તાં. સાથે ભારત વિશે ખરાબ બોલતાં જાણે જનમનું વેર.

બુન, કંઈ આપો ને તેવું આંખોથી બોલતી ભિખારણને જોઈને અણગમા સાથે બોલ્યાં આ ભિખારા, ફેરિયા... બધા જ પાછળ પડી જાય અહીં તો.

''અરે, બહેન, ફેરિયાને તો આ સરકાર કંઈ કરતી નથી ને ચાલતું બજાર મળી જાય ને ભિખારીને ખાવા તો જોઈએ ને ?'' સંજય બોલ્યો.

આ લોકોનેય કંઈ કામ વગર કમાઈ લેવું છે.

મોડર્ન બહેનનો અણગમો ચોખ્ખો દેખાઈ આવ્યો.

સંજયે જવાબ આપ્યો. અરે, ભણેલાનેય નોકરી નથી મળતી તો આને તો કોણ કામ આપે ?

ને ફરી... વસતી વધારો, સમસ્યાઓ જેવાં ટોપિકમાં માધવી બોલી, અરે, બધે જ ક્યુ, પોસ્ટ ઑફિસમાં જાઓ તો એટલી ક્યૂ કે ટિકિટ માટેય કલાક ઊભું રહેવું પડે ને કોઈ દિવસ ટિકિટ ન હોય તો કોઈ દિવસ મનીઓર્ડર ફોર્મ, રક્ષાબંધનના દિવસોમાં 'કવર' જ ન મળે ને કાંઈ ફરિયાદ કરીએ તો કહેશે અમારી પાસે સ્ટાફ નથી. આટલા બેકાર લોકો છે તો પોસ્ટ ઑફિસમાં કેમ સ્ટાફ નથી ?

સંજય બોલ્યો : બહેન, પોસ્ટ ઑફિસના ઓછા પગાર, સર્વિસની વેલ્યુ નહીં, પોસ્ટઑફિસની હાલત પણ તેવી, ક્યારે પરીક્ષા લેવાઈ જાય ખબરેય ન પડે, જો પોસ્ટઑફિસ, બૅન્ક જેવી સદ્ધર થઈ જાય તો બૅન્કના સ્ટાફની જેમ પોસ્ટમાં પણ નોકરી મેળવવા પડાપડી થઈ જાય.

આ પછી તો માધવી ને સંજયે અનેક ટોપિક પર ચર્ચા કરી. ઠેર ઠેર ખૂલતાં શોપિંગ સેન્ટરો, નાના

વેપારીને થતું નુકસાન, આઈ.ટી. વાળાને થતો બેનિફિટ, પૂનાનું એજ્યુકેશન, સાથે-સાથે માધવીનું ધ્યાન પેલાં મોડર્ન બહેન તરફ જતું તે પોતાની પર્સમાંથી બિલો કાઢી ફાડી નીચે નાખતાં હતાં. કચરો ખંખેરતાં હતાં. ને દાંતિયાથી માથું ઓળી વાળ નીચે નાખ્યા ને સાથે સાથે ભારત-અમેરિકાની સરખામણીની વાતો પેલી સખી બહેનો સાથે કરતાં.

એક સખી બોલી, ''તમે જન્મ્યાં તો અહીં જ છો ને ?''

જન્મી છું, ભણી છું, ને પરણીય અહીં જ છું તે બોલ્યા.

''કેમ અફસોસ થાય છે?'' બીજી સખી બોલી ને બંને સખી ખડખડાટ હસી પડી.

અરે ! અમારે અમેરિકામાં તો આવડા...' કહી... સંજયને પેલી ખૂણામાં બેઠેલી છોકરી બતાવીને કહે આટલા છોકરાઓ થાય એટલે પોતાના પગભર. બાળકોનેય સ્વતંત્ર રૂમ હોય ને અહીં તો લગ્ન થાય ને છોકરાં થાય તોય મા-બાપની સાથે ને સાથે જ. પર્સમાંથી ખારી સીંગ કાઢી હાથમાં ઘસી ફોતરાં કાઢી ફૂંક મારી. સામેની બહેનો પર ને બાજુમાં બેઠેલી કૉલેજ ગર્લના વાળમાં કચરો ચોંટી ગયો. તેણે બોલ્યા વગર ચોપડી કાઢી વાંચવાનું શરૂ કર્યું, પણ માધવીથી શાંત ન રહેવાયું. તે બોલી, સંયુક્ત કુટુંબ આપણા સંસ્કાર છે. દાદા-દાદી ઘરમાં સંભાળપૂર્વક રહેતાં હોય તો બાળકો મા-બાપનેય રાખે.

મોડર્ન બહેનપણ તીખા સ્વરે બોલ્યાં, એટલે સ્વાર્થવૃત્તિ ખરું ને.

ના, જરૂરિયાત. હજીય ભારતીય સમાજ વ્યવસ્થામાં માણસોને માણસની જરૂર છે. વડવૃક્ષની જેમ એકબીજાના ટેકા ને સહકારથી કુટુંબ વિકસે છે. માધવીએ જવાબ આપ્યો.

અમેરિકામાં તો પહેલાં બહેન બોલ્યા ત્યાં જ માધવીએ વચ્ચે વાત કાપી ભારત દેશની સરખામણી કોઈ દેશ સાથે કરવાની જરૂર નથી. આપણો દેશ પણ કોઈથી ઊતરતો નથી. દરેકને પોતાના દેશ માટે માન હોવું જોઈએ, ચોખ્ખાઈ, એજ્યુકેશન, કાયદાનું પાલન, દરેક નાગરિકની ફરજ બને છે, પણ અફસોસ, એજ્યુકેટ લોકોનું વર્તન પણ દેશે-દેશે બદલાઈ જાય છે. તમે તો દસ વર્ષ અમેરિકા રહી આવ્યાં તમને લાગે છે કે તમે ત્યાં વરતતાં હતાં એમ જ અહીં વર્તો છો ?''

વાતાવરણમાં ચુપકીદી ફેલાઈ ગઈ.

કરજત આવ્યું. કૉલેજ ગર્લે બે પેકેટ કુરકુરેનાં લીધાં તે પણ બારી પાસે જ બેઠી હતી. તેણે એક પેકેટ ખોલી ખાવાનું શરૂ કર્યું ને બીજું પાછળ ખૂણામાં મૂક્યું. ફરી ચોપડી ખોલી વાંચવામાં મગ્ન થઈ ગઈ.

પહેલાં મોડર્ન બહેને પણ વડાં લીધાં અડધું વડું નીચે પડી ગયું. પગેથી સીટ નીચે હડસેલી લીધું.

બેઝીન નીચે બહાર કચરાપેટી છે. તેય

માધવીને કહેવાનું મન થયું, પણ તે ચૂપ રહી. માધવી ને સંજયની આંખો મળી બંને હસ્યાં. ગાડી ઊપડી. માધવી આંખો બંધ કરી માથું ટેકવી સૂતી, એક બાર-તેર વર્ષનો છોકરો ગાડીમાં કચરો વાળવા આવ્યો. બધેથી કચરો વાળી બધાં સામે હાથ ધર્યા. માધવીએ ને સંજયે એક એક રૂપિયો આપ્યો ને છોકરો વાળતો વાળતો આગળ નીકળી ગયો.

સંજય સામે જોઈ પેલાં મોડર્ન બહેન બોલ્યાં. આ તમે જ આવા લોકોને બગાડો છો. પૈસા શું કામ આપવા જોઈએ?

"મહેનત કરીને લે છે ને ?" સંજય બોલ્યો.

તમે આ લોકોને ઓળખતા નથી ને વાળવાને બહાને તક મળે ને ચોરી..." તેની વાત અધવચ્ચેથી જ કાપતાં સામે બેઠેલી બહેન બોલી 'તમારા એક કાનનું એરિંગ ક્યાં?"

હેં... કાનમાં નથી તરત જ ઉપર નીચે બાજુમાં બધા શોધવા માંડ્યા. તડમાંથી પેચ મળ્યો. એરિંગ ન મળ્યું ત્યાં જ પેલો કચરાવાળો છોકરો બધાને પૂછતો આવ્યો કે તમારું કંઈ ખોવાય છે ?

હા... હા... મારું એરિંગ. બહેન બોલ્યાં.

કેવું હતું ? છોકરાએ પૂછ્યું.

બીજું બતાવી કહે આવું, ને ગુસ્સામાં બોલ્યાં બીજાનું થોડું લઈ લઈશ.'

ના, એવું નથી, પણ મારે તો ખાતરી કરી આપવું જોઈએને, કચરામાંથી મળ્યું તે કોનું હશે? કહી એરિંગ આપી જવા પગ ઉપાડ્યો. પર્સમાંથી દશ રૂપિયા કાઢીને આપ્યા 'લે.'

"ના, બહેન, તમારું તમને આપવું તેના પૈસા કદી લેવાતા હશે..." કહી જતો રહ્યો.

મિયાં પડે તોય તંગડી ઊંચી, એક રૂપિયા માટે બધા સામે હાથ લંબાવે છે ને દસ રૂપિયાની ના પાડે છે. તે બહેન બબડ્યાં. એક રૂપિયો મહેનતનો લે છે. માધવી બોલી.

"બધું નાટક હું સમજું છુંને દસ ઓછા પડ્યા હશે... પણ પચ્ચાસ થોડા અપાય છે." તે બહેન બોલ્યાં.

દાદર આવ્યું. માધવી પાસે બેઠેલી બંને સખી બહેનો વચ્ચે એક જ ટિકિટ હતી બંનેના નામની. એક બહેનને દાદર ઊતરવું હતું. બીજાને વીટી. ટિકિટ કોણ રાખેની મથામણમાં પડેલાં તે બંને બહેનો સામે બધાનું ધ્યાન હતું ને કૉલેજગર્લ તો ઊભી થઈ ચાલી ગઈ.

અરે, આ તો કુરકુરિયાનું પેકેટ ભૂલી ગઈ. માધવી બોલી ને મોડર્ન બહેન ફરી શરૂ થયા. આજની બગડેલી યુવા પેઢી, બેજવાબદાર પૈસાની કિંમત નહીં. વગેરે વગેરે...

માધવી આંખ બંધ કરી માથું ટેકવી બેસી ગઈ. તેનું મગજ ટ્રેનથી પણ વધારે ફાસ્ટ ચાલતું હતું. પેલો સંજય કેટલો સમજુ ને સ્માર્ટ લાગતો હતો. તેણે વિચાર્યું શું આજની પેઢી બેજવાબદાર છે? યુવાશક્તિ માટે માધવીને હંમેશાં માન થયું. ભારત માટે, પણ

ભારતની યુવાશક્તિ માટે હંમેશા તે પોઝિટિવ જ વિચારતી.

માધવીને થયું દરેકને પોતાના વિચારો હોય છે. ને આમેય તે બહેન ખોટું ક્યાં કહે છે? ક્યાંક સારો અનુભવ થાય તો વ્યક્તિને યાદ રહી જાય ને? ખરાબ અનુભવ થાય તો સ્વાભાવિક જ સરખામણી થઈ જાય. પોતાને જ ગુજરાત-મહારાષ્ટ્ર વચ્ચે કેટલી વખત સરખામણી થઈ જાય છે ને માધવી... વર્ષો ગુજરાતમાં રહી. તે ગુજરાતી જ હતી, પણ મહારાષ્ટ્ર તેને એટલું જ પ્રિય હતું. તેણે વિચાર્યું મોર્ડન બહેન તો દસ વર્ષ અમેરિકા રહીને આવ્યાં છે. સરખામણી તો થાય જ ને? પોતે વધુપડતી બોલી ગઈ તેનો અફસોસ થયો. તેણે આંખ ખોલી. વીટી આવી ગયું હતું. પોતાની બૅગ ખભે ભરાવી પર્સ લઈ પેલાં બહેનને સૉરી કહેવાના ઈરાદે બહેન સામે જોયું. નાકમાં આંગળી ફેરવી કાઢી તે બહેને ટ્રેનની સીટ ઉપર સાફ કરી. માધવી ઝડપથી સૌથી આગળ થઈ બહાર નીકળી ગઈ.

થોડી આગળ ચાલી હશે ત્યાં જ એક ભિખારણ એક હાથમાં નાનું છોકરું ને બીજું કાંખમાં, બુન કંઈક આપો ને.. છોકરા સવારના ભૂખ્યાં છે. તે સાંભળી માધવી ડબ્બા પાસે આવી. સંજય હજી ઊતરતો હતો. કેમ કાંઈ રહી ગયું ? તેણે પુછ્યું.

ના, મારું એક કામ કરીશ. પ્લીઝ, માધવીએ ઉત્તર આપ્યો, પેલી છોકરી ત્યાં ખૂણામાં વેફરનું પેકેટ ભૂલી ગઈ છે તે આ છોકરાને આપી દે ને કહી ભિખારીનો છોકરો બતાવ્યો.

તે તો પેલાં બહેન ઊતરતાં ઊતરતાં પર્સમાં નાખતાં ગયાં. ઘેર છોકરા ખાસે કહીને. જો સામે જાય છે તે. માધવીએ પાછળ જોયું. ટોળામાં મોર્ડન બહેન જતાં દેખાણાં કેવી મેડમ છે. એક ક્ષણ માધવીને થયું.

સાથે જ વિચાર આવ્યો કે મારો પણ શું હક્ક હતો તે પેકેટ પર' તે લેવા આવી !!

પાકીટમાંથી બિસ્કિટનું પેકેટ કાઢી નાના છોકરાના હાથમાં આપી તે માનવ સમુદાયની ભીડમાં ભળી ગઈ.

**– શ્રીદેવી ભટ્ટ**

# <u>ખંડિયેરમાં હજાર વરસની પ્રેમ કવિતા</u>

'ખંડહર'* જોતાં જોતાં એવું લાગ્યું કે એનું લોકેશન-ઘટનાસ્થલી જાણે કે પરિચિત છે. તેમાં ટેરાકોટા શિલ્પથી મંડિત મંદિરના શૉટ જોતાં તો પરખાઈ ગયું કે શાંતિનિકેતન પાસે આવેલા એક જમીનદારી ગામનું એ મંદિર છે. એ મંદિરની પાસે જ અસ્ત પામેલી જમીનદારીના અવશેષો જેવી હવેલી પણ છે. પરંતુ ખંડહર જેવી એની હાલત નહોતી. અમદાવાદ - મુંબઈથી આવેલા મિત્રો સાથે શાંતિનિકેતનથી કવિ જયદેવને ગામ કેન્દુલી જતા હતા, ત્યારે ઈલ્લમબજારની એ હવેલી જોઈ હતી.

જોવાનું બની આવ્યું. વચ્ચે ચારેક દિવસ માટે શાતિનિકેતન જવાનું થયું ત્યારે પહેલો કાર્યક્રમ બનાવ્યો રાયપુર જવાનો. એક બપોરના ત્રણ મિત્રો શાંતિનિકેતનથી રાયપુર જવા સાઇકલપર નીકળી પડ્યા. મુખ્ય સડકથી એક ગાડામાર્ગ ખેતરો વચ્ચે થઇને જતો હતો. ખેતરોમાં ડાંગરને છોગલાં આવવાના દિવસો હતા. રસ્તો ઉબડખાબડ હતો. સાઇકલ ચલાવવાનું મુશ્કેલ હતું. ક્યાંક ઉતરી જવું પડતું. મને ખંડહરનું ગાડાવાળું દૃશ્ય યાદ આવતું હતું.

એકબે વળાંકો આવ્યા પછી એક જૂની વિશાળ ઈમારતની દીવાલો દેખાઈ. એજ હવેલી ખંડહરમાં જેનાં દૃશ્યો ઝડપાયાં હતાં. ગામમાં આ તરફ જાણે કોઈ લાગે નહીં. કોને પૂછવું ? એક નાનું પ્રવેશદ્વાર એક જીર્ણ થઈ ગયેલી દીવાલમાં હતું. બીજે બધે જૂના દરવાજાઓ ચણી લેવામાં આવ્યા હતા.

જ્યાં સુધી આ વિશાળ હવેલીની અંદર જવાય નહીં, ત્યાં સુધી એની સ્થિતિનો ખ્યાલ આવી શકે નહીં. પણ એ હવેલીમાં હજુ એક કુટુંબ રહે છે. એમાં એકદમ કેવી રીતે જવાય ? એટલામાં એક કિશોર ત્યાં દેખાયો. તેનું નામ પૂછ્યું. કહે, પલાશસિંહ. જમીનદાર શ્રીકંઠસિંહનો ચોથી પાંચમી પેઢીનો વંશજ હશે. એ લોકો હવે આ જીર્ણ હવેલીમાં નથી રહેતાં. અમે એને કહ્યું કે અમને આ હવેલીની અંદર લઈ જા.

એ કિશોર આગળ થયો........ પલાશસિંહે નીચેથી બૂમ પાડી. એક ભદ્ર મહિલાએ બાકોરા જેવી એક બારીમાંથી ડોકિયું કર્યું. અમારા આશ્ચર્ય વચ્ચે એણે અમને જોઇ નમસ્કાર કરી કહ્યું,'આશુન, ઉપર આશુન'- આવો ઉપર આવો.

એક સાંકડે જીનેથી ટૉર્ચના અજવાળે અમે જીર્ણ હવેલીનાં પગથિયાં ચઢવા લાગ્યા.

- ભોળાભાઈ પટેલ

(ખંડહર* મૃણાલ સેન દિગ્દર્શિત આર્ટફિલ્મ જેમાં નસીરુદ્દીન શાહ અને શબાના આઝમીએ મુખ્ય ભૂમિકા કરી હતી.)

કેટલાંક સ્થાનોની અસર કંઇક અદ્‌ભૂત હોય છે. જેટલી વાર લક્ષ્મણઝૂલાના પુલ પરથી પસાર થયો છું તેટલી વાર સૃષ્ટિ ચૈતન્યમય છે, અંતરાત્માએ જ આ જાતજાતના આકાર ધારણ કર્યા છે અને જેમ હજારો ને લાખો વરસથી ગંગાનાં પાણી વહેતાં છતાં એનો અંત આવતો નથી, તેમ અંતરાત્માની વિભૂતિઓનો પણ અંત નથી, એ વિચાર મનમાં અચૂક આવ્યો છે. નદીનાં જળ અને તેમાં રમતાં માછલાં, ઝાડનાં પાંદડાં અને એમાં ગાતાં પક્ષીઓ, બીડનું ઘાસ અને એના પર ચરતાં પશુઓ, અને એ બધાંનો દ્રોહ કરતાં છતાં પરમપિતાનો વારસો મેળવવા ઈચ્છનાર માણસ, બધાં એક જ છે; દ્રોહ અને પાપ એ માયા છે; અભેદ અને પ્રેમ એ જ સાચા છે; એ જાતના વિચારો, કોણ જાણે શાથી, પુલપર જ્યારે જ્યારે પગ મૂક્યો છે ત્યારે ત્યારે મનમાં આવ્યા છે અને બુવા સાથે એની ચર્ચા કરી છે.

આ સ્થાનમાં બોરડીનાં ઝાડ ખૂબ છે. અને નજીક જે ડાંગરનાં ખેતરો છે તે આસપાસના બધા મુલકમાં પ્રખ્યાત છે. તપોવનના બારમાસી ચાવલનો ભાત ખાવા અમીર અને ફકીર તો શું દેવ અને પિતરો પણ લલચાય.

– કાકાસાહેબ કાલેલકર

જ્ઞાતિની એકમાત્ર વિશ્વસંસ્થા

**શ્રી વડનગરા નાગર મંડળ, મુંબઈ**

દ્વારા સંસ્થાનાં સભ્યોમાં ખાનગી વિતરણ માટે પ્રકાશિત

રજીસ્ટર્ડ ઓફિસ: એ-૫૮, પન્નાલાલ ટેરેસીઝ, ગ્રાન્ટ રોડ, મુંબઈ ૪૦૦૦૦૭

www.shrivadnagaranagar.org